પ્રાચીન ભારત

પ્રકરણ-1 ઈતિહાસ જાણવાના સ્ત્રોતો

(A) ઈતિહાસ જાણવાના સ્ત્રોતો :

→ પ્રાચીન ભારતીય ઈતિહાસના વિશે જાણકારી પ્રાપ્ત કરવાના મુખ્યત્વે ત્રણ સ્ત્રોતો છે -

1. વિદેશી યાત્રીઓનું વિવરણ
2. પુરાતાત્વિક સ્ત્રોત
3. સાહિત્યિક સ્ત્રોત

(1) વિદેશી યાત્રીઓનું વિવરણ :

→ વિદેશી યાત્રીઓના વર્ણનમાં તે સમયની સામાજિક અને રાજનૈતિક જાણકારીઓ મળે છે.

	વિદેશી યાત્રીઓ	પુસ્તક	વિશેષતાઓ
→	**યૂનાની/રોમન લેખક :**		
1.	હેરોડોટસ	હિસ્ટોરિકા	- હેરોડોટસને ઈતિહાસના પિતા કહેવાય છે. - તેમની પુસ્તકમા ભારત અને ફારસના સંબંધનું વર્ણન મળે છે.
2.	ટેસિયસ	-	- આ ઈરાનનો રાજવૈધ હતો. ભારતના સંબંધમાં તેનું વિવરણ કથાઓ પર આધારિત હોવાથી એતિહાસિક રીતે અવિશ્વસનીય છે.
3.	મેગસ્થનીઝ	ઈન્ડિકા	- આ સેલ્યુકસ નિકેટરનો રાજદૂત હતો. - તે ચન્દ્રગુપ્ત મૌર્યના દરબારમાં આવ્યો હતો. - મૌર્યકાળના વહીવટ સામાજિક- આર્થિક વ્યવસ્થા અને પાટલીપુત્રના વિશે જાણકારી મળે છે.
4.	ડાયમેકસ	-	- આ સીરિયાના રાજા એન્ટિઓકસનો રાજદૂત હતો. - આ બિન્દુસારના દરબારમાં આવ્યો હતો. - તેના વિવરણથી પણ મૌર્ય કાળથી સંબંધિત જાણકારી મળે છે.
5.	ડાયનોસિયસ	-	- આ ઈજીપ્તના રાજા ટોલેમી ફિલાડેલ્ફસનો રાજદૂત હતો. - આ મૌર્ય શાસક અશોકના દરબારમાં આવ્યો હતો. - તેના વિવરણથી મૌર્યકાળથી સંબંધિત જાણકારી મળે છે.
6.	ટૉલેમી	ભૂગોળ	- આ પુસ્તકમાં બીજી સદી સુધીની વિશ્વ ભૂગોળની જાણકારી મળે છે.
7.	પ્લિની	નેચરલ હિસ્ટોરિકા (નેચરલ હિસ્ટ્રી)	- આ લેટિન ભાષામાં લખાયેલ પુસ્તક છે. - આ પુસ્તકમાં પ્રથમ સદીમાં ભારત અને રોમ વચ્ચેના વેપારનું વિસ્તૃત વિવરણ મળે છે. - આ પુસ્તકમાં ભારતીય પ્રાણીઓ, વૃક્ષો, ખનિજ પદાર્થો વગેરેના વિશે વિવરણ મળે છે.
8.	અજ્ઞાત લેખક	પેરિપ્લસ ઑફ ધ એરિથિયન સી	- આ પુસ્તકના લેખકના વિશે જાણકારી મળતી નથી. - આ પુસ્તકનો લેખક ઈ.સ.80 માં હિન્દ મહાસાગરની યાત્રા પર આવ્યો હતો. - આ પુસ્તકમાંથી ભારતીય બંદર અને આયાત-નિકાસ કરવામાં આવતી વેપારી વસ્તુઓની જાણકારી મળે છે.
→	**ચીની લેખક :**		
9.	ફાહિયાન	ફો- કયૂ- કી	- આ ચીની યાત્રી ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) ના દરબારમાં પાંચમી સદીમાં આવ્યો.

VISIT…

			- તેના વિવરણ થી ગુપ્તકાળની સામાજિક અને રાજનૈતિક જાણકારી મળે છે. - તેના વિવરણ થી મુખ્યત્વે મધ્યપ્રદેશના સમાજ અને સંસ્કૃતિના વિશે જાણકારી મળે છે.
10.	સંયુગન	-	- આ ઈ.સ. 518 માં ભારત આવ્યો હતો. - આને બૌદ્ધ ધર્મની હસ્તપ્રત ભેગી કરી હતી.
11.	હ્યૂ- એન- સાંગ	સી -યૂ-કી	- આ ચીની યાત્રી હર્ષવર્ધન (હર્ષ)ના દરબારમાં સાતમી સદીમાં આવ્યો હતો. - આ સૌપ્રથમ ભારતીય રાજય **''કપિશા''**માં પહોચ્યો હતો. - તેના બિહારમાં આવેલ **''નાલંદા વિશ્વવિદ્યાલય''** માં અભ્યાસ કરી બૌદ્ધ ગ્રંથો ને ભેગા કરીને ચીન લઈ ગયો હતો. - તેના વર્ણનમાં હર્ષકાલીન સમાજ, રાજનીતિ, ધર્મ અને અર્થવ્યવસ્થાની જાણકારી મળે છે. - તેના સમયમાં નાલંદા વિશ્વવિદ્યાલયના કુલપતિ આચાર્ય શીલભદ્ર હતા.
12.	ઈત્સિંગ	-	- આ ચીની યાત્રી 7મી સદીના અંતમાં ભારત આવ્યો હતો. - તેના વર્ણનમાં ગુપ્તોત્તરકાળના સમાજ, સંસ્કૃતિ અને ધર્મની જાણકારી મળે છે. - **''નાલંદા વિશ્વવિદ્યાલય''** અને **''વિકમશિલા વિશ્વવિદ્યાલય''**ની મુલાકાત લીધી હતી.
→	**<u>અરબી લેખક :</u>**		
13.	અલબરૂની	કિતાબ-ઉલ-હિન્દ	- આ મહમદ ગઝનવી સાથે ભારત આવ્યો હતો. - તેના પુસ્તક **''કિતાબ-ઉલ-હિન્દ''** અથવા **''તહકીક-એ-હિન્દ''** (ભારતની શોધ) અરબી ભાષામાં લખાયેલી પુસ્તક છે જે ઈતિહાસકારો માટે આજે પણ એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે. - તેની પુસ્તકમાંથી રાજપૂત કાલીન સમાજ, ધર્મ, રીતિ-રિવાજ અને રાજનીતિ વગેરેની તે સમયની જાણકારી મળે છે.
14.	સુલેમાન	-	- તેણે નવમી સદીમાં ભારતની યાત્રા કરી હતી. - તેને પાલ અને પ્રતિહાર રાજાઓના તે સમયના રાજનૈતિક, આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિનું વર્ણન કર્યું છે.
15.	અલમસૂદી	-	- આ બગદાદનો યાત્રી હતો. - 10મી સદીમાં ભારતની યાત્રા કરી અને રાષ્ટ્રકૂટ અને ગુર્જર પ્રતિહાર રાજાઓના વિશે વર્ણન કર્યું છે.
→	**<u>અન્ય લેખક :</u>**		
16.	લામા તારાનાથ	કંગ્યૂર અને તંગ્યૂર	- આ એક તિબેટિયન લેખક હતો. - બે ગ્રંથોમાંથી ભારતીય ઈતિહાસના વિશે જાણકારી મળે છે.

→ સિકન્દરની સાથે આવનાર લેખકોમાં **"નિર્યાકસ, આનેસિક્રટસ, અને ઓસ્ટોબુલસ"**નો સમાવેશ થાય છે. આ ત્રણેય લેખકોએ આપેલ વિવરણ વધુ વિશ્વસનીય ગણવામાં આવે છે.

2. <u>પુરાતાત્વિક સ્ત્રોત :</u>

→ પુરાતાત્વિક સ્ત્રોતની અન્તર્ગત મુખ્યત્વે અભિલેખ, સિક્કાઓ, સ્મારક અને ભવન, મૂર્તિઓ, ચિત્રકળાના અવશેષ વગેરેનો સમાવેશ થાય છે.

→ પ્રાચીન વસ્તુઓના અભ્યાસનું કાર્ય સૌપ્રથમ **"સર વિલિયમ જોન્સે"** શરૂ કર્યું હતું. તેમણે ઈ.સ.1774માં **"એશિયાટીક સોસાયટી ઑફ બંગાળ"**ની સ્થાપના કરી હતી.

★ **<u>અભિલેખ/શિલાલેખ</u> :**

→ અભિલેખોનો અભ્યાસ **"પુરાલેખશાસ્ત્ર"** કે **"એપીગ્રાફી"** કહેવાય છે.

	<u>અભિલેખ</u>	<u>શાસક</u>	<u>ખાસિયત</u>
1.	બોગજકોઈ અભિલેખ	-	- સૌથી પ્રાચીન શિલાલેખ છે. - એશિયા માઈનર (મધ્યએશિયા)ના બોગજકોઈ નામના સ્થળેથી ઈ.સ. પૂર્વે 1400 નો આ શિલાલેખ મળી આવેલ છે. - આ અભિલેખમાંથી આર્યો ઈરાનની પૂર્વ બાજુએથી આવ્યા હતા તેવું અનુમાન થયું છે. - આ અભિલેખમાં વૈદિક દેવતાઓ ઈન્દ્ર, મિત્ર, વરુણ અને નાસત્ય(અશ્વિની કુમાર)નો ઉલ્લેખ મળે છે.
2.	વેસનગર ગરુડ સ્તંભ લેખ	-	- આ અભિલેખથી મધ્યભારતમાં ભાગવત ધર્મ વિકસિત હોવાનું પ્રમાણ મળે છે. - આ અભિલેખ યવન રાજદૂત હેલિયોડોરસનો છે જે વેસનગર (વિદિશા) થી પ્રાપ્ત થયો છે. - આ એક બિન સરકારી અભિલેખ છે.
3.	હાથી ગુમ્ફા અભિલેખ	કલિંગ રાજ ખારવેલ	- આ અભિલેખમાં સૌપ્રથમ **"ભારતવર્ષ"**નો ઉલ્લેખ મળે છે. - અ અભિલેખમાંથી કલિંગ રાજા ખારવેલના શાસન કાળની ઘટનાઓનું ક્રમબદ્ધ વિવરણ મળે છે. - આ અભિલેખમાંથી ખારવેલ ધ્વારા જૈન ધર્મનો સ્વીકાર કરવાનો પુરાવો મળે છે.
4.	જૂનાગઢ (ગિરનાર) અભિલેખ	રુદ્રદામન	- આ અભિલેખ **"સંસ્કૃતિ ભાષા"**માં લખેલ પ્રથમ અભિલેખ છે. - આ અભિલેખમાંથી શક શાસક રુદ્રદામનના વિજયો, વ્યક્તિત્વ અને કાર્યોનું વર્ણન પ્રાપ્ત થાય છે. - આ અભિલેખમાં **"સુદર્શન સરોવર"** ના નિર્માણ અને સમારકામ કરવાનો ઉલ્લેખ મળે છે.
5.	નાસિક અભિલેખ	ગૌતમી બલશ્રી	- આ અભિલેખમાંથી ગૌતમી પુત્ર સાતકર્ણીની સૈનિક સફળતાઓ તેમજ સાતવાહનોના વિશે જાણકારી મળે છે. - આ અભિલેખમાં સાતવાહન શાસક ગૌતમીપુત્ર શાતકર્ણીને બ્રાહ્મણોનો સંરક્ષક માનતા **"એક બ્રહ્મન"** (અદ્વિતીય બ્રાહ્મણ)

			કહેવામાં આવ્યો છે.
6.	પ્રયાગ સ્તંભલેખ	સમુદ્રગુપ્ત	- આ અભિલેખમાંથી સમુદ્રગુપ્તના વિજયો અને નીતિઓનું સંપૂર્ણ વિવેચન મળે છે. - આ સ્તંભલેખ (અભિલેખ) સમુદ્રગુપ્તના રાજકવિ **''હરિષેણ''** ધ્વારા ઉત્કીર્ણ કરાવવામાં આવ્યો.
7.	એહોલ અભિલેખ	પુલકેશિન-બીજો	- પુલકેશિન- દ્વિતીયના એહોલ અભિલેખને **''રવિકીર્તિ''** એ લખ્યું છે. - આ અભિલેખમાંથી હર્ષવર્ધન (હર્ષ) અને પુલકેશિન - દ્વિતીયના યુદ્ધનું વિવરણ મળે છે.
8.	મન્દસૌર અભિલેખ	માળવાનો શાસક યશોવર્મન	- આ અભિલેખમાંથી યશોવર્મનની સૈનિક ઉપલબ્ધિઓનું વર્ણન મળે છે. - રેશમ વણકરની શ્રેણીઓની જાણકારી આ અભિલેખમાંથી મળે છે.
9.	ગ્વાલિયર અભિલેખ	ગુર્જર-પ્રતિહાર શાસક-ભોજ	- આ અભિલેખમાંથી ગુર્જર-પ્રતિહાર શાસકોના વિષયમાં વિસ્તૃત જાણકારી મળે છે.
10.	ભીતરી અભિલેખ	સ્કન્દગુપ્ત	- આ અભિલેખમાં હૂણોના આક્રમણની જાણકારી મળે છે. - આ અભિલેખમાંથી સ્કન્દગુપ્તના જીવનની અનેક મહત્વપૂર્ણ ઘટનાઓની જાણકારી મળે છે.
11.	દેવપાડા અભિલેખ	બંગાળનો શાસક વિજયસેન	- આ અભિલેખમાંથી વિજયસેનના શાસનની મહત્વપૂર્ણ ઘટનાઓની જાણકારી મળે છે.
12.	એરણ અભિલેખ	ભાનુગુપ્ત	- આ અભિલેખ મધ્યપ્રદેશના એરણ નામના સ્થળેથી મળ્યો છે. - આ અભિલેખમાંથી **''સતીપ્રથા''**નો પ્રથમ લેખિત સાક્ષ્ય મળે છે. - આ અભિલેખમાં ઈ.સ. 510 નો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

→ પ્રારંભના અભિલેખોમાં **''પ્રાકૃત''** ભાષાનો પ્રયોગ થતો હતો પરંતુ બીજી સદીથી **''સંસ્કૃત''** ભાષાનો પ્રયોગ થવા લાગ્યો.

→ સૌહગોરા અભિલેખમાંથી સૌપ્રથમ દુષ્કાળની જાણકારી મળે છે.

→ ભારતમાં સૌથી પ્રાચીન અભિલેખ અશોકના છે.

→ અશોકના નામનો સ્પષ્ટ ઉલ્લેખ **''માસ્કી''** (આન્ધ્રપ્રદેશ), **''ગુર્જરા''** (મધ્યપ્રદેશ), **''નેત્તૂર''** અને **''ઉદ્‌ગોલમ''**ના અભિલેખોમાંથી મળે છે.

→ અશોકના મોટાભાગના અભિલેખો બ્રાહ્મીલિપિમાં છે જેમાં જમણી બાજુથી ડાબી બાજુ લખાણ હોય છે.

→ મહાસ્થાન અભિલેખ ધ્વારા ચંદ્રગુપ્ત મૌર્યના સમયનું ગ્રામીણ વહીવટની માહિતી મળે છે.

→ અશોકના અભિલેખોને સૌપ્રથમ ઉકેલવાનો (વાંચવાનો) શ્રેય **''જેમ્સ પ્રિસેપ''** ને જાય છે. (ઈ.સ. 1837 માં)

→ મેહારૌલી સ્તંભ ચન્દ્રગુપ્ત-દ્વિતીયથી સંબંધિત છે, જેમાં **''ચન્દ્ર''** નામના શાસકનો ઉલ્લેખ મળે છે.

→ સૌથી વધુ અભિલેખ **''મૈસૂર''**માંથી મળ્યા છે.

→ ઈરાનના સમ્રાટ **''દારા''** (ડેસિયસ) પરથી પ્રેરણા લઈને અશોકે અભિલેખો કોતરાવ્યા હતા.

★ **<u>સિક્કાઓ :</u>**

→ સિક્કાઓના અભ્યાસને **''ન્યૂમેસ્મૈટિક્સ''** કે **''મુદ્રાશાસ્ત્ર''** કહેવાય છે.

→ ભારતના પ્રાચીન સિક્કા **''આહત સિક્કા''** અથવા **''પંચમાર્ક''** સિક્કા છે જે ઈ.સ. પૂર્વની 5 મી સદીના છે જે ઠપ્પા મારીને બનાવવામાં આવતા હતા.

→ આહત સિક્કાઓને એતિહાસિક ગ્રંથોમાં **''કાર્ષાપણ''** કહેવામાં આવ્યા છે, જે ચાંદીના સિક્કા હતા.

→ શાસકોની આકૃતિવાળા સિક્કાઓનું ચલણ સૌપ્રથમ **''હિન્દ-યૂનાની શાસકો''**ના સમયથી શરૂ થયું.

→ સમુદ્રગુપ્તના એક સિક્કા પર તેને **"વીણા"** વગાડતા દર્શાવવામાં આવ્યો છે જેથી તે સંગીત પ્રેમી હોવાનું પ્રમાણ મળે છે.

→ **"કનિષ્ક"**ના સિક્કાઓથી માલૂમ પડે છે કે તે **"બૌદ્ધ ધર્મ"**નો સંરક્ષક અને અનુયાયી હતો.

→ ચંન્દ્રગુપ્ત-દ્વિતીય એ **"શક શાસકો"** પર વિજયના ઉપલક્ષ્યમાં ચાંદીના સિક્કા ચલાવ્યા હતા.

→ ભારતમાં સૌથી પહેલાં **"સોનાના સિક્કા" "હિન્દ-યૂનાની શાસકો"** એ ચલાવ્યા હતા.

→ સૌથી વધુ શુધ્ધ સોનાના સિક્કાઓ **"કુષાણો"** એ ચલણમાં મૂક્યા હતા.

→ સૌથી વધુ સોનાના સિક્કા **"ગુપ્ત રાજાઓ"** એ ચલણમાં મૂક્યા હતા.

→ પાંચાલ, માળવા અને યૌધેય જેવા ગણરાજ્યોનો સમ્પૂર્ણ ઈતિહાસ સિક્કાઓના આધારે જ પ્રકાશમાં આવ્યો છે.

→ **"અરિકમેડૂ"** (પોન્ડિચેરી) થી રોમન સિક્કાઓ મળ્યા છે.

★ **<u>સ્મારક :</u>**

→ પ્રાચીન સમયમાં મહેલો અને મંદિરોની શૈલીથી વાસ્તુકળાના વિકાસ પર પર્યાપ્ત પ્રકાશ પડે છે.

→ મંદિરોમાં ઉત્તર ભારતની મંદિર કળા શૈલીને **"નાગરશૈલી"**, દક્ષિણ ભારતની કલા શૈલીને **"દ્રવિડ શૈલી"** અને દક્ષિણાપથની કલા શૈલીને **"બેસર શૈલી"** કહેવાય છે.

→ બેસર શૈલીમાં નાગર શૈલી અને દ્રવિડ શૈલીનું મિશ્રણ છે.

→ આ ઉપરાંત કેટલીક મૂર્તિઓ અને ચિત્રો મળ્યા છે.

(3) <u>સાહિત્યિક સ્ત્રોતો :</u>

→ પ્રાચીન ભારતીય સાહિત્ય ને બે ભાગોમાં વહેંચી શકાય છે -

(A) ધાર્મિક સાહિત્ય

(B) લૌકિક સાહિત્ય અથવા ધર્મનિરપેક્ષ સાહિત્ય

(A) <u>ધાર્મિક સાહિત્ય :</u>

→ ધાર્મિક સાહિત્યને બે ભાગોમાં વહેંચી શકાય છે -

(1) બ્રાહ્મણ સાહિત્ય

(2) બ્રાહ્મણેત્તર સાહિત્ય

(1) <u>બ્રાહ્મણ સાહિત્ય :</u>

→ બ્રાહ્મણ સાહિત્યની અંદર વેદ, બ્રાહ્મણ ગ્રંથ, અરણ્યક, ઉપનિષદ, વેદાંગ, રામાયણ, મહાભારત, પુરાણો અને સ્મૃતિ ગ્રંથ વગેરેનો સમાવેશ થાય છે.

→ **<u>વેદ :</u>**

- વેદોની સંખ્યા ચાર છે -

(1) ઋગવેદ (2) યજુર્વેદ (3) સામવેદ (4) અથર્વવેદ

(1) <u>ઋગ્વેદ :</u>

- સૌથી પ્રાચીન વેદ કે ગ્રંથ છે.
- આમાં 10 મંડળ, 1028 સૂકતો અને 10,600 મંત્રો છે.
- આની રચના 1500 થી 1000 ઈ.સ. પૂર્વે થી હોવાનું મનાય છે.
- આ વેદની ઋચાઓ (મંત્રો)ના ઉચ્ચારણ કરવાવાળા ઋષિને "હોતૃ" કહેવાય છે.
- આ વેદના સૂકતોના રચયિતા ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભારદ્વાજ અને વશિષ્ઠ જેવા મહર્ષિઓ અને ઘોષા, લોપામુદ્રા, શચી, પોલોમી જેવી મહિલાઓ છે.
- ઋગ્વેદનું બીજું અને સાતમું મંડળ સૌથી વધુ પ્રાચીન છે.
- આ વેદથી આર્યોની રાજનૈતિક પ્રણાલી અને ઈતિહાસના વિશે જાણકારી મળે છે.
- વિશ્વામિત્ર ધ્વારા રચિત **"ગાયત્રીમંત્ર"** ત્રીજા મંડળમાં આપવામાં આવ્યો છે.
- દસમાં મંડળમાં **"પુરુષસૂકત"**નું વર્ણન છે જેમાં સૌપ્રથમ ચાર વર્ણનો ઉલ્લેખ મળે છે. (ચાર વર્ણ એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર)
- આ વેદમાં ભગવાન વિષ્ણુના **"વામન અવતાર"**ની ઘટનાનો પણ ઉલ્લેખ મળે છે.

(2) <u>યજુર્વેદ</u>

- આ વેદમાં **"યજ્ઞ"**ની રીતો (પદ્ધતિઓ)નો ઉલ્લેખ છે.
- યજુર્વેદ કર્મકાંડ પ્રધાન છે.
- આ વેદની ઋચાઓ (મંત્રો)ના ઉચ્ચારણ કરવાવાળા ઋષિને **"અધ્વર્યુ"** કહેવાય છે.
- આ એકમાત્ર એવો વેદ છે જે **"ગદ્ય"** અને **"પદ્ય"** બંનેમાં લખેલો છે.

(3) <u>સામવેદ :</u>

- સામ એટલે કે ગાન

- આ વેદમાં આપવામાં આવેલ ઋચાઓ (મંત્રો)ને દેવતાઓની સ્તુતિના સમયે ગાવવામાં આવે છે.
- આ વેદની ઋચાઓ (મંત્રો)ના ઉચ્ચારણ (ગાનાર) કરવાવાળા ઋષિને **''ઉદ્‌ગાતા''** કહેવાય છે.
- આ વેદને **''ભારતીય સંગીતનો જનક''** કહેવાય છે.
- સામવેદમાં મુખ્યત્વે **''સૂર્ય દેવતા''**ની સ્તુતિના મંત્રો છે.

(4) <u>અથર્વવેદ :</u>

- આ વેદની રચના **''અથર્વ ઋષિ''** ધ્વારા કરવામાં આવી છે.
- આ વેદને **''અથર્વ અંગિરસ વેદ''** પણ કહેવાય છે.
- આ વેદમાં રોગ, નિદાન, તંત્ર-મંત્ર, જાદૂ-ટોણા, શાપ, વશીકરણ, આર્શીવાદ, સ્તુતિ, પ્રાયશ્ચિત, ઔષધીઓ, સંશોધન, લગ્ન, પ્રેમ, રાજયકર્મ, વગેરે વિવિધ વિષયોથી સંબંધિત મંત્રો અને સામાન્ય માણસોના વિચારો, વિશ્વાસો, અંધવિશ્વાસો વગેરેનું વર્ણન મળે છે.

→ **<u>બ્રાહ્મણ ગ્રંથ :</u>**

- ચાર વેદની વિવેચનાત્મક ટીપ્પણી તરીકે લખાયેલા ગ્રંથોને **''બ્રાહ્મણગ્રંથ''** કહે છે.
- યજ્ઞો અને કર્મકાન્ડોના વિધિ-વિધાનો અને તેના કાર્યોને વ્યવસ્થિત સમજવા માટે જ **''બ્રાહ્મણ ગ્રંથ''**ની રચના થઈ હતી.
- બ્રાહ્મણ ગ્રંથ **''ગદ્ય''**માં લખવામાં આવેલ છે.
- એતરેય બ્રાહ્મણ ગ્રંથમાં રાજયાભિષેકના નિયમો છે.
- શતપથ બ્રાહ્મણમાં સ્ત્રીને પુરુષની **''અર્ધાગિની''** કહેવામાં આવી છે.

<u>ક્રમ</u>	<u>વેદ</u>	<u>બ્રાહ્મણ ગ્રંથ</u>
1 .	ઋગ્વેદ	એતરેય અને કોષિતિકી
2.	યર્જુવેદ	શતપથ અને તૈતિરિયી
3.	સામવેદ	પંચવિશ (તાંડ્ય)
4.	અથર્વવેદ	ગોપથ

→ **<u>અરણ્યક :</u>**

- જંગલ (અરણ્ય)માં જઈ ચિંતન (ભણવા) કરવા યોગ્ય મનાયેલા ગ્રંથોને **''અરણ્યક''** કહે છે.
- બ્રાહ્મણ ગ્રંથોનો અંત ભાગ એટલે અરણ્યક જેમાં દાર્શનિક અને રહસ્યાત્મક વિષયોનું વર્ણન મળે છે.

→ **<u>ઉપનિષદ :</u>**

- ઉપનિષદ એટલે **''નજીક બેસવું''.** ગુરુ પાસે નિષ્ઠાપૂર્વક બેસીને ગૂઢ વિદ્યા પ્રાપ્ત કરાવનાર ગ્રંથોને **''ઉપનિષદ''** કહેવાય છે.
- આ વૈદિક સાહિત્યનો છેલ્લો ભાગ હોવાથી આને **''વેદાન્ત''** પણ કહેવાય છે.
- ઉપનિષદોની કુલ સંખ્યા 108 છે.
- **''મુંડકોપનિષદ''** માંથી **''સત્યમેવ જયતે''** લેવામાં આવ્યું છે.
- યમ - નચિકેતાના સંવાદનું વર્ણન **''કઠોપનિષદ''**માં છે.

→ **<u>વેદાંગ :</u>**

- વેદાંગની સંખ્યા 6 છે.

<u>ક્રમ</u>	<u>વેદાંગ</u>	<u>અંગો</u>	<u>વર્ણન</u>
1.	વ્યાકરણ	વેદનું મુખ	ભાષા સંબંધિત શુદ્ધતાના નિયમો
2.	શિક્ષા	વેદનું નાક	વૈદિક સ્વરોના શુદ્ધ ઉચ્ચારણ માટે રચના
3.	નિરુક્ત	વેદના કાન	વૈદિક શબ્દોની વ્યાખ્યા
4.	જ્યોતિષ	વેદની આંખ	ગ્રહ-નક્ષત્રોનો અભ્યાસ
5.	કલ્પ	વેદના હાથ	યજ્ઞ વ્યવસ્થા અને ગૃહસ્થાશ્રમ
6.	છંદ	વેદના પગ	વૈદિક અને લૌકિક છંદોની વ્યાખ્યા

→ **<u>સૂત્ર :</u>**

- વૈદિક સાહિત્યને અક્ષુણ્ણ રાખવા માટે કલ્પસૂત્રની રચના થઈ.
- સૂત્ર ચાર પ્રકારના છે.

<u>ક્રમ</u>	<u>સૂત્ર</u>	<u>વર્ણન ગ્રંથ</u>
1 .	શ્રૌત સૂત્ર	- યજ્ઞ સંબંધિત નિયમોનો ઉલ્લેખ
2.	ગૃહ સૂત્ર	- માણસના લૌકિક અને પરલૌકિક ફરજોથી સંબંધિત
3.	ધર્મ સૂત્ર	- સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક ફરજોનો ઉલ્લેખ
4.	શુલ્વ સૂત્ર	- યજ્ઞ વેદિઓના સ્થાન અને નિયમોનું વર્ણન

→ **<u>ઉપવેદો :</u>**

- ઉપવેદોની સંખ્યા 4 છે.

(1) આર્યુવેદ (2) ધનુર્વેદ (3) ગંધર્વવેદ (4) શિલ્પવેદ

→ **પુરાણો :**

- પુરાણોની સંખ્યા 18 છે.
- ભારતીય એતિહાસિક કથાઓનો સૌથી યોગ્ય ક્રમબદ્ધ વિવરણ **''પુરાણો''**માં મળે છે.
- પુરાણોની રચના **''લોમહર્ષ''** અથવા તેના પુત્ર **''ઉગ્રશ્રવા''** એ કરેલી છે.
- મહત્તમ પુરાણોની રચના સંભવતઃ ગુપ્તકાળમાં થયેલી મનાય છે.
- સૌથી પ્રાચીન અને પ્રામાણિક **''મત્સ્ય પુરાણ''** છે.

ક્રમ	**પુરાણ**	**સંબંધિત વંશની જાણકારી**
1 .	વિષ્ણુ પુરાણ	મૌર્ય વંશ
2.	મત્સ્ય પુરાણ	સાતવાહન વંશ
3.	વાયુ પુરાણ	ગુપ્ત વંશ

→ **મહાકાવ્યો :**

- ભારતના બે મહાકાવ્યો છે -
  (1) રામાયણ
  (2) મહાભારત

(1) રામાયણ :

- સંસ્કૃત ભાષામાં રામાયણની રચના **''મહર્ષિ વાલ્મીકિ''** એ કરી.
- શરૂઆતમાં આમાં 6000 શ્લોક હતા જે સમય જતાં 24000 થઈ ગયા
- આને **''ચતુર્વિંશતિ સાહસ્ત્રી સંહિતા''** પણ કહેવાય છે.

(2) મહાભારત :

- મહાભારતની રચના **''વેદવ્યાસે''** કરી.
- આમાં 18 પર્વો છે.
- આમાં એક લાખ શ્લોકો છે તેથી તેને **''મહાભારત''** અથવા **''શતસાહસ્ત્રી સંહિતા''** પણ કહેવાય છે.
- **''ભગવદ્ગીતા''** આ મહાકાવ્યનો જ ભાગ છે.

→ **સ્મૃતિ ગ્રંથો :**

- સ્મૃતિગ્રંથોને **''ધર્મશાસ્ત્ર''** પણ કહેવાય છે.
- સ્મૃતિગ્રંથોમાં સૌથી પ્રાચીન અને પ્રામાણિક **''મનુસ્મૃતિ''** માનવામાં આવે છે. આ મનુસ્મૃતિમાંથી શુંગ કાળની જાણકારી મળે છે.
- નારદ સ્મૃતિ ગુપ્તકાળના વિશે જાણકારી પ્રદાન કરે છે.

→ **દર્શનગ્રંથો :**

- ઉપનિષદોના દર્શનને ભારતીય ઋષિઓ એ 6 ભાગોમાં વિભાજીત કર્યો છે. જેથી આને **''ષડદર્શન''** કહે છે.
- તેમાં આત્મા, પરમાત્મા, જીવન અને મૃત્યુ વગેરેથી સંબંધિત દાર્શનિકતાનું વર્ણન છે.

ક્રમ	**દર્શન**	**પ્રણેતા**
1 .	સાંખ્ય દર્શન	કપિલ ઋષિ
2.	યોગ દર્શન	પતંજલિ ઋષિ
3.	ન્યાય દર્શન	ગૌતમ ઋષિ
4.	વૈશેષિકી	કણાદ ઋષિ
5.	પૂર્વ મીમાંસા	જૈમિની ઋષિ
6.	ઉત્તર મીમાંસા	બાદરાયણ ઋષિ

(2) બ્રાહ્મણેત્તર સાહિત્ય :

→ બ્રાહ્મણેત્તર સાહિત્યની અંદર જૈન સાહિત્ય અને બૌદ્ધ સાહિત્ય આવે છે, જેનું વિસ્તૃત વર્ણન જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં કરેલ છે.

(B) લૌકિક સાહિત્ય અથવા ધર્મનિરપેક્ષ સાહિત્ય :

→ લૌકિક સાહિત્યથી તે સમયના ભારતીય સમાજની રાજનૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક ઈતિહાસ જાણવામાં ઘણી મદદ મળે છે.

ક્રમ	**ગ્રંથ**	**રચયિતા**	**વર્ણન**
1.	અર્થશાસ્ત્ર	કૌટિલ્ય (ચાણકય) (વિષ્ણુગુપ્ત)	- આ ગ્રંથમાંથી મૌર્યકાળની રાજનૈતિક, સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિની જાણકારી મળે છે. - આ ગ્રંથનો બીજો અને ત્રીજો ભાગ સૌથી વધુ પ્રાચીન છે.
2.	અષ્ટાધ્યાયી	પાણિની	- આ ગ્રંથમાંથી પૂર્વમૌર્ય કાળના ભારતની રાજનૈતિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિની જાણકારી મળે છે. - સંસ્કૃત ભાષાના વ્યાકરણનું પ્રથમ પુસ્તક

3.	મુદ્રારાક્ષસ	વિશાખદત્ત	- આ ગ્રંથમાંથી નંદ અને મૌર્ય વંશના પતન અને ગુપ્ત વંશની સ્થાપનાની જાણકારી મળે છે.
4.	કથા સરિત્સાગર	સોમદેવ	- આ ગ્રંથમાંથી કાશ્મીર રાજ્યમાં મહિલાઓની દુર્દશા અને સામાજિક સ્થિતિની જાણકારી મળે છે.
5.	નીતિસાર	કામન્દક	- આ ગ્રંથમાંથી ગુપ્તકાળના રાજતંત્રની જાણકારી મળે છે.
6.	મહાભાષ્ય	પતંજલિ	- આ ગ્રંથમાંથી શુંગવંશનો ઈતિહાસ મળે છે. - પતંજલિ પુષ્યમિત્ર શુંગના પુરોહિત હતા.
7.	માલવિકાગ્નિમિત્રમ્	કાલિદાસ	- આ ગુપ્તકાલીન રચના છે. આમાં માલવિકા અને અગ્નિમિત્રના પ્રેમ પ્રકરણની ચર્ચા છે.
8.	રઘુવંશ	કાલિદાસ	- ગુપ્ત સમ્રાટ સમુદ્રગુપ્તની વિજયોની જાણકારી મળે છે.
9.	હર્ષચરિત	બાણભટ્ટ	- હર્ષની આત્મકથા અને ઉપલબ્ધિનું વર્ણન
10.	રામચરિત	સંધ્યાકરનંદી	- બંગાળના શાસક રામપાલની જીવનકથા
11.	કુમારપાળચરિત	જયસિંહ	- આમાં ગુજરાતના શાસક કુમારપાળની કથાનું વર્ણન મળે છે.
12.	દ્રવ્યાશ્રય કાવ્ય	હેમચંદ્રાચાર્ય	- ગુજરાતના શાસક કુમારપાળના વિશે જાણકારી મળે છે.
13.	નવસહસાંકચરિત	પદ્મગુપ્ત	- પરમાર વંશની જાણકારી
14.	રાજતરંગિણી	કલ્હણ	- પૂર્ણરૂપેણ પ્રથમ એતિહાસિક ગ્રંથ, જેમાં કાશ્મીરનો ઈતિહાસ લખેલ છે.
15.	મૃચ્છકટિકમ્	શૂદ્રક	- ગુપ્તકાલીન સમાજ અને સંસ્કૃતિનું વિવરણ મળે છે.
16.	પ્રબંધચિંતામણિ	મેરુતુંગ	- આ ગ્રંથમાંથી વિક્રમાદિત્ય, મૂલરાજ, ભોજ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ, લક્ષ્મણસેન, જયચંદ વગેરેના વિશે જાણકારી મળે છે.
17.	કીર્તિકૌમુદી	સોમેશ્વર	- ચાલુક્ય વંશનો ઈતિહાસ
18.	ગાર્ગીસંહિતા	કાત્યાયન	- આ એક જ્યોતિષ ગ્રંથ છે. - આ ગ્રંથમાંથી ભારત પર થયેલ યૂનાની આક્રમણની જાણકારી મળે છે.

★★★★★★

પ્રકરણ-2 હડપ્પા સભ્યતા (સિંધુખીણની સંસ્કૃતિ)

→ 1921માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના ડાયરેક્ટર સર જહોન માર્શલના નિર્દેશનમાં "રાય બહાદુર દયારામ સાહની" એ રાવી નદીના કિનારે હડપ્પાની શોધ કરી.

→ આ સભ્યતાને ત્રણ નામોથી ઓળખવામાં આવે છે. "સિંધુ સભ્યતા", "સિંધુ ઘાટીની સભ્યતા" અને "હડપ્પા સભ્યતા"



→ **હડપ્પા સભ્યતાના સ્થળો :**

કમ	સ્થળ	નદી	વર્ષ	સંશોધક	વિશેષતાઓ / અવશેષો
1.	હડપ્પા (પાકિસ્તાનનાં મોટગોમરી જીલ્લામાં)	રાવી	1921	દયારામ સાહની	- કબ્રસ્તાન (R-37) - સ્વસ્તિક ચિહ્ન - મહિલાના ગર્ભથી નિકળતો છોડ
2.	મોહનજોદડો (પાકિસ્તાનના લરકાના જીલ્લામાં)	સિંધુ	1922	રખાલદાસ બેનર્જી	- ત્રણ મોં વાળા દેવતા (પશુપતિ) - કપાસ (સૂતરાઉ કાપડ) - નર્તકીની કાંસ્ય મૂર્તિ
3.	ચાન્હુદડો (પાકિસ્તાનના સિંધ પ્રાંતના લરકાના જીલ્લામાં)	સિંધુ	1931	એમ. જી. મજૂમદાર	- લિપસ્ટિક - મણકા બનાવવાનું કારખાનું - માટીથી બનેલ બળદગાડીનું પ્રતિરૂપ
4.	કાલીબંગા (રાજસ્થાનમાં)	ઘગ્ઘર	1953	ડૉ. અમલાનંદ ઘોષ	- સૌપ્રથમ ભૂકંપના પ્રાપ્ત અવશેષો - ખેડાયેલ ખેતરના અવશેષો - અગ્નિકુંડ
5.	કોટદીજી (પાકિસ્તાનના સિંધ પ્રાંતના ખેરપુરમાં)	સિંધુ	1953	ફઝલ અહમદ	- પત્થરના પાયાવાળા મકાનો -પત્થરના બાણાગ્ર
6.	રંગપુર (ગુજરાત)	ભાદર	1953-54	એમ. એસ. વત્સ, રંગનાથ રાવ	- ધાનના અવશેષો -બાટ (તોલમાપ માટેના)
7.	રોપડ (પંજાબમાં)	સતલજ	1953-56	યજ્ઞદત શર્મા	- સ્વતંત્ર ભારતનું પ્રથમ ઉત્ખનિત સ્થળ - માલિકની સાથે કૂતરાને દફનાવવાના અવશેષો
8.	લોથલ (અમદાવાદમાં)	ભોગાવો	1955-63	રંગનાથ રાવ	- બંદર (ડૉકયાર્ડ) તરીકે પ્રખ્યાત - ત્રણ યુગ્મ મૃતદેહના અવશેષ - ફારસનો સિક્કો - મણકા બનાવવાનું કારખાનું
9.	આલમગીરપુર (મેરઠ જિલ્લામાં)	હિન્ડન	1958	યજ્ઞદત્ત શર્મા	- મોર અને ખિસકોલીના અવશેષો -સભ્યતાની અંતિમ અવસ્થા

10.	સુત્કાગેંડોર (બલૂચીસ્તાનમાં)	દાશ્ક	1927 અને 1962	ઑરેજ સ્ટાઈલ અને જ્યોર્જ ડેલ્સ	- હડપ્પા અને બેબીલોનની વચ્ચે વેપારી ચૌકી, - સભ્યતાનું સૌથી પશ્ચિમી સ્થળ
11.	બનવાલી (હરિયાણાના હિસાર જીલ્લામાં)	રંગોઈ (સરસ્વતી)	1974	આર. એસ. વિષ્ટ	- સોનું તપાસવાના સાક્ષ્ય -કાર્નેલિયનના મણકા
12.	ધોળાવીરા (કચ્છ જીલ્લામાં)		1990-91	આર. એસ. વિષ્ટ	-10 સિંધુલિપિના અક્ષરો મળ્યા છે. જે વિશ્વની પ્રાચીન અક્ષરમાળામાં સ્થાન પામ્યા છે. - ત્રણ ભાગોમાં વિભાજીત એકમાત્ર શહેર - ઘોડાના અવશેષ - સભ્યતાનું એકમાત્ર સ્ટેડિયમ - સૌથી મોટું સ્થળ
13.	આમરી (પાકિસ્તાનના પંજાબના મોંટગોમરી જીલ્લામાં)	સિંધુ	1929-35	એમ. જી. મજૂમદાર	- એવું પ્રથમ સ્થળ, હડપ્પા સભ્યતા અને તેના પહેલાંની સભ્યતાના સાક્ષ્ય.
14.	માંડા (કાશ્મીરમા)	ચિનાબ	1975-76	જે.પી. જોશી	- સભ્યતાનું સૌથી ઉતરી સ્થળ - ગર્તાવાસ
15.	રોજડી (ગુજરાતના રાજકોટ જીલ્લાના શ્રીનાથગઢમાં)	ભાદર	1957	એસ. આર. રાવ	- લાલ અને ભૂરા મૃદભાંડ (માટીનાં વાસણો) - હાથીના અવશેષ - પાકી માટીના નળી ઘાટના મણકા
16.	દેસલપર (કચ્છના નખત્રાણા તાલુકામાં)	મોરઈ	1964-65	એસ. આર. રાવ	- નદી કાંઠા પર પત્થરની જાડી દીવાલ બાંધેલી મળી - વેપારી કેન્દ્ર હોવાના અવશેષો

→ **<u>સિન્ધુ સભ્યતામાં વિદેશી વેપાર :</u>**

	આયાત કરેલ વસ્તુઓ	ક્ષેત્ર
1.	તાંબુ	ખેતડી (રાજસ્થાન), બલૂચિસ્તાન, ઓમાન
2.	ચાંદી	અફગાનિસ્તાન, ઈરાન
3.	સોનું	કર્ણાટક, અફગાનિસ્તાન, ઈરાન
4.	ટિન	અફગાનિસ્તાન, ઈરાન
5.	ગોમેદ	સૌરાષ્ટ્ર
6.	લાજવર્દ	મેસોપોટેમિયા, બદકખશાં
7.	સીસું	ઈરાન, અફગાનિસ્તાન, રાજસ્થાન
8.	શંખ અને કોડિયો	સૌરાષ્ટ્ર, દક્ષિણ ભારત
9.	સેલખડી	બલૂચિસ્તાન, રાજસ્થાન, ગુજરાત
10.	નીલમણિ	મહારાષ્ટ્ર

→ **<u>સિન્ધુ સભ્યતાના નિર્માતાઓ :</u>**

	વિદ્વાનના મત પ્રમાણે	સિંધુ સભ્યતાના નિર્માતા
1.	રખાલદાસ બેનર્જી	દ્રવિડ
2.	ડૉ. લક્ષ્મણ સ્વરૂપ અને રામચન્દ્ર	આર્ય
3.	ગાર્ડન ચાઈલ્ડ	સુમેરિયન
4.	રોમિલા થાપર	ઈરાની-બલૂચી સંસ્કૃતિ
5.	હીલર અને કૌશાંબી	મેસોપોટેમિયા
6.	હવીલર	દાસ

★ **<u>સિન્ધુ લિપિ :</u>**

→ સિન્ધુ સભ્યતાની લિપિ ભાવચિત્રાત્મક છે જેને **"બેસ્ટ્રોફેડસ લિપિ"** પણ કહેવાય છે.

→ આ લિપિમાં પ્રથમ પંકિત જમણી બાજુથી ડાબી બાજુ અને બીજી પંકિત (લાઈન) ડાબી બાજુથી જમણી બાજુ લખવામાં આવે છે.

→ આ લિપિનો સૌપ્રથમ અવશેષ 1853 માં મળ્યો હતો અને 1923 સુધી આ સમ્પૂર્ણ લિપિ મળી ગયેલ છે. પરંતુ આનો ઉકેલ મળ્યો નથી.

→ આ લિપિમાં કુલ 64 મૂળ અક્ષર અને 250-400 સુધી ચિત્રાત્મક (Pictograph) છે. ચિત્રના રૂપે લખાયેલ દરેક અક્ષર કોઈ ધ્વનિ, વસ્તુ કે ભાવનો સૂચક છે.

★ **<u>અન્ય ફેક્ટ્સ :</u>**

→ આગમાં પકવેલ માટીને **"ટેરાકોટા"** કહેવાય છે.

→ રેડિયોકાર્બન C^{14} જેવી નવી વિશ્લેષણ પદ્ધતિના ધ્વારા સિન્ધુ સભ્યતાની સર્વમાન્ય તિથિ (સમય) - 2400 ઈ.પૂ. થી 1700 ઈ.પૂ. માનવામાં આવી છે. (ધ ગજેટિયર ઑફ ઈન્ડિયાના પ્રમાણે)

→ સ્વતંત્રતા પછી હડપ્પા સભ્યતાના સૌથી વધુ સ્થળ **"ગુજરાત"**માં શોધવામાં આવ્યા છે.

→ સિન્ધુ સભ્યતાના પતન (વિનાશ) નું સંભવત : સૌથી અસરકારક કારણ **"પૂર"** માનવામાં આવે છે.

→ **"લોથલ"** અને **"સુરકોટડા"** હડપ્પા સભ્યતાના બંદર હતા.

→ મડદાંઓને બાળવા અને દફનાવવાની એટલે કે બન્ને પ્રથાઓ પ્રચલનમાં હતી. હડપ્પામાં મડદાંઓને જયારે મોહનજોદડોમાં બાળવાની પ્રથા હતી લોથલ અને કાલીબંગામાંથી યુગ્મ સમાધિઓ મળી છે.

→ ખેતરને ખેડવાના અવશેષો અને નક્કાશીદાર ઈંટોના પ્રયોગનો અવશેષ **"કાલીબંગા"** થી પ્રાપ્ત થયો છે.

→ મોહનજોદડોથી ત્રણ મુખવાળા પશુપતિ નાથની મૂર્તિ મળેલ છે જેમની ચારેય બાજુ હાથી, ગૈડો, વાઘ અને પાડો બેઠેલા છે.

→ હડપ્પાના સિક્કાઓ પર સૌથી વધુ એક શ્રૃંગી પશુનું ચિત્ર મળેલ છે.

→ સિન્ધુ સભ્યતાના લોકોએ નગરો અને ઘરોના વિન્યાસ માટે **"ગ્રીડ પદ્ધતિ"** અપનાવી હતી.

→ હડપ્પા સભ્યતાનો પ્રમુખ પાક ઘઉં અને જુવાર હતા.

→ હડપ્પા સભ્યતાના ફકત લોથલમાં આવેલ ઘરોના દરવાજા મુખ્ય માર્ગ કે સડકો બાજુ ખોલવામાં આવતા હતા જયારે બાકીના સ્થળોના ઘરોના દરવાજા અંદર બાજુ ખોલવામાં આવતા હતા.

→ સિન્ધુ સભ્યતામાં **"પડદાપ્રથા"** અને **"વેશ્યાવૃત્તિ"** પ્રચલનમાં હતી.

→ હડપ્પા સભ્યતાના લોકો **"તલવાર"**થી પરિચિત ન હતા.

→ સિન્ધુ સભ્યતાના લોકો મનોરંજન માટે માછલી પકડવી, શિકાર કરવો, પશુ-પક્ષીઓને એકબીજાથી લડાવું અને શતરંજ રમવું વગેરે સાધનોનો પ્રયોગ કરતા હતા.

→ સિન્ધુ સભ્યતાના લોકો સુતરાઉ અને ઉનનાં (ગરમ) કાપડનો પ્રયોગ કરતા હતા.

→ સ્ત્રીની માટીની મૂર્તિઓ વધુ પ્રમાણમાં મળવાથી એવું લાગે છે કે આ સભ્યતા **"માતૃસત્તાત્મક"** હતી.

→ હડપ્પા સભ્યતાના લોકો ધરતીને **"ઉર્વરતાની દેવી"** (ફળદ્રુપતાની દેવી) માનીને તેની પૂજા કરતા હતા.

→ વૃક્ષ-પૂજા અને શિવ-પૂજાના અવશેષ પણ મળ્યા છે.

→ સ્વસ્તિકનું ચિહ્ન સંભવતઃ સિન્ધુ સભ્યતાની ઉપજ છે. આ ચિહ્નથી સૂર્ય ઉપાસના થતી હોવાનો અંદાજ લગાવી શકાય છે.

→ સિન્ધુ સભ્યતાના સ્થળોમાંથી મંદિરોના અવશેષ મળ્યા નથી.

→ સિન્ધુ સભ્યતામાં **"માતૃદેવી"**ની ઉપાસના સૌથી વધુ પ્રચલિત હતી.

→ પશુઓમાં **"બળદ"** (નંદી) ખાસ પૂજનીય હતો.

→ મેસોપોટેમિયાના અભિલેખોમાં વર્ણિત **"મેલૂહા"** શબ્દ સિન્ધુ સભ્યતા માટે વપરાતો હતો.

→ સિન્ધુ સભ્યતાના લોથલ, કાલીબંગા અને સુરકોટડા થી **"ઘોડા"**ના અસ્થિપંજર મળ્યા છે.

→ સિન્ધુ સભ્યતાના લોકો મિઠાશ માટે **"મધ"** (Honey) નો પ્રયોગ કરતા હતા.

→ ભારતમાં ચાંદીની ઉપલબ્ધતાના પ્રાચીનતમ અવશેષ સિન્ધુ સભ્યતામાં મળે છે.

→ સિન્ધુ સભ્યતામાં કુંભારના ભઠ્ઠાના અવશેષ **"મોહનજોદડો"** થી મળ્યાં છે.

→ સિન્ધુ સભ્યતામાં **"લિંગ પૂજા"** પ્રચલનમાં હતી. લોકો અંધવિશ્વાસ અને જાદુ-ટોણામાં વિશ્વાસ કરતા હતા.

→ પાણી સંગ્રહ માટે બંધના નિર્માણના અવશેષ **"ધોળાવીરા"**થી મળ્યા છે.

→ હડપ્પા સભ્યતામાં **"નિકાસ પ્રણાલી"** આના શહેરીકરણની પ્રમુખ ખાસિયત છે, જે આની સમકાલીન **"ઈજીપ્તની સભ્યતા"** અને **"મેસોપોટિમયાની સભ્યતા"** માં પણ ન હતી.

★★★★★★

<u>પ્રકરણ-3 વૈદિક સંસ્કૃતિ</u>

→ વૈદિકકાળનું વિભાજન બે ભાગોમાં કરવામાં આવે છે -

1. ઋગ્વેદિક કાળ - 1500 થી 1000 ઈ.પૂ.
2. ઉત્તર વેદિક કાળ - 1000 થી 600 ઈ.પૂ.

→ આર્યોના ધ્વારા નિર્મિત સામાજિક - સાંસ્કૃતિક અને આર્થિક વ્યવસ્થા વૈદિક સંસ્કૃતિના રૂપે ઓળખાય છે.

→ આ સભ્યતાના સંસ્થાપક આર્ય હતા, આ માટે આને **"આર્ય સભ્યતા"** પણ કહેવાય છે.

→ ઈરાનના પવિત્ર પુસ્તક **"ઝંદવેસ્તા"** અને **"બોગજકોઈ અભિલેખ"** થી સ્પષ્ટ થાય છે કે આર્ય ઈરાનથી થઈને ભારત આવ્યા હતા.

1. <u>ઋગ્વેદિક કાળ</u>

→ ઈ.પૂ. 1500 થી 1000 ઈ.પૂ. સુધીનો સમય ઋગ્વેદિક કાળ કહેવાય છે.

→ આ સમયમાં વૈદિક આર્યો અસ્થાયી જીવન જીવતાં હતા. આર્યો જે ક્ષેત્રનું નિર્માણ કર્યું તેને **"સપ્તસિંધુનો પ્રદેશ"** કહેવાતો હતો. આ ક્ષેત્રમાં મુખ્યત્વે સાત નદીઓ પ્રવાહિત થતી હતી (1) સિન્ધુ (2) સતલજ (3) રાવી (4) ચિનાબ (5) બિયાસ (6) ઝેલમ (7) સરસ્વતી

→ ઋગ્વેદમાં આ ક્ષેત્રને **"બ્રહ્મવર્ત"** પણ કહેવાય છે.

→ ઋગ્વેદમાં હિમાલયના શિખરને **"મૂજવંત"** કહેવામાં આવ્યો છે.

★ <u>વેદ :</u>

→ <u>આર્ય સંસ્કૃતિના નિર્માણકર્તા ક્યાંથી આવ્યા :</u>

	વિદ્વાન	ક્યાંથી આવ્યા
1 .	દયાનંદ સરસ્વતી, કીથ	પામીર - તિબેટ
2.	મૈક્સમૂલર	મધ્ય એશિયા
3.	પેનકા, હર્ટ	જર્મની
4.	ગાર્ડન ચાઈલ્ડ	દક્ષિણી રશિયા
5.	બાલ ગંગાધર તિલક	ઉત્તર ધ્રુવ
6.	ગંગાનાથ ઝા	બ્રહ્મર્ષિ પ્રદેશ

વેદોના બ્રાહ્મણ ગ્રંથ, અરણ્યક, ઉપનિષદ અને ઉપવેદ

	વેદ	બ્રાહ્મણ ગ્રંથ	અરણ્યક	ઉપનિષદ	ઉપવેદ
1.	ઋગ્વેદ	1. ઐતરેય 2. કૌશિતિકી	1. ઐતરેય 2. કૌશિતિકી	1. ઐતરેય 2. કૌશિતિકી	1. આર્યુવેદ
2.	સામવેદ	1. પંચવિશ 2. ષડ્વિશ 3. જૈમિનીય	1. છાંદોગ્ય 2. જૈમિનીય	1. છાંદોગ્ય 2. કેનોપનિષદ	1. ગન્ધર્વવેદ
3.	યર્જુવેદ	1. તૈતિરીય 2. શતપથ	1. બૃહદારણ્યક 2. તૈતિરીય	1. શ્વેતાશ્વરોપનિષદ 2. બૃહદારણ્યક 3. ઈશોપનિષદ 4. મૈત્રાયિણી 5. કઠોપનિષટ 6. તૈતિરીય	1. ધનુર્વેદ
4.	અથર્વવેદ	1. ગોપથ	-	1. મુંડકોપનિષદ 2. પ્રશ્નોપનિષદ 3. માંડુકયોપનિષદ	1. શિલ્પવેદ

→ **<u>રાજનૈતિક જીવન :</u>**

→ આર્યોનું વહીવટી માળખુ નીચે પ્રમાણે હતું.

	વહીવટી એકમ	**મુખિયો / વડા**
1 .	ગૃહ/કુળ/પરિવાર	કુલપ કે પિતા
2.	ગામ કે ગ્રામ	ગ્રામણી
3.	વિશ કે કબીલો	વિશપતિ
4.	જન	રાજા

→ ઋગ્વેદિક રાજનૈતિક માળખાનું સૌથી નાનું એકમ **''કુળ''** અથવા **''પરિવાર''** હતું, જેનો મુખિયા કે પ્રધાન **''કુલપ''** કહેવાતો હતો.

→ પરિવારોને મળાવી **''ગામ'' કે ''ગ્રામ''** બનતું હતું, જેના મુખિયા કે પ્રધાનને **''ગ્રામણી''** કહેતા હતા. અનેક ગામ મળીને **''વિશ''** બનતું હતું, જેનો મુખિયા કે પ્રધાનને **''વિશપતિ''** કહેતા હતા. અનેક વિશ મળીને **''જન''** બનતું હતું, જેનો અધિપતિ કે મુખિયા **''જનપતિ''** અથવા **''રાજા''** હતો.

→ **<u>દાસરાજ્ઞ યુદ્ધ :</u>**

- દાસરાજ્ઞ યુદ્ધનો ઉલ્લેખ ઋગ્વેદના સાતમાં મંડળમાં છે.
- આ યુદ્ધ પરુષણી નદી (રાવી નદી) ના કિનારે લડવામાં આવ્યું હતું.
- આ યુદ્ધ ભરત જનના રાજા **''સુદાસ''** અને 10 રાજાઓના સંઘ વચ્ચે લડાયું હતું.
- આ યુદ્ધમાં સુદાસનો વિજય થયો હતો.

→ રાજ્યધિકારીઓમાં **''પુરોહિત''** અને **''સેનાની''** પ્રમુખ હતા.

→ રાજાના રાજ્યાભિષેકના સમયે **''ગ્રામણી''**, **''રથકાર''**, **''કર્માદિક''**, **''પુરોહિત''**, **''સેનાની''** જેવા અધિકારી ઉપસ્થિત રહેતા હતા. આ અધિકારીઓને સામૂહિક રૂપથી **''રત્નિન''** કહેવામાં આવતા હતા. આમની સંખ્યા રાજા સાથે 12 હતી.

→ **''પુરપ''**-દુર્ગપતિ અને **''સ્પશ''** - જનતાની ગતિવિધિઓને નજરમાં રાખનાર **''ગુપ્તચર''** હતા.

→ **''વાજપતિ''** - ગોચર જમીનનો અધિકારી હતો.

→ **''ઉગ્ર''** - અપરાધિઓને પકડવાનું કાર્ય કરનાર અધિકારી.

→ **<u>સભા :</u>**

- સમાજના વિશિષ્ટ અને શ્રેષ્ઠ લોકોની સંસ્થા હતી.

- આમાં મહિલાઓ ભાગ લેવા માટે સ્વતંત્ર હતી, જેને **''સભાવતી''** કહેવાય છે.

- આમાં ગ્રામીણ મામલાઓ પર ચર્ચા કરવામાં આવતી હતી અને આ રાજનૈતિક અને વહીવટી કાર્યોની સાથે સાથે ન્યાયિક કાર્ય પણ કરતી હતી.

→ **<u>સમિતિ :</u>**

- સમિતિ સામાન્ય જનતાનું પ્રતિનિધિત્વ કરનાર સંસ્થા હતી.
- આના અધ્યક્ષને **''ઈશાન''** કહે છે.
- સમિતિનું સભ્યપદ સામાન્ય લોકો માટે ખુલ્લું હતું.
- સમિતિ જ રાજાની ચૂંટણી કરતી હતી.

→ **<u>વિદથ :</u>**

- આર્યોની સૌથી પ્રાચીન સંસ્થા હતી.
- આને જનસભા પણ કહેવાય છે.
- આ સંસ્થા આર્થિક, લશ્કરી ધાર્મિક અને સામાજિક બધા પ્રકારના કાર્યો કરતી હતી.

→ યુદ્ધમાં કબીલાનું નેતૃત્વ રાજા કરતા હતો. યુદ્ધ માટે **''ગવિષ્ટિ''** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેનો અર્થ - **''ગાયોની શોધ''** થાય છે.

→ રાજાને **''જનસ્યગોપા''**, **''પુરમેત્તા''**, **''ગણપતિ''**, **''ગોપતિ''** નામથી પણ ઓળખતા હતા.

→ **''બલિ''** પ્રજા ધ્વારા રાજાને સ્વેચ્છાથી આપવામાં આવતી ભેટ હતી.

→ તૈતિરીય સંહિતામાં ગામના ન્યાયાધીશને **''ગ્રામ્યવાદિન''** કહેવાયો છે.

→ વૈદિક કાલીન ન્યાયાધીશોને **''પ્રશ્નવિનાક''** કહેતા હતા.

★ **<u>સામાજિક જીવન :</u>**

→ ઋગ્વેદિક સમાજ કબિલાઈ સમાજ હતો ત્યારે વર્ણવ્યવસ્થા આર્થિક (વ્યવસાય) આધાર પર બની હતી. ઋગ્વેદના 10 માં મંડળનાં **''પુરુષસૂકત''**માં ચાર વર્ણનો સૌપ્રથમ ઉલ્લેખ મળે છે.

→ આર્યોનો સમાજ **''પિતૃસત્તાત્મક''** હતો.

→ સમાજનું સૌથી નાનું એકમ **''પરિવાર'' કે ''કુળ''** હતો, જેનો વડો **''કુલપ''** કહેવાતો હતો. આ કુલપને પરિવારના અન્ય સભ્યો કરતાં વધુ મહત્વ હતું.

→ મહિલાઓ આ સમયમાં પોતાના પતિની સાથે યજ્ઞકાર્યમાં ભાગ લેતી હતી.

→ **''બાળ-વિવાહ''** અને **''પર્દા-પ્રથા''** નું પ્રચલન ન હતું.

→ વિધવા પોતાના મૃતક પતિના નાના ભાઈ એટલે કે દીયરની સાથે લગ્ન કરી શકતી હતી.

→ **''અમાજૂ''** - જીવનભર અવિવાહિત (લગ્ન ન કરનાર) રહેવાવાળી મહિલાઓ

→ મહિલાઓને શિક્ષણ પ્રાપ્ત કરવાની અને રાજનૈતિક સંસ્થાઓમાં ભાગ લેવાની સ્વતંત્રતા હતી.

→ ઋગ્વેદ કાળમાં લોપામુદ્રા, ઘોષા, સિકતા, અપાલા, વિશ્વવારા વગેરે વિદુષી મહિલાઓનો ઉલ્લેખ મળે છે.

→ ઋગ્વેદના રચનાકાર ઋષિઓ નીચે મુજબ છે -

સંખ્યા	**મંડળ**	**રચનાકાર ઋષિ**
1 .	પ્રથમ મંડળ	અંગિરા
2.	દ્વિતીય મંડળ	ગૃત્સમદ્, ભાર્ગવ
3.	તૃતીય મંડળ	વિશ્વામિત્ર (ગાયત્રી મંત્રના રચયિતા)
4.	ચતુર્થ મંડળ	વામદેવ
5.	પંચમ મંડળ	અત્રિ
6.	ષષ્ટમ્ મંડળ	ભારદ્વાજ
7.	સપ્તમ મંડળ	વશિષ્ઠ
8.	અષ્ટમ્ મંડળ	કણ્વ
9.	નવમ મંડળ	અંગિરસ (બધા મંત્ર સોમને સમર્પિત
10.	દશમ મંડળ	સૂકતીય

→ ગાયને **''અઘન્યા''** એટલે કે ન મારવા યોગ્ય કે પવિત્ર ગણવામાં આવતી હતી.

→ ઋગ્વેદમાં દાસો (દસ્યુ)નો ઉલ્લેખ **''અદેવયુ''** (દેવતાઓમાં શ્રધ્ધા ન રાખનાર), **''અબ્રહ્મન''** (વેદોને ન માનનાર) અને **''અયજવન''** (યજ્ઞ ન કરવાવાળા) વગેરે રૂપોમાં કરવામાં આવ્યો છે.

→ ઋગ્વેદિક સમાજમાં **''સંસ્કારો''**ને ખૂબ જ મહત્વ આપવામાં આવતું હતું.

→ **''બહુપત્ની પ્રથા''** અસ્તિત્વમાં ન હતી.

→ લગ્ન પછી કન્યાની વિદાઈના સમયે જે ભેટ અને દ્રવ્ય આપવામાં આવતા હતા તેને **''વહતુ''** કહેવાય છે.

→ સમાજમાં **''સતીપ્રથા''**નું અસ્તિત્વ ન હતું.

→ **"સોમરસ"** આર્યોનું મુખ્ય પીણું હતું જે પ્રસંગના સમયે વાપરવામાં આવતું હતું.

→ ઋગ્વેદિક આર્યોના મનોરંજનના સાધનોમાં સંગીત, શિકાર, નૃત્ય, રથદૌડ અને શતરંજનો સમાવેશ થાય છે. કેટલાક પ્રસંગો પર પ્રતિસ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવતું હતું.

→ આર્ય મુખ્યત્વે ત્રણ પ્રકારના વસ્ત્રો પહેરતા હતા -

(a) વાસ - જે શરીર ઉપરના ભાગને ઢાંકવા માટે પહેરાવામાં આવતું વસ્ત્ર

(b) અધિવાસ-જે કમર નીચેનું મુખ્ય વસ્ત્ર

(c) ઉષ્ણીય - પાઘડી

→ **"નીવી"** - અધોવસ્ત્ર (ઉપવસ્ત્ર) જે નીચે પહેરવામાં આવતું હતું.

★ **<u>આર્થિક જીવન :</u>**

→ ઋગ્વેદિક આર્યોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને કૃષિ હતો.

→ ઋગ્વેદિક આર્યોની અર્થવ્યવસ્થામાં પશુઓનું મહત્વ સૌથી વધુ હતું. ઋગ્વેદમાં ગાયો માટે યુદ્ધો (ગવેષણા) નું વર્ણન મળે છે.

→ ઋગ્વેદિક કાળમાં કૃષિ માટે **"ઉર્દર", "ધાન્ય" અને "વપન્તિ"** જેવા શબ્દો વાપરવામાં આવ્યા છે.

→ ઋગ્વેદમાં વપરાયેલ પ્રાચીન શબ્દો અને તેના આધુનિક નામો નીચે મુજબ છે -

	પ્રાચીન નામ	**સંબંધિત આધુનિક નામ**
1 .	ઉર્વરા	ખેડેલા ખેતરો
2.	ખિલ્ય	ઘાસનું મેદાન, પશુચારણ યોગ્ય જમીન
3.	સીર, લાંગલ	હળ
4.	સૃણિ	પાક કાપવાનું ઓજાર (હાંસિયું) (દાતરડું)
5.	કરીષ, શકૃત	ગોબરનું ખાતર, છાણીયું
6.	અવટ (અવત)	કુવો
7.	સીતા	હળનો ચારુ
8.	કીવાશ	ખેડૂત
9.	ઉર્દર	અનાજ માપવાનું પાત્ર
10.	બૃક	બળદ
11.	પર્જન્ય	વરસાદ
12.	કૃતિવાસા	ચામડું ધારણ કરનાર

→ વેપારીઓને **"પણિ"** કહેવાતાં હતાં.

→ વિનિમયના માધ્યમના રૂપમાં **"નિષ્ક"**નો પણ ઉલ્લેખ મળે છે.

→ ઋણ આપીને વ્યાજ લેનાર વ્યક્તિને **"વૈકનાટ"** (નાણા ધીરનાર અથવા વ્યાજ ખાનાર) કહેતા હતા.

→ ઋગ્વેદમાં ઉલ્લેખિત બધી નદીઓમાં **"સરસ્વતી"** સૌથી મહત્વપૂર્ણ અને પવિત્ર માનવામાં આવતી હતી.

→ ઋગ્વેદ કાળની નદીઓના આધુનિક અને પ્રાચીન નામો નીચે મુજબ છે -

ક્રમ	**પ્રાચીન નામ (નદી)**	**આધુનિક નામ (નદી)**
1 .	કુભ/કુમુ	કુર્રમ
2.	કુભા	કાબુલ
3.	વિતસ્તા	ઝેલમ
4.	અસ્કિની	ચિનાબ
5.	પરુષ્ણી	રાવી
6.	શતુદ્રિ	સતલજ
7.	વિપાશા	બિયાસ (વ્યાસ)
8.	સદાનીરા	ગંડક
9.	દુષદ્વતિ	ઘગ્ઘર
10.	ગોમતી	ગોમલ
11.	સુવસ્તુ	સ્વાત
12.	સિંધુ	સિન્ધ
13.	રેવા	નર્મદા

→ આર્યોના પ્રિય પશુ (પ્રાણી) **"ઘોડો"** હતો.

→ આર્યોનો સૌથી વધુ પ્રિય દેવતા **"ઈન્દ્ર"** હતો.

→ ઋગ્વેદમાં ગંગાનો એક વખત, યમુનાનો ત્રણ વખત અને સિન્ધુ નદીનો સૌથી વધુ વખત ઉલ્લેખ મળે છે.

★ **<u>ધાર્મિક જીવન :</u>**

→ ઈન્દ્ર, વરુણ, સૂર્ય, મિત્ર અને અગ્નિ વગેરે ઋગ્વેદિક દેવતાઓમાં પ્રમુખ હતા.

→ **<u>ઋગ્વેદિક દેવતા :</u>**

<u>ક્રમ</u>	**<u>દેવતા</u>**	**<u>ખાસિયત</u>**

1 .	ઈન્દ્ર	- સૌપ્રથમ દેવતા/યુદ્ધમાં નેતૃત્વકર્તા (ઋગ્વેદમાં 250 વાર ઈન્દ્રનો ઉલ્લેખ મળે છે) - વરસાદનો દેવતા
2.	અગ્નિ	- દેવ અને માનવ વચ્ચે મધ્યસ્થ તરીકે - યજ્ઞોના દેવતા - બ્રહ્મથી જોડનાર - અગ્નિને **"જાતિ વેદ્સ"** કહે છે. - ઋગ્વેદમાં 200 વાર અગ્નિનો ઉલ્લેખ મળે છે.
3.	વરુણ	- સમુદ્રનો દેવતા - વિશ્વના નિયામક અને શાસક - પૃથ્વી અને સૂર્યના નિર્માતા - સત્યના પ્રતીક - ઋતુ પરિવર્તન અને દિવસ - રાતના કર્તા - દેવતાઓના પોષક - ઋગ્વેદમાં 30 વાર વરુણનો ઉલ્લેખ મળે છે.
4.	સોમ	- વનસ્પતિના દેવતા
5.	ઉષા	- પ્રગતિ અને ઉત્થાનની દેવી
6.	અશ્વિન	- ચિકિત્સાના દેવતા - મુશ્કેલીઓ દૂર કરનાર દેવ
7.	પૂષન	- પશુઓના દેવતા
8.	વિષ્ણુ	- વિશ્વના સંરક્ષક અને પાલનકર્તા
9.	મરુત	- વાવાઝોડાના દેવતા, વાયુ દેવતા
10.	સૂર્ય	- જીવન આપનાર દેવ (ભુવનચક્ષુ)
11.	આર્ષ	- લગ્નના દેવ
12.	અરણ્યાની	- જંગલની દેવી
13.	યમ	મૃત્યુના દેવ

→ ઋગ્વેદનો સૌથી મહત્વપૂર્ણ દેવ **"ઈન્દ્ર"** હતો, જેને **"પુરંદર"** પણ કહેવાય છે.

→ દેવપૂજાની સાથે પિતૃપૂજાનો પણ ઉલ્લેખ મળે છે.

→ યજ્ઞ અને બલિની પ્રથા આ સમયે પ્રચલિત હતી પરન્તુ **"માનવબલિ"** નો કોઈ ઉલ્લેખ મળતો નથી.

→ મંદિર કે મૂર્તિપૂજાનો પણ કોઈ ઉલ્લેખ નથી.

→ ઈશ્વરની આરાધના મોક્ષ (મુક્તિ) માટે નહિ પણ ભૌતિક સુખની પ્રાપ્તિ માટે કરવામાં આવતી હતી.

→ ઋગ્વેદિક આર્ય પુર્નજન્મમાં વિશ્વાસ રાખતા હતા.

→ સ્વર્ગ - નરકની પણ કલ્પનાનો પણ ઉલ્લેખ મળે છે.

→ **<u>પંચ મહાયજ્ઞ :</u>**

	<u>મહાયજ્ઞ</u>	**<u>ખાસિયત</u>**
1 .	બ્રહ્મયજ્ઞ અથવા ઋષિયજ્ઞ	- પઠન-પાઠન અને પ્રાચીન ઋષિઓ પ્રત્યે કૃતજ્ઞતા
2.	દેવયજ્ઞ	- હવન ધ્વારા દેવતાઓની પૂજા- અર્ચના (દેવો પ્રત્યે કૃતજ્ઞતા)
3.	પિતૃયજ્ઞ કે નૃપૂજ્ઞ	- પિતૃઓનું તર્પણ
4.	મનુષ્ય યજ્ઞ	- અતિથિ સત્કાર
5.	ભૂત યજ્ઞ (બલિ)	- સંપૂર્ણ જીવોના પ્રતિ કૃતજ્ઞતા તેમજ કીડીઓ, પક્ષીઓ, કુતરાઓ વગેરેને ભોજન (ખોરાક) આપવું.

→ **<u>ચાર ધાર્મિક પુરોહિત :</u>**

	<u>મંત્રો ઉચ્ચારણ કરનાર ઋષિઓ કે પુરોહિત</u>	**<u>ખાસિયત</u>**
1.	હોતા (હોતૃ)	- ઋગ્વેદના મંત્રોનો ઉચ્ચારણ કરનાર ઋષિઓ કે પુરોહિત
2.	ઉદ્ગાતા	- સામવેદના મંત્રોનો ઉચ્ચારણ કરનાર કે ગાનાર પુરોહિત
3.	અધ્વર્યુ	- યર્જુવેદ ના મંત્રોનો ઉચ્ચારણ કરનાર પુરોહિત
4.	બ્રહ્મા	- બ્રહ્મા નો સંબંધ અથર્વવેદથી હતો.તે આ વાતની તપાસ કરતા કે યજ્ઞ નિયમપૂર્વક કરવામાં આવી રહ્યો છે કે નહિ.

→ **<u>સોળ સંસ્કાર :</u>**

- જન્મથી લઈને મૃત્યુ સુધી વ્યકિતના 16 સંસ્કારોનો ઉલ્લેખ મળે છે.

<u>ક્રમ</u>	**<u>સંસ્કાર</u>**	**<u>ખાસિયત</u>**

1 .	ગર્ભાધાન	- સંતાનની પ્રાપ્તિ માટેનો સંસ્કાર
2.	પુંસવન	- પુત્ર પ્રાપ્તિ માટેનો સંસ્કાર
3.	સીમન્તોનયન	- ગર્ભમાં સંતાનની સલામતી માટે
4.	જાતકર્મ	- સંતાન ઉત્પતિ ના સમયે કરનાર
5.	નામકરણ	- સંતાનનું નામ રાખવાનો સંસ્કાર
6.	નિષ્ક્રમણ	- પ્રથમ વખત સંતાનને ઘરથી બહાર નિકાળવાનો સંસ્કાર
7.	અન્નપ્રાશન	- અન્ન (ખોરાક) આપવાનું શરૂ કરવાનો સંસ્કાર
8.	ચૂડાકર્મ	- મુંડન (બાબરી) નો સંસ્કાર
9.	કર્ણવેધ	- કાનમાં કુંડલ નાખવાનો સંસ્કાર
10.	વિદ્યારંભ	- બાળકને અક્ષર જ્ઞાન કે શિક્ષણ માટેના સંસ્કાર
11.	ઉપનયન	- જનોઈ (યજ્ઞોપવીત) ધારણ કરવા માટેનો સંસ્કાર
12.	વેદારંભ	- વેદનો અભ્યાસ શરૂ કરવું
13.	સમાવર્તન	- શિક્ષણની સમાપ્તિના સમયે
14.	વિવાહ	- લગ્ન માટેનો સંસ્કાર
15.	વાનપ્રસ્થ	- સાંસારિકતાથી દૂર
16.	અન્ત્યેષ્ટિ	મૃત્યુ બાદ કરવામાં આવતા સંસ્કાર

→ **ત્રણ ઋણ :**

	ઋણ	ખાસિયત
1 .	દેવઋણ	- યજ્ઞ વગેરે કરાવવા
2.	પિતૃઋણ	- ધર્માનુસાર સંતાનની ઉત્પતિ કરવી.
3.	ઋષિ ઋણ	- નિયમપૂર્વક વૈદિક ગ્રંથોનો અભ્યાસ કરવો.

2. ઉતરવેદિક કાળ

→ ઈ.પૂ. 1000 થી ઈ.પૂ. 600 સુધીનો સમય **"ઉતર વેદિક કાળ"** કહેવાય છે.

→ ઉતર વેદિક કાળની જાણકારીના સ્ત્રોત યર્જુવેદ, સામવેદ, અથર્વવેદ, બ્રાહ્મણ ગ્રંથ, અરણ્યક અને ઉપનિષદ છે.

→ આ સમયે આર્યોનો વિસ્તાર પૂર્વ, પંજાબ અને ગંગા- યમુના દોઆબમાં થવા લાગ્યો હતો.

→ આર્યો હવે સ્થાયી જીવન જીવવા લાગ્યા હતા.

★ **રાજનૈતિક જીવન :**

→ એતરેય બ્રાહ્મણમાં વર્ણન કરેલી શાસન-પ્રણાલી

	ક્ષેત્ર	શાસન	પદવી/ઉપાધિ
1.	પૂર્વ (પ્રાચી)	સામ્રાજ્ય	સમ્રાટ
2.	પશ્ચિમ (પ્રતિચી)	સ્વરાજ્ય	સ્વરાટ
3.	ઉત્તર (ઉદિચી)	વૈરાજ્ય	વિરાટ
4.	દક્ષિણ	ભોજ્ય	ભોજ
5.	મધ્ય દેશ	રાજ્ય	રાજા

→ ઐતરેય બ્રાહ્મણમાં સૌપ્રથમ રાજાની **"દેવી ઉત્પતિ સંબંધિત સિદ્ધાંત"** મળે છે.

→ ઉતરવેદિક કાળમાં રાજાનું પદ વંશાનુગત થવા લાગ્યું. આ સમયમાં સભા અને સમિતિ જેવી સંસ્થાઓનું નિયંત્રણ ઓછું થવા લાગ્યુ અને રાજા વધુ શક્તિશાળી બની ગયો.

★ **ઉતર વેદિક કાળના અધિકારીઓ :**

→ શતપથ બ્રાહ્મણમાં 12 રત્નિઓ (અધિકારીઓ)નો ઉલ્લેખ મળે છે.

	અધિકારી	કાર્યો
1.	યુવરાજ	- રાજાનો ઉત્તરાધિકારી
2.	પુરોહિત	- રાજાનો સલાહકાર
3.	ગ્રામ્યવાદિન	- ન્યાયાધીશ
4.	ગોવિકર્તન	- શિકારમાં રાજાનો સાથી
5.	જીવગ્રિભ	- પુલિસ અધિકારી
6.	સેનાની	- સેનાનો પ્રધાન
7.	સૂત	- સારથી કે રથ ચલાવનાર
8.	સંગૃહિત	- કોષાધ્યક્ષ
9.	ભાગદુધ	- ટેકસ સંગ્રહ કરનાર
10.	અક્ષવાપ	- જુગાર કે પાસાંની રમતનો નિરીક્ષક
11.	પાલાગલ	- દૂત
12.	ગ્રામણી	- ગ્રામનો મુખિયો

★ **સામાજિક જીવન :**

→ પરિવાર સંયુક્ત અને પિતૃસત્તાત્મક હતો.

→ આ કાળમાં પિતાના અધિકારોમાં વૃદ્ધિ થઈ હતી તે પુત્રને ઉતરાધિકારથી વંચિત કરી શકતો હતો.

→ ઉતરવેદિક ગ્રંથોમાં (છાંદોગ્ય ઉપનિષદ) માં ફકત ત્રણ આશ્રમો એટલે કે બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમની જ જાણકારી મળે છે.

→ આ કાળમાં ચોથા આશ્રમ - સન્યાસ આશ્રમને મહત્વ મળ્યું ન હતું.

→ સૌપ્રથમ **"જાબાલોપનિષદ્"**માં ચાર આશ્રમોનું વર્ણન મળે છે.

→ ઋગ્વેદિક કાળની સરખામણીમાં ઉત્તરવેદિક કાળમાં મહિલાઓની સમાજમાં સ્થિતિ નબળી પડવા લાગી હતી. તેમને **"સભા"**ના સભ્યપદથી વંચિત કરી દેવામાં આવી. તેમના ઉપનયન સંસ્કાર બંધ કરી દેવામાં આવ્યો. બાળ-વિવાહ, પર્દા-પ્રથા, સતી-પ્રથાનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ અંતરવરર્ણીય વિવાહ, બહુવિવાહ, વિધવા વિવાહ, નિયોગ પ્રથાનું પ્રચલન હતું. તેમના રાજનૈતિક અને શૈક્ષણિક અધિકારોમાં કમી આવી.

→ ઉત્તરવેદિક કાળમાં અનેક રાજાઓ એવા થયા જે દાર્શનિક રાજા હતા જેમ કે - વિદેહના જનક, કૈકેયના અશ્વપતિ, પાંચાલના પ્રવાહણ જાબાલી.

→ માનવે ગૃહસ્થ આશ્રમમાં ત્રણેય ઋણો (દેવઋણ, પિતૃઋણ અને ઋષિ ઋણ) થી મુક્તિ પામવા માટેનો સંસ્કાર કરવો પડતો હતો.

→ તૈત્તિરીય બ્રાહ્મણ ગ્રંથના પ્રમાણે - બ્રાહ્મણ સુતરાઉની, ક્ષત્રિય શણની અને વૈશ્ય ઉનની જનોઈ (યજ્ઞોપવીત) ધારણ કરતા હતા.

→ શ્વેતાશ્વર ઉપનિષદ રુદ્ર દેવતાને સમર્પિત છે, જેમાં શિવના રૂપે વર્ણન મળે છે.

→ આ કાળમાં સૌપ્રથમ **"ગોત્ર વ્યવસ્થા"** પ્રચલનમાં આવી હતી. એક ગોત્રના લોકોના પરસ્પર લગ્ન પ્રતિબંધિત હતા.

★ **<u>આર્થિક જીવન :</u>**

→ આ કાળમાં આર્યોનો મુખ્ય વ્યવસાય કૃષિ હતો.

→ સંપત્તિશાળી વ્યક્તિને **"ઈભ્ય"** કહેતા હતા.

→ નિષ્ક અને શતમાન જેવા સિક્કાઓની ચર્ચા મળે છે.

→ ઉત્તરવેદિક ગ્રંથોમાં **"ગણ" અને "શ્રેષ્ઠિન"** જેવા વણિક સંઘોનાં અસ્તિત્વ મળે છે.

→ વજન કરવા માટેનો મૂળભૂત એકમ **"કૃષ્ણલ"** હતો.

→ શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં કૃષિની ચારેય ક્રિયાઓ - ખેડવું, વાવણી, લણવું અને મડવાનો ઉલ્લેખ મળે છે.

→ કાઠક સંહિતામાં 24 બળદો ધ્વારા હળ ખેંચવાનો ઉલ્લેખ મળે છે.

→ વ્યાજ ખાનારને **"કુસીદિન"** કહે છે.

★ **<u>ધાર્મિક જીવન :</u>**

→ **<u>ઉત્તર વૈદિક યજ્ઞ :</u>**

<u>ક્રમ</u>	<u>યજ્ઞ</u>	<u>ખાસિયત</u>
1.	અશ્વમેધ યજ્ઞ	- આ યજ્ઞનું આયોજન સામ્રાજય વિસ્તાર અને પાડોશી રાજાઓને પોતાની શક્તિ બતાવવા માટે કરવામાં આવતું હતું. - આ યજ્ઞમાં ઘોડો રાજાના પ્રભુત્વનો પ્રતિક માનવામાં આવતો હતો. - આ રાજકીય યજ્ઞોમાં સૌથી વધુ પ્રખ્યાત અને મહત્વપૂર્ણ હતો.
2.	રાજસૂય યજ્ઞ	- આ યજ્ઞનું આયોજન રાજાના રાજ્યાભિષેકના પ્રસંગે કરવામાં આવતું હતું. - આ યજ્ઞના માધ્યમથી રાજામાં દિવ્ય શક્તિ પ્રત્યારોપિત કરવાનું કાર્ય થતું હતું. - આ યજ્ઞના સમયે **"સોમરસ"** ગ્રહણ કરવામાં આવતો હતો.
3.	વાજપેય યજ્ઞ	- આ યજ્ઞનું આયોજન રાજા પોતાના શૌર્ય અને શક્તિ- પ્રદર્શન માટે કરતો હતો. - આ યજ્ઞના સમયે રાજા પોતાના રત્નિઓ (અધિકારીઓ)ના ઘરે જાય છે અને તેમને **"રત્નછવિ"** પ્રદાન કરે છે. - આ યજ્ઞના સમયે રાજા ધ્વારા **"રથદૌડ"**નું આયોજન કરવામાં આવતું હતું.
4.	અગ્નિષ્ટોમ યજ્ઞ	- આ યજ્ઞનું આયોજન **"અગ્નિ દેવ"**ને પ્રસન્ન કરવા માટે થતું હતું. - અગ્નિ દેવને પશુબલિ આપવામાં આવતી હતી. - યજ્ઞ કરાવનાર અને તેની પત્નીને એક વર્ષ સુધી સાત્વિક જીવન પસાર કરવાનું હોય છે.

→ ઉત્તર વેદિક કાળમાં ઈન્દ્રની જગ્યાએ **"પ્રજાપતિ"** સૌથી મહત્વપૂર્ણ દેવતા બની ગયા હતા.

→ ભગવાન વિષ્ણુને માનવ જાતિના દુઃખોનો અંત કરનાર દેવ માનવામાં આવ્યા.

→ યજ્ઞ અને બલિની પધ્ધતિ ઉત્તર વેદિકકાળમાં ધર્મનો મૂળ આધાર બની ગયો. યજ્ઞની સાથે - સાથે કેટલાંક અન્ય અનુષ્ઠાનોનું પ્રચલન પણ વધી ગયું, જેથી પુરોહિતોની ભૂમિકા મહત્વપૂર્ણ થઈ ગઈ.

→ ઋગ્વેદિક કાળમાં **"પૂષન"** જે પશુઓનો દેવતા હતો, હવે ઉતરવેદિકકાળમાં તે શૂદ્રોના દેવતા ના રૂપે પ્રચલિત બની ગયો.

→ ઉતરવેદિક કાળમાં જ બહુદેવવાદ, વાસુદેવ સમ્પ્રદાય અને ષડદર્શનોનાં બીજા રોપણ થયાં હતાં.

→ ઉતરવેદિક કાળમાં વિવિધ કર્મકાંડો અને અંધવિશ્વાસનો વિસ્તાર થયો. જાદુ-ટોણા અને ભૂત - પિશાચના વિશ્વાસે ધર્મમાં પ્રવેશ કર્યો.

→ અતિથિ **"ગોહન"** અથવા **"ગોહન્તા"** કહેવાતા હતા કારણ કે તેમને ગોમાંસ ખવડાવવામાં આવતું હતું.

→ સૌપ્રથમ બૃહદારણ્યક ઉપનિષદમાં **"બ્રહ્મા"**નું પૂર્ણ અને નિશ્ચિત વર્ણન મળે છે.

→ **<u>અષ્ટ વિવાહ</u>**

→ પ્રાચીન ભારતમાં આઠ પ્રકારની વિવાહ (લગ્ન) પ્રણાલીઓ પ્રચલિત હતી, તેમને જ **" અષ્ટ વિવાહ"** કહે છે.

<u>ક્રમ</u>	**<u>વિવાહ (લગ્ન)</u>**	**<u>ખાસિયત</u>**
1.	બ્રહ્મ વિવાહ	- માતા-પિતા ધ્વારા છોકરાની પસંદગી પોતાની જાતિમાં કરીને પોતાની પુખ્તવયની કન્યાનાં તેની સાથે લગ્ન કરવાં.
2.	દેવ વિવાહ	- યજ્ઞ કર્મ કરવા વાળા બ્રાહ્મણને આભૂષણથી સજાવેલ કન્યા અર્પણ કરવામાં આવતી હતી.
3.	પ્રજાપત્ય વિવાહ	- દહેજ વગરના વિવાહ (આ વિવાહમાં છોકરા ધ્વારા પોતાની પ્રથમ પત્નીની હયાતિમાં બીજો વિવાહ ન કરવાની શપથ લેવી પડે છે)
4.	આર્ષ વિવાહ	- કન્યાના પિતાને વર ધ્વારા એક જોડ બળદ આપવામાં આવતા હતા.
5.	ગન્ધર્વ વિવાહ	- પ્રેમ સંબંધોના આધારે વિવાહ કરવામાં આવે છે.
6.	અસુર વિવાહ	- કન્યાને તેના માતા-પિતા પાસેથી ખરીદવામાં આવે છે.
7.	રાક્ષસ વિવાહ	- પરાજય પામેલા રાજાની પુત્રી, બેન કે પત્ની સાથે બળપૂર્વક વિવાહ કરવો.
8.	પિશાચ વિવાહ	- કોઈ કન્યા સાથે બળપૂર્વક બળાત્કાર કરવાવાળાને તેનાથી વિવાહ કરવો પડતો હતો.

→ સ્મૃતિઓમાં બ્રહ્મવિવાહ, દેવવિવાહ, આર્ષ વિવાહ અને પ્રજાપત્ય વિવાહ ને જ મંજુરી આપવામાં આવી છે.

→ શતપથ બ્રાહ્મણમાં પત્નીને **"અર્ધાગિની" અને "જાયેદસ્તમ્"** કહેવામાં આવી છે.જાયેદસ્તમ્ એટલે પત્ની જ ગૃહ છે.

→ વરુણસૂક્તમાં **"પિતા પોતાની સંતાનને વેચી શકે છે"** તેવો ઉલ્લેખ મળે છે.

→ અથર્વવેદમાં પરીક્ષિતને **"મૃત્યુલોકનો દેવતા"** કહેવામાં આવ્યો છે.

→ શતપથ બ્રાહ્મણમાં રેવા (નર્મદા) અને સદાનીરા નદીઓનો ઉલ્લેખ મળે છે.

→ વૈશ્ય શબ્દનો સૌપ્રથમ ઉલ્લેખ **"વાજસનેયી સંહિતા"**માં મળે છે.

→ યમ અને નચિકેતાની કથા **"કઠોપનિષદ"**માં વર્ણિત છે.

→ **"નિષ્કામ કર્મ સિધ્ધાંત"** નું પ્રથમ પ્રતિપાદન **"ઈશોપનિષદ"** માં મળે છે.

★★★★★★

પ્રકરણ-4 મહાજનપદોનો ઉદય

→ ઈ.પૂ. છઠ્ઠી સદીમાં પૂર્વીય ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બિહારમાં વિકાસના કારણે ઋગ્વેદિક વસાહતોમાં રાજય મેળવવાની લાલસાએ એકબીજા પ્રત્યે ખેંચતાણ વધવા માંડી તેથી 16 અલગ - અલગ મહાજનપદો રચાયાં.

→ બૌધ્ધ ગ્રંથ **''અંગુત્તર નિકાય''** માં પ્રથમ વખત 16 મહાજનપદોની ચર્ચા મળે છે.

→ જૈનગ્રંથ ''ભગવતી સૂત્ર'' માં પણ 16 મહાજનપદોની ચર્ચા મળે છે.આમાં વજ્જિ સંઘ પર મગધ ના આક્રમણ નું વર્ણન પણ જોવા મળે છે.

→ આ મહાજનપદોમાં એકમાત્ર ''અશ્મક'' દક્ષિણભારતમાં હતું જયાં ઈક્ષ્વાકું વંશનું શાસન હતું.

→ **સોળ મહાજનપદો** :

ક્રમ	મહાજન પદ	પાટનગર	પ્રમુખ શાસક	વર્તમાન ક્ષેત્ર
1.	મગધ	રાજગૃહ (ગિરિવ્રજ)	બિબિસાર, અજાતશત્રુ	પટના, ગયા અને શાહાબાદ
2.	અંગ	ચંપા	બ્રહ્મદત્ત	ભાગલપુર અને મુંગેર
3.	વજ્જિ	વૈશાલી	-	વૈશાલી અને ઉતરીબિહારના જીલ્લા
4.	કાશી	વારાણસી	અજાતશત્રુએ મગધમાં ભળવ્યું	વારાણસી
5.	વત્સ	કૌશામ્બી	ઉદયન	અલ્હાબાદ અને મિર્ઝાપુર
6.	મલ્લ	કુશીનારા/(પાવા)	-	દેવરિયા, ગોરખપુર, કુશીનગર
7.	કૌસલ	અયોધ્યા/શ્રાવસ્તી	પ્રસેનજિત	ફૈઝાબાદ, ગોંડા, બહરાઈચ
8.	પાંચાલ ઉતરી પાંચાલ દક્ષિણી પાંચાલ	 અહિચ્છત્ર કામ્પિલ્ય	-	પશ્ચિમી ઉતર પ્રદેશ
9.	કંબોજ	રાજપુર/હાટક		ઉત્તર પ્રદેશનો રાજોરી અને હજારા પ્રદેશ
10.	ગાંધાર	તક્ષશિલા	પુષ્કર સારિન	પાકિસ્તાનના રાવળપિંડી અને પેશાવર તથા અફઘાનિસ્તાનના પૂર્વી ક્ષેત્ર
11.	અશ્મક	પોતન/પોટલી	-	નર્મદા અને ગોદાવરીની વચ્ચેના પ્રદેશ
12.	ચેદિ	શક્તિમતી/સૌત્થીમતી	-	બુંદેલખંડ
13.	અવન્તિ ઉતરી અવન્તિ દક્ષિણી અવન્તિ	 ઉજ્જયિની મહિષ્મતી	ચંડપ્રધોત (શિશુનાગે આને મગધમાં મળાવી લીધું	માળવા
14.	મત્સ્ય	વિરાટનગર	-	અલવર, ભરતપુર, જયપુર
15.	કુસ (કુરૂ)	હસ્તિનાપુર/ઈન્દ્રપ્રસ્થ	-	દિલ્હી, હરિયાણા અને મેરઠના પ્રદેશ
16.	શૂરસેન	મથુરા	અવન્તિપુત્ર	મથુરાનો પ્રદેશ

★★★★★★

પ્રકરણ-5 જૈન ધર્મ

→ જૈન ધર્મના સંસ્થાપક અને પ્રથમ તીર્થકર **''ઋષભદેવ''** હતા.

→ જૈન ધાર્મિક વિચારણા પ્રમાણે જૈનોના 24 તીર્થકર થયા હતા.

→ **જૈન તીર્થકર** :

ક્રમ	**જૈન તીર્થકર**	**પ્રતિક ચિહ્ન**	**વિશેષતાઓ**
1.	ઋષભદેવ/ આદિનાથ	વૃષભ/બળદ	- પ્રથમ તીર્થકર - જૈન ધર્મના સંસ્થાપક
2.	અજિતનાથ	હાથી	-
3.	સંભવનાથ	ઘોડો	-
4.	અભિનંદન	કણિ	-
5.	સુમતિનાથ	સારસ	-
6.	પદ્મપ્રભુ	લાલ કમળ	-
7.	સંપર્શ્વનાથ	સ્વસ્તિક	-
8.	ચંદ્રપ્રભુ	ચંદ્ર	-
9.	સુવિધિનાથ	ડૉલ્ફિન	-
10.	શીતલનાથ	વૃક્ષ	-
11.	શ્રેયાંસનાથ	ગેંડો	-
12.	વાસુ પૂજ્ય	ભેંસ	-
13.	વિમલનાથ	ભૂંડ	-
14.	અનન્તનાથ	બાજ/સમડી	-
15.	ધર્મનાથ	વ્રજ	-
16.	શાંતિનાથ	હિરણ	-
17.	કુન્થુનાથ	વ્રજ	-
18.	અરનાથ	મત્સ્ય/માછળી	-
19.	મલ્લિનાથ	કળશ	-
20.	મુનિસુવ્રત	કાચબો	-
21.	નેમિનાથ	નીલકમળ	-
22.	અરિષ્ટનેમિ	શંખ	- ભગવાન કૃષ્ણના સંબંધી
23.	પાર્શ્વનાથ	સાપ	-
24.	મહાવીર	સિંહ	છેલ્લા તીર્થકર

★ **પાર્શ્વનાથ** :

→ જૈન ધર્મ ના 23 મા તીર્થકર હતા.

→ કલ્પસૂત્ર અનુસાર ક્ષત્રિય વંશના બનારસ ના રાજા **''અશ્વસેન''** ના પુત્ર પાર્શ્વનાથનો લગ્ન સમ્રાટ નરવર્મા ની પુત્રી **''ભગવતી''** સાથે થયા હતા.

→ 30 વર્ષની ઉંમરે તેમણે ગૃહત્યાગ કરીને સંન્યાસ ધારણ કર્યો હતો.

→ 83 દિવસ સુધીની ઘોર તપસ્યા પછી તેમને **''કૈવલ્ય''** જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

→ તેમનું નિર્વાણ (મૃત્યુ) **''સમ્મેત શિખર''** પર થયું હતું.

→ પાર્શ્વનાથ એ 4 મહાવ્રતો નું પ્રતિપાદન કર્યુ હતું.
(1) અહિંસા (2) સત્ય (3) અપરિગ્રહ (4) અસ્તેય

→ પાર્શ્વનાથે ભિક્ષુઓને શ્વેત (સફેદ) વસ્ત્ર પહેરાવવા કહ્યું હતું.

★ **મહાવીર સ્વામી :**

→ મહાવીર સ્વામી જૈન ધર્મ ના 24 માં અને છેલ્લા તીર્થકર હતા. તેમનો જન્મ 540 ઈ.પૂ.માં **''કુંડગામ''** (વૈશાલી નજીક) થયો હતો.

→ તેમના પિતા **''સિધ્ધાર્થ''**, જ્ઞાતૃક ક્ષત્રિયો ના સંઘના મુખિયા હતા, જે વજ્જિ સંઘનું એક પ્રમુખ અંગ હતું.

→ તેમના માતા **''ત્રિશલા''** વૈશાલીના લિચ્છવિ કુળના મુખિયા ચેટકની બેન હતી.

→ તેમના વિવાહ (લગ્ન) કૌન્ડિન્ય ગોત્રની કન્યા **''યશોદા''** ની સાથે થયા હતા.

→ તેમની પુત્રીનું નામ **''પ્રિયદર્શના''** (અણોજ્જા) હતું તેના વિવાહ (લગ્ન) જામાલીની સાથે થયા. આ જામાલી મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય હતા.

→ જામાલી એ જૈન ધર્મમાં પ્રથમ વિદ્રોહ કરીને **''બહુરતવાદ''** નામના સંમ્પ્રદાય ની સ્થાપના કરી હતી.

→ મહાવીર સ્વામીનું બાળપણનું નામ **''વર્ધમાન''** હતું.

→ 30 વર્ષની ઉંમર માં માતા - પિતાના મૃત્યુ પછી પોતાના મોટા ભાઈ **''નંદીવર્ધન''**ની આજ્ઞા લઈને **''ગૃહત્યાગ''** કર્યો હતો.

→ નાલંદામાં તેમની મુલાકાત **''મકખલીપુત્ર ગોસાલ''** નામના સન્યાસીથી થઈ અને તેમના શિષ્ય બની ગયા.

→ મખલીપુત્ર ગોસાલ સાથે મહાવીર સ્વામીએ 6 વર્ષ રહયા પછી તેમનાથી અલગ થઈને **''આજીવક સંપ્રદાય''**ની સ્થાપના કરી હતી.

→ 12 વર્ષની સખત તપસ્યા પછી જૃમ્ભિક ગામ નજીક ઋજુપાલિકા નદીના કિનારે પીપળાના વૃક્ષ નીચે **''કેવલ્ય''** જ્ઞાન પ્રાપ્ત કર્યુ ત્યારથી તેઓ **''જિન''** (વિજેતા), **''અર્હત''** (પૂજ્ય), **''નિર્ગ્રન્થ''** (બંધનરહિત), **''કેવલિન''** તથા **''મહાવીર''** કહેવાયા.

→ મહાવીરે પોતાનો પ્રથમ ઉપદેશ **''રાજગૃહ''**માં આપ્યો હતો.

→ 72 વર્ષની ઉંમરે ઈ.પૂ.468માં મહાવીર સ્વામી (મૃત્યુ) **''પાવાપુરી''**માં નિર્વાણ પામ્યા.

→ જૈન ધર્મ માનવાવાળા પ્રમુખ રાજાઓમાં ઉદયન, ચંદ્રગુપ્ત મૌર્ય, સમ્પ્રતિ, કલિંગ શાસક ખારવેલ, રાષ્ટ્રકૂટ શાસક અમોઘવર્ષ અને ગુજરાતના સોલંકી શાસકોનો સમાવેશ થાય છે.

→ મૈસૂરના ગંગ વંશના મંત્રીએ **''ગોમટેશ્વર''**માં મહાવીર સ્વામીની વિશાળ મૂર્તિનું નિર્માણ કરાવ્યું હતું.

→ બે જૈન તીર્થંકરો **''ઋષભદેવ''** અને **''અરિષ્ટનેમિ''**ના નામનો ઉલ્લેખ **''ઋગ્વેદ''**માં મળે છે.

→ અરિષ્ટનેમિને ભગવાન કૃષ્ણના સંબંધી માનવામાં આવે છે.

→ મહાવીરે પોતાના ઉપદેશ (અર્ધમાગધી) **''પ્રાકૃત''** ભાષામાં આપ્યો હતો.

★ **જૈન દર્શન અને સિદ્ધાન્ત :**

→ **ત્રિરત્નનો સિદ્ધાંત :**

- મહાવીર સ્વામીએ પૂર્વજન્મના કર્મફળને સમાપ્ત કરવા અને વર્તમાન જન્મના કર્મફળથી બચવા માટે **''ત્રિરત્નનો સિદ્ધાંત''** આપ્યો હતો.

(1) સમ્યક જ્ઞાન - જૈન ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન

(2) સમ્યક દર્શન - જૈન તીર્થંકરોના ઉપદેશોમાં અતૂટ વિશ્વાસ

(3) સમ્યક ચરિત્ર - પ્રાપ્ત કરેલ જ્ઞાનનું વિસ્તરણ કરવું.

→ **પંચમહાવ્રત :**

- મહાવીર સ્વામી પહેલાં પાર્શ્વનાથે ચાર મહાવ્રત આપ્યા હતા, જેમાં મહાવીર સ્વામીએ **''બ્રહ્મચર્ય''**નું મહાવ્રત જોડી દીધું.

- પાંચ મહાવ્રત નીચે મુજબ છે -

(1) સત્ય - હંમેશા સાચું બોલવું

(2) અહિંસા - હિંસા ન કરવી

(3) અસ્તેય - ચોરી ન કરવી

(4) અપરિગ્રહ - સાંસારિક વસ્તુઓનો સંગ્રહ ન કરવો.

(5) બ્રહ્મચર્ય - વાસનાઓનો ત્યાગ

→ **જૈન સંગીતિ (સંમેલનો) :**

(1) પ્રથમ જૈન સંગીતિ :

- રાજા - ચંદ્રગુપ્ત મૌર્ય
- અધ્યક્ષ - સ્થૂળભદ્ર
- સ્થળ - પાટલીપુત્ર
- સમય - 322 થી 298 ઈ.પૂ.
- કાર્ય - (i) જૈન ધર્મનું બે શાખાઓ (સંપ્રદાય) માં વિભાજન થઈ ગયું.
  (1) શ્વેતામ્બર (2) દિગમ્બર
  (ii) જૈન ધર્મના મહત્વના 12 અંગોની રચના કરવામાં આવી.

(2) બીજી જૈન સંગીતિ :

- અધ્યક્ષ - દેવર્ધિ ક્ષમાશ્રવણ
- સ્થળ - વલ્લભી (ગુજરાત)
- સમય - ઈ.સ. 512
- કાર્ય - જૈન ધર્મની આગમોની સંખ્યા - 84 અને ઉપાંગોની સંખ્યા - 12 ની રચના કરવામાં આવી.

→ **અનંત ચતુષ્ટય :**

- મહાવીર સ્વામીએ મોક્ષ પ્રાપ્તિ માટે **''અનંત ચતુષ્ટય''**ની સંકલ્પના કરી હતી -

(1) અનંત દર્શન

(2) અનંત સુખ

(3) અનંત વીર્ય

(4) અનંત જ્ઞાન

→ **સ્યાદવાદ :**

- સ્યાદવાદને **''અનેકાંતવાદ''** પણ કહે છે.
- આ જ્ઞાનની સાપેક્ષતાનો સિદ્ધાંત છે.
- સ્યાદવાદના દર્શનમાં સાત સત્ય સામેલ કરવાથી આને **''સપ્તભંગીય''** પણ કહેવાય છે.

★ **જૈન સંઘ :**

→ મહાવીર સ્વામીએ તેમના અનુયાયીઓને 11 ભાગોમાં વિભાજિત કર્યા, જે **''ગણ''** કહેવાયા.

→ પ્રત્યેક ગણમાં એક પ્રમુખ **''ગણધર''** નિમણૂંક કરવામાં આવ્યો જેનું કાર્ય જૈન ધર્મનો પ્રચાર કરવાનું હતું.

→ જૈન સંઘના સભ્યોને ચાર વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા -

(1) ભિક્ષુ (2) ભિક્ષુણી (3) શ્રાવક (4) શ્રાવિકા

→ શ્રાવક અને શ્રાવિકાને ગૃહસ્થ જીવન પસાર કરવાની મંજુરી હતી જ્યારે ભિક્ષુ અને ભિક્ષુણી ફકત સન્યાસી જીવન પસાર કરતા હતા.

→ જૈન સંઘ બે ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો -

(1) શ્વેતામ્બર (2) દિગંબર

→ **શ્વેતામ્બર**

- સ્થૂળભદ્રના સમર્થક
- સફેદ વસ્ત્ર ધારણ કરનાર
- મહિલાઓને નિર્વાણનો અધિકાર પ્રાપ્ત હતો.
- જૈન સાહિત્યને માનનાર
- શ્વેતામ્બરના સાધુ **''છુલ્લક''** અને **''નિગ્રંથ''** કહેવાયા.
- શ્વેતામ્બરના ઉપસંપ્રદાય નીચે મુજબ છે -

(1) પૂજેરા (2) સ્થાનકવાસી (3) તેરાપંથી

→ **દિગંબર :**

- ભદ્રબાહુના સમર્થક
- કોઈપણ વસ્ત્ર ધારણ ન કરનાર
- મહિલાઓને નિર્વાણનો અધિકાર પ્રાપ્ત ન હતો.
- ફક્ત ભદ્રબાહુની શિક્ષાને માનનાર
- દિગંબર સાધુ **''યતિ''** અને **''આચાર્ય''** કહેવાયા.
- દિગંબરના ઉપસંપ્રદાય નીચે મુજબ છે -

(1) વીસપંથી (2) તારણ પંથી (3) સમૈયા (4) તોતાપંથી

★ **જૈન ધર્મ ગ્રંથ :**

→ જૈન સાહિત્ય અથવા ધર્મ ગ્રંથને **''આગમ''** કે **''પૂર્વ''** કહેવાય છે. આમાં 12 અંગ, 12 ઉપાંગ, 10 પ્રકીર્ણ, 6 છેદસૂત્ર, 4 મૂળસૂત્ર વગેરેનો સમાવેશ થાય છે.

→ જૈન સાહિત્ય (જૈન ધર્મગ્રંથ)ની રચના ''પ્રાકૃત'' ભાષામાં કરવામાં આવી હતી.

→ જૈન તીર્થકરોના જીવનચરિત્રનું વર્ણન ભદ્રબાહુ રચિત ''કલ્પસૂત્ર''માં કરવામાં આવ્યું છે.

→ **અન્ય જૈન સાહિત્ય :**

	જૈન સાહિત્ય (ધર્મગ્રંથ)	વિષય
1.	ભગવતીસૂત્ર	- 16 મહાજનપદોનો ઉલ્લેખ - મહાવીર સ્વામીના જીવનની ઘટનાનો ઉલ્લેખ
2.	ન્યાધામ્મકહાસૂત્ર	- મહાવીર સ્વામીની શિક્ષાનો સંગ્રહ
3.	ઉવાસગદસાઓ	- ઉપાસકોના જીવન સંબંધિત નિયમો

★ **જૈન ધર્મ સંબંધિત અન્ય ફેકટ્સ :**

→ મૌર્યયુગ બાદ **''મથુરા''** જૈન ધર્મનું કેન્દ્ર હતું. મથુરા કળાનો સંબંધ જૈન ધર્મથી છે.

→ ખજૂરાહોમાં જૈન મંદિરોનું નિર્માણ ચંદેલ શાસકો ધ્વારા કરાવવામાં આવ્યું.

→ કર્ણાટકના શ્રવણ બેલગોળામાં દસમી સદીમાં વિશાળ **''બાહુબલિની મૂર્તિ''** (ગોમટેશ્વરની મૂર્તિ)નું નિર્માણ મૈસૂરના ગંગવંશના મંત્રીએ કરાવ્યું હતું.

→ જૈન ધર્મએ પોતાના આધ્યાત્મિક વિચારોને **''સાંખ્યદર્શન''** થી ગ્રહણ કર્યા હતાં.

→ મહાવીર પુનર્જન્મ અને કર્મવાદમાં વિશ્વાસ રાખતા હતા.

→ જૈન ધર્મ ઈશ્વરના અસ્તિત્વમાં માનતો નથી પરંતુ **''આત્મા''**નો સ્વીકાર કરે છે.

→ જૈન મઠોને **''બસાદી''** (બસદિસ) કહે છે.

→ ચંપાના રાજા દધિવાહનની પુત્રી **''ચન્દના''** મહાવીર સ્વામીની પ્રથમ મહિલા ભિક્ષુણી હતી.

→ પ્રથમ જૈન સંગીતિનો દિગમ્બરોએ વિરોધ કર્યો હતો.

→ જૈન ધર્મ જાતિ વ્યવસ્થાનો સ્વીકાર કરતા નથી પરંતુ મૂર્તિપૂજાનં સ્વીકાર કરે છે.

→ જૈન ધર્મમાં **''આઠ કર્મ''** અને **''અઠાર પાપો''**ની ચર્ચા કરવામાં આવી છે.

→ જૈન ધર્મમાં મોક્ષને જીવનું પરમ લક્ષ્ય કહેવાયું છે.

→ જૈન ધર્મ દેવોનું અસ્તિત્વ સ્વીકારે છે, પરંતુ તેમનું સ્થાન **''જિમ''**થી નીચે માનવામાં આવ્યું છે.

→ જૈન ધર્મમાં **''સંલેખના પદ્ધતિ''** એટલે કે સંથારા - ઉપવાસ ધ્વારા શરીરનો ત્યાગ કરવો.

→ જૈન ધર્મના છેલ્લા કેવલિન **''જમ્બુસ્વામી''** હતા.

→ જૈન ધર્મના શબ્દ **''સંવર''** એટલે કે કર્મનો જીવની તરફ પ્રવાહ રોકાઈ જવું.

→ પાર્શ્વનાથના અનુયાયીઓને **''નિગ્રંથ''** કહે છે.

→ વિષ્ણુપુરાણના અને ભાગવત પુરાણમાં **''ઋષભદેવ''** નો ઉલ્લેખ નારાયણના અવતારના રૂપે કરવામાં આવ્યો છે.

→ **''પરીષહ''** - જૈન ધર્મમાં મુક્તિ માટે જરૂરી સખત કર્મને પરીષદ કહે છે.

→ જૈન ધર્મમાં **''સિદ્ધો''**ની પાંચ શ્રેણીઓ છે -

1. તીર્થકર - જે મોક્ષ પ્રાપ્ત કરી ચૂક્યા હોય
2. અર્હત - જે નિર્વાણ પ્રાપ્ત કરવાની નજીક હોય
3. આચાર્ય - સન્યાસી સમૂહનો પ્રમુખ
4. ઉપાધ્યાય - શિક્ષક કે સંત
5. સાધુ - આ વર્ગમાં બાકીના બધા આવી જાય છે.

→ ગૃહસ્થ આશ્રમ વાળા માટે જૈન ધર્મના નિયમને **''અણુવ્રત''** (પાંચ મહાવ્રત) કહેવાય છે.

→ જૈન ધર્મના દિગમ્બર સમ્પ્રદાયના **''તારણ પંથ''**ના અનુયાયીઓ મૂર્તિપૂજાના વિરોધી હતા.

★★★★★★

પ્રકરણ-6 બૌદ્ધ ધર્મ

★ **ગૌતમ બુદ્ધ :**

→ બૌદ્ધ ધર્મના સંસ્થાપક **''ગૌતમ બુદ્ધ''** હતા. તેમને **''એશિયાનું જ્યોતિપૂંજ''** (Light of Asia) કહેવાય છે.

→ ગૌતમ બુદ્ધનો જન્મ 563 ઈ.પૂ.માં કપિલવસ્તુની નજીક **''લુંબિની''** નામના સ્થળે થયો હતો.

→ તેમના પિતાનું નામ **''શુદ્ધોધન''** હતું. તે કપિલવસ્તુના શાકયગણના મુખિયા હતા.

→ તેમની માતાનું નામ **''મહામાયા''** હતું. તે કોલિય ગણરાજ્યની કન્યા હતી.

→ બુદ્ધના જન્મના સાતમાં દિવસે તેમની માતા **''મહામાયા''**નું અવસાન થતાં બુદ્ધનું પાલન - પોષણ **''પ્રજાપતિ ગૌતમી''** (તેમની સોતેલી મા અથવા માસી) એ કર્યું હતું.

→ બુદ્ધનું બાળપણનું નામ **''સિદ્ધાર્થ''** હતું.

→ તેમના લગ્ન 16 વર્ષની ઉંમરે **''યશોધરા''** થી થયા હતા.

→ તેમના પુત્રનું નામ **''રાહુલ''** હતું.

→ 29 વર્ષની વયે સિદ્ધાર્થ (ગૌતમ બુદ્ધ) જ્યારે કપિલવસ્તુમાં ફરવા નિકળ્યા ત્યારે તેમને **''ચાર ઘટનાઓ''** (Four Great things) ને જોઈ હતી -

(1) વૃદ્ધ વ્યક્તિ (ઘડપણ)
(2) એક બીમાર વ્યકિત (રોગ)
(3) નનામી (મર્દો) (મૃત્યુ)
(4) એક સંન્યાસી (સંન્યાસ)

→ આ ચાર ઘટનાઓમાં સાંસારિક સમસ્યાઓથી વ્યથિત થઈને 29 વર્ષની વયે સિદ્ધાર્થ એ ગૃહત્યાગ કર્યો, જેને બૌદ્ધ ધર્મમાં **''મહાભિનિષ્ક્રમણ''** કહે છે.

→ ગૃહત્યાગ કર્યા પછી સિદ્ધાર્થ એ વૈશાલીના **''આલારકલામ''** થી સાંખ્ય દર્શનની શિક્ષા ગ્રહણ કરી.

→ આલારકલામ જ સિદ્ધાર્થના પ્રથમ ગુરુ હતા.

→ આલારકલામ પછી સિદ્ધાર્થ એ રાજગૃહના **''રૂદ્રકરામપુત્ત''** પાસેથી શિક્ષા ગ્રહણ કરી.

→ ઉરુવેલા (બોધગયા) માં તેમને પાંચ બ્રાહ્મણ (સાધક) સન્યાસી મળ્યા જેમના નામ કૌન્ડિન્ય, વખા, ભદિયા, મહાનામા અને અસ્સાગી હતા.

→ અન્ન-જળ ગ્રહણ કર્યા વગર 6 વર્ષની તપશ્ચર્યા પછી 35 વર્ષની વયે **''વૈશાખ પૂનમ''**ની રાતે, **''નિરંજના''** (ફલ્ગુ) નદીના કિનારે, **''પીપળ''**ના વૃક્ષના નીચે સિદ્ધાર્થને **''જ્ઞાન''** મળ્યું. ત્યારપછી તે **''બુદ્ધ''** કહેવાયા. તે સ્થળ **''બોધગયા''** કહેવાય છે.

→ બુદ્ધે પોતાનો પ્રથમ ઉપદેશ **''સારનાથ''** (ઋષિપતનમ્)માં પાંચ બ્રાહ્મણ સન્યાસીઓ (જેમની સાથે સિદ્ધાર્થનો અન્ન-જળ ગ્રહણ કરવાના સિદ્ધાંતને લઈને

મતભેદ થયો હતો) ને આપ્યો હતો. જેને બૌદ્ધ ધર્મમાં **''ધર્મચક્ર પ્રવર્તન''** કહેવાય છે.

→ ગૌતમ બુદ્ધને નિર્વાણ (મૃત્યુ) 483 ઈ.પૂ.માં **''કુશીનગર''**માં પ્રાપ્ત થયો. જેને ''મહાપરિનિર્વાણ'' કહે છે.

→ ગૌતમ બુદ્ધનો જન્મ, મૃત્યુ અને જ્ઞાનપ્રાપ્તિ બધી ઘટનાઓ **''વૈશાખની પૂનમ''**ના દિવસે જ થઈ હતી.

★ **<u>મહાત્મા બુદ્ધની શિક્ષાઓ :</u>**

→ **<u>ચાર આર્ય સત્ય :</u>**

1. દુઃખ - જીવન (સંસાર) દુઃખમય છે.
2. દુઃખ સમુદાય - દુઃખનું કારણ ઈચ્છા (તૃષ્ણા) છે.
3. દુઃખ નિરોધ - ઈચ્છાઓના ત્યાગથી જ દુઃખ દૂર થાય છે.
4. દુઃખ નિરોધગામિની પ્રતિપદા - ઈચ્છાઓને અષ્ટાંગિક માર્ગ પર ચાલીને જ સમાપ્ત કરી શકાય છે.

→ **<u>અષ્ટાંગિક માર્ગ :</u>**

- આ સાંસારિક દુઃખોથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે ભગવાન બુદ્ધે અષ્ટાંગિક માર્ગ બતાવ્યા હતા, જે નીચે મુજબ છે -

1. સમ્યક્ દૃષ્ટિ, 2. સમ્યક્ સંકલ્પ, 3. સમ્યક્ વચન (વાણી) 4. સમ્યક્ કર્મ, 5. સમ્યક્ જીવન, 6. સમ્યક્ વ્યાયામ (પ્રયાસ), 7. સમ્યક્ સ્મૃતિ (વિચાર), 8. સમ્યક્ સમાધિ (અભ્યાસ)

→ બુદ્ધના પ્રમાણે અષ્ટાંગિક માર્ગોનું પાલન કર્યા પછી માનવની તૃષ્ણા (ઈચ્છા) સમાપ્ત થઈ જાય છે અને તેને **''નિર્વાણ''** પ્રાપ્ત થઈ જાય છે.

→ **<u>દસ શીલ :</u>**

- ભગવાન બુદ્ધે નિર્વાણ પ્રાપ્તિને સરળ બનાવા માટે દસ શીલો પર ભાર મૂક્યો હતો, જે નીચે મુજબ છે.

1. અહિંસા - હિંસા ન કરવી
2. સત્ય - હંમેશા સાચું બોલવું
3. અસ્તેય - ચોરી ન કરવી
4. અપરિગ્રહ - કોઈપણ પ્રકારની મિલકત ન રાખવી
5. મદ્ય સેવન ન કરવો - કોઈપણ પ્રકારનો નાશ ન કરવો
6. અસમય ખોરાક ન લેવો
7. આરામદાયક પથારી પર ન સુવું
8. બ્રહ્મચર્ય પાલન - મહિલાઓથી દૂર રહેવું
9. નાચ-ગાનનો ત્યાગ કરવો.
10. વ્યભિચાર ન કરવું

- ગૃહસ્થ માટે ફક્ત પ્રથમ પાંચ શીલનું અને ભિક્ષુઓ માટે દસેય શીલોનું પાલનુ કરવું ફરજિયાત હતું.

→ **<u>બૌદ્ધ ધર્મના ત્રિરત્નો :</u>**

(1) બુદ્ધ (2) ધમ્મ (3) સંઘ

→ **<u>બુદ્ધના જીવનથી સંબંધિત 5 ચિહ્નો :</u>**

1.	જન્મ	-	કમળ કે આખલો
2.	ગૃહત્યાગ	-	ઘોડો
3.	જ્ઞાન	-	પીપળો (બોધિવૃક્ષ)
4.	નિર્વાણ	-	પાદ્ચિહ્નો
5.	મૃત્યુ	-	સ્તૂપ

→ **<u>ગૌતમ બુદ્ધના જીવનની ઘટનાઓ :</u>**

1. ગૃહત્યાગની ઘટના - મહાભિનિષ્ક્રમણ
2. જ્ઞાન પ્રાપ્ત થવાની ઘટના- સમ્બોધિ
3. ઉપદેશ આપવાની ઘટના - ધર્મચક્રપ્રવર્તન
4. નિર્વાણ - મહાપરિનિર્વાણ

★ **<u>બૌદ્ધ સંગીતિઓ (સંમેલનો) :</u>**

<u>ક્રમ</u>	<u>સંગીતિ</u>	<u>સમય</u>	<u>સ્થળ</u>	<u>અધ્યક્ષ</u>	<u>શાસક</u>	<u>કાર્ય</u>
1.	પ્રથમ બૌદ્ધ સંગીતિ	483 ઈ.પૂ.	રાજગૃહ	મહાકશ્યપ	અજાતશત્રુ	સૂત્ત પિટક અને વિનય પિટકનું સંકલન કરવું
2.	બીજી બૌદ્ધ સંગીતિ	383 ઈ.પૂ.	વૈશાળી	સર્વકામી (સાબકમીર)	કાલાશોક	મતભેદના કારણએ બૌદ્ધ સંઘ બે ભાગો સ્થવિર અને મહાસંઘિકમાં વહેચાયો.
3.	ત્રીજી બૌદ્ધ સંગીતિ	251 ઈ.પૂ.	પાટલીપુત્ર	મોગ્ગલીપુત્ર તિસ્સ	મૌર્ય સમ્રાટ અશોક	અભિધમ્મ પિટકનું સંકલન કરી કથાવત્થુને જોડવામાં આવ્યો
4.	ચતુર્થ બૌદ્ધ સંગીતિ	72 ઈ.	કુન્ડલવન (કાશ્મીર)	વસુમિત્ર (અધ્યક્ષ)	કૃષાણ શાસક	- વિભાષાશાસ્ત્રનું સંકલન કરવામાં આવ્યું. - બૌદ્ધ ધર્મ સ્પષ્ટ રૂપથી હીનયાન અને

				અશ્વઘોષ (ઉપાધ્યક્ષ)	કનિષ્ક	મહાયાનમાં વહેચાયો

★ **બૌદ્ધ સાહિત્ય :**

→ બૌદ્ધ સાહિત્યની રચના **"પાલી"** ભાષામાં કરવામાં આવી છે.

→ બૌદ્ધ સાહિત્યને બે ભાગમાં વહેંચી શકાય છે.

(1) પિટક સાહિત્ય

(2) પિટકોત્તર સાહિત્ય

1. પિટક સાહિત્ય :

- બૌદ્ધ ધર્મના વિશે આપણાને વિશદ્ જ્ઞાન ત્રિપિટકોથી મળે છે, જેમની ભાષા **"પાલી"** છે.

- **ત્રિપિટકો:**

(1) સુત્તપિટક - બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો

(2) વિનયપિટક - બૌદ્ધ સંઘના નિયમો

(3) અભિધમ્મ પિટક - બૌદ્ધ દર્શન

2. પિટકોત્તર સાહિત્ય :

-	**પુસ્તક**	**લેખક**
(1)	બુદ્ધરચિત	અશ્વઘોષ
(2)	સૌન્દરાનંદ	અશ્વઘોષ
(3)	સારિપુત્ર પ્રકરણ	અશ્વઘોષ
(4)	સહસ્ત્રિકા	નાગાર્જુન
(5)	પ્રજ્ઞાપારમિતા	નાગાર્જુન
(6)	અભિધર્મકોષ	વસુબંધુ
(7)	મહાયાન સૂત્રાંલકાર	અસંગ
(8)	બોધિધર્માવતાર	શાંતિદેવ

- મિલિન્દપન્હો, દીપવંશ, મહાવંશ, મહાવસ્તુ, અવદાનશતક, દિવ્યાવદાન

- દીપવંશ અને મહાવંશમાં બૌદ્ધ દર્શન અને સિદ્ધાંતોની ચર્ચા મળે છે.

★ **બૌદ્ધ સંપ્રદાય :**

→ મહાત્મા બુદ્ધના મહાપરિનિર્વાણ પછી બૌદ્ધ ધર્મ કેટલાંક સંપ્રદાયમાં વહેંચાઈ ગયો.

→ **મહાયાન સંપ્રદાય :**

- ચતુર્થ બૌદ્ધ સંગીતિમાં આ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો.

- આ સંપ્રદાયને માનવાવાળા બુદ્ધની સાથે બોધિસત્વોના જીવન અને સિદ્ધાંતોમાં પણ વિશ્વાસ રાખતા હતા.

- આ સંપ્રદાય પ્રમાણે પ્રત્યેક વ્યક્તિ **"બુદ્ધત્વ"** પ્રાપ્ત કરી શકે છે.

- આ સંપ્રદાય ચતુર્થ બૌદ્ધ સંગીત પહેલા **"મહાસંધિક"** સંપ્રદાય તરીકે પણ ઓળખાતો હતો જે પછીથી **"મહાયાન"** સંપ્રદાયમાં પરિવર્તિત થઈ ગયો.

- આ સંપ્રદાયના બે પેટા સંપ્રદાય પણ છે -

(1) માધ્યમિક સંપ્રદાય (શૂન્યવાદ)

(2) યોગાચાર સંપ્રદાય (વિજ્ઞાનવાદ)

(1) માધ્યમિક સંપ્રદાય :

- આ સંપ્રદાય **"શૂન્યવાદ"** તરીકે પણ ઓળખાય છે.

- આ સંપ્રદાયના પ્રવર્તક (રચનાકાર) **"નાગાર્જુન"** હતા.

- આ બૌદ્ધ ધર્મનો **"સાપેક્ષવાદ"**નો સિદ્ધાંત છે.

- આ સંપ્રદાયના મુખ્ય વિદ્વાનોમાં શાંતિદેવ, આર્યદેવ, ચંદ્રકીર્તિ, બુદ્ધપાલિત વગેરેનો સમાવેશ થાય છે.

(2) યોગાચાર સંપ્રદાય :

- આ સંપ્રદાય **"વિજ્ઞાનવાદ"** તરીકે પણ ઓળખાય છે.

- આ સંપ્રદાયના પ્રવર્તક (રચનાકાર) **"મૈત્રેયનાથ"** હતા.

- આ સંપ્રદાય પ્રમાણે **"વિજ્ઞાન જ એકમાત્ર સત્તા"** છે.

- આ સંપ્રદાયના મુખ્ય વિદ્વાનોમાં અસંગ, વસુબંધુ, આચાર્ય દિગ્નાગ વગેરેનો સમાવેશ થાય છે.

→ **હીનયાન સંપ્રદાય :**

- ચતુર્થ બૌદ્ધ સંગીતિમાં આ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો.

- આ સંપ્રદાય મહાત્મા બુદ્ધના દર્શન અને સિદ્ધાન્તોમાં વિશ્વાસ કરવાવાળો સંપ્રદાય હતો.

- આ સંપ્રદાય પ્રમાણે **"બુદ્ધત્વ"** પ્રત્યેક વ્યક્તિ પ્રાપ્ત કરી શકે નહિં.

- આ સંપ્રદાય ચતુર્થ બૌદ્ધ સંગીતિ પહેલાં **"સ્થવિરવાદી"** સંપ્રદાય તરીકે ઓળખાતો હતો. જે પછી થી હીનયાન સંપ્રદાયમાં પરિવર્તિત થઈ ગયો.

- આ સંપ્રદાયના બે પેટા સંપ્રદાય પણ છે -

(1) સૌત્રાન્તિક સંપ્રદાય

(2) વૈભાષિક સંપ્રદાય

(1) <u>સૌત્રાન્તિક સંપ્રદાય :</u>

- આ સંપ્રદાયના પ્રવર્તક (રચનાકાર) **''કુમારપાળ''** હતા.
- આ સંપ્રદાય પ્રમાણે **''બાહ્ય સત્તા સ્વીકાર છે પરંતુ વસ્તુપુરક અસ્તિત્વ સ્વીકાર નથી.''**
- આ સંપ્રદાયના મુખ્ય વિદ્વાનોમાં યશોમતિ, બુદ્ધદેવ, ધર્મત્રાત વગેરેનો સમાવેશ થાય છે.

(2) <u>વૈભાષિક સંપ્રદાય :</u>

- આ સંપ્રદાયના પ્રવર્તક (રચનાકાર) ''કાત્યાયાનીપુત્ર'' હતા.
- આ સંપ્રદાય પ્રમાણે **''જે પ્રત્યક્ષ છે, તે જ એકમાત્ર જ્ઞાન છે.''**
- આ સંપ્રદાયના મુખ્ય વિદ્વાનોમાં ઘોષક, વસુમિત્ર વગેરેનો સમાવેશ થાય છે.

→ **<u>વજ્રયાન સંપ્રદાય :</u>**

- તાંત્રિક વિચારધારા બૌદ્ધ ધર્મમાં પ્રબલ થતાં વજ્રયાન સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો.
- આ મહાયાન સંપ્રદાયની જ એક શાખા છે.
- આ સંપ્રદાયનો ઉત્કર્ષ 8 મી સદીમાં થયો હતો.
- આ સંપ્રદાય એ બુદ્ધની પત્નીના રૂપમાં **''તારા''**ને મહત્વ આવ્યો.
- આ સંપ્રદાયનો પ્રામાણિક ગ્રંથ **''મંજૂશ્રી મૂલકલ્પ''** છે.
- ચોલ રાજાઓ ધ્વારા આ સંપ્રદાયને સંરક્ષણ મળ્યું.

→ **<u>કાલચક્રયાન સંપ્રદાય :</u>**

- આ સંપ્રદાયના પ્રવર્તક **''મંજૂશ્રી''** હતા.
- આ સંપ્રદાયનો ઉત્કર્ષ 9 મી - 10 મી સદીમાં થયો હતો.
- આ સંપ્રદાયના પ્રમુખ દેવતા **''કાલચક્ર''** હતા.
- આ સંપ્રદાય માનવ શરીરને બ્રહ્માંડનું પ્રતીક ગણે છે.

★ **<u>બુદ્ધના અવશેષ :</u>**

→ બુદ્ધના અવશેષોને નીચે આપેલ વ્યક્તિઓએ એક બીજા વચ્ચે વહેંચીને 8 સ્તૂપ બનાવ્યા હતા.

(1) મગધ શાસક અજાતશત્રુ (2) રામાગ્રામના કોલિય
(3) વૈશાલીના લિચ્છવી (4) વેઢદ્વીપના બ્રાહ્મણ
(5) કપિલવસ્તુના શાકય (6) પાવા અને કુશીનારાના મલ્લ
(7) અલ્લકપ્પના બુલિય (8) પીપ્પલીવનના મોરિય

(1) <u>અન્ય ફેક્ટ્સ :</u>

→ મહાત્મા બુદ્ધનો **''મહાપરિનિર્વાણ''** મલ્લ ગણરાજ્યના પાટનગર **''કુશીનારા''** (કુશીનગર) માં થયો હતો.

→ બૌદ્ધ ધર્મના અનુયાયીઓમાં બિમ્બિસાર, પ્રસેનજિત, અજાતશત્રુ, જીવક, અનાથપિન્ડક, ક્ષેમા, આમ્રપાલી વગેરે શાસકો (રાજાઓ)નો સમાવેશ થાય છે.

→ બૌદ્ધ ધર્મએ **''ઈશ્વર''**ના અસ્તિત્વનો સ્વીકાર કર્યો નથી પરંતુ નૈતિકતા પર ભાર આપ્યો છે.

→ મહાત્મા બુદ્ધે **''કર્મના સિદ્ધાંત''** પર ભાર મૂક્યો હતો.

→ મહાત્મા બુદ્ધે **''સત્ય અને અહિંસા''**ને મહત્વતા આપીને નિર્વાણ (મોક્ષ) ને છેલ્લા લક્ષ્યાંક તકીરે સ્વીકાર કર્યો.

→ બૌદ્ધ ધર્મમાં વેદોની પ્રામાણિકતાને અસ્વીકાર કરવામાં આવી છે.

→ બૌદ્ધ ધર્મ એ **''આત્મા''**ની પરિકલ્પનાને પણ અસ્વીકાર કરી છે.

→ બૌદ્ધ ભિક્ષુઓના માર્ગદર્શન માટે મહાત્મા બુદ્ધે **''બૌદ્ધ સંઘ''**ની સ્થાપના કરી હતી.

→ ઉપસમ્પદા - બૌદ્ધ સંઘમાં ભિક્ષુઓનો પ્રવેશ

→ ઉપાસક - ગૃહસ્થ જીવનમાં રહીને બૌદ્ધ ધર્મને માનનાર

→ પહેલાં બૌદ્ધ સંઘમાં મહિલાઓનો પ્રવેશ વ્રજિત હતો પરંતુ **''આનંદ''**ના કહેવા પર મહિલાઓ માટે અલગ બૌદ્ધ સંઘની સ્થાપના કરવામાં આવી.

→ બીજી બૌદ્ધ સંગીતિ અને ચોથી બૌદ્ધ સંગીતિમાં બૌદ્ધ ધર્મમાં વિભાજન થયું હતું.

→ બુદ્ધના ઘોડાનું નામ **''કંથક''** અને સારથીનું નામ **''છન્ન''** હતું.

→ બૌદ્ધ ગ્રંથોમાં મહાત્મા બુદ્ધથી જોડાયેલ આઠ સ્થળોને **''અષ્ટમહાસ્થાન''** કહેવાયા છે જેમાં

(1) લુમ્બિની (2) ગયા (3) સારનાથ (4) કુશીનગર (5) શ્રાવસ્તી
(6) સંકાસ્ય (7) રાજગૃહ (8) વૈશાલીનો સમાવેશ થાય છે.

→ **"બોરોબુદૂરનો બૌદ્ધ સ્તૂપ"** જે વિશ્વનો સૌથી વિશાળ અને પોતાનું આગવું મહત્વ ધરાવતો એકમાત્ર સ્તૂપનું નિર્માણ શૈલેન્દ્ર રાજાઓએ ઈન્ડોનેશિયામાં કરાવ્યું હતું.

→ બુદ્ધે પોતાના ઉપદેશ જનસામાન્યની ભાષા **"પાલી"** માં આપ્યા.

→ બુદ્ધે પોતાના સૌથી વધુ ઉપદેશ કોસલ દેશના પાટનગર **"શ્રાવસ્તી"**માં આપ્યા હતા.

→ બૌદ્ધ ધર્મ **"પુનર્જન્મ"**ને સ્વીકાર કરે છે.

→ **"વિશ્વ દુ:ખોથી ભરાયેલ છે"** નો સિદ્ધાંત બુદ્ધે ઉપનિષદમાંથી લીધો હતો.

→ બૌદ્ધ ધર્મમાં સામેલ થવાની લઘુતમ ઉંમર 15 વર્ષ હતી.

→ ધાર્મિક જુલૂસની શરૂઆત સૌપ્રથમ બૌદ્ધધર્મ ધ્વારા કરવામાં આવી.

→ બૌદ્ધોનો સૌથી પવિત્ર તહેવાર **"વૈશાખની પૂર્ણિમા"** છે, જેને **"બુદ્ધ પૂર્ણિમા"**ના નામે ઓળખવામાં આવે છે. આનું મહત્વ આ માટે છે કે બુદ્ધનો જન્મ, જ્ઞાનની પ્રાપ્તિ અને મહાપરિનિર્વાણ ત્રણેય બુદ્ધ પૂર્ણિમાના દિવસે જ થયા હતા.

→ મહાત્મા બુદ્ધે **"મધ્યમા-પ્રતિપદા"** (મધ્યમ માર્ગ)નો ઉપદેશ આપ્યો.

→ **"અનીશ્વરવાદ"**ના સંબંધમાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મમાં સમાનતા છે.

→ જાતક કથાઓમાં કહેવાવ્યુ છે કે બોધિસત્વનો અવતાર માનવના રૂપે અથવા પ્રાણીના રૂપે થઈ શકે છે.

→ સૌથી વધુ બુદ્ધ મૂર્તિઓનું નિર્માણ **"ગાંધાર શૈલી"**માં થયું છે.

→ તિબેટ, ભૂટાન અને પાડોશી દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર **"પદમસંભવ"** (ગુરુ રિનપૉચ) એ કર્યો હતો. આમનો સંબંધ બૌદ્ધ ધર્મની વ્રજયાન શાખાથી હતો. આમની 123 ફુટ ઊંચી મૂર્તિ હિમાચલ પ્રદેશના રેવાલસર સરોવરમાં છે.

→ "વિવતક" - બૌદ્ધ ધર્મમાં પ્રત્યક્ષ મતદાન

★★★★★★

પ્રકરણ-7 શૈવ ધર્મ

→ ભગવાન શિવની પૂજા કરવાવાળાઓને શૈવ અને તેનાથી સંબંધિત ધર્મને **"શૈવ ધર્મ"** કહેવાય છે.

→ શિવલિંગના ઉપાસનાનો પ્રારંભિક પુરાતાત્વિક સાક્ષ્ય **"સિન્ધુ સભ્યતા"**માં મળે છે. સિંધુ સભ્યતાનાં એક સ્થળે - **"મોહનજોદડો"** થી એક મુદ્રા પર પદ્માસનમાં બેસેલાં એક યોગીનું ચિત્ર મળ્યું છે. જે ભગવાન શિવ હોવાનું મનાય છે.

→ ઋગ્વેદમાં તેમને ભવ, શર્વ, પશુપતિ, ભૂપતિ, રુદ્ર વગેરે કહેવામાં આવ્યા છે તથા આમને **"વ્રાત્યો"**ના સ્વામી કહેવાયા છે.

→ **"લિંગ-પૂજા"**નું સૌપ્રથમ સ્પષ્ટ વર્ણન **"મત્સ્ય પુરાણ"** માં મળે છે.

→ મહાભારતના **"અનુશાસન પર્વ"**માં પણ લિંગ-પૂજાનું વર્ણન મળે છે.

→ તૈતિરીય અરણ્યકમાં **"પાર્વતી"** (ભોલેનાથની પત્ની)નું નામ મળે છે.

→ શિવની પ્રાચીનતમ મૂર્તિ **"ગુડીમલ્લમ લિંગ"** આંધ્રપ્રદેશના **"રેનુગુન્ટા"** થી મળી છે.

→ શૈવ સંપ્રદાયોનો પ્રથમ ઉલ્લેખ પતંજલિના **"મહાભાષ્ય"**માં શિવભાગવત નામથી મળે છે.

→ યૂનાની (ગ્રીસ) રાજદૂત **"મેગસ્થનીઝ"** **"ડાયનોસસ"**ના નામથી શિવ-પૂજાનો ઉલ્લેખ કરે છે.

→ ચીની યાત્રી હ્યૂ-એન-સાંગ લખે છે કે વારાણાસી શૈવ ધર્મનું પ્રમુખ કેન્દ્ર હતું, જ્યાં 100 થી વધુ શૈવ મંદિર હતા.

→ પલ્લવકાળમાં શૈવ ધર્મનું પ્રચાર-પ્રસાર **"નયનારો"** ધ્વારા કરવામાં આવ્યું જેમની સંખ્યા 63 હતી. આમના ભક્તિગીતોને એક સાથે **"દેવારમ"**માં સંકલન કરવામાં આવ્યા છે.

→ **<u>શૈવધર્મના પ્રમુખ સંપ્રદાય :</u>**

(1) <u>પાશુપત સંપ્રદાય :</u>

- પાશુપત સંપ્રદાયના સંસ્થાપક **"લકુલીશ"** હતા. જેમને ભગવાન શિવના અવતાર માનવામાં આવે છે.
- લકુલીશનો જન્મ **"કાયાવરોહણ"** (વડોદરા-ગુજરાત)માં થયો હતો.
- પાશુપત સંપ્રદાય શૈવ ધર્મનો સૌથી પ્રાચીન સંપ્રદાય છે.
- આ સંપ્રદાયના અનુયાયીઓ **"પંચાર્થિક"** કહેવાયા.
- આ સંપ્રદાયનો પ્રમુખ સૈદ્ધાંન્તિક ગ્રંથ **"પાશુપત સૂત્ર"** છે.
- શ્રીકર પંડિત એક પ્રખ્યાત પાશુપાત આચાર્ય હતા.

(2) <u>કાપાલિક સંપ્રદાય :</u>

- કાપાલિક સંપ્રદાયના ઈષ્ટદેવ **"ભૈરવ"** છે, જે કે ભગવાન શંકરના અવતાર માનવામાં આવે છે.
- આ સંપ્રદાયના અનુયાયીઓ મૉસ ગ્રહણ કરે છે અને શરીર પર શમસાનની ભસ્મ લગાવે છે.
- આ સંપ્રદાયનો પ્રમુખ કેન્દ્ર **"શ્રી શૈલ"** નામનું સ્થળ હતું.

(3) <u>લિંગાયત સંપ્રદાય :</u>

- લિંગાયત સંપ્રદાય દક્ષિણ ભારતમાં પ્રચલિત હતો.
- આ સંપ્રદાયના ઉપાસક **"જંગમ"** પણ કહેવાય છે.
- બસવ પુરાણમાં આ સંપ્રદાયના પ્રવર્તક અલ્લભપ્રભુ અને તેમના શિષ્ય બસવને બતાવવામાં આવ્યા છે.
- આ સંપ્રદાય જાતિ વ્યવસ્થાનું ખંડન કરે છે.
- આ સંપ્રદાયના લોકો **"શિવલિંગ"**ની ઉપાસના કરતા હતા.
- આ સંપ્રદાયને **"વીરશિવ સંપ્રદાય"** પણ કહેવાય છે.

(4) <u>કાલામુખ સંપ્રદાય :</u>

- કાલામુખ સંપ્રદાયના અનુયાયીઓને શિવપુરાણમાં **"મહાવ્રતધર"** કહેવાયા છે.
- આ સંપ્રદાયનો ઉદય કર્ણાટકમાં થયો હતો.
- આ સંપ્રદાયના અનુયાયીઓ નર-કંકાળમાં જ ખોરાક, જળ અને સુરાપાન કરે છે અને પોતાના શરીર પર ચિતા ભસ્મ લગાવે છે.

(5) <u>કાશ્મીરી શૈવ સંપ્રદાય :</u>

- આ સંપ્રદાયના સંસ્થાપક **"વસુંગુપ્ત"** હતા.
- આ સંપ્રદાય શુધ્ધ રૂપથી દાર્શનિક અને જ્ઞાનમાર્ગી સંપ્રદાય છે.
- આ સંપ્રદાયમાં ભગવાન શિવને **"અદ્વૈત"** શક્તિના રૂપે સ્વીકારવામાં આવ્યા છે.

(6) <u>નાથ સંપ્રદાય :</u>

- આ સંપ્રદાયના પ્રવર્તક **"મચ્છેન્દ્રનાથ"** હતા.
- આ સંપ્રદાયનો ઉદ્ભવ 10 મી સદીમાં થયો હતો.

- આ સંપ્રદાયનો વ્યાપક પ્રચાર-પ્રસાર **"બાબા ગોરખનાથ"**ના સમયમાં (10 મી- 11 મી સદીમાં) થયો હતો.

- આ સંપ્રદાય ભગવાન શિવને આદિનાથ તરીકે માને છે જે 9 નાથોના દિવ્યપુરુષના રૂપે છે.

(7) <u>શાકત સંપ્રદાય :</u>

- શાકત સંપ્રદાયની પ્રાચીનતા પ્રાગૈતિહાસિક કાળ સુધી જાય છે.

- ઋગ્વેદના 10 માં મંડળમાં દેવી સૂક્તમાં **"વાક્‌શક્તિ"**ની ઉપાસના કરવામાં આવી છે.

- શાકત ઉપાસનાના ત્રણ પ્રમુખ કેન્દ્રોમાં કામાખ્યા (અસમ), કાશ્મીર અને કૉંચી પ્રખ્યાત છે.

- શાકત સંપ્રદાયમાં **"કુન્ડલિની"** નામની રહસ્યમય શક્તિનો ખૂબ જ મહત્વ છે.

- આ સંપ્રદાયમાં શિવની પત્ની **"પાર્વતી"**ને જગતજનની કહેવામાં આવી છે.

- દુર્ગા, કાલી, ભવાની, ચામુંડા, રૂદ્રાણી, લક્ષ્મી, સરસ્વતી, અદિતિ, ઉષા, શ્રી વગેરે શક્તિ સ્વરૂપે દેવીઓની પૂજા કરવામાં આવે છે.

★ <u>અન્ય ફેક્ટ્સ :</u>

→ **"વામન પુરાણ"** માં શૈવ સંપ્રદાયની સંખ્યા 4 બતાવવામાં આવી છે જેમાં પાશુપત, કાપાલિક, કાળામુખ અને લિંગાયતનો સમાવેશ થાય છે.

→ દક્ષિણ ભારતમાં શૈવધર્મ રાષ્ટ્રકૂટ, ચાલુક્ય, પલ્લવ અને ચોલ રાજાઓના સમયે લોકપ્રિય બન્યો હતો.

→ એલોરાનું પ્રખ્યાત **"કૈલાશ મંદિર"** નું નિર્માણ રાષ્ટ્રકૂટ રાજા **"કૃષ્ણ-પ્રથમ"** એ કરાવ્યું હતું.

→ કુષાણ રાજાઓની મુદ્રાઓ (સિક્કાઓ) પર **"શિવ"** અને **"નંદી"**નું એક સાથે ચિત્રણ મળ્યું છે.

→ ચોલ શાસક **"રાજરાજ-પ્રથમ"** એ તંજાવુરમાં પ્રખ્યાત **"રાજરાજેશ્વર શૈવ મંદિર"** નું નિર્માણ કરાવ્યું હતું જેને **"બૃહદેશ્વર મંદિર"**ના નામે પણ ઓળખવામાં આવે છે.

→ મહાકવિ કાલિદાસ શિવભક્ત હતા.

→ શિવલિંગની પૂજા **"ગુપ્તકાળ"**માં વધુ પ્રચલિત થઈ.

→ બાર જ્યોતિર્લિંગોમાં -

(1) સોમનાથ (ગુજરાત) (2) નાગેશ્વર (ગુજરાત) (3) મલ્લિકાર્જુન (આંધ્રપ્રદેશ) (4) મહાકાલેશ્વર (મધ્યપ્રદેશ) (5) ઓમકારેશ્વર (મધ્યપ્રદેશ) (6) વૈદ્યનાથ (મહારાષ્ટ્ર) (7) ભીમાશંકર (મહારાષ્ટ્ર) (8) રામેશ્વરમ્ (તમિલનાડુ) (9) વિશ્વનાથ (ઉત્તરપ્રદેશ) (10) ત્ર્યંબકેશ્વર (મહારાષ્ટ્ર) (11) કેદારેશ્વર (હિમાચલ પ્રદેશ) (12) ઘુશ્મેશ્વર (મહારાષ્ટ્ર)

★★★★★★

પ્રકરણ-8 વૈષ્ણવ ધર્મ

→ વૈષ્ણવ ધર્મને **''ભાગવત ધર્મ''** પણ કહે છે.

→ વૈષ્ણવ ધર્મના પ્રવર્તક **''ભગવાન કૃષ્ણ''** હતા, જે વૃષણ કબીલાના હતા અને તેમનું નિવાસ સ્થળ મથુરા હતું.

→ ભગવાન કૃષ્ણને સૌપ્રથમ ઉલ્લેખ **''છાંદોગ્ય ઉપનિષદ''**માં થયો છે જેમાં તેમને દેવકીપુત્ર અને અંગિરસના શિષ્યના રૂપે બતાવવામાં આવ્યા છે.

→ ભગવાન કૃષ્ણના દેવીય સ્વરૂપનો પ્રાચીનતમ સંદર્ભ **''પાણિની''**ની પુસ્તક **''અષ્ટાધ્યાયી''**માં મળે છે.

→ મથુરાની નજીકથી મળેલ શિલાલેખ (જે પ્રથમ સદીનો છે) માં **''તોષા''** નામની મહિલા ધ્વારા એક મંદિરમાં **''પાંચ વૃષ્ણિ વીર''** ની મૂર્તિઓ સ્થાપિત કરવાનું સાક્ષ્ય મળે છે.

→ પાંચ વૃષ્ણિ વીરોમાં -

(1) વાસુદેવ કૃષ્ણ - વાસુદેવ અને દેવકીના પુત્ર
(2) સંકર્ષણ - વાસુદેવ અને રોહિણીના પુત્ર
(3) પ્રદ્યુમ્ન - કૃષ્ણ અને રુકિમણીના પુત્ર
(4) અનિરુદ્ધ - પ્રદ્યુમ્નનો પુત્ર
(5) સામ્બ - કૃષ્ણ અને જામ્બવંતીના પુત્ર

→ આ પાંચ વૃષ્ણિ વીરોને **''ભાગવત''** કહેવાયા છે.

→ બીજી સદી ઈ.પૂ.માં **''હેલિયોડોરસ''** ધ્વારા ભાગવત (કૃષ્ણ)ની પૂજા માટે **''ગરુડધ્વજ''** નિર્માણ કરવાનો ઉલ્લેખ મળે છે.

→ **''એતરેય બ્રાહ્મણ ગ્રંથ''**માં વિષ્ણુનો ઉલ્લેખ સર્વોચ્ચ દેવતાના રૂપે કરવામાં આવ્યો છે.

→ ત્રીજી-ચોથી સદી ઈ.પૂ.માં ભાગવત સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાયમાં પરિવર્તિત થવા લાગ્યો.

→ ભાગવત સંપ્રદાયનું વૈષ્ણવ ધર્મમાં રૂપાંતરણ થવામાં **''અવતારવાદનો સિદ્ધાંત''**ની પ્રમુખ ભૂમિકા રહી છે. જેનો સૌપ્રથમ સ્પષ્ટ ઉલ્લેખ **''ભગવદ્ગીતા''** માં મળે છે.

→ જ્યારે કૃષ્ણ, ભગવાન વિષ્ણુના અવતાર માનવામાં આવ્યા ત્યારે વૈષ્ણવ ધર્મ, **''પાચ્ચરાત્ર ધર્મ''** કહેવાયો.

→ પાચ્ચરાત્ર ધર્મના પ્રમુખ દેવતામાં વાસુદેવ કૃષ્ણ, લક્ષ્મી, સંકર્ષણ, પ્રદ્યુમન અને અનિરુદ્ધનો સમાવેશ થાય છે.

→ **''નારાયણ''**નો સૌપ્રથમ ઉલ્લેખ **''શતપથ બ્રાહ્મણ ''ગ્રંથ''**માં મળે છે.

→ મેગસ્થનીઝ એ કૃષ્ણને **''હેરાકલીઝ''** કહયા છે.

→ કુષાણકાલીન શાસકો જેમ કે **''હુવિષ્ક''** અને **''વાસુદેવ''** એ વૈષ્ણવ ધર્મ અપનાવ્યો હતો.

→ ગુપ્તકાળમાં વૈષ્ણવ ધર્મ **''નવ-વૈષ્ણવવાદ''**ના રૂપે સ્થાપિત થયો હતો. આ સમયગાળામાં જ **''લક્ષ્મી''** અને **''શ્રી''**ની ધારણા પ્રચલિત થઈ હતી.

→ ચંદેલ રાજાઓએ ખજુરાહોમાં ભગવાન વિષ્ણુની ચતુર્ભુજ મૂર્તિઓવાળા કેટલાંય મંદિરો બનાવ્યા હતા.

→ તમિલ પ્રદેશમાં વૈષ્ણવ ધર્મનો પ્રચાર-પ્રસાર **''અલવાર''** સંતો ધ્વારા કરવામાં આવ્યો, જેમની સંખ્યા 12 હતી.

→ **''મત્સ્યપુરાણ''**માં ભગવાન વિષ્ણુના 10 અવતારોનો ઉલ્લેખ મળે છે -

(1) મત્સ્ય અવતાર (2) કૂર્મ અવતાર (કચ્છપ અવતાર)
(3) વારાહ અવતાર (4) નૃસિંહ અવતાર (5) વામન અવતાર
(6) પરશુરામ અવતાર (7) રામ અવતાર (8) કૃષ્ણ અવતાર
(9) બુદ્ધ અવતાર (10) કલ્કિ અવતાર

→ ગુપ્તકાળમાં વિષ્ણુનો **''વારાહ''** (વારાહ) અવતાર સૌથી વધુ પ્રખ્યાત હતો.

→ વૈષ્ણવ ધર્મમાં ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે **''ભક્તિ''** પર ભાર આપવામાં આવ્યો છે.

→ **''અંકોરવાટનું મંદિર''** કંબોડિયાના રાજા સૂર્યવર્મા - દ્વિતીય (113 ઈ. - 1150 ઈ.) એ બનાવ્યું હતું. આ મંદિરમાં લગભગ 10.5 ફુટ ઊંચી ભગવાન વિષ્ણુની મૂર્તિ સ્થાપિત છે.

→ ગુપ્તકાળમાં વૈષ્ણવ ધર્મ રાજધર્મ હતો. ગુપ્તકાળના રાજાઓ **''પરમ ભાગવત્''**ની ઉપાધિ ધારણ કરતા હતા.

→ ચક્રપાલિતે સુદર્શન તળાવના કિનારે **''વિષ્ણુ''**ની મૂર્તિની સ્થાપના કરી હતી.

→ **<u>પ્રમુખ સંપ્રદાય અને તેના મત :</u>**

	પ્રમુખ સંપ્રદાય	મત	આચાર્ય
1.	વૈષ્ણવ સંપ્રદાય	વિશિષ્ટા દ્વૈતવાદ	રામાનુજ
2.	બ્રહ્મ સંપ્રદાય	દ્વૈતવાદ	માધ્વાચાર્ય
3.	રુદ્ર સંપ્રદાય	શુદ્વાદ્વૈતવાદ	વલ્લભાચાર્ય
4.	સનક સંપ્રદાય	દ્વૈતાદ્વૈતવાદ	નિમ્બાર્કાચાર્ય

→ **<u>પ્રમુખ સંપ્રદાય, સંસ્થાપક અને પુસ્તક :</u>**

	પ્રમુખ સંપ્રદાય	સંસ્થાપક	પુસ્તક
1.	પરમાર્થ સંપ્રદાય	રામદાસ	દાસબોધ
2.	શ્રીવૈષ્ણવ સંપ્રદાય	રામાનુજ	બ્રહ્મસૂત્ર
3.	રામભક્ત સંપ્રદાય	રામાનંદ	રામાયણ
4.	બરકરી સંપ્રદાય	નામદેવ	-

→ હરિવંશ પુરાણમાં કૃષ્ણ ધ્વારા **''કાલિયા દમન''**નું વિવરણ મળે છે.

→ ભાગવત મતના પ્રમાણે માનવ જીવનની આદર્શ વ્યવસ્થા **''સ્થિતપ્રજ્ઞતા''** છે.

→ ચતુર્વ્યુહ પૂજાનો સૌપ્રથમ ઉલ્લેખ **''વિષ્ણુસંહિતા''**માં મળે છે.

★★★★★★

પ્રકરણ-9 અન્ય ધર્મો

(A) ઈસ્લામ ધર્મ

→ ઈસ્લામ ધર્મના સંસ્થાપક **''હજરત મોહમ્મદ પૈયગંબર''** હતા.

→ પૈયગંબર સાહેબનો જન્મ ઈ.સ. 570 માં **''મક્કા''**માં થયો હતો.

→ પૈયગંબર સાહેબના પિતાનું નામ **''અબદુલ્લા''** અને માતાનું નામ **''અમીના''** હતું.

→ પૈયગંબર સાહેબના લગ્ન 25 વર્ષની અવસ્થામાં **''ખદીજા''** નામની વિધવાની સાથે થયાં હતાં.

→ પૈયગંબર સાહેબની પુત્રીનું નામ **''ફાતિમા''** અને જમાઈનું નામ **''અલી હુસૈન''** હતું.

→ પૈયગંબર સાહેબને ઈ.સ. 610 માં મક્કાની પાસે **''હીરા''** નામની ગુફામાં **''જ્ઞાન''**ની પ્રાપ્તિ થઈ હતી.

→ ઈ.સ.622 માં પૈયગંબર સાહેબે મક્કાથી મદીનાની યાત્રા કરી અને ત્યારથી જ **''મુસ્લિમ સંવત''** (હિજરી) સંવત)ની શરૂઆત થઈ હતી.

→ ઈસ્લામ ધર્મનો પવિત્ર ગ્રંથ (ધર્મગ્રંથ) **''કુરાન''** છે. જે પૈયગંબર સાહેબે અરબી ભાષામાં લખ્યો છે. (લોકવાયકા પ્રમાણે દેવદૂત **''જિબ્રિયલ''** (Gabriel) એ પૈયગંબર સાહેબને કુરાનનું જ્ઞાન આપેલ છે.)

→ પૈયગંબર સાહેબનું નિધન ઈ.સ. 632 માં થયું હતું. તેમને **''મદીના''**માં દફનાવામાં આવ્યા છે.

→ પૈયગંબર સાહેબની મૃત્યુ પછી ઈસ્લામ ધર્મ બે ભાગોમાં વહેચાઈ ગયો.

(1) સુન્ની (2) શિયા

→ શિયા અલીની શિક્ષાઓમાં વિશ્વાસ કરે છે અને તેમને પૈયગંબર સાહેબના ઉતરાધિકારી માને છે.

→ સુન્ની **''સુન્ના''**માં વિશ્વાસ કરે છે. સુન્ના એટલે કે પૈયગંબર સાહેબના કથનો અને કાર્યોનું વિવરણ.

→ અલી (પૈયગંબર સાહેબના જમાઈ) ની હત્યા ઈ.સ. 661 માં કરવામાં આવી હતી. અલીના પુત્ર **''હુસૈન''**ની હત્યા ઈ.સ. 680 માં **''કરબલા''** (ઈરાક) નામના સ્થળે થઈ હતી.

→ પૈયગંબર સાહેબના ઉતરાધિકારી **''ખલીફા''** કહેવાયા.

→ ઈસ્લામ જગતમા ખલીફા પદ ઈ.સ. 1924 સુધી રહયો. 1924 માં ખલીફા પદને ટર્કી (તુર્કી) ના શાસક **''મુસ્તફા કમાલપાશા''** એ સમાપ્ત કરી દીધો.

→ ઈસ્લામ ધર્મના મુખ્ય દેવ **''અલ્લા''** છે.

→ 786 નો અર્થ - **''પરમ કૃપાળુ પરમાત્માને નામે''**

→ મુસલમાને 6 નિયમો પાળવાના હોય છે.

(1) કુરાનની કલમો વાંચવી

(2) દિવસમાં 5 વખત નમાજ અદા કરવી.

(3) આવકનો ચોથો ભાગ દાનમાં આપવો.

(4) પવિત્ર રમઝાન માસમાં રોજા રાખવા.

(5) જીવનમાં એક વાર મક્કાની યાત્રા કરવી.

(6) પ્રત્યેક મુસલમાને ન્યાયસંગત ધર્મ યુદ્ધમાં ભાગ લેવો

→ **''ઈબ્ન ઈશાક''** એ સૌપ્રથમ **''પૈયગંબર સાહેબ''**નું જીવન ચરિત્ર લખ્યું.

→ પૈયગંબર સાહેબના જન્મ-દિવસ પર **''ઈદ-એ-મિલાદ-ઉન-નબી''** પર્વ (તહેવાર) મનાવવામાં આવે છે.

→ ભારતમાં સૌપ્રથમ ઈસ્લામનું આગમન **''અરબો''** ધ્વારા થયું. ઈ.સ. 712 માં અરબોએ સિન્ધ જીતી લીધું અને ત્યાર પછી આ ઈસ્લામ ધર્મ ભારતમાં પ્રચલિત થવા લાગ્યો.

→ **<u>નમાજ :</u>**

- (1) ફઝર (2) ઝોહર (3) અસર (4) મગરીબ (5) ઈશા

- નમાજ દરમિયાન મુસલમાન **''મક્કા''**ની બાજુ મોં કરીને ઊભા રહે છે.

→ ભારતના મુસલમાનો **''પશ્ચિમ દિશા''**માં મોં રાખીને નમાજ અદા કરે છે કારણકે મક્કા ભારતની પશ્ચિમ દિશામાં આવેલ છે.

→ મક્કા તરફની દિશાને **''કિબલા''** કહે છે.

(B) <u>ઈસાઈ ધર્મ (ખ્રિસ્તી ધર્મ)</u>

→ સંસ્થાપક - ઈસા મસીહ (ઈસુ ખ્રિસ્ત)

→ ધર્મ ગ્રંથ - બાઈબલ

→ ઈસા મસીહનો જન્મ - જેરુસેલમની નજીક બૈથલેહમ નામના સ્થળે

→ તહેવાર - **''ક્રિસમસ''** (ઈસા મસીહનો જન્મ દિવસ)

→ ઈસા મસીહના માતા - મેરી

→ ઈસા મસીહના પિતા - જોસેફ

→ ઈસા મસીહના શિષ્યો - એન્ડ્રૂસ અને પીટર

→ પોટિયસ - ઈસા મસીહને ફાસી પર ચઢાવનાર રોમના ગવર્નર

→ પવિત્ર ચિહ્ન કે ધર્મ ચિહ્ન - ક્રોસ

→ મુખ્યદેવ - લોર્ડ

→ ધર્મગુરુ - પોપ, બિશપ

→ ધર્મસ્થાન - ચર્ચ

→ મુખ્ય પંથો - રોમન કેથોલિક, પ્રોટેસ્ટન્ટ

→ મુખ્ય સિદ્ધાંત - પ્રેમ, ભ્રાતૃભાવ

→ ગોથિક - વાસ્તુકળાની એક શૈલી, આ શૈલીનો સર્વોત્તમ ઉદાહરણ, **''નાટ્રેડમ ચર્ચ''** (પેરિસ) છે.

(C) <u>જરથોસ્તી ધર્મ (પારસી ધર્મ)</u>

→ સંસ્થાપક - અષો જરથુષ્ટ

→ ઉદ્ગમ સ્થળ - ઈરાન

→ ધર્મ ગ્રંથ - ઝંદ અવેસ્તા (પૈગમ્બર જરથુષ્ટની શિક્ષાઓનું સંકલન)

→ ધર્મસ્થાન - અગિયારી

→ ભારતનું મુખ્ય તીર્થ - ઉદવાડા (ગુજરાત)

→ ધર્મચિહ્ન - અગ્નિ (આ ધર્મના અનુયાયીઓને **''અગ્નિ પૂજક''** પણ કહે છે.

→ ધર્મગુરુ - મોબેદ, દસ્તુર

→ મુખ્ય દેવ - અહુરમઝદ

→ મુખ્ય સૂત્ર - **''સદ્-વિચાર, સદ્-વચન અને સદ્-કાર્ય''**

(D) <u>અન્ય ધાર્મિક સંપ્રદાય</u>

	સંપ્રદાય	સંસ્થાપક
1.	આજીવક સંપ્રદાય (ભાગ્યવાદી)	મકખલીપુત્રગોસાલ
2.	નિયતિવાદી (આશકતવાદ)	પકુધકચ્ચાયન
3.	અનિશ્ચયવાદ (સંદેહવાદી)	સંજયબેલટ્ઠીપુત્ત
4.	ભૌતિકવાદી (ઉચ્છેદવાદ)	અજીતકેશ કમ્બલિન
5.	ઘોર અક્રિયવાદ	પુરણકશ્યપ

(E) <u>હિન્દુ ધર્મના પુનરોદ્ધારક - શંકરાચાર્ય</u>

→ જન્મ - ઈ.સ. 788

→ પિતા - શિવગુરુ

→ માતા - વિશિષ્ટાદેવી

→ મૃત્યુ - ઈ.સ. 820

→ **<u>શંકરાચાર્ય ધ્વારા સ્થાપિત મઠ :</u>**

(1) શારદાપીઠ - દ્વારકા (ગુજરાત)
(2) જ્યોતિષ પીઠ - બદ્રીનાથ (ઉત્તરાખંડ)
(3) ગોવર્ધન પીઠ - પુરી (ઓરિસ્સા)
(4) શ્રૃંગેરી પીઠ - મૈસૂર (કર્ણાટક)

★★★★★★

<u>પ્રકરણ-10 મગધ સામ્રાજ્ય</u>

→ મહાજનપદ કાળમાં શક્તિશાળી મગધ રાજ્યે પોતાનો વિસ્તાર વધાર્યો અને સમગ્ર ઉત્તર ભારત પર મગધ સામ્રાજ્ય સ્થાપ્યું.

(1) <u>બૃહદ્રથ વંશ</u>

→ મગધના સૌથી પ્રાચીન વંશના સંસ્થાપક **''બૃહદ્રથ''** હતા.

→ આમના સમયે મગધનું પાટનગર **''ગિરિવ્રજ''** (રાજગૃહ) હતું.

→ જરાસંધ બૃહદ્રથનો પુત્ર હતો. (મહાભારત અને પુરાણોમાં ઉલ્લેખ મળે છે)

→ બૌદ્ધ ગ્રંથોમાં બૃહદ્રથ વંશનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

(2) <u>હર્યક વંશ (544 ઈ.પૂ. - 412 ઈ.પૂ.)</u>

→ **<u>બિબિંસાર : (544 ઈ.પૂ. - 492 ઈ.પૂ.)</u>**

- હર્યક વંશનો સંસ્થાપક બિમ્બિસાર હતો.
- તૈ બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો.
- બિમ્બિસારે બ્રહ્મદત્તને હરાવીને **''અંગ''** રાજ્યને મગધમાં મળાવી લીધું.
- બિમ્બિસારે **''રાજગૃહ''**નું નિર્માણ કરી તેને પોતાની રાજધાની (પાટનગર) બનાવ્યું.
- મહાત્મા બુદ્ધની સેવામાં બિમ્બિસારે રાજવૈધ **''જીવક''** ને મોકળ્યા હતા.
- અવન્તિનો રાજા પ્રદ્યોત જ્યારે પાન્ડુરોગથી પીડાતો હતો ત્યારે બિમ્બિસારે જીવકને તેની સારવાર માટે મોકલ્યો હતો.
- બિમ્બિસારે વૈવાહિક સંબંધ સ્થાપિત કરીને પોતાના સામ્રાજયનો વિસ્તાર કર્યો હતો. બિમ્બિસારે કૌસલ રાજા પ્રસેનજિતની બેન **''મહાકોસલા''** થી, વૈશાલી રાજા ચેટકની પુત્રી **''ચેલ્લના''** થી અને મદ્રદેશ (આધુનિક પંજાબ)ની રાજકુમારી **''ક્ષેમા''** થી લગ્ન કર્યા હતા.
- જૈન સાહિત્યમાં બિમ્બિસારને **''શ્રેણિક''** કહેવાયો છે.
- બિમ્બિસારે **''વેલુવન''** નામનો ઉદ્યાન બુદ્ધ અને સંઘને ભેટ આપ્યો હતો.
- બિમ્બિસાર **''મહાત્મા બુદ્ધ''**નો સમકાલીન હતો.
- બિમ્બિસારની હત્યા તેના પુત્ર **''અજાતશુત્ર''**એ કરીને મગધની ગાદી પર પોતે બેસી ગયો.

→ **<u>અજાતશત્રુ : (492 ઈ.પૂ. - 460 ઈ.પૂ.)</u>**

- અજાતશત્રુને **''કુણિક''** પણ કહેવાય છે.
- અજાતશત્રુ એક સામ્રાજયવાદી શાસક હતો. તેને કોસલ, કાશી અને વજિજ સંઘ પર વિજય પ્રાપ્ત કરી હતી.
- અજાતશત્રુએ વૈશાલીના લિચ્છવીઓની સાથે થયેલ યુદ્ધમાં **''મહાશિલાકન્ટક''** અને **''રથ મૂસલ''** (આ બન્ને પત્થર ફેંકવાની મશીન હતી) નો પ્રયોગ કર્યો હતો.

→ લિચ્છવીઓના આક્રમણથી સલામતી માટે અજાતશત્રુએ પોતાના પાટનગર **''રાજગૃહ''**માં એક મજબૂત દુર્ગનું નિર્માણ કરાવ્યું હતું.

→ અજાતશત્રુનો મંત્રી **''વસ્સકાર''** હતો જેની કૂટનીતિનો પ્રયોગ અજાતશત્રુએ વજિજ સંઘ પર વિજય પ્રાપ્ત કરવા માટે કર્યો હતો.

→ અજાતશત્રુ શરૂઆતમાં **''જૈન ધર્મ''** નો અનુયાયી હતો પરન્તુ ભગવાન બુદ્ધથી મળ્યા પછી તેને **''બૌદ્ધ ધર્મ''** અંગીકાર કર્યો હતો.

→ ભરહૂત સ્તૂપની એક વેદિકાની ઉપર **''અજાતશત્રુ ભગવાન બુદ્ધની વંદના કરતા''** ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે.

→ ભગવાન બુદ્ધના અમુક અવશેષો લઈને અજાતશત્રુએ રાજગૃહમાં એક સ્તૂપનું નિર્માણ કરાવ્યું હતું.

→ અજાતશત્રુના સમયગાળામાં **''પ્રથમ બૌદ્ધ સંગીતિ''**નું આયોજન રાજગૃહની સપ્તપર્ણી ગુફામાં થયું હતું. જેમાં ભગવાન બુદ્ધની શિક્ષાઓને **''સુત્તપિટક''** અને **''વિનયપિટક''**માં સંકલન કરવામાં આવી.

→ અજાતશત્રુની હત્યા તેના પુત્ર **''ઉદયન''** (ઉદાયિન) ધ્વારા કરવામાં આવી.

→ **ઉદયન (460 ઈ.પૂ. - 444 ઈ.પૂ.) :**

- બૌદ્ધ સાહિત્યમાં ઉદયનને **''પિતૃહંતા''** બતાવવામાં આવ્યો છે.
- **''ગાર્ગી સંહિતા''** અને **''વાયુપુરાણ''**માં ઉલ્લેખ મળે છે કે ઉદયન એ ગંગા અને સોન નદીના સંગમે **''પાટલીપુત્ર''** (કુસુમપુરા) (હાલનું પટના) નામના નગરની સ્થાપના કરી હતી.
- ઉદયન એ **''પાટલીપુત્ર''** ને પોતાની રાજધાની બનાવી.
- ઉદયન **''જૈન ધર્મ''**નો અનુયાયી હતો.

→ હર્યક વંશનો છેલ્લો રાજા ઉદયનનો પુત્ર નાગદશક હતો.

(3) શિશુનાગ વંશ (412 ઈ.પૂ. - 344 ઈ.પૂ.)

→ **શિશુનાગ : (412 ઈ.પૂ. - 394 ઈ.પૂ.)**

- નાગદશકને તેના અમાત્ય (મંત્રી) શિશુનાગે 412 ઈ.પૂ.માં ગાદી પરથી હટાવીને મગધ ઉપર **''શિશુનાગ વંશ''**ની સ્થાપના કરી હતી.
- શિશુનાગે **''અવન્તિ''** અને **''વત્સ''** રાજયને મગધ સામ્રાજયમાં ભેળવી દીધું.

→ શિશુનાગે વજિજ ગણરાજયની ઉપર નિયંત્રણ સ્થાપિત કરવા માટે પાટલીપુત્રના સિવાય **''વૈશાલી''**ને પોતાની બીજી રાજધાની બનાવી હતી.

→ **કાલાશોક : (394 ઈ.પૂ. - 366 ઈ.પૂ.)**

- **''પુરાણો''** અને **''દિવ્યાવદાન''**માં કાલાશોકનું નામ **''કાકવર્ણ''** મળે છે.
- કાલાશોકે વૈશાલીની જગ્યાએ પાટલીપુત્રને ફરી મગધનું પાટનગર બનાવ્યું હતું.
- કાલાશોકના શાસન કાળમાં જ **''બીજી બૌદ્ધ સંગીતિ''**નું આયોજન કરવામાં આવ્યું હતું. અને બૌદ્ધ ધર્મ **''મહાસંધિક''** અને **''સ્થવિર''** સંપ્રદાયમાં વહેંચાઈ ગયો હતો.
- શિશુનાગ વંશનો છેલ્લો રાજા **''નંદીવર્ધન''** હતો.

(4) નંદવંશ (344 ઈ.પૂ. - 324 ઈ.પૂ.)

- શિશુનાગ વંશના છેલ્લા રાજા **''નંદીવર્ધન''**ની હત્યા કરીને **''મહાપ્રદ્મનંદે''** સત્તા સ્થાપી હતી.
- નંદવંશનો સંસ્થાપક મહાપદ્મનંદ જ હતો.
- બૌદ્ધ ગ્રંથ **''મહાબોધિવંશ''**માં તેને **''ઉગ્રસેન''** કહેવાયો છે.
- પુરાણોમાં મહાપદ્મનંદને **''સર્વક્ષત્રાન્તક''** (ક્ષત્રિયોનો નાશ કરવાવાળો), **''પૃથ્વીનો રાજા''** અને **''એકરાટ''** કહેવાયો છે.
- નંદવંશનો છેલ્લો શાસક **''ધનનંદ''** હતો.
- ધનનંદ **''સિકન્દર''**નો સમકાલીન હતો.
- ધનનંદના શાસનકાળમાં જ સિકન્દર એ 325 ઈ.પૂ. માં ભારતના પશ્ચિમી ભાગ પર આક્રમણ કર્યું હતું.
- ધનનંદના શાસનકાળ દરમિયાન જનતામાં અસંતોષનો ફાયદો ઉઠાવીને ચંદ્રગુપ્ત મૌર્ય એ ચાણકયની મદદથી મગધ પર આધિપત્ય સ્થાપિત કર્યો.

→ **અન્ય ફેકટસ :**

→ મગધ સામ્રાજયવાદની શરૂઆત **''અંગ''** મહાજનપદથી થઈ હતી. બિમ્બિસારે અહીના શાસક **''બ્રહ્મદત્ત''**ને પરાજિત કરીને અજાતશત્રુને અંગનો વાયસરાય નિમણૂંક કર્યો હતો.

→ **''ગણપૂરક''** - ગણતંત્રોની સભાની કાર્યવાહીને સંચાલિત કરનાર અધિકારી.

→ **''શલાકાગ્રાહક''** - મતોની ગણતરી કરનાર અધિકારી

→ **''રજજુગ્રાહક''** - જમીનની માપણી કરનાર અધિકારી

→ **''દ્રોણમાપક''** - અનાજના તોલમાપનું નિરીક્ષણ કરનાર અધિકારી

→ **''દુગ્ધ ધન''** - એક પ્રકારનો કર (Tax) હતો જે રાજાના પુત્રના જન્મના સમયે લેવામાં આવતો હતો.

→ **''બલિસાધક''** - કર એકત્રિત કરનાર અધિકારી

→ **''ભાગદુધ''** - કરને ખજાનામાં જમા કરનાર અધિકારી

→ **''ભાંડાગારિક''** - ખજાનાની દેખરેખ કરનાર અધિકારી

→ **''શાન''** - તાંબાનો સિક્કો

→ વત્સ મહાજનપદનો શાસક **''ઉદયન''** ભાસના **''સ્વપ્નવાસવદત્તમ''**નો નાયક (Hero) હતો.

→ યૂનાનીઓએ ધનનંદને **''અગ્રમિસ''** (Agrammes) અને **''જૈન્દ્રમીસ''** (Xandrames) કહયો હતો.

★★★★★★

પ્રકરણ-11 પ્રાચીન ભારત પર વિદેશી આક્રમણો

1. હખામની વંશ (ઈરાની આક્રમણ)

→ હખામની સામ્રાજ્યનો સંસ્થાપક **''સાયરસ-બીજો''** હતો.

→ સાયરસ - દ્વિતીયે (558 ઈ.પૂ. - 529 ઈ.પૂ.) ગૈડ્રોસિયા અથવા મકરાન (Gedrosia or Makran) ના રસ્તે ભારત પર આક્રમણ કર્યું પરંતુ તે નિષ્ફળ રહયો.

→ ડેસિયસ-પ્રથમ (દારા પ્રથમ) જે સાયરસનો ઉતરાધિકારી હતો તે ભારત જીતવામાં સફળ થયો. જેનું પ્રમાણ **''બેહૂસ્તૂન''**, **''પર્સિપોલિસ''** અને **''નકરોરૂસ્તમ''**, અભિલેખમાંથી મળે છે.

→ ગ્રીસના રાજા સિકંદરે **''દારા-તૃતીય''**ને હરાવ્યાં.

→ ઈરાનીઓના આક્રમણથી ખરોષ્ઠીલિપિ તથા અરાઈમેક લિપિનો પ્રચાર-પ્રસાર થયો, શિલાલેખ કોતરવાની પ્રથા શરૂ થઈ અને વિદેશી વેપાર વધ્યો.

2. યૂનાની આક્રમણ

→ **સિંકદર :**

- સિકંદરનો જન્મ 356 ઈ.પૂ. માં થયો હતો.
- સિકંદરના પિતાનું નામ **''ફિલિપ''** હતું, જે મકદૂનિયાનો રાજા હતો.
- સિકંદરના ગુરુ **''અરસ્તૂ''** હતા.
- ઈ.પૂ. 326 માં મકદૂનિયાના રાજા સિકંદરે (એલેકઝાંડર-ધ ગ્રેટ) ભારત પર આક્રમણ કર્યું અને **''બલ્ખ''** (બેકિટ્રયા) તથા કાબુલ જીત્યુ.
- ત્યારપછી હિન્દુકુશ પર્વત પસાર કરીને તક્ષશિલાના રાજા **''આમ્ભી''** પર આક્રમણ કર્યું પરંતુ આમ્ભીએ પહેલાંથી જ સિકંદરની સામે આત્મસમર્પણ કરી દીધું.
- સિકંદરનું સૌથી પ્રખ્યાત **''ઝેલમનું યુદ્ધ''** (વિતસ્તાનું યુદ્ધ) રાજા પોરસ અને સિકંદર વચ્ચે થયું હતું. આ યુદ્ધને **''હાઈડેસ્પીજનું યુદ્ધ''** પણ કહેવાય છે. આ યુદ્ધમાં પોરસ પરાજિત થયો હતો. પરન્તુ તેના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને સિકંદરે તેનું રાજય તેને પરત કરી દીધું અને બન્ને વચ્ચે ગાઢ મિત્રતા થઈ ગઈ હતી.
- સિકંદરનો સેનાપતિ **''સેલ્યૂકસ નિકેટર''** હતો.
- સિકંદરનો જળ-સેનાપતિ **''નિર્યાકસ''** હતો.
- સિકંદરની સેનાએ **''બિયાસ નદી''**ના પશ્ચિમી કિનારા પર પહુંચીને તેને પાર કરવાની ના પાડી દીધી. જેથી સિકંદરે સ્થળમાર્ગ ધ્વારા 325 ઈ.પૂ.માં ભારતથી પાછુ જવું પડ્યું.
- સિકંદરના ઘોડાનું નામ **''બઉકેફલા''** હતું.
- સિકંદર પાછો ફર્યો જયાં તેનું બેબિલોનમાં રસ્તે અવસાન (323 ઈ.પૂ.) થયું.

→ સિકંદરના આક્રમણના સમયે મગધ પર નંદવંશનો શાસક **''ધનનંદ''**નું શાસન હતું. જનસામાન્યમાં ધનનંદ અલોકપ્રિય હોવા છતાં તેની સૈન્ય શક્તિ પ્રબલ હતી.

→ **સિકંદરના આક્રમણની અસર :**

- સિકંદરના આક્રમણ પછી ભારત અને યૂનાન (ગ્રીસ)ની વચ્ચે વેપારી અને સાંસ્કૃતિક સંબંધ સ્થાપિત થયા.

- ભારતમાં કેટલાંક સ્થળોએ યૂનાની વસ્તીઓ સ્થાપિત થઈ જેમાં -

(1) કાબુલમાં સિકન્દરિયા શહેર

(2) ઝેલમ કિનારે બુકાફેલા (આ શહેરનું નામ સિકંદરના ઘોડાના નામ પરથી રાખવામાં આવ્યું હતું)

(3) સિન્ધમાં સિકન્દરિયા શહેર

(4) નિકૈયા શહેર (વિજયનગર)

- સિકંદરની સાથે આવેલ ઈતિહાસકારોની સામગ્રીથી આપણાને ભારતીય ઈતિહાસનો તિથિક્રમ નક્કી કરવામાં મદદ મળે છે.

- આ ઈતિહાસકારોથી આપણાને ભારતની તત્કાલીન સામાજિક અને આર્થિક સ્થિતિનીજાણ થાય છે.

- ભારતમાં યૂનાની સિક્કાઓના અનુકરણ પર **''ઉલૂક શૈલી''**ના સિક્કા બહાર પાડવામાં આવ્યા.

- ચંદ્રગુપ્ત મૌર્ય એ પણ સિકંદરના સૈન્યતંત્રની કાર્ય પ્રણાલીથી પ્રેરણા લીધી હતી.

- ભારતીય કળા (ગાંધાર કળા), સ્થાપત્ય અને શિલ્પકળા પર યૂનાની અસર જોવાં મળે છે.

- ભારતીયોને **''નક્ષત્ર શાસ્ત્ર''**નું જ્ઞાન મળ્યું.

★★★★★★

પ્રકરણ-12 મૌર્ય સામ્રાજ્ય

★ **મૌર્ય ઈતિહાસના સ્ત્રોત :**

→ કૌટિલ્ય - અર્થશાસ્ત્ર

→ મેગસ્થનીઝ - ઈન્ડિકા

→ વિશાખાદત્ત - મુદ્રારાક્ષસ

→ પુરાણોમાં - વાયુ પુરાણ અને વિષ્ણુ પુરાણ

→ બૌદ્ધ સાહિત્યમાં - દીપવંશ, મહાવંશ અને દિવ્યાવદનાન

→ જૈન સાહિત્યમાં - ભદ્રબાહુ રચિત કલ્પસૂત્ર, હેમચન્દ્ર રચિત પરિશિષ્ટ પર્વન

→ વિદેશ યાત્રીઓનું વિવરણ- હ્યુ-એન.સાંગ, ફાહિયાન, ઈત્સિંગ, નિયાર્કસ, સ્ટ્રેબો, પ્લૂટાર્ક, પ્લિની વગેરે

→ પુરાતાત્વિક સાક્ષ્ય - અશોકના અભિલેખ, રૂદ્રદામાનો જૂનાગઢ અભિલેખ, સ્તૂપ, વિહાર, મઠો, ગુફાઓ, મૌર્યકાલીન સિક્કાઓ.

★ **મૌર્ય રાજાઓ :**

1. ચન્દ્રગુપ્ત મૌર્ય (323-295 ઈ.પૂ.)

→ મૌર્ય વંશનો સંસ્થાપક ચન્દ્રગુપ્ત મૌર્ય હતો.

→ ચન્દ્રગુપ્ત મૌર્યએ પોતાના ગુરુ **''ચાણકય''** (કૌટિલ્ય કે વિષ્ણુગુપ્ત)ની મદદથી મગધના શાસક **''ધનનંદ''**ની હત્યા કરીને મગધ પર અધિકાર કરી લીધો હતો.

→ ચન્દ્રગુપ્ત કોણ હતો, કયા વંશનો હતો. આ વિષયમાં વિદ્વાનોમાં મતભેદ છે ચન્દ્રગુપ્તથી સંબંધિત ધારણાઓમાં -

(1) બ્રાહ્મણ સાહિત્ય પ્રમાણે - શૂદ્ર

(2) બૌદ્ધ અને જૈન સાહિત્ય પ્રમાણે - ક્ષત્રિય

(3) મુદ્રારાક્ષસ પ્રમાણે - વૃષભ અને કુલહીન

(4) જસ્ટિન પ્રમાણે - સાધારણ કુલમાં ઉત્પન્ન

(5) વિષ્ણુ પુરાણ પ્રમાણે - નીચ કુલમાં ઉત્પન્ન

→ ચન્દ્રગુપ્ત મૌર્યનું **''ચન્દ્રગુપ્ત''** નામથી પ્રાચીનતમ અભિલેખીય પુરાવો **''રૂદ્રદામાના જૂનાગઢ અભિલેખ''** થી મળે છે.

→ ચન્દ્રગુપ્ત મૌર્યની દક્ષિણ ભારતની વિજયના વિશે જાણકારી તમિલ ગ્રંથ **''અહનાનૂરુ''** અને **''પુરનાનુરુ''** તથા અશોકના અભિલેખોથી મળે છે.

→ 305 ઈ.પૂ.માં ચન્દ્રગુપ્ત મૌર્યે યૂનાની રાજા **''સેલ્યૂકસ નિકેટર''**ને હરાવ્યો હતો. બન્ને વચ્ચે સંધિ થઈ હતી, જેની શરતો નીચે મુજબ હતી -

(1) સેલ્યુકસે ચન્દ્રગુપ્તને **''આરકોસિયા''** (કાન્ધાર) **''એરિયના''** (કાબુલ), **''હેરાત''** અને **''મકરાન''** આપ્યા હતા.

(2) સેલ્યુકસે પોતાની પુત્રીના લગ્ન ચન્દ્રગુપ્ત સાથે કર્યા હતા.

(3) સેલ્યુકસે પોતાનો રાજદૂત **''મેગસ્થનીઝ''** ચન્દ્રગુપ્તના દરબારમાં મોકલ્યો. ત્યાં તેમને **''ઈન્ડિકા''** નામની પુસ્તકની રચના કરી.

(4) ચન્દ્રગુપ્તે સેલ્યુકસને 500 હાથી આપ્યા હતા.

→ ચન્દ્રગુપ્ત **''જૈન ધર્મ''**નો અનુયાયી હતો.

→ ચન્દ્રગુપ્ત મૌર્ય અને સેલ્યુકસની વચ્ચે થયેલ યુદ્ધનું વર્ણન **''એખિયાનસ''** એ કર્યો છે.

→ ચન્દ્રગુપ્તનું પાટનગર **''પાટલીપુત્ર''** હતું.

→ ચન્દ્રગુપ્ત મૌર્ય એ જૈન ધર્મગુરુ **''ભદ્રબાહુ''** થી જૈન ધર્મની દીક્ષા લીધી હતી અને તેમની સાથે ચન્દ્રગુપ્ત કર્ણાટકના શ્રવણબેલગોલામાં જઈને **''સલ્લેખના પદ્ધતિ''**થી પોતાના પ્રાણ ત્યજી દીધા હતા.

→ સંલેખના પદ્ધતિ એટલે ઉપવાસ ધ્વારા પોતાના પ્રાણ ત્યજી દેવા.

→ સ્ટ્રેબો અને જસ્ટિને ચન્દ્રગુપ્ત મૌર્યને **''સેન્ડ્રોકોટસ''** કહયું.

→ એરિયન અને પ્લુટાર્ક એ ચન્દ્રગુપ્તને ''એન્ડ્રોકોટસ'' કહયું.

→ વિલિયમ જોન્સે સૌથી પહેલાં આ પ્રમાણિત કર્યું કે **''સેન્ડ્રોકોટસ''** જ ચન્દ્રગુપ્ત મૌર્ય છે.

2. <u>બિન્દુસાર (298 ઈ.પૂ.- 272 ઈ.પૂ.)</u>

→ ચન્દ્રગુપ્ત મૌર્ય પછી તેનો પુત્ર - **''બિંદુસાર''** રાજગાદ્દી પર બેઠો.

→ યૂનાની લેખકોએ બિંદુસારને **''આમિત્રોકેડીઝ''** કે **''અમિત્રઘાત''** કહયો છે.

→ અમિત્રઘાત એટલે કે શત્રુઓનો નાશ કરવાવાળો.

→ વાયુપુરાણમાં બિંદુસારને **''નંદસાર''** અને **''ભદ્રસાર''** કહેવાયો છે.

→ જૈનગ્રંથોમાં બિંદુસારને **''સિંહસેન''** કહેવાયો છે.

→ બિંદુસારના સમયે બે વિદ્રોહ **''તક્ષશિલા''**માં થયા હતા. તક્ષશિલાનો પ્રથમ વિદ્રોહ અશોકે દબાવી દીધો હતો જ્યારે બીજો વિદ્રોહ દબાવી શકાયો ન હતો.

→ બિંદુસાર **''આજીવક સંપ્રદાય''**નો અનુયાયી હતો.

→ સિરિયાના રાજા **''એન્ટીઓકસે''** પોતાનો રાજદૂત તરીકે **''ડાયમેકસ''**ને બિંદુસારના દરબારમાં મોકલ્યો હતો.

→ મિસ્રના રાજા **''ટોલેમી-દ્વિતીય ફિલાડેલ્ફસે''** પોતાનો રાજદૂત તરીકે **''ડાયાનીસિયસ''**ને બિંદુસારના દરબારમાં મોકલ્યો હતો.

→ યૂનાની લેખક એથેનીયસના પ્રમાણે - બિંદુસારે સીરિયાના રાજા **''એન્ટીઓકસ-પ્રથમ''** પાસેથી ત્રણ વસ્તુઓની માંગણી કરી હતી જેમાં (1) મીઠી મદિરા (2) સૂખી અંજીર (3) તત્વચિંતક પરન્તુ એન્ટીઓકસે તેને પ્રથમ બે વસ્તુઓ જ આપી હતી.

3. <u>સમ્રાટ અશોક (272 ઈ.પૂ.- 232 ઈ.પૂ.)</u>

→ અશોકની માતાનું નામ **''શુભદ્રાંગી''** હતું જે **''ચંપા''** (અંગ)ની રાજકુમારી હતી.

→ સમ્રાટ અશોકે 272 ઈ.પૂ.માં જ રાજગાદ્દી પ્રાપ્ત કરી લીધી હતી પરન્તુ ભાઈઓમાં ઉતરાધિકાર માટે ગૃહયુદ્ધ ચાલતું હોવાથી તે બધાને હરાવીને અશોકે સત્તા મેળવી અને આમ 269 ઈ.પૂ.માં તેનું વાસ્તવિક રાજયાભિષેક થયું હતું.

→ અશોક શાસક (રાજા) બનવાથી પહેલાં **''ઉજ્જૈન''** (અવન્તિ) અને **''તક્ષશિલા''**નો ગવર્નર હતો.

→ અશોકે પોતાની રાજગાદી **''રાધાગુપ્ત''** નામના મંત્રીની મદદથી પ્રાપ્ત કરી હતી.

→ માસ્કી, ગુર્જરા, નિટૂર અને ઉદગોલમ અભિલેખમાંથી અશોકનું નામ **''અશોક''** મળે છે.

→ પુરાણોમાં **''અશોકવર્ધન''**, જૂનાગઢ અભિલેખમાં **''અશોક મૌર્ય''**, અને ભાબ્રુ અભિલેખમાં **''મગધનો રાજા''** તરીકે અશોકના નામ મળે છે.

→ અભિલેખોમાં અશોકે **''દૈવનામપ્રિય''** અને **''દેવાનામ પ્રિયદસ્સી''**ની ઉપાધિ કોતરાવી છે.

→ <u>અશોકની રાણીઓ :</u>

1.	અસંધમિત્રા	- મુખ્ય રાણી
2.	પદ્માવતી (કુણાલની માતા)	- દિવ્યાવદાનમાં ઉલ્લેખ
3.	મહાદેવી	- મહેન્દ્ર અને સંધમિત્રાની માતા
4.	કરૂવાકી	-અલ્હાબાદ અભિલેખમાં ઉલ્લેખ

		- તિવરની માતા - એકમાત્ર પત્ની જેનું નામ અભિલેખમાં ઉલ્લેખિત છે.
5.	તિષ્યરક્ષિતા	-બૌદ્ધ વૃક્ષને નુકશાન પહોંચાડયું હતું.

→ **<u>કલિંગ યુદ્ધ (261 ઈ.પૂ.) :</u>**

- મહાપદ્મનંદ એ કલિંગને જીતીને મગધ સામ્રાજયમાં મળાવ્યો હતો પરન્તુ બિંદુસારના શાસનકાળમાં કલિંગએ પોતાની સ્વતંત્રતા ઘોષિત કરી દીધી હતી.
- રાજ્યભિષેકના 8 માં વર્ષે એટલે કે 261 ઈ.પૂ.માં અશોકે કલિંગ પર આક્રમણ કર્યું હતું.
- કલિંગના **''હાથીગુમ્ફા અભિલેખ''**માં ઉલ્લેખ મળે છે કે સંભવતઃ તે સમયે કલિંગનો રાજા નંદરાજ હતો.
- આ યુદ્ધનું વર્ણન અને પરિણામ શિલાલેખ - 13 ની અંદર તેને પોતે લખ્યું છે કે ''રાજ્યાભિષેકના 8 વર્ષ પછી સમ્રાટ અશોકે કલિંગ પર વિજય પ્રાપ્ત કરી હતી. જેમાં 1,50,000 વ્યક્તિને બંદી બનાવ્યા, 1,00,000 વ્યક્તિને મારી નાખ્યા અને અસંખ્ય વ્યકિતઓને નિર્જીવ અવસ્થામાં છોડી મૂક્યા. આ યુદ્ધ પછી તેનું **''હૃદય પરિવર્તન''** થયું અને ત્યારથી અહિંસા તરફ વળ્યો તથા **''બૌદ્ધ ધર્મ''** અપનાવ્યો.
- તારાનાથ (તિબેટિયન ઈતિહાસકાર)ના પ્રમાણે અશોકે કલિંગને જીતીને ત્યાં બે અધીનસ્થ વહીવટી કેન્દ્ર સ્થાપિત કર્યા હતા. -

(1) ઉતરી કેન્દ્ર - રાજધાની (પાટનગર) **''તોસલી''** હતી.
(2) દક્ષિણી કેન્દ્ર - રાજધાની (પાટનગર) **''જૌગઢ''** હતી.

→ **<u>અશોકનો ધર્મ :</u>**

- દિવ્યાવદાન કહે છે કે અશોકનો બૌદ્ધ ધર્મની દીક્ષા **''ઉપગુપ્ત''** પાસેથી લીધી હતી.
- દીપવંશ અને મહાવંશના પ્રમાણે અશોકના શાસનકાળના ચોથા વર્ષમાં **''નિગ્રોધ''** નામના બૌદ્ધ ભિક્ષુએ બૌદ્ધ ધર્મની દીક્ષા આપી હતી. તેના પછી મોગ્ગલિપુતતિસ્સથી પ્રભાવિત થઈને તે પૂર્ણરૂપેણ બૌદ્ધ થઈ ગયો.
- ભાબ્રૂ અભિલેખથી પ્રમાણિત થાય છે કે તેનો વ્યક્તિગત ધર્મ **''બૌદ્ધ ધર્મ''** હતો. જેમાં અશોક સ્પષ્ટ રૂપથી **''બુદ્ધ, ધર્મ અને સંઘ''**નું અભિવાદન કરે છે.

→ **<u>અશોક ધ્વારા બૌદ્ધ ધર્મનો પ્રચાર:</u>**

- અશોકે બૌદ્ધ ધર્મ અપનાવ્યા પછી બૌદ્ધ ધર્મનું પ્રચાર-પ્રસાર કર્યું હતું.
- અશોક પ્રથમ સમ્રાટ હતો જેને બૌદ્ધ ધર્મને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે **''ધમ્મ મહામાત્રો''**ની નિમણૂંક કરી હતી.
- અશોકે પોતાના પુત્ર **''મહેન્દ્ર''** અને પુત્રી **''સંઘમિત્રા''**ને બૌદ્ધ ધર્મના પ્રચાર માટે **''શ્રીલંકા''** મોકલ્યા હતા.
- અશોકે પોતાના રાજ્યાભિષેકના 10 માં વર્ષે **''બોધગયા''** અને 20 માં વર્ષે **''લુમ્બિની''** યાત્રા કરી હતી. આ સ્થળોને તેને કરમુક્ત કરી દીધા અને બલિકર પણ ફકત 1/8 ભાગ લેવાનું નક્કી કર્યુ.
- અશોકે નેપાલની તરાઈનમાં આવેલ **''નિગાલીસાગર''** (નિગ્લીવા)માં **''કનકમુનિ''**ના સ્તૂપને સંવર્દ્ધિત કરાવ્યો હતો.
- અશોકે 84,000 સ્તૂપોનું નિર્માણ કરાવ્યું હતું.
- બૌદ્ધ ધર્મને **''રાજકીય ધર્મ''** (Buddhism as state Religion) બનાવ્યો.
- કૌશામ્બી, પાટલીપુત્ર, સારનાથ વગેરે સ્થળો પર બૌદ્ધવિહાર અને મઠોની સ્થાપના કરી હતી.
- **''ત્રીજી બૌદ્ધ સંગીતિ''**નું આયોજન કરાવ્યું હતું.
- તેના એક શિલાલેખમાં ઉલ્લેખ મળે છે કે ''ચોલ, પાડંય, સત્યપુત્ર, કેરળપુત્ર, તામ્રપર્ણીના સીમાન્ત રાજય, યૂનાનનો રાજા **''એન્ટિયોકસ''** અને તેના પાડોશી રાજાઓ, અશોકના ધર્મના અનુયાયી છે.

→ **<u>અશોકના અભિલેખ :</u>**

- અશોકના અભિલેખોથી અશોકનું સામ્રાજય વિસ્તાર, અશોકનો ધર્મ, વિદેશી સંબંધ, રાજ્ય વહીવટ, અશોકનું ચરિત્ર, કળા અને શિક્ષાનો પ્રસાર અને તે સમયની સામાજિક અવસ્થાની જાણકારી મળે છે.
- અશોકે **''ધમ્મ''** (ધર્મ) ને નૈતિકતાથી જોડી દીધું. આના પ્રચાર-પ્રસાર માટે તેને અભિલેખોને ઉત્કીર્ણ (કોતરાવ્યાં) કરાવ્યા હતા.

- અભિલેખોને કોતરાવાની (ઉત્કીર્ણ કરવાની) પ્રેરણા તેને ઈરાની શાસક **''દારા-પ્રથમ''** (ડેસિયસ-પ્રથમ)થી લીધી હતી.

- ભારતમાં અભિલેખનું પ્રચલન સૌપ્રથમ **''અશોક''** એ જ કર્યું હતું.

- **અશોકના અભિલેખની લિપીઓ**

	લિપિ	**અભિલેખ**
1.	અરમાઈક લિપિ	- તક્ષશિલા અને લઘમાન (કાબુલ)
2.	ખરોષ્ઠી લિપિ	- શાહબાજગઢી અને માનસેહરા
3.	અરમાઈક અને ગ્રીક (દ્વિભાષી લિપિ)	- શેર - એ - કુના (કાન્ધાર) (અફગાનિસ્તાન)
4.	બ્રાહ્મી લિપિ	- બાકીના બધા અભિલેખ, લઘુ-અભિલેખની લિપિ બ્રાહ્મી જ છે

- અશોકના અભિલેખોને ત્રણ ભાગોમાં વહેંચી શકાય છે -

(1) શિલાલેખ

(2) સ્તંભલેખ

(3) ગુહાલેખ

- અશોકના શિલાલેખની શોધ ઈ.સ. 1750 માં **''પાન ફેન્થેલર''** એ કરી હતી.

- અશોકના શિલાલેખની સંખ્યા - 14 છે.

- અશોકના અભિલેખ વાંચવામાં સફળતા (સૌપ્રથમ) ઈ.સ.1837 માં **''જેમ્સ પ્રિસેપ''**ને મળી હતી.

(1) <u>શિલાલેખ :</u>

- અશોકના શિલાલેખની સંખ્યા 14 છે જે 8 (આઠ) જુદા-જુદા સ્થળોથી મળ્યા છે.

<u>ક્રમ</u>	**<u>શિલાલેખ</u>**	**<u>વર્ષ</u>**	**<u>લિપિ</u>**	**<u>સ્થળ</u>**
1	ગિરનાર શિલાલેખ	1822	બ્રાહ્મી	સૌરાષ્ટ્ર (ગુજરાત)
2.	શાહબાજગઢી શિલાલેખ	1836	ખરોષ્ઠી	પેશાવર (પાકિસ્તાન)
3.	ધૌલી શિલાલેખ	1837	બ્રાહ્મી	પુરી (ઓરિસ્સા)
4.	કાળસી શિલાલેખ	1837	બ્રાહ્મી	દહેરાદૂન (ઉતરાખંડ)
5.	જૌગઢ	1850	બ્રાહ્મી	ગંજામ
	શિલાલેખ			(ઓરિસ્સા)
6.	માનસેહરા શિલાલેખ	1889	ખરોષ્ઠી	હજારા (પાકિસ્તાન)
7.	સોપારા શિલાલેખ	1882	બ્રાહ્મી	થાણે (મહારાષ્ટ્ર)
8.	એર્રાગુડી શિલાલેખ	1916	બ્રાહ્મી	કર્નૂલ (આંધ્રપ્રદેશ)

- અભિલેખો (શિલાલેખો)માં ઉલ્લેખિત વિષયો નીચે મુજબ છે.

<u>ક્રમ</u>	**<u>શિલાલેખ</u>**	**<u>વર્ણિત વિષય</u>**
1.	પ્રથમ શિલાલેખ	- પશુબલિનો નિષેધ અને ટીકા - સમાજમાં ઉત્સવનો નિષેધ - બધા મનુષ્યો મારી સંતાનની જેમ છે.
2.	દ્વિતીય શિલાલેખ	- માનવ ચિકિત્સા અને પશુ ચિકિત્સાની વ્યવસ્થાનું વર્ણન - લોકકલ્યાણ કારી કાર્યોનું વર્ણન - ચોલ, પાડંય, ચેર (કેરળપુત્ર), સત્તિયપુત્ર અને તામ્રપર્ણી (શ્રીલંકા)નો ઉલ્લેખ
3.	તૃતીય શિલાલેખ	- આમાં રાજકીય અધિકારીઓને આ આદેશ આપેલો છે કે તે દર પાંચમા વર્ષે નિરીક્ષણ યાત્રા કરે છે. - ધર્મ સંબંધિત નિયમોનો ઉલ્લેખ - રજજુકોની નિમણૂંક
4.	ચતુર્થ શિલાલેખ	- ભેરીઘોષની જગ્યાએ ધમ્મઘોષની ઘોષણા
5.	પાંચમો શિલાલેખ	- ધમ્મ મહામાત્રોની નિમણૂંક અને કાર્ય નિર્દેશ વિશે જાણકારી - સમાજ અને વર્ણવ્યવસ્થાનો ઉલ્લેખ
6.	છઠ્ઠો શિલાલેખ	- આમાં આત્મ-નિયંત્રણની શિક્ષા આપવામાં આવી છે. - પ્રજા હંમેશા રાજાથી મળી શકે છે.
7.	સાતમો શિલાલેખ	- બધા સંપ્રદાયો માટે સહિષ્ણુતાની વાત કરવામાં આવી છે.
8.	આઠમો	- અશોકની ધમ્મ યાત્રાઓ (તીર્થ

	શિલાલેખ	યાત્રાઓ)નું વર્ણન
9.	નવમો શિલાલેખ	- આમાં સાચી ભેટ અને સાચા શિષ્ટાચારનો ઉલ્લેખ - વિવિધ પ્રકારના સમારોહોની ટીકા
10.	દસમો શિલાલેખ	- આમાં આ આદેશ આપવામાં આવ્યો છે કે રાજા અને રાજય કર્મચારીઓએ હંમેશા પ્રજાહિતના વિશે વિચારવું જોઈએ.
11.	અગિયારમો શિલાલેખ	- ધમ્મની વ્યાખ્યા અને ખાસિયતોનું વર્ણન કરવામાં આવ્યું છે.
12.	બારમો શિલાલેખ	- આમાં મહિલા મહામાત્રો (અધિકારીઓ)ની નિમણૂંક અને બધા પ્રકારના વિચારોના સમ્માનની વાત (ધાર્મિક સહિષ્ણુતાની નીતિ) કરવામાં આવી છે.
13.	તેરમો શિલાલેખ	- કલિંગ યુદ્ધનું વર્ણન અને અશોકના હૃદય પરિવર્તનની વાત કરવામાં આવી છે. - આટવિક રાજયોનો ઉલ્લેખ - પાંચ સીમાન્ત યૂનાની રાજાઓના નામ, જ્યાં સમ્રાટ અશોકે ધર્મના પ્રચાર માટે મોકલ્યા હતા. (1) અન્તિયોક (સીરિયાનરેશ) (2) તુરમ્ય (મિશ્ર નરેશ) (3) અન્તિકિનિ (મેસીડોનિયા નરેશ) (4) અલિક સુન્દર (સિરીન નરેશ) (5) મગ (એપિરસ નરેશ)
14.	ચૌદમો શિલાલેખ	- લોકોને ધાર્મિક જીવન જીવવા માટે પ્રેરિત કર્યા

(2) <u>સ્તંભલેખ :</u>

→ અશોકના સ્તંભલેખોની સંખ્યા 7 છે, જે ફક્ત બ્રાહ્મી લિપિમાં લખવામાં આવ્યા છે. આ 6 જુદા-જુદા સ્થળોથી મળ્યા છે.

1.	પ્રયાગ સ્તંભલેખ	- આ સ્તંભ પહેલાં કૌશામ્બીમાં સ્થિત હતો. - આ સ્તંભ લેખને અકબર ધ્વારા અલ્હાબાદના કિલ્લામાં સ્થાપિત કરાવવામાં આવ્યો.
2.	લૌરિયા નંદનગઢ સ્તંભલેખ	- આ સ્તંભ લેખ ચંપારણ (બિહાર)માં આવેલો છે. - આ સ્તંભ લેખ ઉપર મોરનું ચિત્ર બનેલું છે.
3.	લૌરિયા અરેરાજ સ્તંભલેખ	- આ સ્તંભ લેખ ચંપારણ (બિહાર)માં આવેલો છે.
4.	રામપુરવા સ્તંભલેખ	- આ સ્તંભલેખ ચંપારણ (બિહાર)માં આવેલો છે. - આ સ્તંભલેખની શોધ ઈ.સ. 1872 માં **"કારલાયલ"**એ કરી હતી.
5.	દિલ્હી મેરઠ સ્તંભલેખ	- આ સ્તંભલેખ મેરઠથી દિલ્હી ફિરોજશાહ તુગલક ધ્વારા લાવવામાં આવ્યો. - આ સ્તંભલેખની શોધ ઈ.સ. 1750 માં **"ટીફેનથેલર"** ધ્વારા કરવામાં આવી.
6.	દિલ્હી ટોપરા સ્તંભલેખ	- આ સ્તંભલેખ ટોપરાથી દિલ્હી ફિરોજશાહ તુગલક ધ્વારા લાવવામાં આવ્યો. - આના પર અશોકના 7 અભિલેખોનો ઉલ્લેખ છે.

3. <u>લઘુ-શિલાલેખ :</u>

→ અશોકના લઘુ શિલાલેખોથી તેના વ્યક્તિગત જીવનની જાણકારી મળે છે.

<u>ક્રમ</u>	<u>લઘુ શિલાલેખ</u>	<u>સ્થળ</u>
1	કાન્ધાર લઘુ શિલાલેખ	અફગાનિસ્તાન
2.	એરાગુડી લઘુ શિલાલેખ	કર્નૂલ (આંધ્રપ્રદેશ)
3.	બ્રહ્મગિરિ લઘુ શિલાલેખ	બ્રહ્મગિરિ (કર્ણાટક)
4.	જટિંગ રામેશ્વર લઘુ શિલાલેખ	બ્રહ્મગિરિ (કર્ણાટક)
5.	સિદ્ધપુર લઘુ શિલાલેખ	બ્રહ્મગિરિ (કર્ણાટક)
6.	ગવિમઠ લઘુ શિલાલેખ	મૈસૂર (કર્ણાટક)
7.	રાજુલ મંડગિરિ લઘુ	કર્નૂલ (આંધ્રપ્રદેશ)

	શિલાલેખ	
8.	ગુર્જરા લઘુ શિલાલેખ	દતિયા (મધ્યપ્રદેશ)
9.	માસ્કી લઘુ શિલાલેખ	રાયચૂર (આંધ્રપ્રદેશ)
10.	રૂપનાથ લઘુ શિલાલેખ	જબલપુર (મધ્યપ્રદેશ)
11.	અહરોરા લઘુ શિલાલેખ	મિર્ઝાપુર (ઉત્તરપ્રદેશ)
12.	ભાબ્રૂ (વિરાટ) લઘુ શિલાલેખ	જયપુર (રાજસ્થાન)
13.	સાસારામ લઘુ શિલાલેખ	સાસારામ (બિહાર)
14.	પિલિકગુન્ડુ લઘુ શિલાલેખ	ગાવિમઠ (કર્ણાટક)
15.	સાઓમારો લઘુ શિલાલેખ	રાહડોલ (મધ્યપ્રેદશ)
16.	નેટટૂર સન્નાતિ લઘુ શિલાલેખ	રાયચૂર (કર્ણાટક)
17.	ઉદ્દગોલન લઘુ શિલાલેખ	વેલ્લારી (કર્ણાટક)
18.	તક્ષશિલા લઘુ શિલાલેખ	પાકિસ્તાન
19.	લમગામ લઘુ શિલાલેખ	પાકિસ્તાન

4. <u>લઘુ સ્તંભ લેખ :</u>

<u>ક્રમ</u>	<u>લઘુસ્તંભ લેખ</u>	<u>સ્થળ</u>
1.	કૌશામ્બી લઘુ સ્તંભ લેખ	કૌશામ્બી (અલ્હાબાદ)
2.	રાણીનો લઘુ સ્તંભ લેખ	અલ્હાબાદ (ઉત્તરપ્રદેશ)
3.	સારનાથનો લઘુ સ્તંભ લેખ	વારાણાસી (ઉત્તરપ્રદેશ)
4.	સાંચીનો લઘુ સ્તંભ લેખ	રાયસેન (મધ્યપ્રદેશ)
5.	રૂમ્મિનદેઈ લઘુ સ્તંભ લેખ	નેપાળ
6.	નિગ્લીવા લઘુ સ્તંભ લેખ	નેપાળ

5. <u>રાણીનો લેખ :</u>

→ અશોકની રાણી **"કારૂવાકી"**નો ઉલ્લેખ

→ કારૂવાકીના પુત્ર **"તિવર"**નો ઉલ્લેખ

→ કારૂવાકી ધ્વારા કરવામાં આવેલ દાનનો ઉલ્લેખ

→ એકમાત્ર પત્ની જેનું નામ અભિલેખમાં મળે છે.

→ આ રાણીનો લેખ અલ્હાબાદમાં આવેલો છે.

→ આ કૌશામ્બી અભિલેખ તરીકે પણ ઓળખાય છે.

★ **<u>મૌર્યકાળનું વહીવટ :</u>**

→ મૌર્ય સામ્રાજ્યનું વહીવટ કેન્દ્રીયકૃત (Centralised) હતું, પરન્તુ રાજા પોતાના અધિકારોના પ્રત્યે નિરકુંશ ન હતો.

→ બધા અધિકાર અને શક્તિઓ રાજાની પાસે હતી.

→ રાજા સામ્રાજ્યના બધા મહત્વપૂર્ણ પદો પર યોગ્ય વ્યક્તિઓની નિમણૂંક કરતો હતો.

→ કૌટિલ્યે રાજ્યના સપ્તાંગ સિદ્ધાંતના સાત અંગ બતાવ્યા છે જેમાં (1) રાજા (2) અમાત્ય (3) જનપદ (4) દુર્ગ (5) કોષ (6) દંડ (7) મિત્ર

→ કૌટિલ્યના પ્રમાણે રાજાને સલાહ આપવા માટે બે સભાઓ હતી - (1) મંત્રીસભા (2) મંત્રીપરિષદ

→ મંત્રિસભામાં સભ્યોની સંખ્યા 3 થી 12 ની વચ્ચે હતી, જ્યારે મંત્રીપરિષદમાં સભ્યોની સંખ્યા 12, 16 કે 20 ની વચ્ચે હતી.

→ મંત્રીપરિષદના સભ્યોની પસંદગીમા તેમના ચરિત્રની પહેલાં તપાસ કરવામાં આવતી હતી, જેને **"ઉપધા પરીક્ષણ"** કહે છે.

→ ચન્દ્રગુપ્ત મૌર્ય પોતાનું શાસર ચાર પ્રાંત (ચક્ર)માં વિભાજીત કર્યુ હતું જેમાં અશોકે એક ચક્ર (પ્રાંત) ઉમેર્યું હતું.

<u>ક્રમ</u>	<u>પ્રાંત (ચક્ર)</u>	<u>રાજધાની (પાટનગર)</u>	<u>ક્ષેત્ર</u>
1	ઉતરાપથ	તક્ષશિલા	- કમ્બોજ, ગાંધાર, કાશ્મીર, પંજાબ અને અફગાનિસ્તાનના ક્ષેત્ર
2.	અવન્તિરાષ્ટ્ર	ઉજ્જયિની (ઉજ્જૈન)	- સૌરાષ્ટ્ર, માળવા, રાજપૂતાના અને ગુજરાતના ક્ષેત્ર
3.	દક્ષિણાપથ	સુવર્ણગિરિ	- વિન્ધ્યાચલ પર્વતની દક્ષિણના બધા ક્ષેત્ર
4.	કલિંગ (પ્રાચ્ય)	તોસાલી	- ઓરિસ્સાનું ક્ષેત્ર
5.	મધ્ય પ્રાંત	પાટલીપુત્ર	- ઉતરપ્રદેશ, બિહાર અને બંગાલનું ક્ષેત્ર

→ વહીવટી માળખું :

સામ્રાજ્ય

↓

પ્રાંત

↓

વિષય કે આહાર

↓

સ્થાનીય (800 ગામનો સમૂહ)

↓

દ્રોણમુખ (400 ગામોનો સમૂહ)

↓

ખાર્વાટિક (200 ગામોનો સમૂહ)

↓

સંગ્રહણ (100 ગામોનો સમૂહ)

↓

ગોપ (10 ગામોનો સમૂહ)

↓

ગામ (વહીવટનું સૌથી નાનું એકમ)

★ **અર્થશાસ્ત્રમાં વર્ણિત તીર્થ (અધિકારીઓ) :**

→ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં મંત્રીઓ માટે **''તીર્થ''** શબ્દ વાપરવામાં આવ્યો છે, જેમની સંખ્યા 18 બતાવવામાં આવી છે.

ક્રમ	તીર્થ (અધિકારી)	સંબધિત વિભાગ
1.	મંત્રી	વડાપ્રધાન (પ્રધાનમંત્રી)
2.	પુરોહિત	ધર્મ અને દાન વિભાગનો પ્રધાન (મંત્રી)
3.	સેનાપતિ	સૈન્ય વિભાગનો મંત્રી
4.	યુવરાજ	રાજાનો ઉતરાધિકારી
5.	અન્તપાલ	સીમાવર્તી દુર્ગોનો રક્ષક
6.	દુર્ગપાલ	રાજકીય દુર્ગ રક્ષકોનો અધ્યક્ષ
7.	દંડપાલ	પોલીસ વિભાગનો અધ્યક્ષ
8.	મંત્રિપરિષદાધ્યક્ષ	પરિષદનો અધ્યક્ષ
9.	કર્માન્તિક	ઉદ્યોગો અને કારખાનાઓનો અધ્યક્ષ
10.	નાયક	નગર રક્ષાનો અધ્યક્ષ
11.	વ્યાવહારિક	પ્રમુખ ન્યાયાધીશ
12.	પૌર (નાગરક)	નગર કોટવાલ અથવા નગરનો મુખ્ય અધિકારી
13.	પ્રદેષ્ટ્રા	કમિશનર/ફોજદારી ન્યાયાલયનો ન્યાયાધીશ
14.	દૌવારિક	રાજ મહેલોની દેખરેખ કરનાર અધિકારી
15.	અન્તર્વેદિક	અન્તઃપુરનો અધ્યક્ષ
16.	સમાહર્તા	નાણામંત્રી/રાજસ્વ વિભાગનો પ્રધાન
17.	સન્નિધાતા	રાજકીય કોષધ્યક્ષ
18.	પ્રશાસ્તા	કારાગારનો અધ્યક્ષ

★ **અધ્યક્ષ:**

→ મંત્રી પરિષદના નીચે દ્વિતીય શ્રેણીના પદાધિકારી હોય છે, તેમને **''અધ્યક્ષ''** કહે છે.

→ અર્થશાસ્ત્રમાં 26 અધ્યક્ષોનો ઉલ્લેખ મળે છે.

ક્રમ	અધ્યક્ષના નામ	સંબધિત વિભાગ
1.	પણ્યાધ્યક્ષ	વેપાર-વાણિજ્યનો અધ્યક્ષ
2.	વિવિતાધ્યક્ષ	ગોચરનો અધ્યક્ષ
3.	આકરાધ્યક્ષ	ખાણોનો અધ્યક્ષ
4.	સીતાધ્યક્ષ	રાજકીય કૃષિ વિભાગનો અધ્યક્ષ
5.	શુલ્કાધ્યક્ષ	સીમા શુલ્ક અને જકાત નિયંત્રક
6.	પૌતવાધ્યક્ષ	માપ-તોલનો અધ્યક્ષ
7.	લક્ષણાધ્યક્ષ	મુદ્રા તેમજ ટંકસાળનો અધ્યક્ષ
8.	સૂત્રાધ્યક્ષ	કપાસ, કાંતણી, કાપડ બનાવનાર ઉદ્યોગ સંચાલન કરનાર
9.	મુદ્રાધ્યક્ષ	પાસપોર્ટ વિભાગનો અધ્યક્ષ
10.	લવણાધ્યક્ષ	મીઠું (salt) અધિકારી
11.	ગણિકાધ્યક્ષ	વૈશ્યાઓના નિરીક્ષક
12.	સંસ્થાધ્યક્ષ	વ્યાપારિક માર્ગોનો અધ્યક્ષ
13.	સૂનાધ્યક્ષ	બૂચડખાનાનો અધ્યક્ષ

★ **વહીવટી સમિતિ અને તેના કાર્યો :**

→ મૌર્યકાળમાં પ્રમુખ નગરોનું વહીવટ નગરપાલિકા ધ્વારા ચલાવવામાં આવતું હતું.

→ મેગસ્થનીઝ એ પાટલીપુત્રના શાસન માટે 30 સભ્યો વાળી 6 સમિતિઓનું વર્ણન કર્યુ છે.

ક્રમ	સમિતિ	કાર્ય
1.	પ્રથમ સમિતિ	ઉદ્યોગ અને શિલ્પ કાર્યનું નિરીક્ષણ
2.	બીજી સમિતિ	વિદેશીઓની દેખરેખ
3.	ત્રીજી સમિતિ	જન્મ-મરણનું વિવરણ રાખવું
4.	ચોથી સમિતિ	વેપાર-વાણિજ્યની દેખરેખ
5.	પાંચમી સમિતિ	ઉત્પાદિત વસ્તુઓના વેચાણનું નિરીક્ષણ
6.	છઠ્ઠી સમિતિ	વેચાણ કર વસૂલ કરવો.

★ **ગુપ્તચર :**

→ રાજકર્મચારીઓના ભ્રષ્ટાચારની જાણકારી પ્રાપ્ત કરવા માટે ગુપ્તચરોની નિમણૂંક કરવામાં આવતી હતી.

→ ગુપ્તચર વિભાગનો પ્રમુખ - **''મહામાત્યાપસર્પ''**

→ યૂનાની લેખક ગુપ્તચર વિભાગના અધ્યક્ષ (પ્રમુખ)ને **''ઓવરસિયર્સ''** કહે છે.

→ કૌટિલ્ય તેમને **''ગૂઢપુરુષ''** કહે છે.

→ અર્થશાસ્ત્રમાં બે પ્રકારના ગુપ્તચરોનો ઉલ્લેખ છે -

(1) સંચાર - ફરીને સૂચના એકત્રિત કરનાર

(2) સંસ્થા - એક જ સ્થળે રહીને સૂચના એકત્રિત કરનાર

→ નરગુપ્તચરોને **''સન્તી'', ''તિષ્ણા'', ''સરદ''** તથા નારી ગુપ્તચરોને **''વૃષલી'', ''ભિક્ષુકી'', ''પરિવ્રાજક''** કહેવાતા હતા.

★ **<u>મૌર્યકાલીન પ્રમુખ કરો :</u>**

<u>ક્રમ</u>	<u>કર</u>	<u>સ્ત્રોત</u>
1.	ગુલ્મ કર	સૈનિક કર
2.	નિષ્ક્રમય કર	નિકાસ કર
3.	પ્રવેશ્ય કર	આયાત કર
4.	વર્તની	ટોલ ટેકસ (પથ પર)
5.	વિષ્ટિ	શ્રમ કર
6.	રજ્જુ	જમીન માપણીના સમયે લેવાતો કર
7.	વિવીત	પશુઓની સલામતી માટે લેવાતો કર
8.	ઉદક ભાગ	સિંચાઈ કર
9.	વારિકા દૈય	આવકવેરો
10.	બલિ	એક પ્રકારનો ભૂરાજસ્વ
11.	પ્રણય	ઈમરજન્સી વેરો

★ **<u>મૌર્યકાળની સામાજિક સ્થિતિ :</u>**

→ મેગસ્થનીઝ એ ભારતીય સમાજને 7 જાતિઓમાં વહેંચી હતી -

(1) દાર્શનિક (તત્વચિતંક) (2) ખેડૂત (3) કારીગર કે શિલ્પી (4) સૈનિક (5) નિરીક્ષક (6) સભાસદ (7) અહીર (પશુચારક)

→ અશોકના અભિલેખો, મેગસ્થનીઝની ઈન્ડિકા અને કૌટિલ્યના અર્થશાસ્ત્રથી મૌર્યકાળની સામાજિક સ્થિતિના વિશે જાણકારી મળે છે.

→ મૌર્યકાળમાં વિવાહ (લગ્ન)ના આઠેય પ્રકાર પ્રચલિત હતા અને તલાક અને પુનર્વિવાહનું પણ પ્રચલન હતું.

→ દાસોને મિલકત રાખવાનો અને વેચવાનો અધિકાર હતો.

→ કૌટિલ્યએ અર્થશાસ્ત્રમાં 9 પ્રકારના દાસોનો ઉલ્લેખ કર્યો છે.

★ **<u>અન્ય ફેક્ટ્સ :</u>**

→ અર્થશાસ્ત્રમાં ઉલ્લેખિત મુદ્રા (ચલણ) નીચે મુજબ હતી -

1.	સુવર્ણ	- સોનાનો સિક્કો
2.	શતમાન	- ચાંદીનો સિક્કો
3.	પણ, કર્પાપણ	- ચાંદીનો સિક્કો
4.	માષક	- તાંબા અને ચાંદીનો સિક્કો
5.	કાકણી	- તાંબાનો સિક્કો

→ **''કંટકશોધન''** - ફોજદારી અને **''ધર્મસ્થીય''** - દીવાની કોર્ટો હતી.

→ અશોક **''શિવ''**નો ઉપાસક હતો તેમણે કાશ્મીરમાં **''શ્રીનગર''**ની સ્થાપના કરી હતી.

→ સારનાથમાં આવેલ સ્તંભાકૃતિ **''ભારતીય મુદ્રા''** તરીકે અપનાવેલી છે.

→ સમ્રાટ અશોકે પોતાનો અલગ ધર્મ **''ધમ્મ''** શરૂ કર્યો.

→ અશોકના ધમ્મનું મૂળ લક્ષ્ય **''સ્વર્ગની પ્રાપ્તિ''** હતું.

→ અશોકે તેમના રાજ્યાભિષેકના 14 માં વર્ષે ધર્મ પ્રસાર માટે **''ધમ્મ મહામાત્ર''**નું પદ રચ્યું.

→ અશોકે **''આજીવક સંપ્રદાય''**ના રહેવા માટે **''બરાબરની ટેકરીઓ''**માં ચાર ગુફાઓ ((1) કર્જ (2) ચોપાર (3) સુદામા (4) વિશ્વ ઝોપડી) નું નિર્માણ કરાવ્યું હતું.

→ અશોકના પૌત્ર (પુત્રનો પુત્ર) **''દશરથ''** એ **''આજીવક સંપ્રદાય''**ને **''નાગાર્જુન ગુફા''** પ્રદાન કરી હતી.

→ અશોકનો સૌથી નાનો લઘુ સ્તંભલેખ **''રૂમ્મિનદેઈ''** છે. આમાં જ લુમ્બિનીમાં **''ધમ્મયાત્રા''** (ધર્મયાત્રા)ની દરમિયાન અશોક દ્વારા ભૂ-રાજસ્વ (જમીનવેરો)નો દર ઓછી કરવાની ઘોષણા કરવામાં આવી છે.

→ અશોકનો **''સાતમો અભિલેખ''** સૌથી લાંબો છે.

→ વેચાણવેરાના રૂપે કિંમતનો દસમો ભાગ વસૂલવામાં આવતો હતો, જેની ચોરી કરનારને **''મૃત્યુદંડ''** આપવામાં આવતો.

→ મેગસ્થનીઝના પ્રમાણે **"એગ્રોનોમોઈ"** - માર્ગ નિર્માણ અધિકારી હતો.

→ **"નાયક"** - યુદ્ધ ક્ષેત્રમાં સેનાનું નેતૃત્વ કરનાર અધિકારી

→ મેગસ્થનીઝના પ્રમાણે મૌર્ય સેનાની સંભાળ 5 સભ્યોવાળી, 6 સમિતિઓ કરતી હતી -

	સમિતિ	**કાર્ય**
1.	પ્રથમ સમિતિ	- જળસેના (NAVY) ની વ્યવસ્થા
2.	બીજી સમિતિ	- પરિવહન અને ખાન-પાન (રસદ)ની વ્યવસ્થા
3.	ત્રીજી સમિતિ	- થળસેના વાળા સૈનિકો (Army) ની વ્યવસ્થા
4.	ચૌથી સમિતિ	- અશ્વારોહીઓની સેનાની દેખરેખ
5.	પાંચમી સમિતિ	- હાથીસેના (ગજસેના)ની દેખરેખ
6.	છઠ્ઠી સમિતિ	- રથસેનાની દેખરેખ

→ અશોકના સમયે જનપદીય ન્યાયાલય (કોર્ટ)ના ન્યાયાધીશ (Judge) ને **"રાજુક"** કહેતા હતા.

→ સરકારી જમીનને **"સીતા"** કહેતા હતા.

→ **"અદેવમાતૃક"** - એવી જમીન જેમાં વરસાદ વગર પણ સારી ખેતી (સારોપાક) થતી હોય.

→ **"રૂપાજીવા"** - સ્વતંત્ર વેશ્યાવૃત્તિને સ્વીકારવા વાળી મહિલા.

→ નંદવંશના વિનાશ કરવામાં ચન્દ્રગુપ્ત મૌર્ય **"કાશ્મીરના રાજા પવર્તક"**થી મદદ પ્રાપ્ત કરી હતી.

→ મૌર્ય વંશનો છેલ્લો શાસક **"બૃહદ્રથ"** હતો જેની હત્યા તેના સેનાપતિ **"પુષ્પમિત્ર શુંગ"** એ કરીને મગધમાં **"શુંગવંશ"**ની સ્થાપના કરી હતી.

→ અશોકે પોતાની પુત્રી **"ચારુમતી"** માટે નેપાળમાં **"દેવપત્તન"** નામનું નગર વસાવ્યું.

→ **"પ્રવહણ"** - સામૂહિક સમારોહ

→ **"રાજતરંગિણી"** પુસ્તક પ્રમાણે **"અશોક શૈવ (શિવપૂજક) હતો."**

→ ચન્દ્રગુપ્ત મૌર્યના ગવર્નર **"પુષ્યગુપ્તે"** જુનાગઢ (ગિરનાર)ના **"સુદર્શન સરોવર"** નું નિર્માણ કરાવ્યું હતું.

→ પુરાણોમાં કૌટિલ્યને **"દ્વિજર્ષભ"** (શ્રેષ્ઠ બ્રાહ્મણ) કહેવાયો છે.

→ **"સાર્થવાહ"** - વેપારી શ્રેણીઓનો પ્રધાન (અધ્યક્ષ)

→ **"મૈગસ્થનીઝ"** અને **"સ્ટ્રેબો"** પ્રમાણે **"ભારતમાં દાસ ન હતા."**

→ **"અલ્હાબાદ સ્તંભ લેખ"** પર નીચે મુજબના શાસકો (રાજાઓ)ના અભિલેખ કોતરેલા છે -

(1) રાણીનો લેખ
(2) કૌશામ્બી આજ્ઞા લેખ
(3) સમુદ્રગુપ્તની પ્રયાગ પ્રશસ્તિ
(4) બીરબલનો અભિલેખ
(5) જહાંગીરનો અભિલેખ

★★★★★★

પ્રકરણ-13 મૌર્યોત્તર કાળ

1. શુંગ વંશ (184 ઈ.પૂ.- 73 ઈ.પૂ.)

→ શુંગકાળના ઈતિહાસની જાણકારીના સ્ત્રોત નીચે મુજબ છે -

(1) કાલિદાસની **''માલવિકાગ્નિમિત્રમ્''**

(2) પતંજલિની **''મહાભાષ્ય''**

(3) બાણની **''હર્ષચરિત''**

(4) પુરાણ

(5) બૌદ્ધ ગ્રંથ **''દિવ્યાવદાન''**

★ **પુષ્પમિત્ર (184 ઈ.પૂ.- 149 ઈ.પૂ.) :**

→ પુષ્પમિત્ર શુંગ એક મૌર્ય સેનાપતિ હતો, જેણે છેલ્લા મૌર્ય સમ્રાટ **''બૃહદ્રથ''**ની હત્યા કરીને 184 ઈ.પૂ.માં શુંગ વંશની સ્થાપના કરી હતી.

→ પુષ્પમિત્ર શુંગે પાટલીપુત્રની જગ્યાએ **''વિદિશા''** (ઉજ્જયિની)ને પોતાની રાજધાની (પાટનગર) બનાવી હતી.

→ પુષ્પમિત્ર શુંગ **''બ્રાહ્મણ ધર્મ''**નો સમર્થક હતો.

→ **''મહાભાષ્ય''** ગ્રંથના રચયિતા **''પતંજલિ''** પુષ્પમિત્ર શુંગના પુરોહિત હતા.

→ પુષ્પમિત્રે પોતાના પુરોહિત પતંજલિની મદદથી **''બે''** વખત **''અશ્વમેધ યજ્ઞ''** કર્યો.

→ પુષ્પમિત્ર શુંગે અશોક ધ્વારા નિર્મિત 84000 સ્તૂપોનો નાશ કર્યો હતો.

→ આ સમયમાં **''સંસ્કૃત''** ભાષાનું પુનરૂત્થાન થયું.

→ **''ભરહૂત સ્તૂપ''**નું નિર્માણ પુષ્યમિત્ર શુંગે કરાવ્યું હતું.

★ **અગ્નિમિત્ર (148 ઈ.પૂ.- 140 ઈ.પૂ.) :**

→ પુષ્યમિત્ર શુંગનો ઉતરાધિકારી અગ્નિમિત્ર હતો.

→ કાલિદાસની રચના **''માલવિકાગ્નિમિત્રમ્''** અગ્નિમિત્ર શુંગના જીવન પર આધારિત નાટય રચના છે.

★ **વસુમિત્ર (133 ઈ.પૂ.- 123 ઈ.પૂ.) :**

→ અગ્નિમિત્રના પુત્ર **''વસુમિત્ર''** એ ઈન્ડો-ગ્રીક શાસક **''મિનાન્ડર''**ને પરાજિત કર્યો હતો.

→ આ શંગ વંશનો ચોથો શાસક હતો.

★ **ભાગવત (114 ઈ.પૂ.- 83 ઈ.પૂ.) :**

→ આ શુંગ વંશનો નવમો શાસક હતો.

→ આ શાસનકાળમાં જ યવન રાજદૂત **''હેલિયોડોરસ''** એ **''ભાગવત ધર્મ''** ગ્રહણ કરી **''વિદિશા''** (બેસનગર)માં **''ગરુડ સ્તંભ''**નું નિર્માણ કરાવ્યું હતું.

★ **દેવભૂતિ (83 ઈ.પૂ.- 73 ઈ.પૂ.) :**

→ શુંગ વંશનો છેલ્લો રાજા દેવભૂતિ હતો.

→ દેવભૂતિની હત્યા તેના સેનાપતિ **''વસુદેવ''** એ કરીને **''કણ્વ વંશ''**ની સ્થાપના કરી હતી.

★ **અન્ય ફેક્ટ્સ :**

→ શુંગ વંશના શાસનકાળમાં મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ અને વિષ્ણુ સ્મૃતિ ગ્રંથોની રચના થઈ.

→ શુંગ વંશના શાસનકાળમાં પતંજલિએ **''અષ્ટાધ્યાયી''** પર ટીકા **''મહાભાષ્યમ્''** લખી હતી.

→ મથુરાના **''મોર''** નામના સ્થળેથી સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન, સામ્બ અને અનિરુદ્ધની મૂર્તિઓ સ્થાપિત કરવાનો ઉલ્લેખ મળે છે.

→ સાંચી સ્તૂપનો પ્રવેશ દ્વાર અને બોધગયાના સ્તૂપની ચારેય બાજુ પત્થરની વેદિકા શુંગ વંશના શાસનકાળમાં જ બનાવવામાં આવી હતી.

2. કણ્વ વંશ (75 ઈ.પૂ.- 30 ઈ.પૂ.) :

→ શુંગવંશના દેવભૂતિની હત્યા કરીને વાસુદેવ એ **''કણ્વવંશ''**ની સ્થાપના કરી હતી.

→ કણ્વ વંશનો છેલ્લો રાજા **''સુશર્મા''** હતો.

3. ચેદિ વંશ

→ ચેદિ વંશનો સંસ્થાપક મહામેઘવાહન હતો.

→ પ્રખ્યાત કલિંગ શાસક **''ખારવેલ''** ચેદિ વંશનો હતો.

→ ખારવેલ **''જૈન ધર્મ''**નો અનુયાયી હતો.

→ ખારવેલે ભુવનેશ્વરની પાસે ઉદયગિરીની ટેકરીઓમાં **''હાથીગુમ્ફા અભિલેખ''** કોતરાવ્યો હતો.

→ વસ્તી ગણતરી કરાવવાનો પ્રથમ અભિલેખીય પુરાવો (સાક્ષ્ય) ખારવેલના હાથીગુમ્ફા અભિલેખથી મળે છે.

→ ખારવેલનો રાજ્યાભિષેક 28 ઈ.પૂ.માં થયો હતો અને તેને **''કલિંગાધિપતિ''** અને **''કલિંગ ચક્રવર્તી''**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ **''મહારાજા''** ઉપાધિનો પ્રાચીનતમ ઉલ્લેખ **''હાથીગુમ્ફા અભિલેખ''**માં મળે છે.

→ નંદવંશનો ઉલ્લેખ કરવાવાળો આ પ્રથમ અભિલેખ છે.

→ ખારવેલે મગધ શાસક બૃહસ્પતિ મિત્રને પરાજિત કરી જૈન તીર્થંકર **''શીતલનાથ''**ની મૂર્તિને કલિંગમાં પરત લાવ્યો હતો.

→ ખારવેલે ઉદયગિરિ પર્વત પર જૈન સંતોના નિવાસ માટે ગુફાઓનું નિર્માણ કરાવ્યું હતું.

4. <u>સાતવાહન વંશ (આંધ્ર વંશ)</u>

→ સાતવાહન વંશની સ્થાપના **''સિમુક''**એ કરી હતી.

→ સાતવાહન શાસકોએ પોતાની રાજધાની (પાટનગર) **''પૈઠન''** અથવા **''પ્રતિષ્ઠાન''**માં સ્થાપિત કરી હતી.

→ પ્રથમ સદી ઈ.પૂ.માં સાતવાહનો એ દક્ષિણ ભારતમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી.

→ **''પ્રતિષ્ઠાન''** આંધ્રપ્રદેશના ઔરંગાબાદ જીલ્લામાં છે.

→ સાતવાહનોને **''આન્ધ્રભૃત્ય''** પણ કહેવાય છે.

→ સાતવાહન શાસક **''શાતકર્ણી પ્રથમ''** એ **''દક્ષિણાધિપતિ''** અને **''અપ્રતિહતચક્ર''**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ શાતકર્ણી પ્રથમ એ બે **''અશ્વમૈધ યજ્ઞ''** અને એક **''રાજસૂય યજ્ઞ''** કર્યા હતા.

→ સાતવાહન શાસક **''હાલ''** એ પ્રાકૃત ભાષામાં **''ગાથા સપ્તશતી''** નામની પુસ્તક લખી હતી.

→ હાલના દરબારમાં **''બૃહદકથા''**ના રચયિતા **''ગુણાઢય''** અને **''કાતંત્ર''**ના રચયિતા **''સર્વવર્મન''** જેવા મહાનુભાવો હતા.

→ ગૌતમીપુત્ર શાતકર્ણીની માતાનું નામ **''ગૌતમી બલશ્રી''** હતું.

→ ગૌતમીપુત્ર શાતકર્ણી એ શક શાસક **''નહપાન''**ને પરાજિત કર્યો હતો.

→ ગૌતમીપુત્ર શાતકર્ણીએ નાસિક જીલ્લામાં **''વૈણાકટક''** નામનું નગર વસાવ્યું હતું.

→ ગૌતમીપુત્ર શાતકર્ણીએ સાતવાહન શક્તિને ગુજરાત અને રાજપૂતાના સુધી પહોંચાડી હતી.

→ વરિષ્ઠીપુત્ર પુલુમાવી એકમાત્ર શાસક છે જેનો ઉલ્લેખ **''અમરાવતી''** થી પ્રાપ્ત અભિલેખમાં થયો છે.

→ આના શાસનકાળમાં **''અમરાવતીના સ્તૂપ''** નો પુનરુદ્ધાર થયો હતો.

→ સાતવાહન શાસકોએ **''ચાંદી, તાંબુ, સીસુ, પોટીન અને કાંસા''**ની મુદ્રાઓ (સિક્કાઓ) ચલાવ્યા હતા.

→ બ્રાહ્મણોને **''ભૂમિ-અનુદાન''** (જમીન દાનમાં આપવી) આપવાની પ્રથાની શરૂઆત સૌપ્રથમ **''સાતવાહન શાસકો''** એજ કરી હતી.

→ સાતવાહનોની ભાષા **''પ્રાકૃત''** અને લિપિ **''બ્રાહ્મી''** હતી.

→ સાતવાહનોનો સમાજ **''માતૃસત્તાત્મક''** હતો.

→ સાતવાહન શાસકોને **''દક્ષિણાપથના સ્વામી''** કહેવાય છે.

→ સાતવાહન રાજ્યએ ઉતર ભારત અને દક્ષિણ ભારતની વચ્ચે **''સેતુ''** (પુલ)નું કામ કર્યું.

→ સાતવાહનકાલીન સમાજ ચાર ભાગોમાં વહેંચાયેલો હતો -

(1) પ્રથમ વર્ગમાં - મહારથી, મહાભોજ અને મહાસેનાપતિ સામેલ હતા.

(2) બીજા વર્ગમાં - અમાત્ય (મંત્રી વગેરે), વેપારી વગેરે

(3) ત્રીજા વર્ગમાં - લેખક, કલાર્ક, વૈદ્ય, ખેડૂત, સોની અને ગન્ધિક (દવા (ઔષધી) વેચનાર) વગેરે

(4) ચોથા વર્ગમાં - વણકર, માળી, લુહાર અને માછીમાર વગેરે સામેલ હતા.

→ સાતવાહન શાસકો, રાજાના દેવી સિદ્ધાંતમાં વિશ્વાસ કરતા ન હતા.

→ સામ્રાજય, **''જનપદો''**, **''અહારો''** અને **''ગામો''**માં વિભાજિત હતો.

→ **''સોપારા''** અને **''કલ્યાણ''** તે સમયના સૌથી મહત્વપૂર્ણ બંદર હતા.

→ દક્ષિણમાં મળેલ બધી બૌદ્ધ ગુફાઓ સાતવાહન કાળની જ છે.

→ બૌદ્ધ ગુફાઓ બે પ્રકારની હતી -

(1) ચૈત્યગૃહ - મંદિર

(2) લયન - ભિક્ષુઓનું નિવાસસ્થળ

→ **''ગૌલ્મિક''** - જનજાતીય ક્ષેત્રોનો વહીવટી અધિકારી

→ **''હેરેનકા''** - ખજાનચી

→ **''ભૂમિ અનુદાન''**નો પ્રથમ પુરાવો (સાક્ષ્ય) સાતવાહન કાળ (નાગાનિકાનો નાનાઘાટ ગુફાલેખ) થી મળે છે.

→ **"अमात्य"** શબ્દનો પ્રથમ અભિલેખીય સાક્ષ્ય (પુરાવો) સાતવાહન કાળથી મળે છે જ્યારે સાહિત્યિક સાક્ષ્ય **"अर्थशास्त्र"**માં

(5) <u>ઈન્ડો-ગ્રીક આક્રમણ</u>

→ ભારત પર આક્રમણ કરવાવાળા વિદેશી આક્રમણકારીઓનો ક્રમ છે -

(1) ઈન્ડો-ગ્રીક (બૈક્ટ્રિયન)
(2) શક (સીથિયન)
(3) પહલવ (પાર્થિયન)
(4) કુષાણ (યૂ-ચી)

→ મૌર્યકાળ પછી ભારત પર ફરી ગ્રીકોનું આક્રમણ થયું. આ સમયે આક્રમણકારી **"ડેમેટ્રિયસ-પ્રથમ"** હતો.

→ ડેમેટ્રિયસે ભારત પર આક્રમણ કરી અફગાનિસ્તાન, પંજાબ અને સિન્ધ પર પોતાનો અધિકાર જમાવી લીધો.

→ આને **"साकल"** (સિયાલકોટ) ને પોતાની રાજધાની (પાટનગર) બનાવી.

→ ઈન્ડો-ગ્રીક શાસકોમાં સૌથી વધુ પ્રખ્યાત **"मिनान्डर"** હતો. આની રાજધાની સાકલ શિક્ષાનો પ્રમુખ કેન્દ્ર હતું.

→ મિનાન્ડર એ **"नागसेन"** (નાગાર્જુન)થી બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી હતી.

→ મિનાન્ડરના સવાલ અને નાગસેનના જવાબ એક પુસ્તકમાં સંકલિત છે જેનું નામ **"मिलिन्दपन्हो"** છે.

→ મિલિન્દપન્હો એટલે કે મિલિન્દના પ્રશ્નો.

→ મિનાન્ડરને **"એશિયાનો સંરક્ષક"** કહેવાયો છે.

→ અલ્હાબાદના રેહ નામના સ્થળેથી આનો અભિલેખ મળ્યો છે.

→ પેરિપ્લસ ઑફ ધ એરિથિયન સી પ્રમાણે આના સિક્કા ભરૂચ (ભડૌચ)ના બજારોમાં ચાલતા હતા.

→ ઈન્ડો-ગ્રીક ભારતના પહેલાં એવા શાસકો છે જેમના સિક્કાઓના વિશે નિશ્ચિત સ્વરૂપે કહી શકાય કે આ સિક્કો કયા શાસકનો છે.

→ ભારતમાં સૌપ્રથમ **"સોનાના સિક્કા"** ઈન્ડો-ગ્રીક શાસકો એ જ બહાર પાડ્યા હતા.

→ **<u>ભારતમાં ગ્રીકોના સમ્પર્કમાં આવવાથી થયેલ અસર :</u>**

(1) ઉત્તર-પશ્ચિમી ભારતમાં **"હેલનિસ્ટિક કળા"**નો વિકાસ થયો.

(2) ભારતીય જ્યોતિષના અમુક શબ્દો યૂનાની ભાષાથી લેવામાં આવ્યા છે.

(3) ભારતીયોને સિક્કા ઢાળવાની કળા આવી ગઈ.

→ **<u>ગાર્ગીસંહિતા :</u>**

- ગાર્ગી સંહિતા એક જ્યોતિષ ગ્રંથ છે.
- આની રચના **"कात्यायन"** એ કરી હતી.
- આમાં ગ્રીક આક્રમણ (યવન આક્રમણ)નો ઉલ્લેખ મળે છે.

6. <u>શક આક્રમણ</u>

→ શકોની પાંચ શાખાઓ ભારતમાં આવી હતી -

1. પ્રથમ શાખા - અફઘાનિસ્તાનમાં
2. બીજી શાખા - પંજાબમાં (રાજધાની-તક્ષશિલા)
3. ત્રીજી શાખા - મથુરામાં
4. ચોથી શાખા - પશ્ચિમ ભારતમાં
5. પાંચમી શાખા - ઉત્તરી દખ્ખણમાં (ઉત્તરી દક્ષિણમાં)

→ શક શાસકોના ભારતીય ગવર્નરોને **"क्षत्रप"** કહેવાય છે.

→ 58 ઈ.પૂ.માં ઉજ્જૈનના એક સ્થાનીય રાજાએ શકોને પરાજિત કરીને **"विक्रमादित्य"**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ શકો પર વિજયના ઉપલક્ષ્યમાં 58 ઈ.પૂ.માં એક નવો સંવત **"विक्रम संवत"** શરૂ કરવામાં આવ્યો હતો.

→ **<u>રુદ્રદામા - પ્રથમ :</u>**

- શકોનો સૌથી પ્રખ્યાત રાજા હતો.
- આનું શાસન (ઈ.સ.130-150) ગુજરાતમાં હતું.
- આને સૌરાષ્ટ્રના **"सुदर्शन सरोवर"** (સુદર્શન તળાવ)નું સમારકામ કરાવ્યું હતું. આ સુદર્શન તળાવ મૌર્ય કાળમાં બનાવવામાં આવ્યો હતો.

→ રુદ્રદામાં સંસ્કૃતનો પ્રેમી હતો.

→ રુદ્રદામાનો **"जूनागढ अभिलेख"** (ગિરનાર અભિલેખ) સૌથી પહેલો શુધ્ધ **"संस्कृत"** ભાષામાં કોતરાવેલ સૌથી લાંબો અભિલેખ છે.આના પહેલાના બધા અભિલેખો **"प्राकृत"** ભાષામાં કોતરાવેલા હતા.

→ રુદ્રદામાં એ **"महाक्षत्रप"** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ રુદ્રદામાં એ સાતવાહન શાસક શાતકર્ણી ને બે વખત પરાજિત કર્યો હતો.

→ સુદર્શન તળાવને રૂદ્રદામાં ના ગવર્નર **"સુવિશાખ"** ના નિર્દેશનમાં સમારકામ કરાવવામાં આવ્યું હતું.

7. પહલવ આક્રમણ

→ પહ્લવ (પાર્થિયન)નું મૂળવતન પાર્થિયા (ઈરાન) હતું.

→ **"ગોડોફર્નિસ"** શક્તિશાળી પહ્લવ રાજા હતો.

→ ગોડોફર્નિસના સમયમાં **"સેન્ટ થોમસ"** (St.Thomas) પ્રથમ ઈસાઈ ધર્મ પ્રચારક ભારતમાં આવ્યા હતા.

→ પહ્લવોની રાજધાની (પાટનગર) **"તક્ષશિલા"** હતી.

→ પહ્લવોનો અંત **"કુષાણો"**એ કર્યો હતો.

→ ગોડોફર્નિસને ઈસાઈ ગ્રંથો (ખ્રિસ્તી ગ્રંથો)માં **"સમ્પૂર્ણ ભારત"**નો રાજા કહેવાયો છે.

8 કુષાણ વંશ

★ **કુષાણ કાલીન ઈતિહાસના સ્ત્રોત :**

→ નાગાર્જુન - માધ્યમિક સૂત્ર

→ અશ્વઘોષ - બુદ્ધચરિત

→ હાન વંશનો ઈતિહાસ (ચીની સ્ત્રોત)

→ અભિલેખ અને સિક્કાઓ

★ **કુષાણ વંશ :**

→ મૌર્ય સામ્રાજ્ય પછી ભારતમાં કુષાણ સામ્રાજ્ય જ એવું પ્રથમ સામ્રાજ્ય હતું, જેનો પ્રભાવ મધ્ય એશિયા, ઈરાન, અફગાનિસ્તાન અને પાકિસ્તાન સુધી હતો.

→ પહ્લવના પછી કુષાણો ભારત આવ્યા જે **"યૂ-ચી"** કબીલાના હતા.

→ કુષાણ વંશની સ્થાપના ઈ.સ. 15 માં **"કુજુલ કડફિસેસ"** એ કરી હતી.

→ કુજુલ કડફિસેસ પછી તેનો પુત્ર **"કડફિસેસ વિમ"** રાજા બન્યો.

→ તેના સિક્કાઓ પર શિવ, નંદી અને ત્રિશૂળની આકૃતી મળી છે એટલે કે શૈવ ધર્મનો અનુયાયી હતો.

→ તેને **"મહેશ્વર"**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ તેને ઉતર ભારતના મોટાભાગના ક્ષેત્રો કુષાણોના અધીન કરી દીધા હતા.

★ **કનિષ્ક:**

→ કુષાણ વંશનો સૌથી પ્રતાપી રાજા **"કનિષ્ક"** હતો.

→ કનિષ્કની પ્રથમ રાજધાની (પાટનગર) **"પુરુષપુર"** (પેશાવર) હતી જ્યારે બીજી રાજધાની **"મથુરા"** હતી.

→ કનિષ્ક ઈ.સ. 78 માં રાજગાદ્દી પર બેઠો હતો ત્યારે તેને એક સંવત ચલાવ્યો, જેને **"શક-સંવત"** કહેવાય છે.

→ આ જ **"શક-સંવત"**ને ભારત સરકાર ધ્વારા પ્રયોગમાં લેવામાં આવ્યો છે.

→ કનિષ્ક એ **"મહારાજ", "રાજાધિરાજ"** અને **"દેવપુત્ર"**ની ઉપાધીઓ ધારણ કરી હતી.

→ કનિષ્કના શાસનકાળમાં **"ચતુર્થ બૌદ્ધ સંગીતિ"** કાશ્મીરના કુન્ડલવનમાં આયોજિત કરવામાં આવી હતી, જેના અધ્યક્ષ **"વસુમિત્ર"** અને ઉપાધ્યક્ષ **"અશ્વઘોષ"** હતા.

→ કનિષ્કે બૌદ્ધ ધર્મ, સંસ્કૃત, ભાષા અને ભારતીય કળા સંસ્કૃતિને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું.

→ કનિષ્કના દરબારમાં અશ્વઘોષ, નાગાર્જુન, ચરક, વસુમિત્ર, પાર્શ્વ, સંઘરક્ષ, માતૃચેટ જેવા પ્રમુખ વિદ્વાનો રહેતા હતા.

→ કનિષ્ક બૌદ્ધ ધર્મની **"મહાયાન શાખા"**નો અનુયાયી હતો.

→ **"ગાંધાર શૈલી"** અને **"મથુરા શૈલી"**નો વિકાસ કનિષ્કના શાસનકાળમાં જ થયો હતો.

→ કનિષ્કે કાશ્મીરને જીતીને ત્યાં **"કનિષ્કપુર"** (વર્તમાન-કનીસ્પોર ગામ) નામનું નગર વસાવ્યું હતું.

→ કનિષ્કે ચીનથી પણ યુદ્ધ કર્યુ હતું.

→ **"રેશમ"** (silk) બનાવવાની ટેકનોલૉજીની શોધ સૌપ્રથમ **"ચીન"**માં થઈ હતી.

→ કુષાણ શાસનો એ રેશમ માર્ગના વેપાર પર નિયંત્રણ કરી લીધું હતું.

→ કુષાણ શાસકોએ મોટી સંખ્યામાં સોનાના સિક્કા બહાર પાડ્યા હતા, જેની શુદ્ધતા ગુપ્તકાળના સિક્કાઓથી પણ સારી હતી.

→ કનિષ્કનો ઉતરાધિકારી **"હુવિષ્ક"** હતો જેના સમયમાં કુષાણ શક્તિનો પ્રમુખ કેન્દ્ર પેશાવરથી હટીને મથુરા બની ગયો હતો.

→ હુવિષ્ક **"વૈષ્ણવ"** ધર્મનો અનુયાયી હતો.

→ કુષાણ વંશનો છેલ્લો રાજા **"વાસુદેવ"** હતો.

→ વાસુદેવ **"શૈવ"** ધર્મનો અનુયાયી હતો.

→ વાસુદેવના સિક્કાઓ પર **"ભગવાન શિવ"**ની આકૃતિ મળી છે જેના પર યૂનાની સમ્પર્કથી દૂર થવાના સ્પષ્ટ પુરાવા મળે છે.

→ **"સામંતીકરણની પ્રક્રિયા"** કુષાણ કાળથી શરૂ થઈ હતી.

→ મથુરા **"સાટક"** (એક પ્રકારનું કાપડ) નું નિર્માણ કેન્દ્ર હતું.

→ આ સમયે ભારતથી રોમ સામ્રાજયને રેશમ, મલમલ, હાથીદાંતની વસ્તુઓ, મસાલાઓ, મોતી, સુતરાઉ, વસ્ત્ર, રત્ન, કાળું મરચું વગેરે વસ્તુઓનો નિકાસ કરવામાં આવતો હતો. જેના બદલામાં રોમથી ભારતમાં સોનું આવતું હતું. ઈતિહાસકાર પ્લિની એ રોમથી પુષ્કળ પ્રમાણમાં થતું સોનાનો નિકાસ થી પોતાનો દુઃખ પ્રકટ કર્યો છે.

→ આ સમયના પ્રમુખ બંદરોમાં **"બેરીગામ"** (ભરૂચ) અથવા **"મરુકચ્છ"** (ભૃગૂકચ્છ)નો સમાવેશ થાય છે.

→ આ સમયમાં જ **"પકવેલ ઈંટો"**નો પ્રયોગ શરૂ થયો હતો.

→ પ્રખ્યાત પુસ્તક **"કામસૂત્ર"**ની રચના **"વાત્સ્યાયન"** ધ્વારા આ સમયમાં જ કરવામાં આવી.

★ **<u>કનિષ્કના સંરક્ષિત વિદ્વાનો :</u>**

1. <u>ચરક :</u>

→ **"ચરકસંહિતા"**ની રચના કરી હતી.

→ આમને **"ચિકિત્સાશાસ્ત્રના જનક"** અથવા **"ચિકિત્સાશાસ્ત્રના પિતા"** પણ કહેવાય છે.

→ ચરક સંહિતા ગ્રંથમાં રોગના સારવાર માટેની દવાઓ (ઔષધીઓ) અને રોગ નિવારણ પદ્ધતિનું વર્ણન મળે છે.

→ આ કનિષ્કનો **"રાજવૈદ્ય"** હતો.

2. <u>વસુમિત્ર :</u>

→ પ્રખ્યાત ગ્રંથ **"મહાવિભાષાશાસ્ત્ર"**ની રચના વસુમિત્રે જ કરી હતી.

→ આ ગ્રંથમાં બૌદ્ધ જાતકોની ટીકા કરવામાં આવી છે.

→ આ ગ્રંથને બૌદ્ધ ધર્મનો **"વિશ્વકોશ"** કહેવાય છે.

→ ચતુર્થ બૌદ્ધ સંગીતિના અધ્યક્ષ **"વસુમિત્ર"** જ હતા.

3. <u>નાગાર્જુન :</u>

→ નાગાર્જુન કનિષ્કના દરબારનો મહાન દાર્શનિક (તત્વચિંતક) જ નહિં પરન્તુ વૈજ્ઞાનિક પણ હતો.

→ નાગાર્જુનને **"ભારતનો આઈનસ્ટાઈન"** કહેવાય છે.

→ નાગાર્જુન એ **"માધ્યમિક સૂત્ર"** નામના ગ્રંથની રચના કરી હતી જેમાં તેને **"સાપેક્ષતાનો સિદ્ધાંત"** રજૂ કર્યો હતો.

→ નાગાર્જુન એ **"શૂન્યવાદ"**નો વિચાર આપ્યો હતો.

→ તેની સરખામણી **"માર્ટિન લ્યૂથર"** થી પણ કરવામાં આવી હતી.

4. <u>અશ્વઘોષ :</u>

→ અશ્વઘોષથી સરખામણી **"મિલ્ટન"**, **"ગેટે"**, **"કાન્ટ"** અને **"વાલ્ટેયર"** સાથે કરવામાં આવે છે.

→ અશ્વઘોષ એક ઉત્તમ કોટિનો સાહિત્યકાર હતો.

→ અશ્વઘોષ એ બે મહાકાવ્યો - **"બુદ્ધચરિત"** અને **"સોન્દરાનંદ"** તથા એક નાટક - **"સારિપુત્રપ્રકરણ"**ની રચના કરી હતી.

→ **"બુદ્ધચરિત"**ને બૌદ્ધ ધર્મનો **"મહાકાવ્ય"** કહે છે અને આની સરખામણી વાલ્મીકિ કૃત **"રામાયણ"** સાથે કરવામાં આવે છે.

→ ચતુર્થ બૌદ્ધ સંગીતિનો ઉપાધ્યક્ષ **"અશ્વઘોષ"** જ હતા.

→ અશ્વઘોષ કવિ, નાટકકાર, સંગીતજ્ઞ, કથાકાર, નીતિજ્ઞ અને દાર્શનિક પણ હતા.

★ **<u>મૌર્યોત્તર કાળના અન્ય સાહિત્ય :</u>**

<u>પુસ્તક/ગ્રંથ</u>		<u>રચિયતા/લેખક</u>
- નાટ્યશાસ્ત્ર	-	ભરતમુનિ
- મૃચ્છકટિકમ્	-	શૂદ્રક
- પ્રતિજ્ઞાયોગન્ધરાયણ	-	ભાસ

9. <u>વાકાટક વંશ</u>

→ વાકાટક વંશનો સંસ્થાપક **"વિન્ધ્યશક્તિ"** હતો.

→ **<u>પ્રવરસેન પ્રથમ :</u>**

- પ્રવરસેનને તેના મહત્વપૂર્ણ કાર્યો માટે વાકાટક વંશનો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે.

- તેને સાતેય યજ્ઞ (અગ્નિષ્ટોમ, અશ્વમેઘ, અપતોર્યમ, વાજપેય, જ્યોતિષ્ટોમ, બૃહસ્પતિશવ અને શડ્યસ્ક) કર્યા હતા.

→ **"સમ્રાટ"**ની ઉપાધી ધારણ કરનાર એકમાત્ર વાકાટક શાસક પ્રવરસેન જ હતો.

→ **<u>રુદ્રસેન-પ્રથમ :</u>**

- અલ્હાબાદ પ્રશસ્તિમાં આનો ઉલ્લેખ મળે છે.

- આને સમુદ્રગુપ્તની વિરુદ્ધ 8 (આઠ) અન્ય રાજાઓની સાથે મળીને એક સંગઠન બનાવ્યું હતું. પરન્તુ આ સંગઠન સમુદ્રગુપ્ત સામે પરાજિત થયો હતો.

→ પ્રવરસેન-બીજો (પ્રભાવતીનો પુત્ર) મહાન લેખક હતો. તેને **''સેતુબંધ''** નામની કવિતા લખી હતી. આ કવિતા લખવામાં **''કાલિદાસે''** તેની મદદ કરી હતી.

→ **''કાલિદાસ''** એ પ્રવરસેન-દ્વિતીયના સંરક્ષણમાં જ **''મેઘદૂત''** નામના ગ્રંથની રચના કરી હતી.

→ વાકાટક શાસકો **''શૈવ ધર્મ''**ના અનુયાયી હતો.

★★★★★★

પ્રકરણ-14 સંગમ યુગ

→ દક્ષિણ ભારતમાં મુખ્ય ત્રણ રાજ્યો હતા -

(1) પાંડય વંશ /પાંડય રાજ્ય

(2) ચોલ વંશ / ચોલ રાજ્ય

(3) ચેર વંશ / ચેર રાજ્ય

1. પાંડય વંશ /પાંડય રાજ્ય

→ પાંડયોના ઉલ્લેખ સૌપ્રથમ **''મેગસ્થનીઝે''** કર્યો છે તેના મતે આ રાજ્ય **''મોતી''** માટે પ્રખ્યાત હતું અને આ રાજ્યનું શાસન હેરાકલીઝની પુત્રીના હાથમાં હતું.

→ પાંડ્ય રાજાઓનું પ્રતીક ચિહ્ન - **''માછલી''** હતું.

→ આમની રાજધાની (પાટનગર) **''મદુરાઈ''** હતી.

→ સંગમ સાહિત્યમાં પાંડ્ય રાજાઓનો ઉલ્લેખ છે.

→ તેમણે રોમન સમ્રાટ **''ઓગસ્ટસ''**ના દરબારમાં પોતાનો દૂત કે રાજદૂત મોકલ્યો હતો.

→ પાંડય રાજા **''નેડિયોને''** **''સમુદ્રપૂજા પ્રથા''**ની શરૂઆત કરી હતી.

→ પાંડય રાજા **''નેડૂજિલિયને''** **''તલૈયાલિંગાનમનો યુદ્ધ''** જીત્યો હતો.

→ પાંડય શાસક **''મુદુકુડુમી''** એ યજ્ઞશાળાઓનું નિર્માણ કરાવ્યું અને **''પલશાલે''** (અનેક યજ્ઞશાળા બનાવનાર)ની ઉપાધિ ધારણ કરી હતી.

→ **''મદુરેકાંજી''** નામના ગ્રંથમાં નેડૂજેલિયનના કુશળ વહીવટની ચર્ચા મળે છે.

→ **''પત્તુપાતુ''** નામના ગ્રંથમાં નેડૂજેલિયનના જીવનનું વિવરણ મળે છે.

2. ચોલ વંશ / ચોલ રાજ્ય

→ ચોલ વંશનો પ્રાચીનતમ ઉલ્લેખ **''કાત્યાયને''** કર્યો છે.

→ ચોલ રાજાઓનું પ્રતીક ચિહ્ન **''વાઘ''** હતું.

→ આ રાજ્ય પૂર્વ તામિલનાડુના પેન્નાર અને વેલ્લારુ નદીની વચ્ચે આવેલું હતું.

→ તેમની પ્રથમ રાજધાની **''ઉતર મલનૂર''** હતી પછી થી **''ઉરૈયૂર''** અને **''તંજાવુર''** બની.

→ **''ઉરૈયૂર''** કપાસના વેપાર માટે પ્રખ્યાત હતો.

→ સંગમકાલીન ચોલ વંશમાં સૌથી પ્રખ્યાત શાસક **''કરિકાલ''** હતો.

→ કરિકાલને **''બળેલા પગવાલો રાજા''** પણ કહે છે.

→ કરિકાલે **''વેણ્ણિનું યુદ્ધ''** જીત્યું હતું. જેમાં તેણે 12 રાજાઓની સંયુક્ત સેનાને પરાજિત કરી હતી.

→ કરિકાલે કાવેરીના કિનારે **''પુહાર''** (વર્તમાન - કાવેરીપત્તનમ્)ની સ્થાપના કરી તેને પોતાની રાજધાની બનાવી હતી.

→ કરિકાલે **''પટ્ટિનપ્પાલે''**ના લેખકને 1,60,000 સ્વર્ણ મુદ્રાઓ (સોનાના સિક્કાઓ) ભેંટમાં આપી હતી.

3. <u>ચેર વંશ / ચેર રાજ્ય</u>

→ ચેર વંશનું શાસન કેરળના ક્ષેત્ર પર હતું.

→ ચેર રાજાઓનું પ્રતીક ચિહ્ન **''ધનુષ''** હતું.

→ ઉદયિન જેરલ ચેરવંશનો પ્રથમ શાસક હતો.

→ તમિલ કવિ **''પરનાર''** ઉદયિન જેરલનો સમકાલીન હતો.

→ ચેર રાજ્યની રાજધાની (પાટનગર) **''વંજિ''** કે **''વંજિપુરમ''** હતી જેને **''કરૂર''** (કરુવર) નામથી પણ ઓળખવામાં આવે છે.

→ ચેર વંશનો સૌથી પ્રખ્યાત રાજા **''શેનગુટટવન''** હતો, જેને **''લાલચેર''** પણ કહેવાય છે.

→ શેનગુટટવન એ **''પત્તની પૂજા''** (કણ્ણગી પૂજા)ની શરૂઆત કરી હતી.

→ ઉદયિન જેરલનો **''કુરુક્ષેત્રના યુદ્ધ''** સામેલ થવાનો ઉલ્લેખ મળે છે. તેણે **''મહાભારત''**ના યુદ્ધમાં ભાગ લેનાર વીરોને જમાડ્યા હતા.

→ **''આદિગ ઈમાન''** નામના રાજાએ દક્ષિણમાં **''શેરડીની ખેતી''**ની શરૂઆત કરી હતી.

4. <u>સંગમ કાળની ત્રણ પરિષદો</u>

→ સંગમ તમિલ કવિઓનો સંઘ (મંડળ) હતું.

→ આ સંઘ કે પરિષદનું આયોજન **''પાંડ્ય''** રાજાઓએ કર્યું હતું.

→ દક્ષિણ ભારતમાં આર્ય સભ્યતાના પ્રચાર માટે **''ઋષિ અગસ્ત્ય''** અને **''કોન્ડિય''** એ પ્રયાસ શરૂ કર્યો.

→ સાહિત્યિક સભાઓ તે જ **''સંગમ''** કહેવાય છે. તેના ધ્વારા જે સાહિત્ય રચાતું તેને **''સંગમ સાહિત્ય''** તરીકે ઓળખવામાં આવે છે.

	<u>સંગમ</u>	<u>સ્થળ</u>	<u>અધ્યક્ષ</u>	<u>સંરક્ષક</u>
1.	પ્રથમ સંગમ	મદુરૈ અથવા મદુરાઈ	અગસ્ત્ય ઋષિ	પાંડ્ય રાજા
2.	દ્વિતીય સંગમ	કપાટપુરમ (અલવાયે)	તોલકાપ્પિયર (સંસ્થાપક અધ્યક્ષ અગસ્ત્ય ઋષિ)	પાંડ્ય રાજા
3.	તૃતીય સંગમ	મદુરૈ કે મદુરાઈ	નક્કીરર	પાંડ્ય રાજા

5. <u>સંગમ કાળના મહાકાવ્ય</u>

1. <u>શિલ્પદિકારમ :</u>

→ આ મહાકાવ્યની રચના ચેર શાસક સેનગુટુવનના ભાઈ **''ઈલાંગો આદિકલ''** એ કરી હતી.

→ શિલ્પદિકારમનો અર્થ **''નુપૂરની કથા''** થાય છે.

→ આ મહાકાવ્યમાં **''કોવલન''** (નાયક) અને **''કણ્ણગી''** (નાયિકા) ની પ્રેમ કથા નુપૂરની ચારેય બાજુ ફરે છે.

→ આ મહાકાવ્યમાં ત્રણ ભાગ છે જેમાં -

(1) પુહારકાંડમ - ચોલ રાજ્યોનું વર્ણન

(2) મુદરૈકાંડમ - પાંડ્ય રાજ્યોનું વર્ણન

(3) વાંજિકાંડમ - ચેર રાજ્યોનું વર્ણન

(2) <u>મણિમૈખલે :</u>

→ આ મહાકાવ્યની રચના મદુરાઈ (મદુરા) ના એક બૌદ્ધ વેપારી **''સીતલે સત્તનાર''** એ કરી હતી.

→ આ મહાકાવ્યની કથા ત્યાંથી શરૂ થાય છે જ્યાંથી શિલ્પદિકારમની કથા સમાપ્ત થાય છે.

→ આ મહાકાવ્યની નાયિકા મણિમૈખલે છે જે શિલ્પદિકારમના નાયક કોવલનની બીજી પત્ની માધવી નામની વૈશ્યાની પુત્રી હતી.

→ આ મહાકાવ્યમાં મણિમૈખલેના સાહસિક કાર્યોનો ઉલ્લેખ છે.

→ આ મહાકાવ્યમાં શૈવ ધર્મના **''કાપાલિક સંપ્રદાય''**નો ઉલ્લેખ છે.

3. <u>જીવક ચિન્તામણિ :</u>

→ આ મહાકાવ્યની રચના જૈન મુનિ **''તિરુતક્કદેવર''**એ કરી હતી.

→ આ મહાકાવ્યના નાયક રાજકુમાર જીવક છે જેમણએ 8 (આઠ) વિવાહ (લગ્ન) કરીને સમસ્ત સુખોનો ભોગ કર્યા પછી સન્યાસ ગ્રહણ કર્યું હતું.

→ આમાં 8 પ્રકારના વિવાહો (લગ્નો) નું વર્ણન છે તેથી આને **''મણનૂલ''** (વિવાહ ગ્રંથ) પણ કહે છે.

→ આમાં જૈન મુનિ તિરુતક્કદેવર એ જૈન મત પ્રમાણે ગૃહસ્થ જીવનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

→ આ મહાકાવ્યમાં **''શ્રૃંગાર રસ''**ની ચર્ચા વધુ મળે છે.

6. અન્ય સંગમ સાહિત્ય

	કૃતિ	રચયિતા
1.	તોલ્કાપ્પિયમ (વ્યાકરણ અને અલંકાર શાસ્ત્રનો ગ્રંથ)	તોલ્કાપ્પિયર
2.	તિરુક્કુરલ (આમાં દાર્શનિક વિચાર અને શ્લોકો છે)	તિરુવલ્લુવર
3.	મુરુગરુપ્પાદય	નક્કીરર
4.	અહનાનરુ	રુદ્રસર્મન
5.	એતુંતોકે	8 ગીતનો સંગ્રહ
6.	પરિત્રપ્પતુ	ચેર રાજાની વીરગાથા
7.	પુતુપ્પતુ	10 ગીતનો સંગ્રહ

7. અન્ય ફેકટસ

→ કૌટિલ્યે સંગમ કાળના દક્ષિણ ભારતીય રાજ્યોને **''કુલસંઘ''** કહયા હતા.

→ ચેર, ચોલ અને પાંડય ત્રણેય રાજ્યોનું સંગમ સ્થળ **''તિરુક્કામ્પુલિયર''** હતું.

→ ચોલ શાસક કરિકાલની પાસે નૌસેના (જળસેના - (Navy)) હતી.

→ **''પત્તુપાત્તુ''** એક લાંબો કાવ્ય છે, જેમાં કાવેરીપટ્ટનમની ચર્ચા મળે છે.

→ શિલ્પદિકારમ અને પટ્ટિનપલૈમાં **''કરિકાલ''**ની ચર્ચા મળે છે.

→ **''મનરમ''** - રાજયનો સર્વોચ્ચ ન્યાયાલય / ગ્રામીણ ન્યાયાલય.

→ પ્રતિનિધિ પરિષદને **''પંચવરમ્''** કહે છે.

→ યુદ્ધમાં મરેલાં સૈનિકોની સ્મૃતિમાં **''વીરપટ્ટ''** લગાવવામાં આવતો હતો.

→ **''પુદાર''**, **''મુશિરી'' અને ''તોન્ડી''** પ્રખ્યાત વેપારી કેન્દ્રો હતા. અહીંયા યૂનાની અને રોમન વેપારીઓની વસ્તી હોવાનો ઉલ્લેખ મળે છે.

→ ઈન્દ્રને પૂર્વ દિશાનો, યમને દક્ષિણ દિશાનો, વરુણને પશ્ચિમ દિશાનો અને સોમને ઉતર દિશાનો સંરક્ષક બતાવવામાં આવ્યો છે.

→ **''અરાગરિટિક''** એક પ્રકારનું મખમલ (મલમલ) હતું, જેને નિકાસ કરવામાં આવતું હતું.

→ **''પત્તુપાત્તુ''**માં કિલાર અને નક્કીરર જેવા તમિલ કવિઓની કવિતાઓ સંગ્રહિત છે.

→ **''કરિકાલ''** સાત સ્વરો (સંગીત)નો જ્ઞાતા અને વૈદિક ધર્મનો અનુયાયી હતો.

→ **''મરૂગન''** (સુબ્રહ્મણ્યમ) તમિલોના સર્વશ્રેષ્ઠ દેવ હતા.

→ **''મરિયમ્મા''** ચેચક રોગથી સંબંધિત શીતળા માતા હતી.

→ **''ઓવેયર'' અને ''નચ્ચેલિયર''** સંગમકાળની બે પ્રખ્યાત કવિયિત્રિઓ હતી.

→ 197 પાંડય રાજાઓએ સંગમ સંરક્ષણ તથા પ્રોત્સાહન આપ્યું હતું.

→ **''એનાડી''** - સેના અધ્યક્ષ

→ તમિલ સાહિત્યના પ્રમાણે સમાજ 5 ભાગોમાં વહેચાયેલો હતો -

(1) બ્રાહ્મણ - પુરોહિત વર્ગ, સમાજમાં ઉચ્ચ સ્થાન
(2) અરસર - શાસક વર્ગ
(3) બેનિગર - વણિક વર્ગ
(4) વલ્લાલ - મોટા ખેડૂત (આ વર્ગના રાજપરિવાર સાથે લગ્ન સંબંધ પણ હતા)
(5) વેલ્લાર - મજૂર ખેડૂત વર્ગ

→ પાંચ પરિષદો રાજાની શક્તિઓને નિયંત્રણમાં રાખતી હતી જેમાં -

(1) અમૈચર - મંત્રી
(2) પુરોહિતાર - પુરોહિત
(3) સેનાપતિયાર - સૈન્ય પ્રમુખ
(4) દૂતાર - દૂત
(5) ઓરાર્ - ગુપ્તચર, જાસૂસ
(i) મંડલમ્ - સમ્પૂર્ણ રાજય
(ii) નાડુ - પ્રાંત
(iii) ઉર (પેરૂર) - નગર
(iv) સિરૂર કે સિરૈયુર - નાનુ ગામ
(v) મુડૂર - જુનું ગામ
(vi) પત્તિનમ - કિનારાનું શહેર

(vii)	સાલે	-	મુખ્ય સડક માર્ગ
(viii)	તેરૂ	-	નગરની મુખ્યગળી
(ix)	પેડિયાલ	-	સાર્વજનિક સ્થળ
(x)	અવૈ	-	નાના ગામની સભા
(xi)	કરૈ કે કરઈ	-	ભૂમિકર
(xii)	ઉલ્ગુ કે સંગમ	-	ચુંગી કે સીમાશુલ્ક
(xiii)	ઈરવૈ કે ઈખૈ	-	વધારાનો કર જે બળજબરીથી વસુલાતો
(xiv)	અવઈ	-	રાજધાનીનો ન્યાયાલય
(xv)	કો	-	ભગવાન અથવા રાજા
(xvi)	કલાભુ	-	પ્રેમલગ્ન
(xvii)	અગમ	-	પ્રેમની કવિતા
(xviii)	પુરમ	-	યુદ્ધની કવિતા
(xix)	અવનમ	-	માર્કેટ (બજાર)ની જગ્યા

★★★★★★

પ્રકરણ-15 ગુપ્તકાળ

→ ગુપ્તકાળને પ્રાચીન ભારતીય ઈતિહાસનો **''સુવર્ણ યુગ''** કે **''સ્વર્ણ કાળ''** ગણવામાં આવે છે.

→ **ગુપ્ત વંશના શાસકો :**

1. શ્રીગુપ્ત (240 - 280 A.D.)

→ શ્રી ગુપ્તને ગુપ્ત વંશનો સંસ્થાપક માનવામાં આવે છે.

→ શ્રીગુપ્તને **''મહારાજ ગુપ્ત''** પણ કહે છે.

→ આ શાસકનો કોઈપણ લેખ (અભિલેખ) કે સિક્કાઓ મળતા નથી.

2. ઘટોત્કચ (280 - 319 A.D.)

→ શ્રીગુપ્તે પોતાના પુત્ર ઘટોત્કચને પોતાનો ઉતરાધિકારી બનાવ્યો હતો.

→ પ્રભાવતી ગુપ્ત એ પૂણે અભિલેખ અને ઋદ્ધપુર તામ્રપત્ર અભિલેખોમાં ઘટોત્કચને પ્રથમ ગુપ્ત રાજા કહેવાયો છે.

→ આ શાસકનો પણ કોઈ અભિલેખ કે સિક્કાઓ મળતા નથી.

3. ચન્દ્રગુપ્ત - પ્રથમ (ઈ.સ. 319 - 335)

→ ગુપ્તવંશનો પ્રથમ મહાન સમ્રાટ **''ચન્દ્રગુપ્ત-પ્રથમ''** હતો.

→ તેણે લિચ્છવી રાજકુમારી **''કુમારદેવી''**ની સાથે લગ્ન કર્યા હતા.

→ **''મહારાજાધિરાજ''**ની ઉપાધિ ધારણ કરવાવાળો આ પ્રથમ ગુપ્ત શાસક હતો.

→ ચન્દ્રગુપ્ત - પ્રથમે ઈ.સ. 319-20 માં **''ગુપ્ત-સંવત''** શરૂ કર્યું.

→ સૌપ્રથમ ચાંદીના કે રજતના સિક્કાઓનું ચલણ **''ચન્દ્રગુપ્ત પ્રથમે''** શરૂ કર્યું.

→ ગુપ્ત સંવત અને શક સંવત વચ્ચે 241 વર્ષોનું અન્તર હતું. (શક સંવત - ઈ.સ. 78, ગુપ્ત સંવત - ઈ.સ. 319 -320)

4. સમુદ્રગુપ્ત (ઈ.સ. 335 - 375)

→ ચન્દ્રગુપ્ત પ્રથમનો ઉતરાધિકારી સમુદ્રગુપ્ત હતો, જે ઈ.સ. 335 માં રાજગાદ્દી પર બેઠો.

→ સમુદ્રગુપ્તનો દરબારી કવિ **''હરિષેણ''** હતો, જેણે અલ્હાબાદના પ્રશાસ્તિ લેખની રચના કહી હતી. આ અલ્હાબાદના પ્રશસ્તિ લેખમાં સમુદ્રગુપ્તની વિજયોનું વર્ણન મળે છે.

→ અલ્હાબાદનો પ્રશસ્તિ લેખ મૌર્ય સમ્રાટ અશોકના સ્તંભલેખ પર કોતરવામાં આવ્યો છે.

→ સમુદ્રગુપ્તે આર્યાવર્તના 9 શાસકો અને દક્ષિણાવર્તના 12 શાસકોને પરાજિત કર્યા હતા. આ વિજયોના કારણે જ ડૉ. વી. એ. સ્મિથે તેમને **''ભારતનો નેપોલિયન''** કહ્યો છે.

→ સમ્પૂર્ણ ગુપ્તવંશમાં ફક્ત સમુદ્રગુપ્તે જ **''સર્વરાજોચ્છેતા''**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ સમુદ્રગુપ્તે દક્ષિણાપથના 12 રાજાઓને હરાવ્યા પછી તેમને સ્વતંત્ર કરી દીધા. આને જ **''ધર્મ વિજયીનીતિ''** કહેવામાં આવે છે.

→ સમુદ્રગુપ્ત **''ભગવાન વિષ્ણુ''** નો ઉપાસક હતો.

→ સમુદ્રગુપ્તે **''અશ્વમેઘકર્તા''**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ સમુદ્રગુપ્તની માતા લિચ્છવી રાજકુમારી **''કુમારદેવી''** હતી.

→ સમુદ્રગુપ્તે પોતાને **''લિચ્છવી દોહિત્ર''** કહેવામાં ગર્વનો અનુભવ કરતો હતો.

→ સમુદ્રગુપ્ત નો શાસનકાળ રાજનૈતિક અને સાંસ્કૃતિક બન્ને રીતે ગુપ્ત સામ્રાજ્યનો ઉત્કર્ષ કાળ માનવામાં આવે છે.

→ સમુદ્રગુપ્તે દિગ્વિજયની યોજના બનાવી હતી. પ્રયાગ પ્રશસ્તિના પ્રમાણે આ યોજનાનો ઉદ્દેશ **''ધરણીબંધ''** (ભૂમંડળને બાંધનાર) થવાનો હતો.

→ સમુદ્રગુપ્ત એક ઉચ્ચ કોટિનો કવિ પણ હતો. તેણે **''કવિરાજ''** નામથી કેટલીક કવિતાઓ પણ લખી હતી.

→ સમુદ્રગુપ્ત સંગીત-પ્રેમી હતો. તેના એક સિક્કા પર તેને **''વીણા''** વગાડતા બતાવ્યો છે.

→ સમુદ્રગુપ્તના દરબારમાં શ્રીલંકાના રાજા **''મેઘવર્મન''** એ ઉપહાર સાથે દૂતમંડળ મોકલ્યું અને **''બોધગયા''**માં **''મઠ''** બનાવવાની પરવાનગી માંગી હતી.

→ સમુદ્રગુપ્તે બૌદ્ધ ભિક્ષુ **''વસુબન્ધુ''**ને સંરક્ષણ આપ્યું હતું.

→ સમુદ્રગુપ્તે **''વિક્રમંક''**ની ઉપાધિ ધારણ કરી હતી.

5. <u>ચન્દ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય) (ઈ.સ. 375 - 415)</u>

→ સમુદ્રગુપ્ત પછી રામગુપ્ત શાસક બન્યો પરન્તુ તે એક નિર્બળ શાસક હતો. તેની હત્યા કરીને ચન્દ્રગુપ્ત-બીજો રાજગાદી પર બેઠો.

→ ચન્દ્રગુપ્ત - દ્વિતીય એ પોતાની પુત્રી **''પ્રભાવતી''**નો વિવાહ (લગ્ન) વાકાટક શાસક **''રૂદ્રસેન-બીજો''** સાથે કર્યા હતા. રૂદ્રસેનની મૃત્યુ પછી ચન્દ્રગુપ્તે અપ્રત્યક્ષ રૂપે વાકાટક રાજ્યને પોતાના રાજ્યમાં ભેળવી દીધો. તથા **''ઉજ્જૈન''**ને પોતાની બીજી રાજધાની (પાટનગર) બનાવી.

→ ચન્દ્રગુપ્ત - બીજાની પ્રથમ રાજધાની **''પાટલીપુત્ર''** હતી.

→ ચન્દ્રગુપ્ત - બીજા એ વૈવાહિક સંબંધો અને વિજય બન્ને પ્રકારથી ગુપ્ત સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો.

→ ચન્દ્રગુપ્ત - બીજાએ નાગવંશની રાજકુમારી **''કુબેરનાગા''**થી લગ્ન કર્યા અને પોતાના પુત્રના લગ્ન કદમ્બ રાજવંશથી કર્યા હતા.

→ ચન્દ્રગુપ્ત - બીજાના શાસનકાળમાં ચીની બૌદ્ધ યાત્રી **''ફાહિયાન''** (ઈ.સ. 399-412) ભારત આવ્યો હતો.

→ શકો પર વિજયના ઉપલક્ષ્યમાં ચન્દ્રગુપ્તે ચાંદીના સિક્કા ચલાવ્યા હતા.

→ ચન્દ્રગુપ્તના અન્ય નામોમાં **''દેવગુપ્ત''**, **''દેવરાજ''** અને **''દેવશ્રી''**નો સમાવેશ થાય છે. જ્યારે તેની ઉપાધિઓમાં **''વિક્રમાદિત્ય''**, **''વિક્રમાંક''** અને **''પરમ ભાગવત''**નો સમાવેશ થાય છે.

→ દિલ્હીમાં આવેલ **''મેહરોલી લોહ સ્તંભ''**માં **''ચન્દ્ર''** નામના રાજાની ચર્ચા મળે છે જે ચન્દ્રગુપ્ત-બીજો હોવાનું મનાય છે.

→ ચન્દ્રગુપ્તની બન્ને રાજધાનીઓ (પાટનગર) પાટલીપુત્ર અને ઉજ્જૈન ગુપ્તકાળની શિક્ષાના પ્રમુખ કેન્દ્રો હતા.

→ ચન્દ્રગુપ્ત-બીજાનો સમયગાળો **''બ્રાહ્મણ ધર્મ''** નો ચરમોત્કર્ષનો સમયગાળો હતો.

→ ચન્દ્રગુપ્તનો મુખ્ય સચિવ **''વીરસેન''** (શૈવ) અને સેનાપતિ **''આમ્રકાર્દવ''** (બૌદ્ધ) હતો.

→ ચીની યાત્રી **''ફાહિયાન''** એ પોતાના વિવરણમાં ક્યાંય પણ કોઈપણ સમ્રાટનો ઉલ્લેખ કર્યો નથી.

→ ચન્દ્રગુપ્ત - બીજાનો શાસનકાળ **''સાહિત્ય અને કળા''**નો **''સુવર્ણ યુગ''** કહેવાય છે.

→ ચન્દ્રગુપ્તે શકોને પરાજિત કરીને **''શકારિ''** ઉપાધિ ધારણ કરી અને **''વ્યાઘ્ર શૈલી''**ના સિક્કાઓ ચલાવ્યા.

→ **<u>નવરત્નો :</u>**

- ચન્દ્રગુપ્ત-બીજાના દરબારમાં નવરત્નો વિરાજતા હતા. જે નીચે મુજબ છે.

<u>ક્રમ</u>	<u>વ્યક્તિ</u>	<u>મહત્વપૂર્ણ કાર્ય</u>
1.	કાલિદાસ	- અભિજ્ઞાનશાકુંતલમ્, મેઘદૂત વગેરે કૃતિઓના રચનાકાર
2.	અમરસિંહ	- અમરકોષ (શબ્દકોષ) ગ્રંથના રચયિતા
3.	ધન્વંતરિ	- આર્યુવેદ (ચિકિત્સા) ગ્રંથના

		રચયિતા
4.	વેતાલભટ્ટ	- મંત્રશાસ્ત્ર (જાદુ) ગ્રંથના રચયિતા
5.	વરરૂચિ	- સંસ્કૃત વ્યાકરણ પર ગ્રંથ લખનાર
6.	વરાહમિહિર	- બૃહતસંહિતા (જ્યોતિષ) ગ્રંથના રચયિતા
7.	શંકુ	- શિલ્પશાસ્ત્ર (સ્થાપત્ય) ગ્રંથના રચયિતા
8.	કહપનક કે ક્ષપણક	- જ્યોતિષશાસ્ત્ર (જ્યોતિષ) ગ્રંથના રચયિતા
9.	ઘટકર્પર	

6. કુમારગુપ્ત-પ્રથમ (ઈ.સ. 415-455)

→ આને **"મહેન્દ્રાદિત્ય"** તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ ચન્દ્રગુપ્ત-બીજાનો ઉતરાધિકારી **"કુમારગુપ્ત-પ્રથમ"** હતો જે ઈ.સ. 415 માં રાજગાદ્દી પર બેઠો હતો.

→ કુમારગુપ્તની માતાનું નામ **"ધ્રુવદેવી"** હતું.

→ કુમારગુપ્ત-પ્રથમના શાસનકાળમાં જ **"નાલંદા વિશ્વવિદ્યાલય"**ની સ્થાપના થઈ હતી, જેને **"ઑકસફોર્ડ ઑફ મહાયાન બૌદ્ધ"** કહેવામાં આવે છે.

→ ગુપ્ત શાસકોમાં સૌથી વધુ અભિલેખ **"કુમારગુપ્ત-પ્રથમ"**ના જ મળ્યા છે.

→ કુમારગુપ્તના શાસનકાળમાં **"હૂણો"**નો આક્રમણ થયો હતો.

→ કુમારગુપ્ત **"વૈષ્ણવ ધર્મ"**નો અનુયાયી હતો, પરન્તુ તેને ધર્મ-સહિષ્ણુતાની નીતિ અપનાવી હતી.

→ કુમારગુપ્તે **"અશ્વમેધ યજ્ઞ"** કર્યો હતો.

→ કુમારગુપ્ત-પ્રથમના ચાંદીના સિક્કાઓ પર મોર (મયૂર)ની આકૃતિ મળે છે. આ મોરની આકૃતિ વાળા સિક્કાઓ ખૂબ જ સંખ્યામાં પ્રચલિત કર્યા હતા.

→ વિલસડ અભિલેખમાંથી કુમારગુપ્ત સુધીની વંશાવળી મળે છે.

7. સ્કન્દ ગુપ્ત (ઈ.સ. 455 - 467)

→ કુમારગુપ્ત-પ્રથમનો ઉતરાધિકારી **"સ્કન્દગુપ્ત"** હતો જે ઈ.સ. 455 માં રાજગાદ્દી પર બેઠો હતો.

→ આને **"શકાદિત્ય"**તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ સ્કન્દગુપ્તે તેમની રાજધાની (પાટનગર) **"અયોધ્યા"** ખસેડી હતી.

→ સ્કન્દગુપ્તે ચીનના **"સાંગ"** સમ્રાટના દરબારમાં દૂતમંડળ મોકલ્યું હતું.

→ સ્કંદગુપ્તના સમયમાં જુનાગઢના સુદર્શન તળાવનું જિર્ણોદ્વાર થયું તે સમયે સૌરાષ્ટ્રનો સુબો (ગવર્નર) પર્ણદતનો પુત્ર **"ચક્રપાણીત"** હતો.

→ **સુદર્શન તળાવ :**

ક્રમ	શાસક	અધિકારી (ગવર્નર)
1.	ચન્દ્રગુપ્ત મૌર્ય	પુષ્યગુપ્ત (નિર્માણ કરાવ્યું)
2.	અશોક	તુષાસ્પ (જિર્ણોદ્ધાર કરાવ્યું)
3.	રૂદ્રદામા કે રૂદ્રદામન	સુવિશાખ (જિર્ણોદ્ધાર કરાવ્યું)
4.	સ્કન્દગુપ્ત	ચકપાલિત (જિર્ણોદ્ધાર કરાવ્યું)

→ ઈ.સ. 455 માં સ્કન્દગુપ્તે હૂણોને પરાજિત કર્યા હતા. હૂણોના આક્રમણથી ભારતની સુરક્ષા કરવાનો શ્રેય **"સ્કન્દગુપ્ત"**ને જ છે.

→ સ્કન્દગુપ્તના ભીતરી સ્તંભ લેખમાંથી **"પુષ્યમિત્રોના વિદ્રોહ"**ને સમાપ્ત કરવાનો ઉલ્લેખ મળે છે.

→ સ્કન્દગુપ્તને **"કહોમ સ્તંભ લેખ"**માં **"શકાદિત્ય"**, **"આર્યમંજુશ્રીમૂલકલ્પ"માં "દેવરાય" અને "જુનાગઢ અભિલેખ"માં "પરિક્ષિપ્તવૃક્ષા"** કહેવાયો છે.

→ સ્કન્દગુપ્તના ઉતરાધિકારીઓમાં **"બુદ્ધગુપ્ત"** સૌથી વધુ શક્તિશાળી રાજા હતો. તે **"બૌદ્ધ ધર્મ"**નો અનુયાયી હતો.

→ ગુપ્તવંશના શાસક **"ભાનુગુપ્ત"**ના સમયે **"સતીપ્રથા"**નો પ્રથમ સાક્ષ્ય ઈ.સ. 510 માં **"એરણ અભિલેખ"**માંથી મળે છે.

→ ગુપ્તવંશનો છેલ્લો શાસક **"વિષ્ણુગુપ્ત"** હતો.

★ ગુપ્તકાળમાં વહીવટી વ્યવસ્થા

→ ગુપ્તકાળમાં **"રાજતંત્રીય"** શાસન પ્રણાલી પ્રચલિત હતી.

→ ગુપ્ત રાજાઓમાં **"દેવત્વનો સિદ્ધાંત"** ખૂબ જ પ્રખ્યાત હતો.

→ ગુપ્ત રાજાઓએ **"પરમદેવતા", પરમભટ્ટારક", "એકાધિરાજ", "મહારાજાધિરાજ", "પૃથ્વીપાળ", "પરમેશ્વર", "સમ્રાટ" અને "ચક્રવર્તિન"** વગેરે ઉપાધીઓ ધારણ કરી હતી.

→ ગુપ્તશાસકોની ઉપાધિ -

(i) લિચ્છવિ દોહિત્ર - સમુદ્રગુપ્ત

(ii) દેવગુપ્ત - ચન્દ્રગુપ્ત

(iii) મહેન્દ્રાદિત્ય - કુમારગુપ્ત

(iv) શક્રાદિત્ય - સ્કન્દગુપ્ત

→ **<u>ગુપ્તકાળના અધિકારીઓ :</u>**

	<u>અધિકારી</u>	<u>વિભાગ</u>
1.	મહાપ્રતિહાર	- રાજપ્રસાદ (રાજમહેલ)ના રક્ષકોનો મુખિયો
2.	સર્વાધ્યક્ષ	- રાજ્યના બધા કેન્દ્રીય વિભાગોનો પ્રમુખ અધિકારી
3.	મહાસંધિવિગ્રાહક	- યુદ્ધ તેમજ સન્ધિના વિષયોથી સંબંધિત મંત્રી (યુદ્ધ મંત્રી)
4.	અક્ષપટલાધિકૃત	- લેખા વિભાગનો સર્વોચ્ચ અધિકારી
5.	પ્રતિહાર	- સમ્રાટની રાણીઓના અંતઃપુર (મહેલ)નો રક્ષક
6.	કુમારામાત્ય	- પદાધિકારીઓનો સર્વશ્રેષ્ઠ વર્ગ
7.	રાજામાત્ય	- સમ્રાટનો સલાહકાર
8.	મહાબલાધિકૃત	- સેનાનો સેનાપતિ
9.	મહાપીલુપતિ	- હાથીસેના (ગજસેના)નો અધ્યક્ષ
10.	વિનયસ્થિત સ્થાપક	- ધાર્મિક મામલાઓનો પ્રમુખ અધિકારી
11.	મહાદંડનાયક	- ન્યાયાધીશ
12.	દંડપાશિક	- પોલીસ વિભાગના સર્વોચ્ચ અધિકારી
13.	ભાંડાગારાધિકૃત	- રાજકોષનો અધિકારી
14.	યુક્ત પુરૂષ	- યુદ્ધમાં પ્રાપ્ત અને જનાર સંપત્તિનો હિસાબી અધિકારી

→ **<u>વહીવટી માળખું :</u>**

સામ્રાજય (રાજય, રાષ્ટ્ર, દેશ, મંડળ)

↓

પ્રાંત (ભુક્તિ, પ્રદેશ, ભોગ)

↓

વિષય (જીલ્લો, જનપદ)

↓

ગ્રામ

→ પ્રાંતીય વહીવટના મુખિયા (વડા)ને **''ભોગપતિ'', ''ભોગિક'', ''ઉપરિક'' અને ''રાજસ્થાનીય''** વગેરે નામોથી ઓળખાતો હતો.

→ સીમા પ્રાંતોના વહીવટકર્તાને **''ગોપ્તા''** કહેતા હતા.

→ ગુપ્તકાળના અભિલેખોથી કેટલાંક પ્રાંતીય વહીવટકર્તાનું વિવરણ મળે છે.

<u>ક્રમ</u>	<u>રાજા/શાસક</u>	<u>પ્રાંતીય વહીવટકર્તા</u>	<u>પ્રાન્ત</u>
1.	ચન્દ્રગુપ્ત-બીજો	ગોવિંદ ગુપ્ત	તીર ભુક્તિ
2.	કુમારગુપ્ત	ઘટોત્કચ ગુપ્ત	પૂર્વી માળવા
3.	સ્કન્દગુપ્ત	પર્ણદત્ત	સૌરાષ્ટ્ર
4.	કુમારગુપ્ત	ચિરાદત્ત	ઉતરી બંગાળ

→ જીલ્લા કે જનપદને **''વિષય''** કહેતા હતા, જેનો પ્રમુખ અધિકારી **''વિષયપતિ''** કહેવાતો હતો.

→ નગર વહીવટ એક **''પરિષદ''** (મહાનગરપાલિકા) ધ્વારા ચલાવવામાં આવતો હતો. જેનો પ્રમુખ અધિકારી **''પુરપાલ''** કહેવાતો હતો.

→ **''અવિસ્થિક''** - નગરોમાં ધર્મશાળાઓનો સુપરિટેન્ડેન્ટ (Superintendent)

→ **''પૌર''** - નગર શાસન માટેની સમિતિ

→ **''ગ્રામ''** શાસનનું સૌથી નાનું એકમ હતું. જેનો પ્રમુખ **''ગ્રામિક''** કહેવાતો હતો.

→ **''મહત્તર''** - ગ્રામસભાના સભ્યો

★ **<u>ગુપ્તકાળની આવકના સ્ત્રોત :</u>**

→ ગુપ્તકાળની આવકનો પ્રમુખ સ્ત્રોત **''કર''** હતો.

→ અમુક કરો નીચે મુજબ હતા -

(1) ભાગ - રાજાને જમીનના ઉત્પાદનથી છઠ્ઠો ભાગ કર સ્વરૂપે આપવામાં આવતો.

(2) ભોગ - રાજાને દરરોજ ફળ, ફૂલ અને શાકભાજીના સ્વરૂપે મળનાર કર

(૩) ઉદ્રંગ કે - જમીન વિહોણા ખેડૂતોથી લેવામાં આવતો કર ઉપરિકર

→ **''ધ્રુવાધિકરણ''** - ભૂમિકર (જમીન વેરો) સંગ્રહ કરનાર અધિકારી

→ ભૂમિકર (જમીનવેરો) **"હિરણ્ય"** (રોકડ સ્વરૂપે) અથવા **"મેય"** (અનાજ સ્વરૂપે) બન્ને રીતે આપી શકાતો હતો.

→ ગુપ્તકાલીન અભિલેખોમાં **"કાયસ્થ"** નામના પદાધિકારીનો ઉલ્લેખ મળે છે. કાયસ્થ એટલે કે લેખક (Professional writer)

→ ગુપ્તકાળમાં 5 પ્રકારની ભૂમિ (જમીન) નો ઉલ્લેખ મળે છે.

ક્રમ	**જમીનનો પ્રકાર**	**જમીન**
1.	ક્ષેત્ર	- કૃષિ (ખેતી) યોગ્ય જમીન
2.	વાસ્તુ	- નિવાસ યોગ્ય જમીન
3.	ચારાગાહ	- ગોચર વાળી જમીન
4.	સિલ	- બિન-ખેડવાલાયક જમીન (એવી જમીન જે ખેડી શકાતી ન હતી)
5.	અપ્રહત	- જંગલની જમીન

→ **"જયેષ્ઠક"** - શ્રેણીનો પ્રધાન

→ ઈ.સ. 437-38 નાં **"મંદસોર અભિલેખ"** માં રેશમ વણકરોની શ્રેણી ધ્વારા વિશાળ સૂર્યમંદિરનું નિર્માણ અને સમારકામનો ઉલ્લેખ મળે છે.

→ **"સાર્થવાહ"** - વેપારી કારવાંનો નેતૃત્વકર્તા

→ વેપારી સમિતિઓને **"નિગમ"** કહે છે અને નિગમનો પ્રધાન (મુખિયો) **"શ્રેષ્ઠિ"** કહેવાય છે.

★ ગુપ્ત કાળમાં ધાર્મિક વ્યવસ્થા

→ ગુપ્ત સમ્રાટ **"ભગવાન વિષ્ણુ"**ના ઉપાસક હતા.

→ ગુપ્ત સમ્રાટ **"પરમભાગવત"**ની ઉપાધિ ધારણ કરતા હતા.

→ ગુપ્ત શાસકોના સિક્કાઓ પર **"લક્ષ્મીજી"** (ભગવાન વિષ્ણુના પત્ની) અને **"ગરુડ"** (ભગવાન વિષ્ણુના વાહન)નું ચિત્ર મળે છે.

→ સ્કન્દગુપ્તનો **"જુનાગઢ અભિલેખ"** ભગવાન વિષ્ણુની સ્તુતિથી શરૂ થાય છે.

→ **"ભગવદ્ગીતા"**ની રચના આ કાળમાં જ થઈ હતી.

→ **ભાગવત ધર્મથી સંબંધિત વિવિધ અભિલેખ :**

1. બેસનગર (વિદિશા)નો ગરુડ સ્તંભ - ઈ.પૂ.બીજી સદી
2. ઘોસુંડી અભિલેખ (રાજસ્થાન) - ઈ.પૂ. પ્રથમ સદી
3. નાનાઘાટ અભિલેખ (મહારાષ્ટ્ર) - ઈ.પૂ. પ્રથમ સદી
4. મેહરોલી અભિલેખ - ચન્દ્રગુપ્ત બીજો
5. ભીતરી અભિલેખ - સ્કન્દગુપ્ત
6. જુનાગઢ અભિલેખ - સ્કન્દગુપ્ત

→ સ્કન્દગુપ્તના કેટલા સિક્કાઓ પર ભગવાન શિવના વાહન **"નંદી"**નું ચિત્ર મળે છે.

→ કુમારગુપ્ત અને બન્ધુવર્માના મંદસોર શિલાલેખમાં **"સૂર્યોપસના"**નું વર્ણન મળે છે.

→ **"યોગાચાર"** દર્શનનો ગુપ્તકાળમાં ખૂબ જ વિકાસ થયો હતો.

→ બૌદ્ધ ધર્મ વિવિધ સંપ્રદાયોમાં વિભાજિત હતો, તેને રાજકીય સંરક્ષણ ન મળવાના કારણે પ્રચાર-પ્રસાર નબળું પડી રહયું હતું.

→ ગુપ્તકાળમાં અનેક પ્રખ્યાત બૌદ્ધ આચાર્યો જેમ કે- વસુબન્ધુ, આર્યદેવ, અસંગ, મૈત્રેયનાથ દિગનામ વગેરેનો અવિર્ભાવ થયો.

→ કુમારગુપ્ત-પ્રથમના સિક્કાઓ પર **"મોર"** (મયૂર) પર વિરાજેલા **"કાર્તિકેય"** (સ્કન્દ) ની પ્રતિમા અંકિત છે.

→ ગુપ્તકાળમાં મંદિરોનું નિર્માણ શરૂ થઈ ગયું હતું.

→ **ગુપ્તકાળના પ્રખ્યાત મંદિર :**

ક્રમ	**મંદિર**	**કયાં આવેલ છે**
1.	ભીતરગાંવ મંદિર (ભીતરગામ મંદિર)	- કાનપુર ઉત્તર પ્રદેશ) - આ મંદિર ઈંટોનું બનેલ છે
2.	શિવ મંદિર	- ખોહ (નાગોદ, મધ્યપ્રદેશ)
3.	દશાવતાર મંદિર	- દેવગઢ (ઝાંસી, ઉત્તરપ્રદેશ)
4.	પાર્વતી મંદિર	- નચનાકુઠાર (મધ્યપ્રદેશ)
5.	શિવ મંદિર	- ભૂમરા (નાગોદ, મધ્યપ્રદેશ)
6.	વિષ્ણુ મંદિર	- તિગવા (જબલપુર, મધ્યપ્રદેશ)
7.	લક્ષ્મણ મંદિર	- ભીતરગામ (કાનપુર, ઉત્તરપ્રદેશ)
8.	બૌદ્ધ વિહાર,	- નાલંદામાં ઈંટોનું 300 ફુટ ઊંચું બૌદ્ધ મંદિર (વિહાર)
9.	ધમેખ સ્તૂપ	- સારનાથમાં ઈંટોનું બનાવેલ સ્તૂપ
10.	વિષ્ણુ મંદિર	- ઉદયગિરિ

★ ગુપ્તકાળનો સાહિત્યનો વિકાસ

→ ગુપ્તકાળ **"સંસ્કૃત સાહિત્ય"**નો સુવર્ણકાળ ગણાય છે.

→ ગુપ્તકાળની સરખામણી યૂનાન (ગ્રીસ) ના | **"પેરિકલીયન યુગ"** થી થાય છે. (સાહિત્યના ક્ષેત્રે)

	રચયિતા/રચનાકાર	**રચનાઓ/કૃતિઓ/ગ્રંથો/વિવરણ**
1.	કાલિદાસ (ચન્દ્રગુપ્ત-બીજાના દરબારમાં "નવરત્ન" તરીકે વિરાજતા હતા)	- આમની સરખામણી **"શેકસપિયર"** સાથે કરવામાં આવે છે. - આમના મહાકાવ્યોમાં **"મેઘદૂતમ્", "ઋતુસંહારમ્", "રઘુવંશ"**નો સમાવેશ થાય છે. - આમના નાટકોમાં **"કુમારસંભવમ્", "અભિજ્ઞાનશાંકુન્તલમ્", "માલવિકાગ્નિમિત્રમ્" અને "વિકમોવર્શીયમ્"**નો સમાવેશ થાય છે. - સંસ્કૃતભાષાના પ્રખ્યાત કવિ
2.	ભાસ	- ભાસની કૃતિઓમાં **"સ્વપ્નવાસવદત્તમ્", "દૂતઘટોત્કચ", "મધ્યમન્યાયોગ", "પ્રતિજ્ઞાયૌગધરાયણ", "ચારૂદ્રત્ત", "પાંચરાત્ર", "કર્ણભાર"**નો સમાવેશ થાય છે.
3.	શૂદ્રક	- શૂદ્રકની કૃતિઓમાં **"મૃચ્છકટિકમ્"**નો સમાવેશ થાય છે. - **"મૃચ્છકટિકમ્"** સંસ્કૃતિ સાહિત્યનો સૌથી વધુ રોચક નાટકોમાંથી એક છે.
4.	ભટ્ટી	- **"રાવણવધ"** અથવા **"ભટ્ટીકાવ્ય"** નામની કવિતાની રચના ભટ્ટીએ કરી હતી. - આ કાવ્યમાં કુલ 22 સર્ગ અને 1624 શ્લોક છે. - આ પુસ્તકમાં વ્યાકરણના નિયમ પણ આપવામાં આવ્યા છે.
5.	વિષ્ણુશર્મા	- **"પંચતંત્ર"** નામના ગ્રંથની રચના સંસ્કૃત ભાષામાં કરી હતી. - આ ગ્રંથનો વિશ્વની 50 થી વધુ ભાષાઓમાં અનુવાદ થઈને બહાર પાડવામાં આવ્યો છે. - આ ગ્રંથ 5 ભાગોમાં વહેંચાયેલો છે. (1) મિત્રભેદ (2) મિત્રલોભ (3) સંધિ-વિગ્રહ (4) લબ્ધપ્રણાશ (5) અપરીક્ષાકરિત્વ
6.	ભારવી	- **"કિરાતાર્જુનીયમ્"** નામના કાવ્યની રચના કરી હતી. - આ કાવ્ય મહાભારતના વનપર્વ પર આધારિત છે. - આ કાવ્યમાં કુલ 18 સર્ગ છે.
7.	વિશાખદત્ત	- મુદ્રારાક્ષસ, દેવીચન્દ્રગુપ્ત
8.	દંડી	- કાવ્યાદર્શ, દશકુમારચરિત
9.	નારાયણ પંડિત	- હિતોપદેશ
10.	વરાહમિહિર	- બૃહત્સંહિતા, પંચસિદ્ધાંન્તિકા, બૃહજજાતક અને **"લઘુજાતક"**
11.	પાલકાવ્ય	- હસ્તાયુર્વેદ
12.	અસંગ	- યોગાચાર
13.	ચરક	- ચરક સંહિતા
14.	વાત્સ્યાયન	- કામસૂત્ર
15.	કામન્દક	-નીતિસાર
16.	સિદ્ધસેન	- ન્યાયાવતાર
17.	આર્યભટ્ટ	- સૂર્યસિદ્ધાંત, આર્યભટિટયમ્
18.	બુદ્ધઘોષ	- વિશુદ્ધિમગ્ગ
19.	અમરસિંહ	- અમરકોષ (સંસ્કૃતનો પ્રામાણિક કોષ)
20.	ધન્વંતરિ	- શલ્યશાસ્ત્ર (ચિકિત્સા વિશે)

21.	વાગ્ભટ્ટ	- અષ્ટાંગહૃદય (ચિકિત્સા વિશે)
22.	બ્રહ્મગુપ્ત	- બ્રહ્મસિદ્ધાંત
23.	ઈશ્વર કૃષ્ણ	- સાંખ્યકારિકા
24.	દિગ્નાગ	- પ્રમાણ સમુચ્ચમ
25.	ચન્દ્રગોમિન્	- ચન્દ્ર-વ્યાકરણ

★ **<u>ગુપ્તકાળની ચિત્રકળા</u>**

→ ગુપ્તકાળની ચિત્રકળામાં **''બાધની ગુફાઓ''** અને **''અજન્તાની ગુફાઓ''** નો સમાવેશ થાય છે.

→ ઈ.સ. 1818 માં ઉેજર ફીલ્ડ એ ગ્વાલિયરની નજીક **''બાધ''** નામના સ્થળ પરની ગુફાઓની શોધ કરી હતી.

→ બાધથી 9 ગુફાઓ મળી છે.

→ બાધની ગુફાઓના ચિત્રોના વિષયો મનુષ્યના લૌકિક જીવનથી સંબંધિત છે. અહીંથી મળેલ સંગીત અને નૃત્યના ચિત્ર ખૂબ જ આકર્ષક છે.

→ અજન્તાની ગુફાઓ ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)માં આવેલી છે.

→ અજન્તાની કુલ 30 ગુફાઓમાંથી હવે ફક્ત 6 ગુફાઓ (ગુફા નંબર 1, 2, 9, 10, 16 અને 17) જ બાકી છે. 16 અને 17 ગુફા જ ગુપ્તકાળની છે.

→ આ ગુફાઓમાં ચિત્રકારીથી સંબંધિત કૃતિઓથી પ્રકૃતિનું સૌંદર્ય, પુરુષ અને મહિલાઓની શારીરિક શ્રેષ્ઠતા, પશુ-પક્ષીઓનો બળ, ફૂલોની સુંદરતા અને પવિત્રતા જોવાં જેવી છે.

→ ગુપ્તચિત્રકારોએ બુદ્ધના જીવનની ઘટનાઓને ગુફા નંબર-17 માં ચિત્રિત કરી છે. આ ગુફા નંબર-17 ને **''ચિત્રશાળા''** કહેવાય છે.

→ અજન્તાની ગુફાઓ બૌદ્ધ ધર્મની મહાયાન શાખાથી સંબંધિત છે.

→ ગુફા સંખ્યા 16 માં ઉત્કીર્ણ મરણાસન્ન રાજકુમારીનું ચિત્ર પ્રશંસનીય છે.

★ **<u>ગુપ્તકાળમાં વિજ્ઞાનનો વિકાસ :</u>**

→ ગુપ્તકાળમાં ધાતુવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન,ગણિત, રસાયણ વિજ્ઞાન, જ્યોતિષ વિજ્ઞાન અને ચિકિત્સા વિજ્ઞાનની ખૂબ જ પ્રગતિ થઈ હતી.

→ **''શૂન્ય''** (ZERO) અને **''દશમલવ''** ની શોધ ગુપ્તકાળમાં જ થઈ હતી.

→ **<u>આર્યભટ્ટ :</u>**

- આ કાળના પ્રખ્યાત ગણિતજ્ઞ અને ખગોળશાસ્ત્રી હતા.
- **''સૂર્યસિદ્ધાંત''** નામનો ગ્રંથ લખ્યો.
- તે સૌપ્રથમ નક્ષત્ર વૈજ્ઞાનિક હતા, જેમણે ઘોષણા કરી કે પૃથ્વી પોતાના અક્ષ પર ફરે છે.
- તેમણે **''સૂર્યગ્રહણ''** અને **''ચન્દ્રગ્રહણ''**ના વાસ્તવિક કારણ બતાવ્યા.
- તેમણે **''દશમલવ''** પ્રણાલીનો વિકાસ કર્યો.
- તેમના પ્રયાસોથી ગણિતને ખગોળવિજ્ઞાનથી અલગ કરી શકાયું.
- તેમણે **''આર્યભટ્ટીયમ્''** નામના ગ્રંથની પણ રચના કરી હતી.
- આ ગ્રંથમાં અંકગણિત, બીજગણિત અને રેખાગણિતની વિવેચના કરવામાં આવી.

→ **<u>બ્રહ્મગુપ્ત :</u>**

- બ્રહ્મગુપ્ત એક પ્રખ્યાત ખગોળશાસ્ત્રી હતા.
- તેમણે **''બ્રહ્મ સિદ્ધાન્ત''** ની રચના કરી હતી, જે ખગોળશાસ્ત્રનો એક પ્રખ્યાત ગ્રંથ છે.
- તેમણે ન્યૂટનના સિદ્ધાંતની પૂર્વ કલ્પના કરી લીધી હતી.
- તેમણે ઘોષણા કરી હતી કે, **''પ્રકૃતિના એક નિયમના પ્રમાણે બધી વસ્તુઓ પૃથ્વી પર પડે છે, કારણકે પૃથ્વી સ્વભાવથી જ બધી વસ્તુઓને પોતાની બાજુ આકર્ષિત કરે છે.''**

→ **<u>ભાસ્કર - પ્રથમ :</u>**

- આમને **''ભાસ્કરાચાર્ય''** તરીકે પણ ઓળખાય છે.
- આમને **''આર્યભટ્ટ''**ના પ્રખ્યાત સૂર્ય સિદ્ધાંત પર ટીકા લખી હતી.

- **"મહાભાસ્કર", "લઘુભાસ્કર્ય" અને "ભાષ્ય"** આમના અન્ય મહત્વપૂર્ણ ગ્રંથો છે.

→ **<u>વરાહમિહિર :</u>**

- વરાહમિહિર ગુપ્તકાળના પ્રખ્યાત ખગોળશાસ્ત્રી હતા.

- તેમણે **"બૃહત્સંહિતા", "પંચસિદ્ધાંતિકા", "બૃહજ્જાતક" અને "લઘુજાતક"** નામના પ્રખ્યાત ગ્રંથોની રચના કરી હતી.

- બૃહત્સંહિતામાં નક્ષત્ર-વિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, પ્રાકૃતિક ઈતિહાસ અને ભૌતિક ભૂગોળ જેવા વિષયોનું વર્ણન છે.

→ **<u>ચિકિત્સા</u>** (Medical)

- ચિકિત્સાના ક્ષેત્રમાં **"વાગ્ભટ્ટ"** એ આર્યુવેદના પ્રખ્યાત ગ્રંથ **"અષ્ટાંગ હૃદય"**ની રચના કરી હતી.

- **"ધન્વન્તરિ" અને "સુશ્રુત"** આ યુગના પ્રખ્યાત વૈદ્ય હતા.

- **"નવનીતકમ્"** આ યુગની પ્રખ્યાત ચિકિત્સા પુસ્તક હતી.

- **"હસ્ત્યાર્યુવેદ"** પશુ ચિકિત્સા સંબંધિત રચના છે જેને **"પલકાવ્ય"** એ લખી હતી.

- ચન્દ્રગુપ્ત - બીજા (વિક્રમાદિત્ય)ના દરબારના પ્રખ્યાત આયુર્વેદાચાર્ય અનિ ચિકિત્સક **"ધન્વંતરિ"** એ **"રસચિકિત્સા"** નામના ગ્રંથની રચના કરી હતી અને સાબિત કર્યુ કે સોનું, ચાંદી, લોખંડ, તાંબું વગેરે ધાતુઓમાં રોગ નિવારણની શક્તિ રહેલી છે.

- ગુપ્તકાલીન ચિકિત્સકોને **"શલ્યશાસ્ત્ર"** (Operation) ના વિષયમાં પણ જ્ઞાન હતો.

- ગુપ્તકાળમાં **"અણુસિદ્ધાંત"**નું પણ પ્રતિપાદન થયું.

★ **<u>અન્ય ફેક્ટ્સ :</u>**

→ પોલીસ વિભાગના સામાન્ય કર્મચારીઓને **"ચાટ"** અને **"ભાટ"** કહેતા હતા.

→ ગ્રામ સમૂહોના નાના એકમને **"પેઠ"** કહેવાય છે. જેનો ઉલ્લેખ ખોહ અભિલેખમાં મળે છે.

→ કુમારગુપ્તના **"દામોદરપુર તામ્રપત્ર"** માં જમીન વેચાણ સંબંધિત અધિકારીઓના કાર્યોનો ઉલ્લેખ છે.

→ સિંચાઈ માટે **"રહટ" કે "ઘંટીયંત્ર"**નો પ્રયોગ થતો હતો.

→ ગુપ્તકાળમાં **"ઉજ્જૈન"** સૌથી વધુ મહત્વપૂર્ણ વેપારી કેન્દ્ર હતું.

→ ગુપ્ત રાજાઓએ સૌથી વધુ **"સ્વર્ણ મુદ્રાઓ"** (સુવર્ણ સિક્કા) બહાર પાડી હતી.

→ આમની **"સ્વર્ણ મુદ્રાઓ"**ને અભિલેખોમાં **"દીનાર"** કહેવામાં આવી છે.

→ કાયસ્થોનું સૌપ્રથમ વર્ણન **"યાજ્ઞવલ્કય સ્મૃતિ"**માં મળે છે.

→ જાતિના રૂપમાં કાયસ્થોનું સૌપ્રથમ વર્ણન **"ઓશનમ્ સ્મૃતિ"**માં મળે છે.

→ ગુપ્તકાળમાં વેશ્યાવૃત્તિ કરવાવાળી મહિલાઓને **"ગણિકા"** કહેતા હતા.

→ **"કુટ્ટની"** - વૃદ્ધ વેશ્યાઓને કહેતા હતા.

→ ગુપ્તકાળનો દેવગઢનો દશાવતાર મંદિર **"બેતવા"** નદીના કિનારે આવેલ છે.

→ વિષ્ણુ શર્માની **"પંચતંત્ર"** વિશ્વમાં **"બાઈબલ"** પછીની બીજી સૌથી વધુ પ્રખ્યાત પુસ્તક છે.

→ પુરાણોનું વર્તમાન સ્વરૂપ ગુપ્તકાળનું જ છે એટલે કે ગુપ્તકાળમાં જ પુરાણોની રચના થઈ હતી. આ પુરાણોમાં એતિહાસિક પરમ્પરાઓનો ઉલ્લેખ મળે છે.

→ ગુપ્તકાળની રાજકીય ભાષા (Official Language) **"પ્રાકૃત"** હતી.

→ **"રૂપ્યકા"** - ગુપ્તકાળનો ચાંદીનો સિક્કો

→ બૃહસ્પતિ સ્મૃતિ, કાત્યાયન સ્મૃતિ, નારદ સ્મૃતિ અને યાજ્ઞવલ્કય સ્મૃતિની રચના **"ગુપ્તકાળ"** માં જ થઈ હતી.

→ રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યોની રચના પણ ગુપ્તકાળમાં થઈ હતી.

→ ગુપ્તકાળમાં સાહિત્ય અને શિક્ષાના ક્ષેત્રમાં ખૂબ જ પ્રગતિ થઈ હતી. કાશી, મથુરા, નાસિક, પદમાવતી, ઉજ્જૈન, અવરપુર, વલ્લભી, પાટલીપુત્ર અને કૉંચી વગેરે ગુપ્તકાળના પ્રમુખ શૈક્ષણિક કેન્દ્ર હતા.

→ રાજગૃહમાં આવેલ **"જરાસંધની બેઠક"** ગુપ્તકાળની જ છે.

→ સારનાથની બુદ્ધમૂર્તિ, મથુરાની મહાવીરની મૂર્તિ, વિદિશાની વરાહ અવતારની મૂર્તિ, ઝૉસીની શેષશય્યા

વિષ્ણુની મૂર્તિ, કાશીની ગોવર્ધનધારી કૃષ્ણની મૂર્તિ વગેરે આ યુગની મૂર્તિકળાના પ્રમુખ ઉદાહરણ છે.

→ ગુપ્તકાળમાં મહિલાઓની સ્થિતિ સારી ન હતી. આ કાળમાં જ સતીપ્રથાનો પ્રથમ સાક્ષ્ય મળે છે.

→ જાતિઓ **''પેટાજાતિઓ''**માં વિભાજિત થઈ ગઈ હતી.

→ અશ્પૃશ્યતાની કુપ્રથાએ પોતાનો પાયો મજબૂત કરી લીધો.

→ **''યાજ્ઞવલ્કય સ્મૃતિ''**માં સૌપ્રથમ મહિલાઓને મિલકત સંબંધિત અધિકાર આપવાની વાત કહેવામાં આવી.

→ સૌથી વધુ **''ભૂમિ અનુદાન''** ગુપ્તકાળમાં આપવામાં આવ્યો.

→ **''નારદ સ્મૃતિ'' અને ''પરાશર સ્મૃતિ''** માં વિધવા વિવાહનું સમર્થન મળે છે.

→ ગંગા અને યમુનાની મૂર્તિનું સ્વરૂપ ગુપ્તકાળની જ દેન છે.

→ પોલીસ વિભાગના પદાધિકારીઓમાં ઉપરિક, દશાપરાધિક, ચૌરાદ્ધરણિક, દંડપાશિક, અંગરક્ષક વગેરે પ્રમુખ હતા.

→ રાજકાર્યમાં સમ્રાટની મદદ કરવાવાળી મંત્રી અને અમાત્ય હતા. કામન્દકના **''નીતિસાર''** ગ્રંથમાં મંત્રીઓ અને અમાત્યોની વચ્ચેનો અંતર સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

→ ગુપ્તકાળથી જ **''વિકેન્દ્રીકરણ''** (Decentralisation) ની પ્રવૃત્તિ વધવા લાગી હતી.

→ **''અક્ષયનીવિ''** - સ્થાયીદાન એટલે કે એવી જમીન જેનાથી સતત ભૂ-રાજસ્વ (જમીનવેરો) મળતો રહે.

→ અક્ષયનીવિ જમા કરાવવાનો પ્રથમ અભિલેખીય પ્રમાણ ચન્દ્રગુપ્ત-બીજાના બૌદ્ધ સેનાપતિ **''આમ્રકાર્દવ''** ધ્વારા ઉત્કીર્ણ કરાવેલ **''સાંચી અભિલેખ''**થી મળે છે.

→ નારદે 15 પ્રકારના અને મનુએ 7 પ્રકારના દાસોનો ઉલ્લેખ કર્યો છે.

→ મેઘદૂતમ્ અને પુરાણોમાં **''દેવદાસી પ્રથા''**નો ઉલ્લેખ મળે છે.

→ **<u>ગુપ્તકાળના મુખ્ય અધિકારીઓ :</u>**

	<u>અધિકારી</u>	**<u>વિભાગ</u>**
1.	હરિષેણ	- આ સમુદ્રગુપ્તના સંધિવિગ્રાહક અને મહાદંડનાયક હતા. તેમણે પ્રયાગ પ્રશસ્તિની રચના કરી હતી.
2.	વીરસેન શૈવ	- ચન્દ્રગુપ્ત બીજાનો સંધિવિગ્રાહક
3.	શિખર સ્વામી	- ચન્દ્રગુપ્ત બીજાના મંત્રી અને કુમારામાત્ય
4.	પૃથ્વીષેણ	- કુમારગુપ્તના મંત્રી અને કુમારામાત્ય
5.	આમ્રકાર્દવ	- ચન્દ્રગુપ્ત બીજાના સેનાપતિ

★ **<u>પ્રાચીન ભારતની પ્રમુખ ગુફાઓ, સ્તૂપ અને ચૈત્ય :</u>**

<u>ક્રમ</u>	**<u>ગુફાઓ</u>**	**<u>ખાસિયત</u>**
1.	અજન્તાની ગુફા	- અજન્તાની ગુફાઓ ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)માં આવેલી છે. - અજન્તાની કુલ 30 ગુફાઓમાંથી હવે ફક્ત 6 ગુફાઓ જ બાકી છે.
2.	એલોરાની ગુફા	- એલોરાની ગુફાઓ પોતાની લંબાઈ, પહોળાઈ અને ખોદકામના કારણે વિશ્વભરમાં પ્રખ્યાત છે. - એલોરામાં કુલ 34 ગુફાઓ છે. જેમાંથી 17 હિન્દુ ગુફાઓ, 12 ગુફાઓ અને 5 જૈન ગુફાઓ છે. - હિન્દૂ ગુફાઓમાં સૌથી પ્રમુખ ગુફા **''કૈલાશ મંદિર''** છે. - જૈન ગુફાઓમાં **''ઈન્દ્રસભા''** અને **''જગન્નાથ''** સૌથી પ્રમુખ ગુફા છે.
3.	અમરાવતીની ગુફા	- અમરાવતીની ગુફાઓ ગુન્ટૂર (આંધ્રપ્રદેશ)માં આવેલ છે.
4.	બાધની ગુફા	- બાધની ગુફાઓ ગ્વાલિયર (મધ્યપ્રદેશ)ના બાધ નામના સ્થળે આવેલી છે. - અહીંથી 9 ગુફાઓ મળેલી છે. - ગુફા નંબર - 2 **''પાંડવ ગુફા''**, ગુફા નંબર-3 **''હાથીખાણા''** અને ગુફા નંબર-4 **''રંગમહેલ''**ના નામથી પ્રખ્યાત છે. - આ ગુફાઓનું નિર્માણ પાંચમી-છઠ્ઠી સદીમાં થયો છે.

5.	એલિફેન્ટાની ગુફા	- એલિફેન્ટાની ગુફા મુંબઈ (મહારાષ્ટ્ર)માં આવેલી છે. - આ ગુફામાં પૌરાણિક દેવતાઓની ભવ્ય મૂર્તિઓ છે. - આમાંથી સૌથી વધુ પ્રખ્યાત **''ત્રિદેવની મૂર્તિ''** છે. - આ ગુફાઓનું નિર્માણ **''રાષ્ટ્રકૂટ રાજાઓ''**ના સમયે થયો હતો.
6.	કન્હેરીની ગુફા	- કન્હેરીની ગુફાઓ મુંબઈ (મહારાષ્ટ્ર)માં આવેલી છે. - આ ગુફાઓ બીજી સદીની છે. - અહીંયા 90 ગુફાઓ આવેલી છે. - અહીંથી મળેલ ચૈત્યગૃહની બનાવટ **''કાર્લેના ચૈત્યગૃહ''**થી મળે છે.
7.	બરાબર અને નાગાર્જુની ગુફાઓ	- આ ગુફાઓ **''ગયા''** (બિહાર)માં આવેલી છે. - આ શૈલકૃત ગુફાઓનું નિર્માણ **''સમ્રાટ અશોક''** ધ્વારા કરવામાં આવ્યું હતું. - આ ગુફાઓ **''આજીવક સંપ્રદાય''**ના નિવાસ માટે બનાવવામાં આવી હતી. - **''સુદામા'', ''વિશ્વઝોપડી'' અને ''કર્ણચાપડ''** આ ત્રણેય ગુફાઓ અહીંયા અશોકે બનાવી હતી. - મૌર્ય શાસક **''દશરથ''**ની ગુફાઓમાં **''લોમશ ઋષિની ગુફા''** અને **''ગોપીકા ગુફા''** મહત્વપૂર્ણ છે. - નાગાર્જુની ટેકરી પર આવેલ ત્રણ ગુફાઓમાં **''દેવાનાંપ્રિય દશરથ''** (અશોકનો પૌત્ર) અંકિત છે જે આજીવક સંપ્રદાયને દાનમાં આપવામાં આવી હતી.
8.	ઉદયગિરિની ગુફા	- આ ગુફાઓ ઉદયગિરિ પર્વત - ભુવનેશ્વર (ઓરિસ્સા) માં આવેલી છે. - આ ગુફાઓનું નિર્માણ શુંગકાળમાં થયું હતું. - આ ગુફાઓ જૈન ધર્મથી સંબંધિત છે.
9.	નાગાર્જુનકોન્ડા ગુફા	- આ ગુફા આંધ્રપ્રદેશમાં આવેલી છે. - ચીની યાત્રી હ્યૂ-એન-સાંગ પ્રમાણે સાતવાહન રાજાએ અહીયા એક બૌદ્ધ મઠનું નિર્માણ કરાવ્યું હતું. - આ એક પ્રખ્યાત બૌદ્ધ કેન્દ્ર હતું.
10.	ભજની ગુફા	- આ ગુફા પૂણે (મહારાષ્ટ્ર)માં આવેલી છે.

★ **<u>પ્રાચીન ભારતના પ્રમુખ સ્તૂપ :</u>**

→ સ્તૂપ એટલે કે કોઈ વસ્તુનો સંગ્રહ

→ ભગવાન બુદ્ધના જીવનની પ્રમુખ ઘટનાઓ જેમ કે જન્મ, ધર્મચક્રપ્રવર્તન, સમ્બોધિ, નિર્વાણ વગેરે મહત્વપૂર્ણ સ્થળો પર સ્તૂપોનું નિર્માણ થયું હતું.

→ સ્તૂપ ચાર પ્રકારના હોય છે.

(1) શારીરિક સ્તૂપ (2) પારિભોગિક સ્તૂપ (3) ઉદ્દેશિકા સ્તૂપ (4) પૂજાર્થક સ્તૂપ

<u>ક્રમ</u>	<u>સ્તૂપ</u>	<u>ખાસિયત</u>
1.	ભરહુતનો સ્તૂપ	- આ સ્તૂપ સતના (મધ્યપ્રદેશ) માં આવેલ છે. - આ સ્તૂપની શોધ 1873 માં એલેકઝંડાર કનિંધમ એ કરી હતી. - આ સૌથી પ્રાચીન સ્તૂપ છે.
2.	સાંચીનો સ્તૂપ	- આ સ્તૂપ રાયસેન (મધ્યપ્રદેશ)માં આવેલ છે. - આ સ્તૂપનું નિર્માણ **''સમ્રાટ અશોક''** ધ્વારા કરાવવામાં આવ્યું હતું. - ત્યારપછી શુંગ શાસકો અને સાતવાહન શાસકોએ આનું પુનરુદ્ધાર કર્યું.

		- આ બૌદ્ધ સ્તૂપોમાં સૌથી મોટું અને શ્રેષ્ઠ હતું.
3.	અમરાવતીનો સ્તૂપ	- આ ગુન્ટૂર જીલ્લામાં (આંધ્રપ્રદેશ) કૃષ્ણા નદીના કિનારે આવેલ છે. - આ સ્તૂપની શોધ ઈ.સ. 1797 માં કર્નલ કાલિન મૈકજીએ કરી હતી. - આ સ્તૂપનું પ્રાચીન નામ **''ધન્યકટક''** હતું.
4.	સારનાથનો સ્તૂપ	- આ સ્તૂપ વારાણાસી (ઉતરપ્રદેશ) માં આવેલ છે. - આ સ્તૂપનો નિર્માણ **''સમ્રાટ અશોકે''** કરાવ્યું હતું. - આ સ્તૂપ ઈંટોથી બનેલ છે. - આને **''ધમેખ સ્તૂપ''** ના નામે પણ ઓળખવામાં આવે છે.
5.	જગપેટ્ટ સ્તૂપ	- આ સ્તૂપ આંધ્રપ્રદેશમાં આવેલ છે. - આ સ્તૂપનું નિર્માણ **''ઈક્ષ્વાકુંવંશ''**ના શાસકોએ કરાવ્યું હતું.
6.	પિપહરવા સ્તૂપ	- આ સ્તૂપ આંધ્રપ્રદેશમાં આવેલ છે.
7.	બોધગયાનો સ્તૂપ	- આ સ્તૂપ બિહારમાં આવેલ છે. - આ સ્તૂપનો પાયો **''સમ્રાટ અશોકે''** નાખ્યો હતો. - આ સ્તૂપનું નિર્માણ **''ગ્રેનાઈટ''**થી કરવામાં આવ્યું છે.

★ **<u>ચૈત્યગૃહ :</u>**

→ બૌદ્ધ ધર્મના અનુયાયી **''મૂર્તિપૂજા''**ના વિરોધી હતા. જેથી ભગવાન બુદ્ધની પૂજા માટે નિર્મિત સ્તૂપને **''ચૈત્યગૃહ''** કહેવાય છે.

→ બૌદ્ધ ધર્મના અનુયાયી ધ્વારા વંદના, ધ્યાન વગેરે ચૈત્યગૃહોમાં જ થાય છે.

→ ચૈત્યગૃહની નજીક જ બૌદ્ધ ભિક્ષુઓના નિવાસ માટે **''વિહાર''** બનેલા હોય છે.

→ **''દાગોવ''** - આ ચૈત્યોની અંદર બનેલ નાના-નાના સ્તૂપો.

★★★★★

પ્રકરણ-16 ગુપ્તોત્તર કાળ

→ ગુપ્ત સામ્રાજ્યના પતન પછીનો સમય **"ગુપ્તોત્તર કાળ"** કહેવાય છે.

→ ગુપ્ત સામ્રાજ્યના પતન પછી ઉતર ભારતમાં કેટલાંક વંશો / સમુદાયો અસ્તિત્વમાં આવ્યા હતા જેમાં -

(1) વલ્લભીનો મૈત્રક વંશ

(2) મૌખરિ વંશ

(3) પુષ્યભૂતિ વંશ

(1) વલ્લભીનો મૈત્રક વંશ

→ મૈત્રક વંશનો સંસ્થાપક **"ભટ્ટાર્ક"** હતો.

→ ચીની યાત્રી હ્યૂ-એન-ત્સાંગે ઈ.સ. 640 માં વલ્લભીની મુલાકાતે આવ્યો હતો, ત્યારે **"ધ્રુવસેન-ત્રીજા"**નું શાસન વલ્લભી પર હતું.

→ ગૃહસેને કનૌજના મૌખરી શાસક ઈશ્વર વર્મા (ઈષાણ વર્મા) ને જે ગિરનાર સુધી ધસી આવ્યા તેમને હાંકી કાઢવામાં સફળ રહ્યા હતા.

→ **"શીલાદિત્ય-પહેલાં"**નું ઉપનામ **"ધર્માદિત્ય"** હતું. ચીની યાત્રી હ્યૂ-એન-ત્સાંગે તેમની દાનપ્રિયતાના વખાણ કર્યા.

→ **"ધ્રુવસેન-બીજો"** હર્ષવર્ધનનો સમકાલીન અને જમાઈ હતો.

→ **"કવિ ભટ્ટી"** જેમણે **"રાવણ વધ"** અને **"ભટ્ટીકાવ્ય"**ની રચના કરી હતી, મૈત્રક રાજા **"ધ્રુવસેન-ચોથા"**નો આશ્રિત કવિ (દરબારી કવિ) હતો.

→ વલ્લભી વિશ્વવિદ્યાલય શિક્ષાનું મોટું અને પ્રખ્યાત કેન્દ્ર હતું.

2. મૌખરિ વંશ

→ મૌખરિ વંશનો સંસ્થાપક **"મુખર"** હતો.

→ મુખર ગુપ્ત રાજાઓનો સામંત હતો.

→ નાલંદા અભિલેખ પ્રમાણે મૌખરિ શાસક સર્વવર્મન એ પુષ્યભૂતિ વંશના શાસકો સાથે મળીને હૂણો ને પરાજિત કર્યા હતા.

→ મૌખરિ વંશનો છેલ્લો રાજા **"ગ્રહવર્મા"** હતો.જેના લગ્ન પુષ્યભૂતિ વંશના પ્રભાકર વર્ધનની પુત્રી અને હર્ષવર્ધનની બેન **"રાજયશ્રી"** સાથે થયા હતા.

→ કન્નૌજ પર મૌખરિ વંશનું શાસન હતું.

(3) પુષ્યભૂતિ વંશ

→ પુષ્યભૂતિ વંશનો સંસ્થાપક **"પુષ્યભૂતિ"** હતો.

→ આમનું પાટનગર (રાજધાની) **"થાનેશ્વર"** (હરિયાણા રાજયના કુરુક્ષેત્ર જીલ્લામાં) હતું.

→ પ્રભાકરવર્ધન આ વંશની સ્વતંત્રતા નો જન્મદાતા અને પ્રથમ પ્રભાવશાળી શાસક હતો.

→ હર્ષચરિત ગ્રંથ પ્રમાણે પ્રભાકરવર્ધને **"પરમભટ્ટારક"** અને **"મહારાજાધિરાજ"** જેવી ઉપાધિઓ ધારણ કરી હતી.

→ પ્રભાકરવર્ધન ની પત્નીનું નામ યશોમતી હતું.

→ પ્રભાકર વર્ધનના બે પુત્રો - રાજયવર્ધન અને હર્ષવર્ધન તથા એક પુત્રી - રાજયશ્રી હતી.

→ રાજયશ્રીના લગ્ન મૌખરિ વંશના ગ્રહવર્મા સાથે થયા હતા.

→ પ્રભાકરવર્ધનની વિજયોનો ઉલ્લેખ બાણભટ્ટએ કર્યો છે.

→ માળવાના શાસક દેવગુપ્તે ગ્રહવર્માની હત્યા કરી દીધી અને રાજયશ્રીને કારાગારમાં નાખી દીધી.

→ પ્રભાકરવર્ધનની મૃત્યુ પછી રાજયવર્ધન રાજગાદ્દી પર બેઠો અને માળવાના શાસક દેવગુપ્તને યુદ્ધમાં પરાજિત કરી મારી નાખ્યો. વિજયોઉપરાંત જયારે તે પરત ફરી રહયો હતો ત્યારે માર્ગમાં ગૌડ શાસક **"શશાંક"** (દેવગુપ્તનો મિત્ર) એ વિશ્વાસઘાતથી રાજયવર્ધનની હત્યા કરી દીથી.

→ ગૌડ શાસક **"શશાંક"** શૈવ ધર્મનો અનુયાયી હતો. આને બોધગાયાના બોધિવૃક્ષને કાપી નાખ્યો હતો.

★ **હર્ષવર્ધન :**

→ **હર્ષવર્ધન (હર્ષ)ના ઈતિહાસની જાણકારીના સ્ત્રોત :**

(1) બાણભટ્ટ - હર્ષચરિત, કાંદમ્બરી

(2) હર્ષવર્ધન - પ્રિયદર્શિકા, રત્નાવલી, નાગાનંદ

(3) ચીની યાત્રી હ્યૂ-એન-ત્સાંગનું વિવરણ

(4) હર્ષકાળના અભિલેખો, સિક્કાઓનો અભ્યાસ

→ રાજયવર્ધનની મૃત્યુ પછી ઈ.સ. 606 માં 16 વર્ષની વયે હર્ષવર્ધન થાનેશ્વરની રાજગાદ્દી પર બેઠો.

→ **"ગૃહવર્મા"**ની હત્યા પછી કન્નૌજ પર ગૌડ શાસક શશાંક એ અધિકાર કરી લીધો હતો. જેને હર્ષ એ પરાજિત કરીને કન્નૌજ પર અધિકાર કરી લીધો હતો.

→ હર્ષ એ **"કન્નૌજ"** ને પોતાની રાજધાની (પાટનગર) બનાવી.

→ હર્ષવર્ધન **"શિલાદિત્ય"**ના નામે પણ ઓળખાય છે.

→ આને **"પરમભટ્ટારક મગધ નરેશ"** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ ઈ.સ. 632 માં હર્ષ અને ચાલુક્ય રાજા પુલકેશિન-બીજા વચ્ચે **"નર્મદા"** નદીના કિનારે યુદ્ધ થયું, જેમાં હર્ષ પરાજિત્ત થયો હતો. (એહોલ અભિલેખના પ્રમાણે)

→ દક્ષિણ ભારતના અભિલેખોથી માલૂમ પડે છે કે હર્ષ **"ઉત્તર ભારતનો સ્વામી"** (**"સકલોત્તરાપથનાથ"**) હતો.

→ તેના સામ્રાજ્યમાં થાનેશ્વર, કન્નૌજ, રૂહેલખંડ, અવધ, અલ્હાબાદ, મગધ વગેરે સામેલ હતા.

→ હર્ષનું રાજ્ય -



→ પ્રભાકરવર્ધન સૂર્યના ઉપાસક હતા.

→ રાજ્યવર્ધન બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો.

→ હર્ષવર્ધન એ વંશના ત્રણ દેવો - શિવ, સૂર્ય અને બુદ્ધને શ્રધ્ધાંજલિ અર્પિત કરી પરન્તું પોતાના રાજ્યના છેલ્લા વર્ષોમાં હર્ષ એ બૌદ્ધ ધર્મની મહાયાન શાખાનો અનુયાયી બની ગયો હતો.

→ ઈ.સ. 643 માં હર્ષવર્ધને **"કન્નૌજ"**માં એક બૌદ્ધ સભાનું આયોજન કર્યું હતું. જેમાં બૌદ્ધ ધર્મની મહાયાન શાખાનું પ્રચાર કરવામાં આવ્યું. આના અધ્યક્ષ આસામના રાજા **"ભાસ્કરવર્મા"** હતા.

→ **<u>હર્ષવર્ધનનું વહીવટી માળખું :</u>**

સામ્રાજ્ય

↓

ભુક્તિ (પ્રાંત) - શાસક - રાજસ્થાનીય, ઉપરિક, રાષ્ટ્રીય

↓

વિષય (જીલ્લો) - શાસક - વિષયપતિ

↓

ગ્રામ (શાસનનું સૌથી નાનું એકમ) શાસક - ગ્રામાક્ષપટલિક

→ **<u>હર્ષકાલના પ્રમુખ અધિકારી :</u>**

<u>ક્રમ</u>	<u>અધિકારી</u>	<u>કાર્ય</u>
1.	બલાધિકૃત	સેનાપતિ
2.	મહાબલાધિકૃત	સર્વોચ્ચ સેનાપતિ
3.	કુમારામાત્ય	રાજકુમારનો સલાહકાર
4.	મહાસન્ધિવિગ્રહાધિકૃત	યુદ્ધ અને શાંતિનો મંત્રી
5.	બૃહદાશ્વવાર (કુન્તલ)	અશ્વારોહી સેનાનો સેનાપતિ
6.	પથિ	સૈનિકોના શિવિરોનો અધ્યક્ષ
7.	યમ ચેટ્ટી	રાતના સમયે ધ્યાન રાખનારી મહિલાઓ
8.	રાજસ્થાનીય	ગવર્નર
9.	દૌસ્સાધનિક	ગ્રામાધ્યક્ષ
10.	ભૌગિક	રાજકીય કર એકત્રિત કરનાર

→ સમ્રાટની મદદ કરવા માટે એક મંત્રિપરિષદ હતી. હર્ષના સમયે **"ભંડી"** આનો સચિવ હતો.

→ ચીની યાત્રી **"હ્યુ-એન-ત્સાંગ"** હર્ષવર્ધનના શાસનકાળમાં ભારત આવ્યો હતો.

→ હર્ષ એ ઈ.સ. 641 માં પોતાના રાજદૂત ચીનમાં મોકલ્યા હતા અને ઈ.સ. 643 અને 645 માં બે ચીની રાજદૂત મંડળ તેના દરબારમાં આવ્યા હતા.

→ હર્ષ એ કાશ્મીરના શાસક પાસેથી ભગવાન બુદ્ધના અવશેષ બળજબરીથી પ્રાપ્ત કર્યા હતા.

→ હર્ષના સમયમાં **"નાલંદા વિશ્વવિદ્યાલય"** મહાયાન શાખા (બૌદ્ધ ધર્મ)ની શિક્ષાનું પ્રમુખ કેન્દ્ર હતું.

→ હર્ષના સમયથી **"સામન્તકાળ"** શરૂ થયો હતો.

→ હર્ષવર્ધને ત્રણ નાટકો રચ્યા તેથી જ તેને **"સાહિત્યકાર સમ્રાટ"** પણ કહેવામાં આવે છે. ત્રણ નાટકો નીચે મુજબ છે -

(1) પ્રિયદર્શિકા

(2) રત્નાવલી

(3) નાગાનંદ

→ હર્ષે બાણભટ્ટ, મયૂર, દિવાકર, હ્યૂ-એન-ત્સાંગ જેવા વિદ્વાનોને સંરક્ષણ આપ્યું.

→ હર્ષવર્ધને વિશાળ સૈન્ય તૈયાર કર્યું જેમાં 60 હજાર હાથી અને એક લાખ ઘોડેસવાર હતા.

→ રાજ્યનું મુખ્ય આવકનું સાધન **"ભૂમિકર"** હતો તેને **"ભાગ"** કહેવામાં આવતો, જેમાં ઉત્પાદિત પાકનો 1/6 ભાગ લેવામાં આવતો.

→ હર્ષ **"પ્રયાગ"** (અલ્હાબાદ) માં દર 5 વર્ષે એક ધર્મસભાનું આયોજન કરતો જેને **"મોક્ષપરિષદ"** કહેવામાં આવતું તેમના સમયમાં 6 વખત મોક્ષપરિષદ ભરાઈ હતી.

→ હર્ષના સમયમાં નાલંદા વિશ્વવિદ્યાલયના કુલપતિ **"શીલભદ્ર"** હતા.

→ કલ્હણની **"રાજતરંગીણી"** કાશ્મીરનો પ્રાચીન ઈતિહાસ છે.

→ **"કુંભમેળા"**ની શરૂઆત હર્ષવર્ધને જ કરી હતી.

→ **"મહાગ્હહાર"** - નાલંદા વિશ્વવિદ્યાલયને કેટલાંક અભિલેખોમાં મહાગ્હહાર કહેવામાં આવ્યો છે.

→ હર્ષને ભારતનો છેલ્લો હિન્દૂ સમ્રાટ કહેવાય છે.

→ **"હર્ષચરિત"**માં પ્રાંતીય શાસક માટે **"લોકપાલ"** શબ્દ વાપરવામાં આવ્યો છે.

→ **"હર્ષચરિત"**માં સિંચાઈના સાધનના રૂપે **"તુલાયંત્ર"** (જળપંપ)નો ઉલ્લેખ મળે છે.

→ હર્ષવર્ધનની મૃત્યુ પછી કન્નૌજ પર યશોવર્માનું શાસન સ્થાપિત થયું હતું.

→ પ્રખ્યાત કવિ - **"વાક્પતિ"** યશોવર્માના દરબારમાં હતા.

→ વાક્પતિની રચના **"ગૌડવહો"**માં યશોવર્માની વિજયોનું વર્ણન છે. આ ગ્રંથ **"પ્રાકૃત"** ભાષામાં છે.

→ **<u>ગુપ્તોત્તર કાળના સ્થાપત્યો :</u>**

	<u>મંદિર</u>	**<u>સ્થાપકવંશ/રાજા</u>**	**<u>સ્થાપત્ય શૈલી</u>**
1.	દેલવાડાનું જૈન મંદિર	રાષ્ટ્રકૂટ વંશ	નાગરશૈલી
2.	મોઢેરાનું સૂર્ય મંદિર	ભીમદેવ પહેલો	નાગરશૈલી
3.	કંદરિયા મહાદેવનું મંદિર	ચંદેલ શાસક ધગદેવ	નાગરશૈલી
4.	ખજૂરાહોના મંદિર	ચંદેલ શાસક	નાગરશૈલી
5.	કોણાર્કનું સૂર્યમંદિર	ગંગશાસક નરસિંહદેવ	નાગરશૈલી
6.	જગન્નાથ પુરીનું મંદિર	અનન્તવર્મા	નાગરશૈલી
7.	લિંગરાજ મંદિર		નાગરશૈલી
8.	તિરૂમલભાઈ મંદિર	પાંડય વંશ	દ્રવિડ શૈલી
9.	ગંગેકોન્ડ ચોલપુરમ્ મંદિર	ચોલ શાસક રાજેન્દ્ર	દ્રવિડ શૈલી
10.	બૃહદેશ્વર મંદિર (તંજાવુર)	ચોલ શાસક રાજરાજ	દ્રવિડ શૈલી
11.	કૈલાશ મંદિર (કાંચી)	પલ્લવંશના નરસિંહવર્મન- II	દ્રવિડ શૈલી
12.	મામલ્લપુરમનું મંદિર	પલ્લવ વંશ	દ્રવિડ શૈલી
13.	કૈલાશ મંદિર (ઈલોરા)	રાષ્ટ્રકૂટ વંશ	બેસર શૈલી
14.	દશાવતાર મંદિર (ઝાંસી)	ગુપ્તકાળ	બેસર શૈલી
15.	એલિફેન્ટાની ગુફા	રાષ્ટ્રકૂટ વંશ	બેસર શૈલી

★★★★★★

પ્રકરણ-17 પ્રમુખ રાજવંશ

1. પલ્લવ વંશ

→ પલ્લવ વંશનો સંસ્થાપક **''સિંહવિષ્ણુ''** હતો.

→ **''કિરાતાર્જુનીયમ''** નો લેખક **''ભારવી''** સિંહવિષ્ણુના દરબારમાં હતો.

→ **''મહેન્દ્રવર્મન-પ્રથમ''** એ **''મત્તવિલાસ પ્રહસન''** નામના હાસ્ય નાટકની રચના કરી હતી. આ નાટકમાં શૈવ અને બૌદ્ધ સન્યાયીઓના અવગુણો અને મુર્ખતાઓની મજાક ઉડાવવામાં આવી છે.

→ મહેન્દ્રવર્મન પ્રથમ પુલકેશિન-દ્વિતીયથી યુદ્ધમાં પરાજિત થયો અને તેને વેંગીનો પ્રદેશ પુલકેશિનને આપવો પડ્યો હતો.

→ નરસિંહવર્મન પ્રથમે પુલકેશિન-દ્વિતીયને પરાજિત કરી તેના રાજધાની (પાટનગર) **''વાતાપી''** પર અધિકારી કરી લીધો.

→ નરસિંહવર્મન-પ્રથમે **''મહામલ્લ''** અને **''વાતાપીકોન્ડ''**ની ઉપાધી ધારણ કરી હતી.

→ ચીની યાત્રી હ્યૂ-એન-ત્સાંગે નરસિંહવર્મન પ્રથમના સમયગાળામાં જ પલ્લવ રાજ્યની યાત્રી કરી હતી.

→ નરસિંહવર્મન - પ્રથમે કાંચીની નજીક **''મહામલ્લપુરમ''** (મહાબલીપુરમ્) નગર વસાવ્યો હતો.

→ નરસિંહવર્મન-દ્વિતીય એ **''કાંચીમાં કૈલાશ મંદિર''** બનાવ્યું હતું.

→ નરસિંહવર્મન-દ્વિતીયના દરબારમાં સંસ્કૃત ભાષાના મહાન કવિ **''દન્ડી''** વિરાજતા હતા. (દશકુમારચરિત ગ્રંથના લેખક)

→ કાંચી સંસ્કૃત જ્ઞાનનું કેન્દ્ર હતું.

→ પલ્લવ શાસકોની રાજધાની (પાટનગર) **''કૉંચી''** (તમિલનાડુમાં કાંચીપુરમ) હતી.

→ પલ્લવ વંશનો છેલ્લો રાજા **''અપરાજિતવર્મન''** હતો.

→ સિંહવિષ્ણુ **''વૈષ્ણવ ધર્મ''**નો અનુયાયી હતો.

→ મહેન્દ્રવર્મન - પ્રથમ શરૂઆતમાં જૈન ધર્મનો અનુયાયી હતો. પરન્તુ પછીથી તમિલ સંત **''અપ્પર''**ના પ્રભાવમાં આવીને **''શૈવ''** ધર્મ અપનાવી લીધો.

→ પ્રખ્યાત વૈષ્ણવ સંત **''તિરૂમગઈ અલવાર''** નન્દીવર્મન-દ્વિતીયના સમકાલીન હતા.

→ કાંચીનો **''મુક્તેશ્વર મંદિર''** અને **''બેકુન્ટ પેરૂમાલ મંદિર''**નું નિર્માણ નંદીવર્મન - દ્વિતીય એ કરાવ્યું હતું.

→ આરબોના આક્રમણના સમયે પલ્લવોનો રાજા નરસિંહવર્મન - દ્વિતીય હતો.

→ કાંચીના કૈલાસનાથ મંદિરને રાજસિદ્વેશ્વર મંદિર પણ કહે છે. આ મંદિરના નિર્માણથી દ્રવિડ સ્થાપત્ય કલાની શરૂઆત થઈ હતી.

→ નરસિંહવર્મન - પ્રથમ ધ્વારા મહાબલીપુરમના એકાશ્મ મંદિર જેમને **''રથ''** કહેવાય છે તેનું નિર્માણ કરાવ્યું હતું.

→ રથ મંદિરોની સંખ્યા - 7 છે.

(1) દ્રૌપદી રથ (મંદિરોમાં સૌથી નાનું)
(2) નકુલ - સહદેવ રથ
(3) અર્જુન રથ
(4) ભીમ રથ
(5) ધર્મરાજ રથ
(6) ગણેશ રથ
(7) પિન્ડારી રથ

2. રાષ્ટ્રકૂટ વંશ

→ રાષ્ટ્રકૂટ વંશનો સંસ્થાપક **''દન્તિદુર્ગ''** હતો.

→ તેની રાજધાની (પાટનગર) **''માન્યખેટ''** (માલખેડ) હતી.

→ શરૂઆતમાં તે કર્ણાટકના ચાલુક્ય રાજાઓના હેઠલ હતા.

1. દન્તિદુર્ગ

→ રાષ્ટ્રકૂટ વંશનો સંસ્થાપક

→ ઈ.સ. 738 માં તેણે આરબોને પરાજિત્ત કર્યા

→ તેણે ઉજ્જૈનમાં **''હિરણ્યગર્ભ યજ્ઞ''** (મહાદાનયજ્ઞ) કર્યો.

→ ઈ.સ. 753 માં ચાલુક્ય શાસક કીર્તિવર્માને પરાજિત કરીને સમસ્ત મહારાષ્ટ્રનો સ્વામી બની ગયો.

→ એલોરામાં **''દશાવતાર''** મંદિર બનાવ્યું.

2. કૃષ્ણ - પ્રથમ

→ આને ચાલુક્ય સામ્રાજ્યને પૂર્ણરૂપેણ સમાપ્ત કરી દીધો.

→ એલોરાના પ્રખ્યાત **''કૈલાશ મંદિર''**નું નિર્માણ કૃષ્ણ - પ્રથમે જ કરાવ્યું હતું. આ વાસ્તુકળાનો ઉત્કૃષ્ટ નમૂનો ગણાય છે.

→ તેણે **''શુભતુંગ''** અને **''અકાળવર્ષ''**ની ઉપાધી ધારણ કરી.

3. ધ્રુવ

→ ધ્રુવે **"નિરૂપમકાલિ વલ્લભ", "ધારવર્ષ" અને "શ્રીવલ્લભ"**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ ધ્રુવ પ્રથમ રાષ્ટ્રકૂટ રાજા હતો, જેણે કન્નૌજ પર અધિકાર કરવા માટે **"ત્રિપક્ષીય સંઘર્ષ"**માં ભાગ લઈને ગુર્જર- પ્રતિહાર શાસક **"વત્સરાજ"** અને પાલ શાસક **"ધર્મપાલ"**ને પરાજિત કર્યો હતો.

→ તેણે ગંગા-યમુના દોઆબ સુધી અધિકાર કરી લીધો અને તેથી તેને **"ધારા વર્ષ"** પણ કહેવાય છે.

4. અમોઘવર્ષ

→ અમોઘવર્ષ જૈન ધર્મનો અનુયાયી હતો.

→ તેના દરબારમાં **"આદિપુરાણ"**ના રચયિતા **"જિનસેન", "ગણિતસાર સંગ્રહ"** ના રચયિતા **"મહાવીરાચાર્ય" અને "અમોઘવૃત્તિ"** ના રચયિતા **"શક્તાયન"** રહેતા હતા.

→ અમોઘવર્ષ એ પોતે પણ **"કન્નડ"**ના પ્રખ્યાત ગ્રંથ **"કવિરાજમાર્ગ"** ની રચના કરી હતી.

→ અમોઘવર્ષ એ **"તુંગભદ્રા"** નદીમાં જળસમાધિ લીધી હતી.

→ તેણે **"પ્રશ્નોત્તર મલ્લિકા"** નામના ગ્રંથની પણ રચના કરી હતી.

5. ઈન્દ્ર-તૃતીય

→ ઈન્દ્ર - તૃતીયે પાલ વંશના શાસક દેવપાલને પરાજિત કરીને કન્નૌજ પર અધિકાર કરી લીધો.

→ ઈન્દ્ર-તૃતીયના શાસનકાળમાં જ **"અલમસૂદી"** અરબથી ભારત આવ્યો હતો. અલમસૂદીએ તેને મહાનતમ્ ભારતીય સમ્રાટ કહયો છે.

6. કૃષ્ણ-તૃતીય

→ રાષ્ટ્રકૂટ વંશનો છેલ્લો મહાન શાસક કૃષ્ણ-તૃતીય હતો.

→ **"તક્કોલમના યુદ્ધ"**માં ચોલ શાસક પરાંતકને પરાજિત કરીને કાંચી અને તંજાવુર પર અધિકાર કરી લીધો.

→ પોતાના વિજયની સ્મૃતિમાં રામેશ્વરમ્માં એક વિજયસ્તંભ બનાવ્યો હતો.

→ આના દરબારમાં જ **"કન્નડ"** ભાષાના **"કવિ પોન્ન"** રહેતા હતા જેમણે **"શાંતિપુરાણ"**ની રચના કરી હતી.

7. અન્ય ફેક્ટસ

→ કલ્યાણીના ચાલુક્ય શાસક તૈલપ-બીજાએ ઈ.સ. 973 માં રાષ્ટ્રકૂટ શાસક **"કર્ક-બીજો"** (રાષ્ટ્રકૂટ વંશનો છેલ્લો રાજા)ને હરાવીને રાષ્ટ્રકૂટ રાજ્ય પર પોતાનો અધિકાર કરી લીધો.

→ રાષ્ટ્રકૂટ રાજાઓએ પોતાના રાજ્યોમાં મુસ્લિમ વેપારીઓને વસવાટ કરવાની અને ઈસ્લામ ધર્મનું પ્રચાર કરવાની પરવાનગી આપી હતી.

→ રાષ્ટ્રકૂટ રાજાઓ વૈષ્ણવ, શૈવ, શાકત સંપ્રદાય અને જૈન ધર્મના ઉપાસક હતા.

→ એલોરા અને એલિફેન્ટાની ગુફાઓનું નિર્માણ રાષ્ટ્રકૂટ રાજાઓના સમયે જ થયું હતું.

3. ચાલુક્ય વંશ

★ ચાલુક્ય વંશ (બાદામી)

→ બાદામીના ચાલુક્ય વંશનો સંસ્થાપક **"પુલકેશિન-પ્રથમ"** હતો.

→ આની રાજધાની (પાટનગર) **"વાતાપી"** અથવા **"બાદામી"** હતી. (હાલના બીજાપુરની નજીક)

→ પુલકેશિન-દ્વિતીય (બીજો) ચાલુક્ય વંશનો સૌથી મહાન રાજા હતો.

→ જૈન કવિ **"રવિકીર્તિ"** એ **"એહોલ અભિલેખ"** માં તેના વિજયોનું વિસ્તૃત વિવરણ આપ્યું છે.

→ તેણે હર્ષવર્ધનને પણ પરાજિત કર્યો હતો.

→ તેણે પલ્લવ શાસક કીર્તિવર્મા-પ્રથમને પણ પરાજિત કર્યો હતો.

→ મુસ્લિમ ઈતિહાસકાર **"તબારી"**ના પ્રમાણે ઈ.સ. 625-26 માં પુલેકિશન-દ્વિતીય એ ઈરાનના રાજા ખુસરો-દ્વિતીયના દરબારમાં પોતાનો દૂતમંડળ મોકલ્યો હતો. આ વાતની પુષ્ટિ **"અજંતાની ગુફા"**માં મળેલ એક ચિત્રથી પણ થાય છે.

→ ચીની યાત્રી હ્યૂ-એન-ત્સાંગે પુલકેશિન-દ્વિતીયના સમયમાં જ બાદામીની યાત્રા કરી હતી.

→ આ વંશનો છેલ્લો રાજા કીર્તિવર્મા-દ્વિતીય હતો જેને રાષ્ટ્રકૂટ રાજા દન્તિદુર્ગ અને કૃષ્ણ-પ્રથમે પરાજિત કર્યો હતો.

→ જિનેન્દ્રનો **"મેગુતી મંદિર"** પુલકેશિન-દ્વિતીયએ બનાવ્યો હતો.

→ વિક્રમાદિત્ય-દ્વિતીયના શાસનકાળમાં જ દક્કન (દક્ષિણ)માં આરબોએ આક્રમણ કર્યુ હતું.

→ એહોલને **"મંદિરોનું શહેર"** કહેવાય છે.

→ પટ્ટકલનું **"વિરુપાક્ષમહાદેવ મંદિર"** નું નિર્માણ **"લોક મહાદેવી"** એ અને **"ત્રૈલોકેશ્વર મંદિર"**નું નિર્માણ **"ત્રૈલોકયદેવી"** એ કરાવ્યું હતું. આ બન્ને વિક્રમાદિત્ય-દ્વિતીયની પત્ની હતી.

★ ચાલુક્ય વંશ (કલ્યાણી)

→ કલ્યાણીના ચાલુક્ય વંશની સ્થાપના **"તૈલેપ-દ્વિતીય"** એ કરી હતી.

→ આની રાજધાની (પાટનગર) **"માન્યખેટ"** હતી.

→ ઈ.સ. 1042 માં સોમેશ્વર-પ્રથમ રાજા બન્યો. તેણે માન્યખેટની જગ્યાએ **"કલ્યાણી"** (કલ્યાણપુર)ને પોતાની રાજધાની બનાવી હતી.

→ **"કોપ્પમના યુદ્ધ"**માં સોમેશ્વર-પ્રથમ પરાજિત થયો હતો. જેથી ઈ.સ. 1068 માં **"તુંગભદ્રા"** નદીમાં ડૂબીને આત્મહત્યા કરી હતી.

→ વિક્રમાદિત્ય- VI (ઈ.સ. 1070-1126) આ વંશનો મહાન શાસક હતો.

→ તેણે ઈ.સ. 1076 માં **"ચાલુક્ય વિક્રમકાળ"** નામના સંવતની શરૂઆત કરી હતી.

→ બે મહાન લેખક **"વિલ્હણ"** અને **"વિજ્ઞાનેશ્વર"**, વિક્રમાદિત્ય- VI ના દરબારમાં હતા.

→ **"વિક્રમાંકદેવચરિત"**ની રચના **"વિલ્હણ"** એ કરી હતી. આ ગ્રંથમાં વિક્રમાદિત્ય-VI ના જીવનની ઘટનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

→ યાજ્ઞવલ્કય સ્મૃતિ પર ટીકા-**"મિતાક્ષરા"** નામના ગ્રંથની રચના વિજ્ઞાનેશ્વર એ કરી હતી.

→ **"સોમેશ્વર-તૃતીય"** એ **"માનસોલ્લાસ"** નામના શિલ્પશાસ્ત્રના ગ્રંથની રચના કરી હતી.

★ ચાલુક્ય વંશ (વેંગી)

→ ઈ.સ. 615 માં પુલેકશિન-દ્વિતીય ધ્વારા નિયુક્ત ગવર્નર **"વિષ્ણુવર્ધન"** એ પૂર્વી ચાલુક્ય વંશની સ્થાપના કરી હતી.

→ વિષ્ણુવર્ધન પુલેકેશિન-દ્વિતીયનો ભાઈ હતો.

→ આની રાજધાની (પાટનગર) વેંગી (આંધ્રપ્રદેશ) હતી.

4. ચોલ વંશ

→ ચોલ વંશનો સંસ્થાપક **"વિજયાલય"** હતો.

→ તેની રાજધાની (પાટનગર) **"તંજાવુર"** હતી.

→ તંજાવુરનો વાસ્તુકાર કુંજરમલ્લન રાજરાજ પેરૂથચ્ચન હતો.

→ વિજયાલય એ **"નરકેસરી"**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ તેણે **"નિશુંભસૂદિની દેવી"**નું મંદિર બનાવ્યું હતું.

→ વિજયાલયનો ઉતરાધિકારી **"આદિત્ય પ્રથમ"** હતો જેણે ચોલોનું સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કર્યું હતું.

→ તેણે પલ્લવોને પરાજિત કરીને **"કોદન્ડરામ"**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ પરાન્તક પ્રથમ ચોલવંશની સર્વોચ્ચતાનો વાસ્તવિક સંસ્થાપક હતો.

→ તક્કોલમના યુદ્ધમાં પરાન્તક પ્રથમ રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ-III થી પરાજિત થયો હતો.

→ રાજરાજ- પ્રથમનું વાસ્તવિક નામ અરિમોલિવર્મન હતું. આને **"લોહી અને લોખંડ નીતિ"** (રક્ત અને લોહ નીતિ)નું અનુસરણ કરીને રાજરાજની ઉપાધિ ધારણ કરી હતી.

→ રાજરાજના તંજાવુર અભિલેખમાં તેની યુદ્ધ સંબંધિત સફળતાઓનું વિવરણ મળે છે.

→ રાજરાજ-પ્રથમ એ શ્રીલંકા પર આક્રમણ કર્યું અને ત્યાંના રાજા મહેન્દ્ર-પંચમના રાજયના ઉતરી ભાગ પર અધિકાર કરી લીધો.

→ રાજરાજ- પ્રથમ શ્રીલંકાના જીતેલા પ્રદેશો પર ચોલ સામ્રાજયનું એક નવું પ્રાંત **"મુમ્ડિચોલમંડળમ્"** બનાવ્યું અને તેની રાજધાની (પાટનગર) **"પોલન્નરૂવા"**ને બનાવી.

→ રાજરાજ-પ્રથમે શૈલેન્દ્ર શાસક શ્રીમાર વિજયોતુંગવર્મન ધ્વારા નિમિત **"ચૂડામણિ બૌદ્ધ વિહાર"**ને આર્થિક મદદ કરી હતી.

→ રાજરાજ-પ્રથમ શૈવધર્મનો અનુયાયી હતો.

→ રાજરાજ-પ્રથમે તંજાવુરમાં **"રાજરાજેશ્વર મંદિર"** (બૃહદેશ્વર મંદિર) નામનું શિવજીનું મંદિર બનાવ્યું હતું.

→ રાજરાજ-પ્રથમનો પુત્ર અને ઉતરાધિકારી રાજેન્દ્ર-પ્રથમ રાજગાદ્દી બેઠો.

→ બંગાલના પાલ શાસક **"મહિપાલ"**ને પરાજિત કર્યા પછી રાજેન્દ્ર-પ્રથમે **"ગંગેકોંડચોલ"**ની ઉપાધિ ધારણ કરી હતી. આ વિજયની સ્મૃતિમાં કાવેરી નદીના કિનારે

''ગંગેકોંડચોલપુરમ્'' નામની નવી રાજધાની (પાટનગર)નું નિર્માણ કરાવ્યું અને અહીંયા **''ચોલગંગમ્''** નામનું વિશાળ સરોવર બનાવ્યું.

→ આને શ્રીલંકા પર આક્રમણ કરી સમ્પૂર્ણ શ્રીલંકા જીતી લીધું અને અનુરાધાપુરને શ્રીલંકાની રાજધાની બનાવી.

→ રાજેન્દ્ર-પ્રથમને **''દક્ષિણનો નેપોલિયન''** પણ કહેવાય છે.

→ ગજનીનો સુલ્તાન **''મહમૂદ ગજનવી''** રાજેન્દ્ર પ્રથમનો સમકાલીન હતો.

→ ચોલવંશનો છેલ્લો રાજા રાજેન્દ્ર-III હતો.

★ **<u>ચોલ વહીવટી માળખું :</u>**

સામ્રાજ્ય
↓
મંડલમ્
↓
કોટ્ટમ
↓
નાડુ
↓
કુર્રમ (ગ્રામસંઘો)

→ પેરુન્દરમ્ - ઉચ્ચ શ્રેણીના અધિકારી

→ સિરુન્દરમ્- નિમ્ન શ્રેણીના અધિકારી

→ વેલેક્કર - રાજાના અંગરક્ષકો

→ વરિત્પોત્તગકક - રાજસ્વ વિભાગનો ઉચ્ચ અધિકારી

→ ચોલ શાસકોએ શ્રેષ્ઠ જળ-સેના (Navy) નું નિર્માણ કર્યુ હતું.

→ ચોલોના વહીવટની સૌથી પ્રમુખ ખાસિયત **''સ્થાનીય સ્વશાસન''** હતું. દરેક ગામ 30 વોર્ડમાં વિભાજિત હતો.

→ ગ્રામસભાની અન્તર્ગત વિવિધ કાર્યો માટે સમિતિઓની સ્થાપના કરવામાં આવી હતી.

→ ચોલ શાસનકાળમાં તમિલ સાહિત્યનું ખૂબ જ વિકાસ થયું.

	<u>વિદ્વાન</u>	<u>પુસ્તક</u>
1.	કંબન	તમિલ રામાયણ
2.	વેકંટ માધવ	ઋગ્ગર્થદીપિકા (ઋગ્વેદની ટીકા)
3.	પુગલેન્દિ	નલબેંબા
4.	જયન્ગોદાર (કુલોતુંગ-I નો રાજકવિ)	કલિંગતુપર્ણી
5.	શેકિકલાર	પેરીયાપુરાણમ્
6.	નંબિઅંડારનંકિ	તિરુમુરઈ (પાંચમો વેદ)
7.	રામાનુજ	શ્રીભાષ્ય

→ કલંજુ (કાશુ) - ચોલકાળના સોનાના સિક્કા

→ **''પંપા'', ''પોન્ના'' અને ''રન્ના''** કન્નડ સાહિત્યના ત્રિરત્ન આ સમયમાં જ થયા.

→ વિષ્ણુના ઉપાસક **''અલવાર''** અને શિવના ઉપાસક **''નયનાર''** કહેવાય છે.

→ **<u>ચોલ મંદિર :</u>**

<u>ક્રમ</u>	<u>મંદિર</u>	<u>નિર્માતા</u>
1.	કમ્પહરેશ્વર મંદિર (ત્રિભુવનમાં)	કુલોત્તુંગ-તૃતીય
2.	એરાવતેશ્વર મંદિર (દારાસુરમમાં)	રાજરાજ - દ્વિતીય
3.	ગંગેકોંડચોલપુરમ્ મંદિર (ગંગેકોંડચોલપુરમમાં)	રાજેન્દ્ર-પ્રથમ
4.	બૃહદેશ્વર મંદિર (તંજાવુરમાં)	રાજરાજ-પ્રથમ
5.	કોરંગનાથ મંદિર (શ્રીનિવાસનલ્લૂર)	પરાન્તક - પ્રથમ

→ **<u>જમીનના પ્રકાર :</u>**

<u>ક્રમ</u>	<u>જમીનના પ્રકાર</u>	<u>પુસ્તક</u>
1.	પલ્લિચંદમ	- જૈન સંસ્થાઓને દાનમાં આપેલ જમીન
2.	તિરુનમટ્ટક્કની	- મંદિરને ભેટ સ્વરૂપે આપેલ જમીન
3.	વેલ્લનવગાઈ	- બ્રાહ્મણ સિવાયના ખેડૂતની જમીન
4.	બ્રહ્મદેય	- બ્રાહ્મણોને ભેટ સ્વરૂપે આપેલ જમીન
5.	શાળાભોગ	- કોઈ સ્કૂલને આપેલ જમીન

→ ચોલ શાસકો અને કલ્યાણીના ચાલુક્યો વચ્ચે શાંતિ સ્થાપિત કરવામાં ગોવાના કદંબ રાજા **''જયકેશ- પહેલાં''** એ મધ્યસ્થની ભૂમિકા ભજવી હતી.

→ કુલોતંગુ-દ્વિતીય એ ચિંદબરમ્ મંદિરની **''ગોવિન્દરાજની મૂર્તિ''** (ભગવાન વિષ્ણુની મૂર્તિ) ને દરિયામાં ફેકી દીધી હતી.

→ કેટલાય વર્ષો પછી વૈષ્ણવ આચાર્ય **''રામાનુજાચાર્ય''** એ આ મૂર્તિનું પુનરુદ્ધાર કરી તેને તિરૂપતિના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરી.

→ **''ઉર''** - સર્વસાધારણ લોકોની સમિતિ હતી, જે જાહેર કલ્યાણ માટેના સરોવરો, તળાવો અને બગીચાઓના નિર્માણ માટે ગામની જમીનનું અધિગ્રહણ કરવાનું કાર્ય કરતી હતી.

→ **''નગરમ''** - વેપારીઓની સભા

→ તમિલ સાહિત્યના ત્રિરત્ન - કંબન, પુગલેદિ, ઔટટક્કુટટન

→ ચોલકાળની **''નટરાજની પ્રતિમા''** ચોલ કળાની ઉત્કૃષ્ટતા બતાવે છે.

→ રાજેન્દ્ર-પ્રથમના ગુરુ - **''ઈસાનશિવ''** (શૈવ સંત) હતા.

→ ચોલકાળનો સૌથી મહત્વપૂર્ણ બંદર **''કાવેરીપટ્ટનમ''** હતો.

5. પાલવંશ

→ ગૌડના પ્રખ્યાત શાસક **''શશાંક''**ની મૃત્યુ પછી બંગાળમાં અરાજકતા પ્રસરી ગઈ હતી. ઈ.સ. 750 માં બંગાલમાં પાલ વંશની સ્થાપના **''ગોપાલ''** એ કરી હતી.

→ ગોપાલ **''બૌદ્ધ ધર્મ''**નો અનુયાયી હતો.

→ ગોપાલે ઓદન્તપુરમાં વિહાર (વિશ્વવિદ્યાલય) બનાવ્યું હતું.

→ પાલ વંશની રાજધાની (પાટનગર) **''મુંગેર''** હતી.

→ પાલવંશનો સૌથી મહાન શાસક અને ગોપાલનો ઉતરાધિકારી **''ધર્મપાલ''** હતો.

→ ધર્મપાલે **''વિક્રમશિલા વિશ્વવિદ્યાલય''**ની સ્થાપના કરી હતી, જે બૌદ્ધ શિક્ષાનું પ્રખ્યાત કેન્દ્ર હતું.

→ કન્નૌજ માટે ત્રિપક્ષીય સંઘર્ષ પાલવંશ, ગુર્જર પ્રતિહાર વંશ અને રાષ્ટ્રકૂટ વંશની વચ્ચે થયો હતો.

→ ધર્મપાલે ગુર્જર પ્રતિહાર વંશના શાસક વત્સરાજને પરાજિત કર્યો હતો પરન્તુ નાગભટ્ટ-દ્વિતીયથી તે પરાજિત થયો હતો.

→ અગિયારમી સદીના ગુજરાતી કવિ **''સોઢ્ઢલ''** એ ધર્મપાલને **''ઉતરાપથ સ્વામી''**ની ઉપાધિથી સંબોધિત કર્યો છે.

→ ધર્મપાલ બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો.

→ પ્રખ્યાત બૌદ્ધ લેખક **''હરિભદ્ર''** ધર્મપાલના દરબારમાં હતા.

→ ધર્મપાલનો ઉતરાધિકારી દેવપાલ હતો જેણે ઓદન્તપુરી (બિહાર)ના પ્રખ્યાત બૌદ્ધમઠનું નિર્માણ કરાવ્યું હતું.

→ જાવાના શૈલેન્દ્રવંશી શાસક બાલપુત્ર દેવના અનુરોધ પર દેવપાલે તેને નાલંદામાં એક બૌદ્ધ વિહાર બનાવવા માટે 5 ગામ દાનમાં આપ્યા હતા.

→ દેવપાલે ગુર્જર પ્રતિહાર શાસક મિહિરભોજને પરાજિત કર્યો હતો.

→ **''ગોડીરીતિ''**નામની સાહિત્યિક વિદ્યાનો વિકાસ પાલ શાસકોના સમયમાં થયો હતો.

→ આરબી યાત્રી **''સુલેમાન''** એ પાલ વંશને ગુર્જર પ્રતિહાર અને રાષ્ટ્રકૂટોથી વધુ શક્તિશાળી બતાવ્યો છે અને પાલ સામ્રાજ્યને **''રૂહમા''** કહયું છે.

6. સેન વંશ

→ પાલવંશની નિર્બળતાઓનો લાભ ઉઠાવીને **''સામન્ત સેન''** એ બંગાલમાં સેનવંશની સ્થાપના કરી હતી.

→ સેન વંશની રાજધાની (પાટનગર) **''નદિયા''** (લખનૌતી) હતી.

→ સેનવંશનો પ્રથમ સ્વતંત્ર શાસક વિજયસેન હતો, જે શૈવધર્મનો અનુયાયી હતો.

→ બલ્લાલસેન કુશલ શાસક અને યોગ્ય લેખક હતો.

→ બલ્લાલસેને **''દાનસાગર''** (કાયદાની પુસ્તક) અને **''અદ્‌ભુતસાગર''** (ખગોળ વિજ્ઞાનની પુસ્તક) નામના ગ્રંથની રચના કરી હતી.

→ લક્ષ્મણસેનની દરબારમાં **''બ્રાહ્મણ સર્વસ્વ''**ના રચયિતા (લેખક) **''હલાયુદ્ધ''**, ગીતાગોવિંદ''ના રચયિતા (લેખક) **''જયદેવ''** અને **''પવનદૂત''**ના લેખક (રચયિતા) **''ધોયી''** રહેતા હતા.

→ હલાયુદ્ધ લક્ષ્મણ સેનનો મુખ્યમંત્રી અને મુખ્ય ન્યાયાધીશ હતો.

→ લક્ષ્મણ સેન એક સામ્રાજ્યવાદી શાસક હતો. જેણે ગઢવાલ શાસક **''જયચન્દ્ર''** ને પરાજિત કર્યો હતો.

→ વિજયસેને દેવપાડામાં **"પ્રદ્યુમ્નેશ્વર મંદિર"** (ભોલેનાથનું વિશાળ મંદિર)ની સ્થાપના કરી હતી.

→ સેનવંશ પ્રથમ રાજવંશ હતો. જેણે પોતાના અભિલેખ સૌપ્રથમ **"હિન્દી"** માં કોતરાવ્યા હતા.

→ લક્ષ્મણ સેન બંગાલનો છેલ્લો હિન્દૂ રાજા હતો.

→ ઈ.સ. 1202 માં બક્તિયાર ખલજીએ લક્ષ્મણસેનના શાસનકાળમાં બંગાલ પર આક્રમણ કર્યું.

7. <u>કાશ્મીરના રાજવંશ</u>

→ કલ્હણની **"રાજતંરગિણી"** (ઈ.સ. 1150) નામના ગ્રંથથી ઈ.સ. 700 થી 1200 સુધી કાશ્મીરમાં ત્રણ રાજવંશોનું રાજ્ય હતું.

(A) કાર્કોટ વંશ

(B) ઉત્પલ વંશ

(C) લોહાર વંશ

(A) <u>કાર્કોટ વંશ</u>

→ સાતમી સદીમાં કાર્કોટ વંશ (હિન્દૂ વંશ)ની સ્થાપના **"દુર્લભવર્ધન"** એ કરી હતી.

→ ચીની યાત્રી હ્યૂ-એન-ત્સાંગે દુર્લભવર્ધનના શાસનકાળમાં કાશ્મીરની યાત્રી કરી હતી.

→ ઈ.સ. 713 માં કાશ્મીરનો શાસક **"ચન્દ્રપીડ"** હતો, જેના સમયે આરબ આક્રમણ થયું હતું.

→ કાર્કોટ વંશનો સૌથી શક્તિશાળી શાસક **"લલિતાદિત્ય મુક્તાપીડ"** (ઈ.સ. 724-760) હતો.

→ કાશ્મીરનો પ્રખ્યાત **"માર્તન્ડ મંદિર"** (સૂર્યનો માર્તન્ડ મંદિર)નું નિર્માણ **"લલિતાદિત્ય મુક્તાપીડ"** ધ્વારા કરાવવામાં આવ્યું હતું.

→ લલિતાદિત્યએ તિબેટિયનો, તુર્કો અને કંબોઝોને પરાજિત કર્યા હતા.

→ કન્નોજ શાસક યશોવર્ધનને પરાજિત કર્યો હતો.

→ રાજતરંગિણીમાં લલિતાદિત્યની વિજયોનું વિવરણ છે.

→ કાર્કોટ વંશનો છેલ્લો રાજા જયાપીડ હતો.

(B) <u>ઉત્પલ વંશ</u>

→ કાશ્મીરમાં ઉત્પલ વંશની સ્થાપના **"અવન્તિવર્મન"** (ઈ.સ. 883) એ કરી હતી.

→ **"અવન્તિપુર"** નામના નગરની સ્થાપના અવન્તિવર્મને કરી હતી.

→ અવન્તિવર્મનનો એન્જિનીયર **"સૂય્ય"** એ કૃષિના વિકાસ માટે સિંચાઈ નહેરોનું નિર્માણ કરાવ્યું હતું.

→ ઉત્પલવંશની મહારાણી **"દિદ્દા"** (દિદ્દા) એ તેના પતિ ક્ષેમેન્દ્રગુપ્તની મૃત્યુ પછી લગભગ 50 વર્ષો સુધી ઉત્પલ વંશનું શાસન સંભાળ્યું.

→ ઈ.સ. 1003માં રાણી દિદ્દાની મૃત્યુ પછી લોહારવંશનું શાસન આવ્યું.

(C) <u>લોહાર વંશ</u>

→ લોહાર વંશનો સંસ્થાપક **"સંગ્રામરાજ"** (રાણી દિદ્દાનો ભત્રીજો) હતો.

→ લોહાર વંશનો શાસક **"હર્ષ"** (ગુપ્તોકાર કાળના પુષ્યભૂતિ વંશનો હર્ષ આ બન્ને અલગ - અલગ વ્યક્તિઓ છે) વિદ્વાન, કવિ અને કેટલીય ભાષાઓનો જાણકાર હતો.

→ **"કલ્હણ"** હર્ષના દરબારમાં હતો.

→ લોહાર વંશનો છેલ્લો રાજા જયસિંહ હતો.

→ ઈ.સ. 1339 માં શાહમીર એ કાશ્મીરમાં મુસ્લિમ શાસનની સ્થાપના કરી હતી.

→ <u>**કલ્હણ :**</u>

- કલ્હણના પિતા લોહાર શાસક હર્ષના દરબારમાં મંત્રી હતા.
- કલ્હણે **"રાજતરંગિણી"** નામના ગ્રંથની રચના કરી હતી.
- રાજતરંગિણીની રચના **"સંસ્કૃત"** ભાષામાં કરવામાં આવી હતી.
- રાજતરંગિણીની રચના લોહાર શાસક **"જયસિંહ"** ના કાળમાં કરી હતી.
- આ ગ્રંથમાં 8 તરંગ અને 8000 શ્લોક છે.
- તરંગ 1, 2 અને 3 માં કાશ્મીરના પ્રાચીન ઈતિહાસનું વર્ણન છે.
- તરંગ 4, 5 અને 6 માં કાર્કોટ અને ઉત્પલ વંશનો ઈતિહાસ છે.
- તરંગ 7 અને 8 માં લાહોર વંશનો ઈતિહાસ છે.
- આ પુસ્તકમાં લેખકે કોઈપણ પ્રકારનું પક્ષપાત રાખ્યું ન હોઈ ને રાજાના ગુણો અને અવગુણોનું વર્ણન કર્યુ હોવાથી આ પુસ્તક એતિહાસિક દૃષ્ટિએ ખૂબ જ મહત્વનું છે.

8 <u>ગુર્જર - પ્રતિહાર વંશ</u>

→ આબુ પર્વત પર **"મહર્ષિ વશિષ્ઠે"** યજ્ઞ કર્યો તેના અગ્નિકુંડમાંથી **"પરમાર"**, **"પ્રતિહાર"**, **"ચાલુક્ય"** તથા

''ચૌહાણ'' રાજપૂતો ઉત્પન્ન થયા તેમ ચંદબરાઈના **''પૃથ્વીરાજરાસો''**માં વર્ણન છે.

→ અગ્નિકુળના રાજપૂતોનો સૌથી જાણીતી **''ગુર્જરી''** શાખાનો વંશ **''ગુર્જર પ્રતિહાર''** કહેવાય છે.

→ હર્ષવર્ધનની મૃત્યુ પછી ગુર્જર પ્રતિહારોએ કન્નૌજ પર નિયંત્રણ કરી ઉત્તર ભારતીય સામ્રાજયની સ્થાપના કરી.

→ આ વંશનો સ્થાપક **''હરિશચંદ્ર''** નામનો રાજા હતો, પરન્તુ વાસ્તવિક પ્રથમ રાજા **''નાગભટ્ટ પ્રથમ''** હતો.

→ નાગભટ્ટ-પ્રથમ પછી **''વત્સરાજ''** રાજગાદ્દી પર બેઠો જેના વિશે જૈન ગ્રંથ **''કુવલ્યમાળા''** અને **''હરિવંશપુરાણ''**માંથી મહત્વપૂર્ણ જાણકારી મળે છે.

→ નાગભટ્ટ-દ્વિતીય એ ત્રિપક્ષીય સંઘર્ષમાં પાલ શાસક ધર્મપાલને પરાજિત કર્યો પરન્તુ રાષ્ટ્રકુટ શાસક ગોવિન્દ-તૃતીયથી પરાજિત થયો.

→ ગુર્જર-પ્રતિહાર વંશનો સૌથી શક્તિશાળી અને પ્રતાપી રાજા ''મિહિરભોજ-પ્રથમે (ઈ.સ. 836-889) **''કન્નૌજ''** ને પોતાની રાજધાની (પાટનગર) બનાવી.

→ મિહિરલોજ વિષ્ણુભક્ત હતો, તેણે **''આદિવારાહ''** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ આરબ યાત્રી **''સુલેમાન''** એ તેના વિશે લખ્યું છે કે **''આ રાજા પાસે અપાર સૈનિક સંપત્તિ હતી અને તે મુસલમાનોનો કટ્ટર શત્રુ હતો.''**

→ મિહિરભોજનો પુત્ર અને ઉત્તરાધિકારી **''મહેન્દ્રપાલ''** રાજગાદ્દી પર બેઠો.

→ મહેન્દ્રપાલના વિશે જાણકારી **''રાજતરંગિણી''** ગ્રંથમાંથી મળે છે.

→ મહેન્દ્રપાલના દરબારમાં **''રાજશેખર''** (પ્રખ્યાત લેખક અને મહેન્દ્રપાલના ગુરૂ) વિરાજતા હતા.

→ રાજશેખરની કૃતિઓ (પુસ્તક)માં **''કાવ્યમીમાંસા''**, **''કપૂરમંજરી''**, **''વિદ્વશાલભંગિકા''**, **''બાલરામાયણ''**, **''ભુવનકોશ''**, **''હરવિલાસ''** વગેરેનો સમાવેશ થાય છે.

→ આ વંશનો છેલ્લો રાજા યશપાલ હતો.

→ **''અનંગપાલે''** દિલ્હીમાં તોમરવંશની સ્થાપના કરી હતી.

૯. <u>ગઢવાલ (રાઠોર) વંશ</u>

→ ગુર્જર-પ્રતિહારોના પતન પછી કન્નૌજમાં **''ચન્દ્રદેવ''** એ ગહડવાલ વંશની સ્થાપના કરી હતી.

→ આમની રાજધાની (પાટનગર) **''વારાણાસી''** (કાશી) હતી. તેથી ગહડવાલ શાસકોને **''કાશી નરેશ''** પણ કહેતા હતા.

→ આ વંશનો સૌથી વધુ શક્તિશાળી અને પ્રખ્યાત રાજા **''ગોવિદચન્દ્ર''** હતો.

→ ગોવિદચન્દ્રનો મંત્રી **''લક્ષ્મીધર''** શાસ્ત્રોનો પ્રકાંડ પંડિત હતો, જેણે **''કૃત્યકલ્પતરૂ''** નામની પુસ્તક લખી હતી.

→ ગોવિદચન્દ્રની એક રાણી કુમારદેવીએ સારનાથમાં ધર્મચક્ર જિન વિહાર બનાવ્યો હતો.

→ ગઢવાલ વંશનો છેલ્લો રાજા **''જયચંદ્ર''** હતો.

→ જયચંદ્રની પુત્રીનું નામ **''સંયોગિતા''** હતું. પૃથ્વીરાજ ચૌહાણએ સંયોગિતાનું અપહરણ કર્યુ હતું.

→ જયચંદ્રનો બંગાલના સેન શાસક લક્ષ્મણસેન અને પૃથ્વીરાજ ચૌહાણની સાથે સંઘર્ષ થયું હતું.

→ ઈ.સ. 1193 માં થયેલ પ્રખ્યાત **''ચંદાવરના યુદ્ધ''**માં મોહમ્મદ ગોરીએ જયચંદ્રને પરાજિત કરી તેની હત્યા કરી દીધી હતી.

→ જયચંદ્રના દરબારમાં **''શ્રીહર્ષ''** નામનો વિદ્વાન રહેતો હતો. જેણે **''નૈષધચરિત''** અને **''ખંડનખાદ્ય''** નામના ગ્રંથની રચના કરી હતી.

10. <u>ચૌહાણ વંશ</u>

→ ચૌહાણ વંશનો સંસ્થાપક **''વાસુદેવ''** હતો.

→ આ વંશની શરૂઆતની રાજધાની (પાટનગર) **''અહિચ્છત્ર''** હતી જે પછી અજયરાજ - દ્વિતીય એ અજમેર નગરની સ્થાપના કરી તેને પોતાની રાજધાની બનાવી.

→ અર્ણોરાજનો પુત્ર વીસલદેવ (વિગ્રહરાજ ચોથો) હતો. જે કવિ અને લેખક પણ હતો જેમણે **''હરિકેલ''** કે **''હરિકેલી''** નામના સંસ્કૃત નાટકની રચના કરી હતી. આ નાટકના કેટલાંક અંશો **''ઢાઈ દિન કા ઝોપડા''** નામની મસ્જિદની દિવાલ પર કોતરેલા છે.

→ આ **''ઢાઈ દિન કા ઝોપડા''** નામની મસ્જિદ શરૂઆતમાં વિગ્રહરાજ ચોથા ધ્વારા નિર્મિત એક વિદ્યાલય (school) હતું.

→ **''સોમદેવ''** વિગ્રહરાજ ચોથાના રાજકવિ હતા. તેમણે **''ललित विग्रहराज''**નામનું નાટક લખ્યું હતું.

→ <u>પૃથ્વીરાજ ચૌહાણ :</u>

- 1178 માં સોમેશ્વરના પુત્ર **"પૃથ્વીરાજ-ત્રીજો"** શાસક બન્યો.
- કથાઓમાં તેને **"રાયપિથોરા"** કહેવામાં આવેલ છે.
- પૃથ્વીરાજ - ત્રીજો આ વંશનો છેલ્લો શાસક હતો
- **"ચન્દ્રવરદાઈ"** પૃથ્વીરાજ ત્રીજાનો રાજકવિ હતો, જેણે **"પૃથ્વીરાજરાસો"** નામના ગ્રંથની રચના કરી હતી.
- રણથંભૌરમાં જૈન મંદિરના શિખરનું નિર્માણ પૃથ્વીરાજે જ કરાવ્યું હતું.
- પૃથ્વીરાજ ચંદેલ શાસક પરમાર્દિદેવને પરાજિત કર્યો હતો.
- ઈ.સ. 1186 માં પૃથ્વીરાજે ગુજરાતના રાજા ભીમદેવ-બીજા પર આક્રમણ કર્યું હતું.
- **"જ્યાનક"** (જયનાક) એ **"પૃથ્વીરાજ વિજય"** નામના સંસ્કૃત કાવ્યની રચના કરી હતી.
- પૃથ્વીરાજ-ત્રીજા એ જ જયચંદ્રની પુત્રી સંયોગિતાને લગ્નમંડપથી ઉપાડીને લઈ ગયો હતો.
- ઈ.સ. 1191 માં પ્રખ્યાત **"તરાઈનનું પ્રથમ યુદ્ધ"** પૃથ્વીરાજ ચૌહાણ અને મોહમ્મદ ગોરીની વચ્ચે થયું હતું. જેમાં મોહમ્મદ ગોરી પરાજિત થયો હતો.
- ઈ.સ. 1192 માં **"તરાઈનનું બીજું યુદ્ધ"** થયુ પરન્તુ આમાં પૃથ્વીરાજ ચૌહાણની હાર થઈ હતી. ત્યારથી ભારતમાં તુર્ક સત્તા સ્થપાઈ અને ચૌહાણ વંશનો અંત આવ્યો હતો.

11. માળવાનો પરમાર વંશ

→ ઈ.સ. 820 માં **"ઉપેન્દ્રરાજ"** એ પરમાર વંશની સ્થાપના કરી હતી.

→ પરમાર વંશનો પ્રથમ સ્વતંત્ર અને શક્તિશાળી શાસક શ્રીહર્ષ (સીયક) હતો.

→ પરમારોની પ્રથમ રાજધાની (પાટનગર) **"ઉજ્જૈન"** હતી પરન્તુ પછીથી **"ધારાનગરી"** બની.

→ **"મુંજ"** (ઈ.સ. 974-995) પ્રખ્યાત પરમાર શાસક હતો. જેણે ચાલુક્ય શાસક **"તૈલપ-દ્વિતીય"**ને સાત (7) વખત પરાજિત કર્યો હતો.

→ મુંજના દરબારમાં **"નવસાહસાંકચરિત"** ગ્રંથના રચયિતા **"પદ્મગુપ્ત"**, **"દશરૂપલોક"** ગ્રંથના રચયિતા **"ધનિક"** અને **"દશરૂપક"** ગ્રંથના રચયિતા **"ધનંજય"** વિરાજતા હતા.

→ મુંજના વિશે જાણકારી અભિલેખો અને **"આઈને-અકબરી"** થી પણ મળે છે.

→ મુંજએ **"ધાર"**ની નજીક **"મુંજસાગર સરોવર"**નું નિર્માણ કરાવ્યું હતું.

→ પરમાર વંશનો સૌથી વધુ શક્તિશાળી રાજા **"રાજા ભોજ"** (ઈ.સ. 1018-1060) હતો.

→ રાજા ભોજએ **"ભોજપુર સરોવર"** (ભોપાલની દક્ષિણ-પૂર્વમાં) નું નિર્માણ કરાવ્યું હતું.

→ રાજાભોજ એ પોતાની રાજધાનીમાં **"સરસ્વતી મંદિર"** અને **"સંસ્કૃત મહાવિદ્યાલય"**નું નિર્માણ કરાવ્યું હતું. હવે ત્યાં એક મસ્જિદ બનાવેલી છે.

→ રાજા ભોજએ ઉજ્જૈનની જગ્યાએ **"ધાર"** (ધારાનગરી)ને પોતાની રાજધાની બનાવી હતી.

→ રાજા ભોજને તેની વિદ્વતાના કારણે જ **"કવિરાજ"** કહેવાય છે.

→ રાજા ભોજ એ લખેલાં ગ્રંથોમાં ચિકિત્સા શાસ્ત્ર ઉપર **"આર્યુવેદસર્વસ્વ"**, સ્થાપત્યશાસ્ત્ર પર **"સમરાંગણસૂત્રધાર"**, **"યુક્તિકલ્પતરૂ"** (વાસ્તુશાસ્ત્રની સાથે - સાથે વિવિધ વૈજ્ઞાનિક યંત્રો અને તેના ઉપયોગનો ઉલ્લેખ છે) , **"સરસ્વતીકંઠાભરણ"**, **"સિદ્ધાંતસંગ્રહ"**, **"રાજમાર્તન્ડ"**, **"યોગસૂત્રવૃત્તિ"**, **"વિદ્યાવિનોદ"** વગેરેનો સમાવેશ થાય છે.

→ **"આઈન-એ-અકબરી"**ના પ્રમાણે તેના દરબારમાં 500 વિદ્વાનો હતા.

→ ભોજ એ ચિતૌડમાં **"ત્રિભુવન નારાયણ મંદિર"**નું નિર્માણ કરાવ્યું હતું.

→ ભોજ એ **"ભોજપુરનગર"**ની સ્થાપના કરી હતી.

→ રાજાભોજે ભીમદેવ પહેલાંને હરાવી અણહિલવાડ પાટણ જીત્યું.

→ ઈ.સ. 1297 માં અલાઉદ્દીન ખલજીના સેનાપતિ નુસરત ખાન અને ઉલુગ ખાને માળવા પર અધિકાર કરી લીધો.

12. ચંદેલ વંશ

→ બુંદેલખંડનું પ્રાચીન નામ **"જેજાકભુક્તિ"** હતું.

→ ચંદેલ વંશનો સંસ્થાપક **"નન્નુક"** હતો.

→ ચંદેલ 36 રાજપૂત વંશો માનો એક ગણાય છે. તેઓ પણ પ્રતિહારોના સામંત હતા.

→ આ વંશની રાજધાની (પાટનગર) **"ખજૂરાહો"** હતી. શરૂઆતમાં આની રાજધાની **"કાલિંજર"** (મહોબા) હતી.

→ રાજા ધંગ એ પોતાની રાજધાની કલિંજરથી ખજૂરાહોમાં સ્થાનાન્તરિત કરી હતી.

→ ચંદેલ વંશનો પ્રથમ સ્વતંત્ર અને સૌથી પ્રતાપી રાજા **"યશોવર્મન"** હતો.

→ યશોવર્મને કન્નૌજ પર આક્રમણ કરી ગુર્જર-પ્રતિહાર રાજા દેવપાલને હરાવ્યો અને તેનાથી એક વિષ્ણુની પ્રતિમા પ્રાપ્ત કરી, જેને તેણે ખજૂરાહોના વિષ્ણુ મંદિરમાં સ્થાપિત કરી હતી.

→ યશોવર્મને એક મોટા સરોવરનું નિર્માણ કરાવ્યું હતું.

→ યશોવર્મનનો પુત્ર અને ઉતરાધિકારી **"ધંગ"** હતો.

→ રાજા ધંગે મોહમ્મદ ગઝનવીની વિરૂધ્ધમાં હિન્દુશાહી શાસક જયપાલની મદદ માટે સૈન્ય મોકલ્યું હતું.

→ વિશ્વવિખ્યાત **"ખજૂરાહોના મંદિર"** રાજા ધંગે બનાવ્યાં.

→ રાજા ધંગે પાલ શાસકને પરાજિત કરી **"બનારસ"** પર અધિકાર કરી લીધો હતો.

→ રાજા ધંગે **"જિન્ન્નાથ"**, **"વિશ્વનાથ"** અને **"વૈદ્યનાથ"** મંદિરનું નિર્માણ કરાવ્યું. **"કંદારિયા મહાદેવ મંદિર"** નું નિર્માણ ઈ.સ. 999 માં રાજા ધંગે જ કરાવ્યું હતું.

→ રાજા ધંગે પોતાના છેલ્લા સમયમાં ગંગા-યમુનાના સંગમમાં (પ્રયાગમાં) ભગવાન ભોલેનાથની તપશ્ચર્યા કરતાં પોતાના પ્રાણ ત્યજી દીધાં.

→ ચંદેલ શાસક **"વિદ્યાધર"** એ કન્નૌજના પ્રતિહાર શાસક રાજ્યપાલની હત્યા કરી દીધી કારણ કે તેણે મહમૂદ ગજનવીના આક્રમણની સામે લડયા વગરજ આત્મસમર્પણ કરી દીધું હતું.

→ વિદ્યાદર જ એકલો એવો ભારતીય રાજા હતો જેણે મહમૂદ ગજનવીની સામે યુદ્ધમાં તેનો સફળતાપૂર્વક પ્રતિરોધ કર્યો.

→ ચંદેલ રાજા કીર્તિવર્માના દરબારમાં **"પ્રબોધચંદોદય"** નામના નાટકના રચનાકાર **"કૃષ્ણમિશ્ર"** રહેતા હતા.

→ કીર્તિવર્માએ મહોબાની નજીક **"કીર્તિસાગર"** નામના સરોવરની રચના કરી હતી.

→ ચંદેલ રાજા **"પરમાર્દિદેવ"**ના દરબારમાં **"આલ્હા"** અને **"ઉદલ"** નામના બે સેનાપતિ હતા, જેમણે પૃથ્વીરાજ ચૌહાણની સાથે થયેલ યુદ્ધમાં વીરગતિ પ્રાપ્ત કરી હતી.

→ પરમાર્દિદેવ આ વંશનો છેલ્લો રાજા હતો જેણે ઈ.સ. 1202 માં કુતુબદ્દીન એબકની અધીનતા સ્વીકારી લીધી હતી જેથી તેના મંત્રી અજયદેવ એ તેની હત્યા કરી દીધી.

★★★★★★

મધ્યકાલીન ભારત

પ્રકરણ-1 ભારત પર આરબ (મુસ્લિમ) આક્રમણ

★ મુહમ્મદ - બિન કાસિમ

→ અરબ પ્રથમ મુસ્લિમ આક્રમણકારી હતા જેમણે ભારત પર આક્રમણ કરીને મકરાન તથા મરુપ્રદેશ થઈને સિંધ પર કબજો મેળવવામાં સફળ થયાં હતા.

→ ભારત પર આક્રમણ કરનાર પ્રથમ મુસ્લિમ શાસક મુહમ્મદ બિન કાસિમ હતો જેણે ઈ.સ. 712 માં થટ્ટાની નજીક **''દેવળ''** બંદર કબજે કર્યું હતું.

→ આ આક્રમણના સમયે સિન્ધ પર **''દાહિર''** નામના રાજાનું શાસન હતું. જેને કાસિમે હરાવીને સિન્ધ તથા મુલતાન પર કબજો કરી લીધો.

→ મુહમ્મદ-બિન-કાસિમે ભારતમાં પ્રથમ **''જજિયાવેરો''** સિંધમાં વસૂલ્યો હતો.

→ તે સમયે બગદાદના અરબ વિદ્વાન **''અલજાફરી''** એ અરબી ભાષામાં બ્રહ્મગુપ્તના બે પુસ્તકો **''બ્રહ્મસિદ્ધાંત''** અને **''ખંડખાદ્ય''**નું અનુવાદ કર્યું હતું.

→ **''કલિલાવાદિમ્ના''** પંચતંત્રનું અરબી અનુવાદ છે.

→ અરબોએ સિંધમાં ઉંટોનું પાળવું તથા **''ખજૂરી ખેતી''**ની શરૂઆત કરી હતી.

★ મહમૂદ ગજનવીનું આક્રમણ

→ ઈ.સ. 932 માં **''અલપ્તગીન''** નામના એક તુર્ક સરદારે **''ગજની''** સામ્રાજ્યની સ્થાપના કરી હતી, જેની રાજધાની **''ગજની''** હતી.

→ અલપ્તગીનનો ગુલામ અને જમાઈ **''સુબુકતગીન''** ઈ.સ. 977 માં ગજનીની રાજગાદ્દી પર બેઠો.

→ ઈ.સ. 986 માં સુબુકતગીને ભારતના પશ્ચિમોત્તર ભાગ પર આક્રમણ કર્યું હતું. આ ભારત પર પ્રથમ **''તુર્કી આક્રમણ''** હતું.

→ પ્રથમ તુર્ક આક્રમણના સમયે પંજાબમાં શાહી વંશનો શાસક **''જયપાલ''** હતો.

→ સુબુકતગીને જયપાલને હરાવ્યો હતો.

→ મહમૂદ ગજનવી સુબુકતગીનનો પુત્ર હતો, જેનો જન્મ ઈ.સ. 971 માં થયો હતો.

→ મહમૂદ ગજનવી પોતાના પિતાના શાસનકાળમાં **''ખુરાસાન''**નો શાસક હતો.

→ મહમૂદ ગજનવી ઈ.સ. 998-999 માં ગજનીનો શાસક બન્યો હતો.

→ સુબુકતગીન પરથી પ્રેરણા લઈને મહમૂદ ગજનવી એ ઈ.સ. 1000 થી 1027 સુધીમાં ભારત પર 17 વખત આક્રમણો કર્યા. તેના આક્રમણનો ઉદ્દેશ ધન-સંપત્તિ લૂંટવાનો હતો.

→ બગદાદના ખલીફા અલ-કાદિર-વિલ્લાહએ મહમૂદ ગજનવીને માન્યતા પ્રદાન કરતાંની સાથે **''યમીન-ઉદ્દૌલા''** અને **''યમીન-ઉલ-મિલ્લાહ''**ની ઉપાધીઓ આપી હતી.

→ મહમૂદ ગજનવી એક મૂર્તિભંજક આક્રમણકારી હતો.

→ મહમૂદ ગજનવીએ ભારત પર પ્રથમ આક્રમણ ઈ.સ. 1000 માં કર્યું અને પંજાબના સીમાવર્તી ક્ષેત્ર પર અધિકાર કરી લીધો.

→ મહમૂદ ગજનવી એ ઈ.સ. 1001 માં હિન્દૂશાહી વંશના રાજા **''જયપાલ''**ની વિરૂધ્ધ આક્રમણ કર્યું. આ **''વૈહિન્દના યુદ્ધ''**માં જયપાલ પરાજિત થયો અને તેને આત્મહત્યા કરી લીધી.

→ મહમૂદ ગજનવીનો સૌથી પ્રખ્યાત આક્રમણ ઈ.સ. 1025 માં **''સોમનાથ મંદિર''** (સૌરાષ્ટ્ર) પર થયો હતો. આ સમયે **''ભીમદેવ-પહેલાં''**નું શાસન હતું.

→ મહમૂદ ગજનવીનું છેલ્લું આક્રમણ ઈ.સ. 1027 માં **''જાટો''**ની વિરૂદ્ધ હતું.

→ ઈ.સ. 1030 માં મહમૂદ ગજનવી મૃત્યુ થઈ ગઈ.

→ **''સુલ્તાન''**ની ઉપાધી ધારણ કરવાવાળો પ્રથમ શાસક મહમૂદ ગજનવી હતો.

→ મહમૂદ ગજનવીની સાથે **''અલબરૂની''** (કિતાબ-ઉલ-હિન્દ), **''ફિરદૌસી''** (શાહનામા), **''ઉત્બી''** અને **''બૈહાકી''** (તારીખ-એ-સુબુકતગીન) પણ ભારત આવ્યા હતા.

★ મુહમ્મદ ગોરી

→ ઈ.સ. 1173 માં **''શહાબુદીન મુહમ્મદ ગૌરી''** ગૌરનો રાજા બન્યો હતો.

→ **''ગૌર''** મહમૂદ ગજનવીના હેઠળ એક નાનકડું રાજ્ય હતું.

→ મુહમ્મદ ગોરીએ ઈ.સ. 1175 માં ભારત પર પ્રથમ આક્રમણ **''મુલ્તાન''** પર કર્યું હતું.

→ મુહમ્મદ ગોરીનું બીજુ આક્રમણ ઈ.સ. 1178 માં ગુજરાત પર કર્યુ હતું. ગુજરાત (અન્હિલવાડ પાટણ)ના રાજા ભીમદેવ-બીજા એ મુહમ્મદ ગોરીને હરાવ્યો હતો. ભારતમાં ગોરીની આ પ્રથમ હાર હતી.

→ **<u>મુહમ્મદ ગોરીએ લડેલા પ્રમુખ યુદ્ધો :</u>**

<u>ક્રમ</u>	**<u>વર્ષ</u>**	**<u>યુદ્ધ</u>**	**<u>રાજા</u>**	**<u>પરિણામ</u>**
1.	1191	તરાઈનનું પ્રથમ યુદ્ધ	પૃથ્વીરાજ ચૌહાણ	પૃથ્વીરાજ ચૌહાણ જીતી ગયો
2.	1192	તરાઈનનું પ્રથમ યુદ્ધ	પૃથ્વીરાજ ચૌહાણ	મુહમ્મદ ગોરીનો વિજય
3.	1194	ચંદાવરનું યુદ્ધ	ગહડવાલ શાસક જયચંદ્ર	ગોરીનો વિજય

→ મુહમ્મદ ગોરીએ ભારતમાં જીતેલા પ્રદેશોનું શાસન ભાર પોતાના ગુલામો (આમીરો)ને સોંપીને ગજની જતો રહયો.

→ કુતુબુદ્દીન એબકને દિલ્હીનું શાસન આપ્યું.

→ મુહમ્મદ ગોરીના સેનાપતિ **''બખ્તયાર ખલજી''** એ પૂર્વીભારતનું અભિયાન કર્યુ. તેણે **''નાલંદા વિશ્વવિદ્યાલય''** અને **''વિક્રમશિલા વિશ્વવિદ્યાલય''**ને સમાપ્ત કરી દીધા.

→ મુહમ્મદ ગોરીના સિક્કાઓ પર એકબાજુ **''કલમા''** અને બીજી બાજુ **''લક્ષ્મીજી''** અંકિત રહેતા હતા.

→ ઈ.સ. 1206 માં ખોખરાઓની સાથે યુદ્ધમાં ગોરી મૃત્યુ પામ્યો.

→ ભારતમાં તુર્કી રાજ્યનો સંસ્થાપક **''મુહમ્મદ ગોરી''**ને માનવામાં આવે છે.

★★★★★★

પ્રકરણ-2 દિલ્હી સલ્તનત (ઈ.સ. 1206-1526)

→ ઈ.સ. 1206 થી 1526 સુધી દિલ્હી સલ્તનતના રાજાઓનું શાસન હતું.

→ દિલ્હી સલ્તનતમાં નીચે મુજબના વંશોએ શાસન કર્યુ હતું.

(A) ગુલામ વંશ (ઈ.સ. 1206-1290)
(B) ખલજી વંશ (ઈ.સ. 1290-1320)
(C) તઘલખ કે તુગલક વંશ (ઈ.સ. 1320-1414)
(D) સૈયદ વંશ (ઈ.સ. 1414-1451)
(E) લોદી વંશ (ઈ.સ. 1451-1526)

(A) ગુલામ વંશ (ઈ.સ. 1206-1290)

→ મુહમ્મદ ગોરીનું કોઈ સંતાન ન હતું તેથી તેમના ગુલામ કુતુબુદ્દીન એબકે ઈ.સ. 1206 માં તેમના અવસાન પછી લાહોરમાં સત્તા ગ્રહણ કરી.

→ ઈ.સ. 1206 થી ઈ.સ. 1290 ના દિલ્હી સલ્તનતના શાસકો ગુલામ વંશના કહેવાયા વાસ્તવમાં તેઓ એક જ વંશ કે કુળના ન હતા તેમને **''ઈલ્બરી તુર્ક''**, **''મામલૂક સુલ્તાનો''** પણ કહેવાય છે.

→ ગુલામ વંશની દરમિયાન કુતુબુદ્દીન એબકે **''કુત્બી''**, **ઈલ્તુતમિશે ''શમ્શી'' અને બલબને ''બલબની''** રાજવંશની સ્થાપના કરી હતી.

1. કુતુબુદ્દીન એબક (ઈ.સ. 1206-1210)

→ ગુલામ વંશની સ્થાપના ઈ.સ. 1206 માં કુતુબુદ્દીન એબકે કરી હતી.

→ ભારતમાં તુર્કસત્તાનો સ્થાપક હતો. જે દિલ્હી પર શાસન કરનાર પ્રથમ તુર્ક હતો.

→ કુતુબુદ્દીન એબકે પોતાની રાજધાની (પાટનગર) **''લાહોર''**માં બનાવી હતી.

→ પ્રાચીન **''નાલંદા વિશ્વવિદ્યાલય''**ને નાશ કરનાર એબકનો સહાયક સેનાનાયક બખ્તયાર ખલજી હતો.

→ કુતુબુદ્દીન એબકને **''લાખાબખ્શ''** (લાખોનું દાન આપનાર) પણ કહેવાય છે.

→ દિલ્હીની **''કુવત-ઉલ-ઈસ્લામ''** મસ્જિદ અને અજમેરમાં **''ઢાઈ દિન કા ઝોપડા''** નામની મસ્જિદનું નિર્માણ કુતુબુદ્દીન એબકે કરાવ્યું હતું.

→ **''કુતુબમીનાર''**ના નિર્માણની શરૂઆત **''કુતુબુદ્દીન એબકે''** કરી હતી જે ઈલ્તુતમિશે પૂર્ણ કરાવી હતી. આ કુતુબમીનાર સૂફી સંત **''કુતુબ બખ્તયાર કાકી''** ની યાદમાં દિલ્હીમાં બનાવવામાં આવ્યું છે.

→ કુતુબુદ્દીન એબકના દરબારમાં **''હસન નિઝામી''** અને **''ફખ્ર-એ-મુદબ્બિર''** જેવાં વિદ્વાનો વિરાજતા હતા.

→ ઈ.સ. 1210 માં લાહોરમાં **''ચૌગાન''** (પોલો) રમતી વખતે ઘોડા પરથી પડી જવાના કારણે અકસ્માત મૃત્યુ થઈ ગઈ હતી.

→ કુતુબુદ્દીન એબકનો મકબરો **''લાહોર''**માં આવેલો છે.

2. ઈલ્તુતમિશ (ઈ.સ. 1210- 1236)

→ કુતુબુદ્દીન એબકની મૃત્યુ પછી **''આરામશાહ''**ને શાસક બનાવવામાં આવ્યો, જેણે ફકત 8 મહિના સુધી જ શાસન કર્યું હતું.

→ આરામશાહની હત્યા કરીને **''ઈલ્તુતમિશ''** દિલ્હીની રાજગાદ્દી પર બેઠો.

→ ઈલ્તુતમિશ તુર્કીસ્તાનનો ઈલ્બરી તુર્ક હતો, જે એબકનો ગુલામ અને જમાઈ હતો.

→ દિલ્હીનો સુલ્તાન બનવાથી પહેલાં ઈલ્તુતમિશ **''બદાયૂ''**નો સુબેદાર (ગવર્નર) હતો.

→ ઈલ્તુતમિશ લાહોરથી રાજધાની (પાટનગર) સ્થાનાન્તરિત કરીને **''દિલ્હી''** લાવ્યો હતો.

→ ઈલ્તુતમિશે પોતાના ચાલીસ ગુલામ સરદારોનું એક દળ બનાવ્યું, જેને **''તુર્કાન-એ-ચિહાલગાની''** કહેતા હતા.

→ ઈલ્તુતમિશના શાસનકાળમાં મંગોળ શાસક **''ચંગેજ ખાન''** એ પશ્ચિમોત્તર ભારત પર આક્રમણ કર્યું હતું. (ખ્વારિજમ શાહનો પુત્ર **''જલાલુદ્દીન માંગબર્ની''** મંગોલ શાસક ચંગેજ ખાનના ભયથી ભારતની તરફ ભાગ્યો અને ઈલ્તુતમિશે ખૂબ જ બુદ્ધિમતાથી તેને સંરક્ષણ ન આપીને મંગોલોના આક્રમણથી પોતાને બચાવી લીધો)

→ ઈલ્તુતમિશ પ્રથમ શાસક હતો, જેને ઈ.સ. 1229 માં **''બગદાદના ખલીફા''** થી સુલ્તાન પદની કાયદેસરની સ્વીકૃતિ પ્રાપ્ત કરી હતી.

→ ઈલ્તુતમિશે **''હૌજ-એ-સુલ્તાની''**નું નિર્માણ **''દેહલી-એ-કુહના''**ની નજીક કરાવ્યું હતું.

→ ઈલ્તુતમિશે **''ઈકતા''** વ્યવસ્થા અમલમાં મૂકી હતી.

→ **''જીતલ''** અને **''ટંકા''** નામના સિક્કાઓ ચલાવ્યા હતા. જીતલ **''તાંબા''**નો સિક્કો હતો જયારે ટંકા **''ચાંદી''**નો સિક્કો હતો.

→ ઈલ્તુતમિશને સૌપ્રથમ શુદ્ધ અરબી સિક્કાઓ બહાર પાડવાનો શ્રેય આપવામાં આવે છે.

→ ઈલ્તુતમિશે **''કુતુબમીનાર''**નું નિર્માણ કાર્ય પુરું કરાવ્યું હતું.

→ ઈલ્તુતમિશે સૌપ્રથમ દિલ્હીના આમીરોનું દમન કર્યું હતું.

→ ઈલ્તુતમિશના સમયે **''અવધ''**માં **''પૂર્થૂ વિદ્રોહ''** થયો હતો.

→ ઈલ્તુતમિશે યાલ્દૌજ અને કુબાચાની શક્તિને સમાપ્ત કરી હતી. તેણે રાજપૂતાના અને માલવા ના રાજ્યોને પોતાના આધીન કર્યા હતા.

→ ઈ.સ. 1234-35 માં ઉજ્જૈન પર આક્રમણ કરી **''મહાકાળ''** મંદિરને લૂટ્યું હતું.

→ ઈલ્તુતમિશની મૃત્યુ ઈ.સ. 1236 માં થઈ હતી.

→ ગ્વાલિયરની વિજય (ઈ.સ. 1231) પછી ઈલ્તુતમિશે પોતાની પુત્રી **''રજિયા''**નું નામ સિક્કાઓ પર અંકિત કરાવ્યું હતું.

→ રૂહાની, મલિક તાજુદ્દીન રેજાબ અને **''તબકાત-એ-નાસિરી''** ના લેખક મિન્હાજ -ઉસ સિરાજ વગેરે વિદ્વાનો ઈલ્તુતમિશના દરબારમાં રહેતા હતા.

→ અવફી એ ઈલ્તુતમિશના શાસનકાળમાં જ **''જિવામી- ઉલ - હિકાયત''** નામના ગ્રંથની રચના કરી હતી.

3. <u>રજિયા સુલ્તાના (ઈ.સ. 1236 -1240)</u>

→ ઈલ્તુતમિશ પછી તેનો પુત્ર **''રૂકનુદ્દીન ફિરોજશાહ''** રાજગાદ્દી પર બેઠો, તે એક અયોગ્ય અને દુર્બળ શાસક હોવાથી તુર્કી આમીરોએ **''રજિયા''**ને રાજગાદ્દી પર બેસાડી હતી.

→ રજિયા દિલ્હી સલ્તનતની પ્રથમ અને છેલ્લી મહિલા શાસિકા હતી.

→ રજિયા એ પર્દાપ્રથાને ત્યજીને પુરૂષોની જેમ **''ચોગા''** (કાબા) અને **''કુલાહ''** (ટોપી) પહેરીને રાજદરબારમાં રાજગાદ્દી પર શાસન સંભાળ્યું હતું.

→ રજિયા બેગમે **''મલિક જમાલુદ્દીન યાકૂત''**ને **''અમીર-એ-આખૂર''** (અશ્વશાળાનો અધ્યક્ષ) તરીકે નિયુક્ત કર્યો હતો.

→ રજિયાના શાસનકાળમાં ચહલગાની (ચાલીસ) સરદારો એ તેની વિરૂદ્ધ ષડયંત્ર કરવું શરૂ કરી દીધું હતું અને તેને બંદી બનાવી દિલ્હીની રાજગાદ્દી પર બહેરામશાહને બેસાડી દીધો.

→ રજિયાએ **''અલ્તૂનિયા''** (ભંટિડાનો ગવર્નર) થી લગ્ન કરી લીધા હતા. આનાથી લગ્ન કર્યા પછી રજિયાએ ફરી દિલ્હીની રાજગાદ્દી પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરન્તુ તે અસફળ રહી હતી.

→ ભંટિડાથી દિલ્હી આવતી વખતે રજિયા અને અલ્તૂનિયાની હત્યા **''કૈથલ''**ની નજીક કરી દેવામાં આવી હતી.

→ તત્કાલીન ઈતિહાસકાર મિન્હાજ-ઉસ-સિરાજ પ્રમાણે રજિયાનું મહિલા હોવું તેના પતનનું મુખ્ય કારણ હતું.

4. <u>નાસિરૂદ્દીન મહમૂદ (ઈ.સ. 1246 -1265)</u>

→ રજિયા પછી મુઈજુદ્દીન બહેરામશાહ (ઈ.સ. 1240-1242) ને સુલ્તાન બનાવવામાં આવ્યો હતો.

→ તેના સમયમાં સુલ્તાનની શક્તિઓને ઓછી કરવા માટે એક નવા પદ **''નાયબ-એ-મુમલિકાત''**નું સર્જન કર્યું હતું. આ પદ પર સૌપ્રથમ **''મલિક ઈખ્તિયારૂદ્દીન એમગીન''** ની નિમણૂંક કરવામાં આવી હતી.

→ બહેરામશાહને બંદી બનાવી તેની હત્યા ઈ.સ. 1242 માં કરી દેવામાં આવી.

→ બહેરામશાહ પછી અલાઉદ્દીન મસૂદ શાહ (ઈ.સ. 1242-1246)ને સુલ્તાન બનાવવામાં આવ્યો હતો.

→ મસૂહ શાહના સમયમાં તુર્ક સરદાર સર્વોચ્ચ બની ગયા અને તેની પાસે ફક્ત સુલ્તાનની ઉપાધિ જ રહી ગઈ.

→ ચાલીસ સરદારોમાંથી **''બલબન''**ને **''અમીર-એ-હાજિબ''** નિયુક્ત કરવામાં આવ્યો.

→ બલબનના ષડયંત્રથી ઈ.સ. 1246 માં અલાઉદ્દીન મસૂદ શાહને સુલ્તાનના પદથી હટાવીને **''નાસિરૂદ્દીન મહમૂદ''**ને સુલ્તાન બનાવી દીધો.

→ નાસિરૂદ્દીન મહમૂદની સાથે બલબનની પુત્રીના લગ્ન કરવામાં આવ્યા હતા.

→ નાસિરૂદ્દીન મહમૂદ એવો સુલ્તાન હતો જે ટોપી સીવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.

→ નાસિરૂદ્દીન મહમૂદના શાસનકાળમાં **''મિનહાજ-ઉસ-સિરાજ''** મુખ્ય કાજીના પદ પર હતા. તેમની પુસ્તક **''તબકાત-એ-નાસિરી''** આ સુલ્તાનને જ સમર્પિત છે.

5. ગ્યાસુદ્દીન બલબન (ઈ.સ. 1265 -1287)

→ નાસિરૂદ્દીન મહમૂદની સાથે જ ઈલ્તુતમિશના **''શમ્સીવંશ''**નો અંત થયો અને **''બલબની વંશ''** નો સલ્તનત પર અધિકાર થઈ ગયો.

→ બલબનનું વાસ્તવિક નામ **''બહાઉદ્દીન બલબન''** હતું.

→ ઈલ્તુતમિશે ગ્વાલિયરને જીત્યા પછી બહાઉદ્દીન બલબનને ખરીદી લીધો હતો.

→ બલબન સુલ્તાન બન્યા પહેલાં નીચે મુજબના પદો પર રહયો.

ક્રમ	સુલ્તાન	પદ
1.	ઈલ્તુતમિશ અને રજિયા	અમીર - એ - આખૂર
2.	અલાઉદ્દીન મસૂદ શાહ	અમીર - એ - હાજિબ
3.	નાસિરૂદ્દીન મહમૂદ	નાયબ - એ - મુમલિકાત

→ નાસિરૂદ્દીન મહમૂદ એ બલબનને ઈ.સ. 1249 માં **''ઉલૂગ ખાઁ''**ની ઉપાધી આપી હતી.

→ તુર્કી સરદારોના પ્રભાવ અને શક્તિને સમાપ્ત કરવા માટે તેણે ઈલ્તુતમિશ ધ્વારા સ્થાપિત **''તુર્કાન-એ-ચહલગાની''**ને સમાપ્ત કરી દીધી.

→ પોતાના વિરોધીઓના પ્રત્યે બલબને **''લોહ અને રકત''**ની નીતિનું પાલન કર્યુ હતું.

→ બલબને તુર્કી પ્રભાવને ઓછું કરવા માટે **''સિજદા''** અને **''પાબોસ''**ની પ્રથાની શરૂઆત રાજદરબારમાં કરી હતી.

→ બલબને ફારસી તહેવાર **''નવરોજ''** ઉજવવાની પ્રથા પણ શરૂ કરી હતી.

→ **''સિજદા''** - જમીન પર ઘૂંટણ ટેકીને માથું નમાવીને સલામ કરવું અને **''પાબોસ''** - સુલ્તાનના પગોને ચૂમવું. આ પ્રથાઓ ઈરાની દરબારમાં પ્રચલિત હતી, જેને બલબને દિલ્હી સલ્તનતમાં શરૂ કરી.

→ બલબન મંગોલોના આક્રમણથી દિલ્હીની રક્ષા કરવામાં સફળ રહયો હતો.

→ બલબને **''રાજત્વનો સિદ્ધાંત''**ની ઘોષણા કરી હતી. તેના પ્રમાણે સુલતાન **''નિયામત-એ-ખુદાઈ''** (ઈશ્વરનો પ્રતિબિંબ) હોય છે. તે પ્રથમ સુલ્તાન હતો, જેણે રાજત્વના સિદ્ધાંતની ઘોષણા કરીને પોતાને **''જિલ્લા-એ-ઈલાહી''**ની ઉપાધી ધારણ કરી હતી. તેણે કુરાનના નિયમોના આધારે શાસન ચલાવીને ખલીફાના મહત્વને સ્વીકાર કર્યો હતો.

→ બલબનના દરબારમાં ફારસીના પ્રખ્યાત કવિ **''અમીર ખુસરો''** અને **''અમીર હસન''** રહેતા હતા.

→ ગુલામ વંશનો છેલ્લો શાસક **''શમ્સુદ્દીન કૈમૂર્સ''** હતો.

→ **અમીર ખુસરો :**

- મૂળ નામ - મુહમ્મદ હસન
- જન્મ - પટિયાલી (બદાયૂઁ -ઉત્તરપ્રદેશ)
- જન્મ સમય - ઈ.સ. 1253
- ગુરૂ - પ્રખ્યાત સૂફી સંત શેખ નિઝામુદ્દીન ઓલિયા
- શાસક - બલબનથી લઈને મુહમ્મદ તુગલક સુધી દિલ્હી સુલ્તાનોના દરબારમાં રહયા હતા.
- પ્રખ્યાત - સિતાર અને તબલાની શોધનો શ્રેય અમીર ખુસરોને જ આપવામાં આવે છે.

(B) ખલજી વંશ (ઈ.સ. 1290 - 1320)

1. જલાલુદ્દીન ફિરોજ ખલજી (ઈ.સ. 1290 -1296)

→ ગુલામ વંશના શાસનને સમાપ્ત કરી ઈ.સ. 1290 માં જલાલુદ્દીન ફિરોજ ખલજી એ **''ખલજી વંશ''**ની સ્થાપના કરી હતી.

→ સુલ્તાન બનવાથી પહેલા જલાલુદ્દીન ફિરોજ ખલજી બુલંદશહેરનો ઈકતાદાર હતો.

→ જલાલુદ્દીન એ **''કિલોખરી''**ને પોતાની રાજધાની બનાવી હતી.

→ જલાલુદ્દીન એક ઉદાર શાસક હતો. તે હિન્દુઓના પ્રતિ સહિષ્ણુ હતો.

→ જલાલુદ્દીનના શાસનકાળમાં મંગોલ દિલ્હીમાં વસવાટ કર્યો, જેમને **''નવીન મુસલમાન''** (નવા મુસ્લિમ) કહેવાય છે.

→ જલાલુદ્દીનના સમયમાં ઈરાની ફકીર **''સીદી મૌલા''**ને હાથીના પગ નીચે દબાવીને મારી દેવામાં આવ્યા હતા.

→ ઈ.સ. 1296 માં જલાલુદ્દીનની હત્યા કરી અલાઉદ્દીન ખલજી દિલ્હીનો સુલ્તાન બન્યો હતો.

2. <u>અલાઉદ્દીન ખલજી (ઈ.સ. 1296 -1316)</u>

→ જલાલુદ્દીન ફિરોજ ખલજીના શાસનકાળમાં અલાઉદ્દીન ખલજી **''કડામાણેકપુર''** (અલ્હાબાદ)નો સુબેદાર હતો.

→ અલાઉદ્દીનને **''અલી ગુરશસ્પ''** પણ કહેવાય છે.

→ અલાઉદ્દીન ઈ.સ. 1296 માં દિલ્હીની રાજગાદી પર બેઠો.

→ અલાઉદ્દીને પોતાની વિજ્યોથી ઉત્સાહિત થઈને **''સિકન્દરે સાની''**ની ઉપાધી ધારણ કરી હતી.

→ **<u>અલાઉદ્દીન ખલજીએ કરેલ સલ્તનતનો વિસ્તાર:</u>**

★ **<u>ઉત્તર ભારતની વિજય :</u>**

<u>ક્રમ</u>	<u>વર્ષ</u>	<u>શાસક</u>	<u>ક્ષેત્ર</u>
1.	1299	કર્ણદેવ વાઘેલા	ગુજરાત
2.	1301	હમ્મીર દેવ	રણથંભૌર
3.	1303	રાણા રતનસિંહ	મેવાડ-રાજા રતનસિંહની પત્ની **''પદ્મીની''** ને પ્રાપ્ત કરવા અલાઉદ્દીને પોતે નેતૃત્વ કર્યુ હતું.
4.	1305	રાય મહાલકદેવ	માળવા
5.	1311	કન્હાર દેવ	ઝાલોર - 1311 સુધીમાં ફક્ત નેપાળ, કાશ્મીર અને આસામમાં જ અલાઉદ્દીનનો અધિકાર ન હતો.

★ **<u>દક્ષિણ ભારતની વિજય :</u>**

<u>ક્રમ</u>	<u>વર્ષ</u>	<u>શાસક</u>	<u>ક્ષેત્ર</u>
1.	1307-08	રામચન્દ્ર	દેવગિરિ
2.	1309-10	પ્રતાપ રૂદ્રદેવ	વારંગલ- આ સમયે જ સંસારનો પ્રખ્યાત **''કોહિનૂર હીરો''** અલાઉદ્દીનને આપ્યો.
3.	1310-11	વીરબલ્લાલ	દ્વારસમુદ્ર
4.	1312-13	વીર પાંડય	પાંડય રાજ્ય

→ દક્ષિણ ભારતની વિજયનો શ્રેય **''મલિક કાફૂર''**ને જાય છે. આ ગુજરાતની હિન્દૂ જાતિનો એક **''કિન્નર''** (હિજડો) હતો.

→ **<u>અલાઉદ્દીનના વહીવટી સુધારા :</u>**

★ **<u>સૈન્ય સુધારાઓ :</u>**

- તેણે સૈનિકોને રોકડ પગાર આપવાની વ્યવસ્થા કરી હતી.
- સૈનિકોની નિમણૂંક અને તાલીમ **''આરિજ-એ-મુમાલિક''** વિભાગ હેઠળ કરવામાં આવી.
- સૈનિકોની ઓળખ કરવા માટે **''હુલિયા પદ્ધતિ''** અને ઘોડાઓની ઓળખ કરવા માટે **''દાગ પદ્ધતિ''** (ચિહ્ન) અપનાવી હતી.
- સૈન્ય વિભાગને સંગઠિત કરવા માટે એક મોટી સ્થાયી સેના બનાવી હતી.

★ **<u>આર્થિક સુધારાઓ :</u>**

- અલાઉદ્દીન ખલજી પ્રથમ સુલ્તાન હતો, જેણે નાણાકીય અને રાજસ્વ વ્યવસ્થાને સુધારવા માટે ખૂબ પ્રયાસ કર્યા હતા.
- ભૂ-રાજસ્વ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે અલાઉદ્દીન એ **''દીવાન-એ-મુસ્તખરાજ''** નામના એક નવા અધિકારીની નિમણૂંક કરી હતી.
- સુલ્તાને ભૂ-રાજસ્વની દર 50% (1/2) કરી દીધી હતી.
- સુલ્તાને **''ખમ્સ''** (લૂટેલું ધન) માં સુલ્તાનનો ભાગ 1/4 થી વધારીને 3/4 કરી દીધો હતો.
- આને વેપારીઓમાં બેઈમાનીને રોકવા માટે ઓછું તોલનાર વ્યક્તિઓના શરીરથી માસ કાપવાનો સખત આદેશ આપ્યો હતો.
- આને પોતાના શાસનકાળમાં **''મૂલ્ય નિયંત્રણ પ્રણાલી''** અથવા **''બજાર નિયંત્રણ પ્રણાલી''**ને મજબૂતીથી અમલમાં મૂકી હતી.
- મુસલમાનોથી **''જકાત''** (ધાર્મિક કર)ના રૂપે મિલકતનો 1/40 મો ભાગ લેવામાં આવતો હતો.
- બજાર નિયંત્રણ કરવા માટે અલાઉદ્દીને નીચે મુજબના નવા પદોનું સર્જન કર્યું હતું. -

1.	દીવાન-એ-રિયાસત	- આ વેપારીઓ પર નિયંત્રણ રાખતો હતો. આ બજાર નિયંત્રણની પૂરી વ્યવસ્થાનું સંચાલન કરતો હતો.
2.	શહના-એ-મંડી	- પ્રત્યેક બજારમાં બજારનો અધીક્ષક
3.	બરીદ	- બજારની અંદર ફરીને બજારનું નિરીક્ષણ કરતો હતો.
4.	મુનહિયાન	- ગુપ્તચર

- અલાઉદ્દીને **''મલિક યાકૂબ''**ને દીવાન-એ-રિયાસત નિમણૂંક કર્યો હતો.
- અલાઉદ્દીન ધ્વારા નિમણૂંક પામેલ **''પરવાના-નવીસ''** નામનો અધિકારી વસ્તુઓની પરમિટ આપતો હતો.
- **''શહના-એ-મંડી''** - અહીંયા પાકોને વેચાણ માટે લાવવામાં આવતો હતો.
- **''સરાય - એ - અદલ''** - અહીંયા કાપડ, ખાંડ, ઔષધીઓ, મેવો, તેલ અને અન્ય નિર્મિત વસ્તુઓ વેચાણ માટે લાવવામાં આવતી હતી.
- મૂલ્ય નિયંત્રણને સફળ બનાવવામાં **''મુહતસિબ''** (સેન્સર) અને **''નાઝિર''** (નાપ-તોલ અધિકારી) ની મહત્વની ભૂમિકા હતી.
- રાજસ્વ સુધારાઓની અન્તર્ગત અલાઉદ્દીને સૌપ્રથમ મિલ્ક, ઈનામ અને વકફની અન્તર્ગત આપવામાં આવેલ જમીનને પાછી લઈને તેને **''ખાલસા ભૂમિ''** માં બદલી દીધી.
- અલાઉદ્દીન ખલજી ધ્વારા બે નવા કરો નાખવામાં આવ્યા હતા -

(1) ચરાઈ કર - પશુઓ (દૂધ આપનાર) પર લગાડવામાં આવતો.

(2) ગઢી કર - ઘરો અને ઝોપડીઓ પર લગાડવામાં આવતો.

- અલાઉદ્દીન ખલજીની આર્થિક નીતિની જાણકારી જિયાઉદ્દીન બરનીની પુસ્તક **''તારીખ-એ-ફિરોજશાહી''** અમીર ખુસરોની પુસ્તક **''ખજાઈનુલ-ફતૂહ''**, ઈબ્નબતૂતાની પુસ્તક **''રેહલાં''** અને ઈસામીની પુસ્તક **''ફુતૂહાત-ઉસ-સલાતીન''**થી મળે છે.

★ **<u>અન્ય ફેક્ટસ :</u>**

→ અલાઉદ્દીન ખલજીએ દિલ્હીમાં અલાઈ દરવાજો, હૌજ-એ-ખાસ, સીરીનો કિલ્લો, જમાતખાના મસ્જિદ વગેરેનું નિર્માણ કરાવ્યું હતું.

→ અલાઉદ્દીનના સમયમાં દિલ્હીમાં **''હાજી મૌલા''**નો વિદ્રોહ થયો હતો, જેને હમીદુદ્દીન એ દબાવ્યો હતો.

→ અલાઉદ્દીનના શાસનકાળમાં મંગોલો એ ભારત ઉપર પોતાનું છેલ્લું આક્રમણ કર્યું હતું.

→ અલાઉદ્દીનની મૃત્યુ ઈ.સ. 1316 માં થઈ હતી.

→ ખલજી વંશનો છેલ્લો શાસક નાસિરૂદ્દીન ખુસરો શાહ હતો.

(C) <u>તઘલખ (તુગલક) વંશ (ઈ.સ. 1320 - 1414)</u>

1. <u>ગયાસુદ્દીન તઘલખ (ઈ.સ. 1320 -1325)</u>

→ તઘલખ વંશનો સંસ્થાપક **''ગાઝી મલિક''** કે **''ગ્યાસુદ્દીન તઘલખ''** હતો.

→ ખુસરો શાહના શાસનને સમાપ્ત કરી ગ્યાસુદ્દીન તઘલખ ઈ.સ. 1320 માં દિલ્હીનો સુલ્તાન બન્યો હતો.

→ અલાઉદ્દીન ખલજીના સમયે તે **''દિપાલપુર''**નો સૂબેદાર હતો.

→ ગ્યાસુદ્દીન તઘલખે લગભગ 29 વખત મંગોલ આક્રમણને અસફળ કર્યું હતું.

→ દિલ્હીનો તે પ્રથમ સુલ્તાન હતો જે રાજધરાણાથી સંબંધિત ન હોવા છતાં પણ અમીરોમાં પ્રખ્યાત હતો. તેણે અલાઉદ્દીનના સમયે લીધેલી અમીરોની જમીન તેમને પરત કરી દીધી હતી.

→ ગ્યાસુદ્દીને સિંચાઈ માટે કુવાઓ અને નહેરોનું નિર્માણ કરાવ્યું હતું. સંભવતઃ નહેરોનું નિર્માણ કરવાવાળો ગ્યાસુદ્દીન પ્રથમ શાસક હતો.

→ ગ્યાસુદ્દીનનું તઘલખે દિલ્હીની નજીક **''તુગલકાબાદ''** નામનું એક નવું નગર સ્થાપિત કર્યુ હતું. **''રોમન શૈલી''**માં નિર્મિત આ નગરમાં એક દુર્ગનું નિર્માણ કરવામાં આવ્યું જેને **''છપ્પનકોટ''** કહેવાય છે.

→ ગ્યાસુદ્દીને **''રસ્મ-એ-મિયાન''** નામની આર્થિક નીતિ બનાવી હતી.

→ ગયાસુદ્દીન તઘલખના ચિશ્તી સંપ્રદાયના સંત **"નિઝામુદ્દીન ઓલિયા"** સાથે સારા સંબંધ ન હતા. **"સંત નિઝામુદ્દીન ઓલિયા"** એ જ ગ્યાસુદ્દીન વિશે કહયું હતું. કે **"çÍËHè ¥|¢è ÎêÚ ãññ¢"** (દિલ્હી હજું ઘણી દૂર છે)

→ ગ્યાસુદ્દીન તઘલખની મૃત્યુ ઈ.સ. 1325 માં બંગાળના અભિયાનથી પરત આવતી વખતે **"જૂના ખૉ"** ધ્વારા બનાવેલ લાકડીના મહેલમાં દબાવી જવાથી થઈ હતી.

2. <u>મુહમ્મદ બિન તઘલખ (ઈ.સ. 1325 -1351)</u>

→ ગ્યાસુદ્દીન તઘલખની મૃત્યુ પછી ઈ.સ. 1325 માં **"જૂના ખૉ"** (જૌના ખૉ) એ "મુહમ્મદ બિન તઘલખની ઉપાધી ગ્રહણ કરી પોતે દિલ્હીની સુલ્તાન બની ગયો.

→ મધ્યકાલીન બધા સુલ્તાનોમાં મુહમ્મદ બિન તઘલખ સૌથી વધુ શિક્ષિત, વિદ્વાન અને યોગ્ય વ્યક્તિ હતો.

→ **<u>મુહમ્મદ બિન તઘલખની યોજનાઓ :</u>**

(1) <u>ગંગા - યમુના દોઆબ ક્ષેત્રમાં કર વૃદ્ધિ :</u>

- મુહમ્મદ બિન તઘલખની પ્રથમ યોજનામાં ગંગા-યમુના- દોઆબ ક્ષેત્રમાં 50 ટકા સુધી કરોમાં વધારો કર્યો અને દુર્ભાગ્યવશ આ વર્ષે જ દુષ્કાળ પડ્યો, પરન્તુ તઘલખના અધિકારીઓએ જબરદસ્તી કરની વસૂલી કરી હતી. જેના પરિણામે વિદ્રોહ થતાં આ યોજના અસફળ રહી હતી.

(2) <u>રાજધાની પરિવર્તન (ઈ.સ. 1326-27) :</u>

- મુહમ્મદ બિન તઘલખની બીજી યોજના દિલ્હીથી રાજધાની (પાટનગર) **"દેવગિરિ"** લઈ જવાની હતી.
- સુલ્તાને દેવગિરિનું નામ **"દૌલતાબાદ"** રાખ્યું હતું.
- રાજધાની દેવગિરિ લઈ જવાના કારણો નીચે મુજબ હતા -

(1) દેવગિરિનું સામ્રાજયની વચ્ચે હોવું.

(2) દક્ષિણ ભારત ઉપર નિયંત્રણ રાખવા માટે

(3) રાજધાનીને મંગોલોના આક્રમણથી સુરક્ષિત કરવા માટે

- સુલ્તાનની આ યોજના પણ અસફળ રહી અને તેને જન-ધનનું અપાર નુકશાન વેઠવું પડ્યું હતું.

(3) <u>સાંકેતિક મુદ્રાનું પ્રચલન (ઈ.સ. 1329-30) :</u>

- મુહમ્મદ બિન તઘલખની ત્રીજી યોજના સાંકેતિક મુદ્રા (સાંકેતિક ચલણ)નું પ્રચલન હતું.
- સુલ્તાને તાંબા અને પીતળના સિક્કા બહાર પાડ્યા અને તેની કિંમત ચાંદીના સિક્કાની બરાબર રાખી.
- સુલ્તાનની આ યોજના પણ અસફળ રહી હતી અને તેને ખૂબ જ આર્થિક નુકાશાન વેઠવું પડ્યું હતું.
- ભારતમાં પ્રથમ વખત સાંકેતિક મુદ્રા ચલાવવાનો શ્રેય મુહમ્મદ બિન તઘલખને જ છે.

(4) <u>ખુરાસાન અને કરાચિલ અભિયાન :</u>

- મુહમ્મદ બિન તઘલખે પોતાની ચોથી અને પાંચમી યોજના અન્તર્ગત ખુરાસાન અભિયાન અને કરાચિલ અભિયાન કર્યુ હતું.
- ખુરાસન અભિયાનમાં વિજય પ્રાપ્ત કરવા માટે તેને લગભગ 3,70,000 સૈનિકોને સાલભરનું પગાર એડવાન્સમાં આપ્યું હતું. પરન્તુ રાજનૈતિક પરિસ્થિતિઓમાં પરિવર્તનના કારણે બન્ને વચ્ચે સંધિ થતાં સુલ્તાનને આર્થિક રૂપથી નુકશાન વેઠવું પડ્યું હતું.
- કરાચિલ અભિયાન દરમિયાન વિશાળ સેના જંગલો અને પહાડોમાં ફસાઈને મૃત્યુ પામતા આ અભિયાન પણ અસફળ રહયું હતું.
- આમ, ખુરાસાન અને કરાચિલ અભિયાનો અસફળ રહયા હતા.

→ મુહમ્મદ બિન તઘલખે કૃષિના વિકાસ માટે **"અમીર-એ-કોહી"** નામનો એક નવો વિભાગ બનાવ્યો હતો.

→ આફ્રિકા યાત્રી **"ઈબ્ન બતૂતા"** (મોરક્કો નિવાસી) ઈ.સ. 1333 માં ભારત આવ્યો હતો. મુહમ્મદ બિન તઘલખે આને દિલ્હીનો કાઝી નિયુક્ત કર્યો હતો.

→ ઈ.સ. 1342 માં સુલ્તાને આને પોતાના રાજદૂત બનાવીને ચીન મોકલ્યો હતો.

→ ઈબ્નબતૂતાની પુસ્તક **"રેહલાં"** માં મુહમ્મદ તઘલખના સમયની ઘટનાઓનું વર્ણન મળે છે. આને પોતાની પુસ્તકમાં વિદેશી વેપારીઓનું આવાગમન, ડાક વ્યવસ્થા અને ગુપ્તચર વ્યવસ્થાના વિશે લખ્યું છે.

→ મુહમ્મદ બિન તઘલખે બદાયૂંમાં મીરન મુલહીમ, દિલ્હીમાં શેખ નિઝામુદ્દીન ઓલિયા, મુલ્તાનમાં શેખ રૂકનુદ્દીન, અજુધનમાં શેખ મુલ્તાન વગેરે સંતોની કબ્ર પર મકરબા બનાવ્યા હતા.

→ મુહમ્મદ બિન તઘલખ **"શેખ અલાઉદ્દીન"** નો શિષ્ય હતો.

→ તે દિલ્હી સલ્તનતનો પ્રથમ શાસક હતો, જે અજમેરમાં **''શેખ મુઈનુદ્દીન ચિશ્તી''** (ખ્વાજા સાહેબ)ની દરગાહ અને બહરાઈચમાં **''સાલાર મસૂદ ગાઝી''**ના મકબરા પર ગયો હતો.

→ મુહમ્મદ બિન તઘલખે **''જિન પ્રભા સૂર''**નામના જૈન સાધુની સાથે ચર્ચા-વિચારણા કરી હતી.

→ દિલ્હીના સુલ્તાનોમાં તે પ્રથમ સુલ્તાન હતો, જેને **''યોગ્યતાના આધારે''** પદ આપવું શરૂ કર્યું હતું.

→ મુહમ્મદ બિન તઘલખના શાસનકાળમાં દક્ષિણમાં **''હરિહર'' અને ''બુક્કા''** નામના બે ભાઈઓએ ઈ.સ. 1336 માં સ્વતંત્ર રાજય **''વિજયનગર''**ની સ્થાપના કરી હતી.

→ બહમનશાહે ઈ.સ. 1347 માં સ્વતંત્ર **''બહમની''** રાજયની સ્થાપના કરી હતી.

→ મુહમ્મદ બિન તઘલખની મૃત્યુ ઈ.સ. 1351 માં સિન્ધ જતી વખતે **''થટ્ટા''** નામના સ્થળે થઈ હતી.

→ ઈતિહાસકાર બદાયૂંની લખે છે કે **''સુલ્તાનના મરવા પર સુલ્તાનને તેની પ્રજાથી અને પ્રજાને સુલ્તાનથી મુક્તિ મળી ગઈ.''**

★ **<u>ભારત પર મંગોલ આક્રમણ :</u>**

	<u>આક્રમણ</u>	**<u>શાસક</u>**	**<u>વર્ષ</u>**	**<u>આક્રમણકારી</u>**
1.	પ્રથમ મંગોલ આક્રમણ	બહરામશાહ	ઈ.સ. 1241	તાતાર ખૉ
2.	બીજું મંગોલ આક્રમણ	બલબન	ઈ.સ. 1285-86	તેમૂર ખૉ
3.	ત્રીજું મંગોલ આક્રમણ	જલાલુદ્દીન ખલજી	1292	અબ્દુલ્લા ખૉ
4.	મંગોલ આક્રમણોનો સમયગાળો	અલાઉદ્દીન ખલજી	1296-1309	કુતલુગ ખ્વાજા, તારદીબેગ
5.	મંગોલ આક્રમણોનો છેલ્લો સમયગાળો	મુહમ્મદ-બિન-તઘલખ	1326-27	તરમાશરીન

3. <u>ફિરોજશાહ તઘલખ (ઈ.સ. 1351-1388) :</u>

→ ફિરોજશાહ તઘલખનો રાજ્યાભિષેક **''થટ્ટા''**ની નજીક ઈ.સ. 1351 માં થયો હતો. ફરી ફિરોજનો રાજ્યાભિષેક દિલ્હીમાં કરવામાં આવ્યો.

→ ફિરોજશાહ તઘલખ ગ્યાસુદ્દીન તઘલખના નાના ભાઈ **''રજબ''**ની પુત્રીથી થયા હતા. આવી રીતે ફિરોજ હિન્દૂ માતાથી ઉત્પન્ન પ્રથમ મુસ્લિમ શાસક હતો.

→ ફિરોજ શાહને ખલીફા ધ્વારા **''કાસિમ અમીર ઉલ મોમમીન''**ની ઉપાધિ આપવામાં આવી હતી.

→ ફિરોજશાહ તઘલખે રાજસ્વ વ્યવસ્થાની અન્તર્ગત પોતાના શાસનકાળમાં ઈસ્લામી કાયદા ધ્વારા સ્વીકારેલ ચાર કર વસૂલ કરવાનો આદેશ આપ્યો અને 24 દુખદાયક કરોને સમાપ્ત કર્યા. ચાર પ્રકારના કર નીચે મુજબ છે -
(1) ખરાજ (લગાન), (2) ખુમ્સ (યુદ્ધમાં લૂટેલ માલ) (3) જજિયા (4) જકાત

→ ફિરોજશાહ તઘલખ **''બ્રાહ્મણો''** પર **''જજિયા''** કર લગાવનાર પ્રથમ મુસ્લિમ શાસક હતો.

→ ફિરોજશાહ પ્રથમ શાસક હતો, જેણે શાહી નહેરોથી સિંચાઈ માટે પાણીના ઉપયોગ પર **''સિંચાઈ-કર''** લગાવ્યો હતો જે ઉપજનો 1/10 ભાગ હતો.

→ સિંચાઈની સુવિધા માટે ફિરોજશાહે 5 મોટી નહેરોનું નિર્માણ કરાવ્યું હતું. જેમાં
(1) યમુનાથી હિસાર (150 માઈલ લાંબી)
(2) સતલજથી ઘગ્ઘર (96 માઈલ લાંબી)
(3) સિરમૌરથી હાંસી
(4) ઘગ્ઘરથી ફિરોજાબાદ
(5) યમુનાથી ફિરોજાબાદ

→ ફિરોજશાહે 300 નવા નગરોની સ્થાપના કરી હતી જેમાં ફિરોજપુર, ઝોનપુર, ફતેહબાદ, હિસાર અને ફિરોજાબાદ પ્રમુખ છે.

→ ફિરોજશાહ તઘલખે **''મેરઠ''** અને **''ટોપરા''** થી અશોક સ્તંભ મંગાવીને દિલ્હીમાં ફિરોજશાહ કોટલામાં સ્થાપિત કરવાયા હતા.

→ ફિરોજશાહ તઘલખે અનાથ મુસ્લિમ મહિલાઓ, વિધવાઓ, છોકરીઓ અને ગરીબોની મદદ માટે એક નવો વિભાગ **''દીવાન - એ - ખૈરાત''**ની સ્થાપના કરી હતી.

→ ફિરોજશાહ તઘલખે દાસો માટે એક અલગ વિભાગ **''દીવાન-એ-બંદગાન''**ની સ્થાપના કરી હતી.

સલ્તનતકાલીન સુલ્તાનોના શાસનકાળમાં સૌથી વધુ દાસોની સંખ્યા (લગભગ 1,80,000) ફિરોજશાહના સમયમાં જ હતી.

→ ફિરોજશાહે કર્મચારીઓ અને સૈનિકોને સેવાના બદલે રોકડ પગાર ન આપીને જાગીર પ્રદાન કરવાની નીતિ અપનાવી હતી. તેણે સૈન્ય પદોને વંશાનગુત બનાવી દીધા. તેણે **''હુલિયા પદ્ધતિ''** અને ઘોડાને દાગવાની પદ્ધતિને બંધ કરી દીધી. જેને અલાઉદ્દીન ખલજીએ શરૂ કરી હતી.

→ ફિરોજશાહે **''ફતૂહાત-એ-ફિરોજશાહી''** નામથી પોતાની આત્મકથા લખી હતી.

→ ફિરોજશાહે **''જિયાઉદ્દીન બર્ની''** અને **''શમ્સ-એ-શિરાજ અફીક''** જેવા ઈતિહાસકારોને સંરક્ષણ પ્રદાન કર્યુ હતું.

→ જિયાઉદ્દીન બર્નીએ **''ફતવા-એ-જહાદારી''** અને **''તારીખ-એ-ફિરોજશાહી''** નામની પુસ્તકો લખી હતી.

→ ફિરોજશાહે **''જ્વાળામુખી મંદિર''**ના ગ્રંથાલયથી લૂંટેલા 1300 ગ્રંથો (સંસ્કૃત ભાષાના) માંથી કેટલાંકનો ફારસી ભાષામાં **''અલાઉદ્દીન''** પાસેથી **''દલાયત - એ - ફિરોજશાહી''** નામથી અનુવાદ કરાવ્યો. જવાળામુખી મંદિર હિમાચલ પ્રદેશમાં આવેલ છે.

→ ફિરોજશાહે ચાંદી અને તાંબાના મિશ્રણથી નિર્મિત સિક્કાઓ બહાર પાડ્યા હતા, જેને **''અદ્ધા''** અને **''વિખ''** કહેવાતા હતા.

→ ફિરોજશાહ તઘલખે દિલ્હીમાં **''ફિરોજશાહ કોટલા દુર્ગ''**નું નિર્માણ કરાવ્યું હતું.

→ ફિરોજશાહના શાસનકાળમાં નિર્મિત **''ખાન-એ-જહાં તેલંગાની''** ના મકબરાની સરખામણી **''જેરૂસલમ''**માં નિર્મિત **''ઉંમરની મસ્જિદ''** થી કરવામાં આવે છે.

→ ફિરોજશાહ તઘલખે એતિહાસિક સ્મારકોના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ કાર્ય કર્યા હતા. તેને દિલ્હીમાં જામા મસ્જિદ, કુતુબમીનાર, શમ્સી તળાવ, જહૉપનાહ અને શેખ નિઝામુદ્દીન ઓલિયાની સમાધિનું પુનરુદ્ધાર કરવાયું હતું.

→ ફિરોજશાહે 30 જેટલા કૃત્રિમ સરોવર પણ બનાવ્યા હતા.

→ ફિરોજશાહે દિલ્હીની આજુબાજુ ફળોના 1200 બાગો લગાવ્યા હતા.

→ ફિરોજશાહે **''ખ્વાજા હિસામુદ્દીન''** ને રાષ્ટ્રીય આવકનો અંદાજો લગાડવાનું કાર્ય સોંપ્યું હતું.

→ ફિરોજશાહ તઘલખની મૃત્યુ ઈ.સ. 1388 માં થઈ હતી.

→ તઘલખવંશનો છેલ્લો શાસક **''નાસિરૂદ્દીન મહમૂદ તઘલખ''** હતો.

→ મલિક સરવરે (એક કિન્નર (હિજડો)) **''જોનપુર''**માં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. તેને **''મલિકુશર્શક''** (પૂર્વાધિપતિ)ની ઉપાધિ ધારણ કરી હતી. આ સમયે દિલ્હીનો સુલ્તાન **''નાસિરૂદ્દીન મહમૂદ તઘલખ''** હતો.

★ **<u>તૈમૂરલંગનું ભારત પર આક્રમણ :</u>**

→ તૈમૂરલંગ મંગોલ નેતા ચંગેજ ખૉનો વંશજ હતો.

→ તૈમૂરલંગ ટ્રાંસ-ઑકિસયાનાનો જાગીરદાર હતો.

→ તૈમૂરલંગે ઈ.સ. 1398 માં ભારત પર આક્રમણ કર્યું હતું ત્યારે દિલ્હીનો સુલ્તાન **''નાસિરૂદ્દીન મુહમ્મદ તઘલખ''** હતો.

→ તૈમૂરલંગે પંજાબના શાસક ખ્રિજ ખૉ સૈયદને મુલ્તાન, લાહોર અને દીપાલપુર પ્રદેશોનો શાસક નિયુક્ત કર્યો હતો.

→ તૈમૂર લંગે 15 દિવસ સુધી દિલ્હીને લૂંટી હતી. તેને ફિરોઝાબાદ, મેરઠ, હરિદ્વાર અને કાંગડા પર પણ આક્રમણ કર્યુ તેને ભારતની અપાર ધન સંપતિ અને અનેક કુશળ કારીગરો સમરકંદ લઈ ગયો.

(D) <u>સૈય્યદ વંશ (ઈ.સ. 1414 1451)</u>

1. <u>ખ્રિજ ખૉ (ઈ.સ. 1414-1421)</u>

→ સૈય્યદ વંશનો સંસ્થાપક **''ખ્રિજ ખૉ''** હતો.

→ ખ્રિજ ખાં **''તૈમૂરલંગ''**નો સેનાપતિ હતો. ભારતથી પરત જતી વખતે તૈમૂરલંગે ખ્રિજ ખાંને મુલ્તાન, લાહોર અને દીપાલપુર પ્રદેશોનો શાસક નિયુક્ત કર્યો હતો.

→ ખ્રિજ ખાં એ સુલ્તાનની જગ્યાએ **''રૈયત - એ - આલા''**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ ખ્રિજ ખાં નિયમિત રીતે તૈમૂરના પુત્ર **''શાહરૂખ''** ને કર મોકળતો હતો. અને તેના નામથી ખુતબા કોતરાવ્યા હતા.

→ ખ્રિજ ખૉ એ પોતાના સિક્કા બહાર પાડ્યા ન હતા. તેના શાસનકાળમાં તઘલખ શાસકોના સિક્કા જ ચાલતા હતા.

→ ખ્રિજ ખૉ એ પંજાબ, મુલ્તાન અને સિન્ધને દિલ્હી સલ્તનતમાં સામેલ કર્યા હતા.

→ સલ્તનત કાળમાં શાસન કરવાવાળો **''સૈય્યદ વંશ''** એકમાત્ર શિયા સમુદાયનો વંશ હતો.

→ ખ્રિજ ખૉની મૃત્યુ ઈ.સ. 1421 માં થઈ હતી.

2. <u>મુબારક શાહ (ઈ.સ. 1421 - 1434)</u>

→ ખ્રિજ ખૉનો પુત્ર મુબારક શાહ ઈ.સ. 1421 માં દિલ્હીની રાજગાદ્દી પર બેઠો.

→ મુબારક ખૉ એ **''શાહ''**ની ઉપાધિ ધારણ કરી હતી.

→ મુબારક શાહના દરબારમાં **''યાહિયા બિન અહમદ સરહિન્દી''** વિરાજતા હતા. જેની પુસ્તક **''તારીખ- એ-મુબારકશાહી''**માં સૈય્યદ વંશના વિશે જાણકારી મળે છે.

→ મુબારક શાહે **''મુબારકાબાદ''** (યમુનાના કાંઠે) નામના નગરની સ્થાપના કરી હતી.

→ મુબારકશાહે પોતાના નામના સ્વતંત્ર રૂપે ખુતબા વંચાવ્યા અને સિક્કાઓ બહાર પાડ્યા હતા.

→ ઈ.સ. 1434 માં તેની મૃત્યુ પછી મુહમ્મદશાહ શાસક બન્યો હતો તેને બહલોલ લોદીને **''ખાન-એ-ખાના''**ની ઉપાધિ પ્રદાન કરી હતી.

→ સૈય્યદ વંશનો છેલ્લો શાસક **''અલાઉદ્દીન આલમશાહ''** હતો, જેને બહલોલ લોદીએ હટાવીને સૈય્યદ વંશનું શાસન સમાપ્ત કરી દીધું.

(E) <u>લોદી વંશ (ઈ.સ. 1451 - 1526)</u>

<u>1. બહલોલ લોદી (ઈ.સ. 1451 - 1489)</u>

→ લોદી વંશની સ્થાપના ઈ.સ. 1451 માં **''બહલોલ લોદી''** એ કરી હતી.

→ દિલ્હી પર પ્રથમ અફગાન રાજયની સ્થાપનાનો શ્રેય **''બહલોલ લોદી''** ને જાય છે.

→ બહલોલ લોદી અફગાનિસ્તાનના **''ગિજલોઈ કબીલા''** ની મહત્વપૂર્ણ શાખા **''શાહૂખેલ''** થી સંબંધિત હતો.

→ દિલ્હીનો સુલતાન બનવા પર તેણે **''બહલોલ શાહગાઝી''** ની ઉપાધિ ધારણ કરી હતી. તેણે અફગાન સરદારોને જાગીરો પ્રદાન કરી હતી.

→ તે પોતાના સરદારોને **''મસનદ- એ- અલી''** કહીને સંબોધિત કરતો હતો અને સરદારોના ઊભા રહેવા પર તે પોતે પણ ઊભો રહેતો હતો.

→ બહલોલ લોદી એ જૌનપુરને દિલ્હી સલ્તનતમાં ભેળવી દીધો હતો, જેના પર શર્કીવંશ સ્વતંત્રરૂપથી શાસન કરતો હતો.

→ તેણે **''બહલોલી''** નામનો એક સિક્કો બહાર પાડ્યો હતો આ સિક્કો અકબરના શાસનકાળ સુધી પ્રચલનમાં હતો.

2. <u>સિકન્દર લોદી(ઈ.સ. 1489 - 1517)</u>

→ બહલોલ લોદીનો પુત્ર નિઝામ ખૉ ઈ.સ. 1489 માં **''સુલ્તાન સિકંદર શાહ''** ની ઉપાધિ ધારણ કરી દિલ્હીની રાજગાદ્દી પર બેઠો.

→ સિકંદર લોદી સ્વર્ણકાર હિન્દુ માતાનો પુત્ર હતો. તેની માતાનું નામ જયબંધ હતું.

→ પ્રખ્યાત સંત **''કબીર''** સિકંદર લોદીના સમકાલીન હતા.

→ સિકંદર લોદીના શાસનકાળમાં સંગીત કળાનો શ્રેષ્ઠ ગ્રંથ **''લજ્જત-એ-સિકન્દરશાહી''**ની રચના થઈ હતી

→ ઈ.સ. 1494 માં સિકન્દર શાહ અને શર્કી શાસક હુસૈન શાહની વચ્ચે બનારસનું યુદ્ધ થયું હતું.

→ સિકન્દર લોદીએ જમીનના માપ માટે **''ગજ-એ-સિકન્દરી''** નામનું સ્કેલનું પ્રચલન કર્યુ હતું.

→ સિકન્દર લોદીના આદેશ પર સંસ્કૃતના એક **''આર્યુવેદ''** ગ્રંથનું ફારસી ભાષામાં **''ફરહંગ-એ-સિકન્દરી''**ના નામથી અનુવાદ કરવામાં આવ્યું.

→ સિકન્દર લોદીએ ઈ.સ. 1504 માં **''આગરા''** શહેરની સ્થાપના કરી હતી

→ સિકન્દર લોદીએ રાજસ્થાનના શાસકો પર પોતાનું આધિપત્ય બનાવી રાખવાના ઉદ્દેશથી **''આગરા''** ને બીજી રાજધાની બનાવી હતી.

→ સિકન્દર લોદી એક અસહિષ્ણુ શાસક હતો. તેને મોહરમમાં **''તાજિયા''** નિકાળવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. મુસ્લિમ મહિલાઓને પીરસાહેબ અને સંતોની મઝારો પર જવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. બ્રાહ્મણોથી જજિયા કર વસૂલયો હતો. તેને નગરકોટ (હિમાચલપ્રદેશ) ના જવાળામુખી મંદિરની મૂર્તિને તોડીને તેના ટુકડાઓને કસાઈઓને માંસ તોલવા માટે આપી દીધા હતા.

→ સિકન્દર લોદી **"ગુલરૂખી"** ઉપનામથી કવિતાઓ (ફારસી ભાષામાં) લખતો હતો.

→ **"મૌઠની મસ્જિદ"**નું નિર્માણ સિકન્દર લોદીના વજીર ધ્વારા કરાવવામાં આવ્યું હતું.

→ સિકન્દર લોદીએ મુસ્લિમ શિક્ષણમાં સુધાર લાવવા માટે તુલમ્બાના શેખ અબ્દુલ્લા અને શેખ અજીમુલ્લાને આગરામાં બોલાવ્યા હતા.

→ ગળાની બીમારીથી સિકન્દર લોદીની મૃત્યુ ઈ.સ. 1517 માં થઈ હતી.

3. ઈબ્રાહીમ લોદી (ઈ.સ. 1517 - 1526)

→ ઈ.સ. 1517 માં સિકન્દર લોદીની મૃત્યુના દિવસે જ તેનો પુત્ર ઈબ્રાહિમ **"ઈબ્રાહિમ શાહ"**ની ઉપાધિ ધારણ કરી આગરાની રાજગાદ્દી પર બેઠો.

→ ઈબ્રાહીમ લોદી દિલ્હી સલ્તનતનો છેલ્લો શાસક હતો.

→ માનસિંહના પુત્ર વિક્રમજીતને પરાજિત કરી ઈબ્રાહીમ લોદીએ ગ્વાલિયરને દિલ્હી સલ્તનતમાં મળાવી દીધો.

→ ઈ.સ. 1517 ના **"ઘટૌલીના યુદ્ધ"**માં ઈબ્રાહીમ લોદી મેવાડના રાણા સાંગાથી પરાજિત થયો હતો.

→ મુઘલ શાસક **"બાબર"**ને ભારત પર આક્રમણ કરવા માટેનું નિમંત્રણ પંજાબના શાસક **"દૌલત ખાન લોદી"** અને **"આલમ ખાન લોદી"** (ઈબ્રાહીમ લોદીના કાકો) એ આપ્યું હતું.

→ 21 એપ્રિલ, 1526 ના રોજ **"પાણીપત્તના પ્રથમ યુદ્ધ"**માં ઈબ્રાહિમ લોદી બાબરથી પરાજિત થતાં દિલ્હી સલ્તનત અને લોદી વંશનો અંત આવ્યો.

→ ઈબ્રાહીમ લોદી દિલ્હી સલ્તનતનો એકમાત્ર શાસક હતો. જે યુદ્ધમાં લડતાં-લડતાં મૃત્યુ પામ્યો હતો.

(F) સલ્તનતકાળની શાસન-વ્યવસ્થા

★ કેન્દ્રીય વહીવટ :

→ સલ્તનત કાળમાં મંત્રિપરિષદને **"મજલિસ-એ-ખલવત"** કહેતા હતા.

→ કેન્દ્રીય વહીવટનો મુખિયા - **"સુલ્તાન"** હતો.

→ **"બલબન"** અને **"અલાઉદ્દીન ખલજી"**ના સમયે આમીરોનું મહત્વ ઓછું થઈ ગયું હતું.

→ **"લોદીવંશ"**ના શાસનકાળમાં અમીરોનું મહત્વ ખૂબ જ વધી ગયું હતું.

→ **"મજલિસ-એ-ખલવત"**ની બેઠકો **"મજલિસ-એ-ખાસ"** માં થયા કરતી હતી.

→ **"બાર-એ-આઝમ"** - આમાં વિદ્વાન, મુલ્લા, કાજી વગેરે ઉપસ્થિત રહેતા હતા અને સુલ્તાન રાજકીય કાર્યોના મહત્તમ ભાગને પુરું કરતો હતો.

★ સલ્તનતકાળના અધિકારી (મંત્રી) :

ક્રમ	અધિકારી (મંત્રી)	કાર્ય
1.	વજીર	- સુલ્તાનનો પ્રધાનમંત્રી - મુખ્ય વહીવટી અધિકારી - રાજસ્થ વિભાગનો પ્રમુખ - તેના કાર્યાલયને **"દીવાન-એ-વિજારત"** કહેતા હતા. - તઘલખ કાળ ભારતીય વજીરાતનો સ્વર્ણકાળ હતો.
2.	મુશરિફ-એ-મુમાલિક	- પ્રાંતો અને અન્ય વિભાગોથી પ્રાપ્ત આવક અને ખર્ચનું હિસાબ રાખનાર - મહાલેખાકાર
3.	મુસ્તૌફી-એ-મુમાલિક	- મહાલેખા પરીક્ષક - આ મુશરિફના હિસાબની તપાસ કરતો હતો.
4.	મજમુઆદાર	- ઉધાર આપેલ નાણાંનો હિસાબ રાખનાર
5.	દીવાન- એ- વકફ	- આ વિભાગની સ્થાપના **"જલાલઉદ્દીન ખલજી"** ધ્વારા કરવામાં આવી હતી. - આ ખર્ચના ચોપડાઓની દેખરેખ કરતો હતો.
6.	આરિજ-એ-મુમાલિક (દીવાન-એ-અર્જ)	- સૈન્ય વિભાગનો અધ્યક્ષ (પ્રમુખ) - સૈનિકોની ભરતી કરવી, હુલિયાની નોંધ રાખવી, ઘોડાઓને દાગવાની પદ્ધતિ, સૈનિકોની તાલીમ વગેરે કાર્ય

		કરતો હતો.
7.	બરીદ-એ-મુમાલિક	- ગુપ્તચર અને ડાક વિભાગનો અધ્યક્ષ (પ્રમુખ)
8.	કાજી-ઉલ-કજાત	- સુલ્તાન પછી ન્યાયનો સર્વોચ્ચ અધિકારી
9.	સદ્ર-ઉસ-સુદૂર	- ધર્મ અને દાન વિભાગનો અધ્યક્ષ (પ્રમુખ)
10.	વકીલ-એ-દર	- શાહી મહેલ અને સુલ્તાનની વ્યક્તિગત સેવાઓની દેખરેખ કરનાર અધિકારી.
11.	બારબક	- શાહી દરબારની શાન-શૌકત, રસ્મો અને મર્યાદાઓની રક્ષા કરવી.
12.	ઈશા-એ-મુમાલિક	- પત્રાચાર વિભાગનો અધ્યક્ષ (પ્રમુખ)
13.	અમીર-એ-બહર	- જળમાર્ગોની દેખરેખ કરનાર અધિકારી
14.	અમીર-એ-આખૂર	- અશ્વશાળા (અસ્તબલ)નો અધ્યક્ષ
15.	સદર-એ-જહૉદાર	- સુલ્તાનના અંગરક્ષકોનો અધિકારી
16.	શહના-એ-પીલ	- હસ્તિશાળાનો અધ્યક્ષ
17.	અમીર-એ-મજલિસ	-રાજય દરબારમાં થવાવાળા ઉત્સવો અને દાવતોની વ્યવસ્થા કરવી.

★ **<u>સલ્તનતકાળના પ્રમુખ વિભાગ :</u>**

<u>ક્રમ</u>	<u>વિભાગ</u>	<u>વિભાગ બનાવનાર સુલ્તાન</u>	<u>કાર્ય</u>
1.	દીવાન-એ-મુસ્તખરાજ	અલાઉદ્દીન ખલજી	- નાણાં વિભાગ (Finance Department) - આવકવેરાનું હિસાબ- કિતાબ રાખવું.
2.	દીવાન-એ-કોહી	મુહમ્મદ બિન તઘલખ	- કૃષિ વિભાગ
3.	દીવાન-એ-અર્જ	બલબન	- સૈન્ય વિભાગ
4.	દીવાન-એ-બંદગાન	ફિરોજશાહ તઘલખ	- દાસ (ગુલામ) વિભાગ
5.	દીવાન-એ-ખૈરાત	ફિરોજશાહ તઘલખ	- દાન વિભાગ
6.	દીવાન-એ-ઈસ્તિહાક	ફિરોજશાહ તઘલખ	- પેન્શન વિભાગ
7.	દીવાન-એ-વકફ	જલાલુદ્દીન ખલજી	- ખર્ચનું હિસાબ રાખનાર વિભાગ
8.	દીવાન-એ-રિયાસત	અલાઉદ્દીન ખલજી	- બજારનિયંત્રણ અને નાપતૌલનું નિરીક્ષણ
9.	વકીલ-એ-સુલ્તાન	નાસિરૂદ્દીન મહમૂદ તઘલખ	- શાસન વ્યવસ્થાની દેખરેખ

★ **<u>પ્રાન્તીય અને સ્થાનીય વહીવટ :</u>**

સામ્રાજય - સુલ્તાન

↓

ઈકતા (પ્રાંત) - મુફતી, નાઝિમ, નાયબ

↓

શિક (જીલ્લો) - શિકદાર

↓

પરગના (તાલુકો) - આમિલ

↓

ગામ (સૌથી નાનું એકમ) - સરપંચ (ગામ વહીવટમાં સુલ્તાન હસ્તક્ષેપ કરતો ન હતો.)

★ **<u>સૈન્ય વહીવટ :</u>**

→ દિલ્હી સલ્તનતની શાસન વ્યવસ્થા મુખ્યત્વે સૈનિક શક્તિ પર આધારિત હતી.

→ સુલ્તાનની સેનામાં મુખ્યત્વે ચાર પ્રકારના સૈનિક હતા -

(1) સુલ્તાન ધ્વારા રાખવામાં આવેલ સ્થાયી સૈનિક

(2) પ્રાન્તોના અધ્યક્ષો (પ્રમુખો) ધ્વારા રાખવામાં આવેલ સ્થાયી સૈનિક

(3) યુદ્ધના સમયે ભરતી કરેલ અસ્થાયી સૈનિક

(4) જેહાદ લડવાવાળા વ્યક્તિઓ

→ સુલ્તાનના સૈનિક **''હશ્મ-એ-કલબ''** કહેવાતા હતા.

→ સુલ્તાનની સ્થાયી સેનાને **''ખાસા-એ-ખૈલ''** કહેતા હતા.

→ મંગોલ સેનાની વર્ગીકરણની **''દશમલવ પ્રણાલી''** (દશાંશ પ્રણાલી) ને સલ્તનતકાલીન સૈન્ય વ્યવસ્થાનું આધાર બનાવવામાં આવ્યું હતું.

- 1 સર-એ-ખેલ - 10 અશ્વારોહી (ઘુડસવાર)
- 1 સિપહ સાલાર - 10 સર-એ-ખેલ
- 1 અમીર - 10 સિપહસાલાર
- 1 મલિક - 10 આમીર
- 1 ખાન - 10 મલિક

→ સલ્તનત કાળમાં બારુદની મદદથી ગોળો ફેંકવાવાળી મશીનને **''મંગલીક''** અને **''અર્રાદ''** કહેતા હતા.

→ ઈલ્તુતમિશે **''ઈકતા પ્રથા''** (ઈકતા પ્રણાલી) ની શરૂઆત કરી હતી જેને **''અલાઉદ્દીન ખલજી''**એ સમાપ્ત કરી દીધી હતી. આ ઈકતા પ્રથાની ફરીથી શરૂઆત **''ફિરોજ તઘલખે''** કરી હતી.

→ સલ્તનત કાળમાં સારી નસ્લના ઘોડાઓ તર્કી, આરબ અને રશિયાથી મંગાવવામાં આવતા હતા જ્યારે હાથી બંગાળથી મંગાવતા હતા.

★ **<u>ન્યાય વહીવટ :</u>**

→ સલ્તનત કાળમાં મુસ્લિમ કાયદાના ચાર સ્ત્રોત, કુરાન, હદીસ, ઈજમા અને કયાસ હતા. આમના નિયમોના આધારે ન્યાય કરવામાં આવતો હતો.

1. **<u>કુરાન</u>** - મુસ્લિમ કાયદાનો પ્રમુખ સ્ત્રોત, આના નિયમોની મદદથી વહીવટી સમસ્યાઓનું સમાધાન કરવામાં આવતું હતું.
2. **<u>હદીસ</u>** - આ ગ્રંથમાં પૈગમ્બરના કાર્યો અને કથનોનો ઉલ્લેખ મળે છે. જ્યારે કુરાનના નિયમોથી કોઈ સમસ્યાનો નિકાલ ન મળે તો હદીસનો ઉપયોગ થતો હતો.
3. **<u>ઈજમા</u>** - મુસ્લિમ કાયદાઓની વ્યવસ્થા કરવાવાળા **''મુજતહિંદ''** કહેવાય છે. આ મુજતહિદ ધ્વારા વ્યાખ્યાયિત કાયદાને ઈશ્વર (અલ્લાહ)ની ઈચ્છા માનવામાં આવે છે તેને જ **''ઈજમા''** કહે છે.
4. **<u>કયાસ</u>** - તર્કના આધારે વિશ્લેષિત કાયદાને કયાસ કહે છે.

→ સુલ્તાન અઠવાડિયામાં બે વખત દરબારમાં ન્યાય કરવા માટે હાજર રહેતો હતો.

★ **કૃષિ અને રાજસ્વ વ્યવસ્થા :**

→ સલ્તનત કાળમાં રાજ્યની સમસ્ત જમીન મુખ્યત્વે ચાર વર્ગોમાં વિભાજીત હતી -

1. **<u>ઈકતા</u>** - આ જમીનથી લગાન વસૂલવાનું કામ મુફતી કે વલી કરતા હતા. જે પોતાના ખર્ચ ચલાવવા માટેની રકમ કાઠીને બાકીની રકમ શાહીકોષમાં જમા કરતા હતા.
2. **<u>ખાલસા</u>** - આ જમીન પૂર્ણરૂપેણ સુલ્તાનના અધિકાર હેઠળ હતી. **''ચૌધરી''** અને **''મુકદમ''** નામના અધિકારી આ જમીનથી કર એકત્રિત કરતા હતા.
3. **<u>અનુદાન</u>** - આ કરમુક્ત જમીન હતી જે ભેંટ, પુરસ્કાર અથવા ધાર્મિક અનુદાન સ્વરૂપે આપવામાં આવતી હતી. આ જમીન પ્રાપ્ત કરનારને જમીન પર વંશાનુગત અધિકાર પ્રાપ્ત હતા.
4. **<u>સામંતોની જમીન</u>** - આ જમીન સુલ્તાનના હેઠળ હિન્દૂ રાજાઓ સામંતો કે જાગીરદારોની જમીન હતી જે દર વર્ષે નક્કી કરેલ કર સુલ્તાનને આપતા હતા.

→ સલ્તનત કાળમાં મુખ્યત્વે 5 પ્રકારના કર પ્રચલિત હતા -

(1) **<u>ઉશ્ર</u>** - મુસલમાનોથી લેવામાં આવતો જમીનકર (જમીનવેરો) (5 થી 10 ટકા)

(2) **<u>ખરાજ</u>** - ગૈર - મુસ્લિમોથી (મુસ્લિમ સિવાય) લેવામાં આવતો જમીનકર (1/3 થી 2/3 ની વચ્ચે)

(3) **<u>જકાત</u>** - ફક્ત ધનવાન મુસ્લિમોથી લેવામાં આવતો ધાર્મિક કર (આવકના 2.5 ટકા અથવા મિલકતનો 1/40 મો ભાગ)

(4) **જજિયા** - ગૈર - મુસલમાનોથી લેવામાં આવતો ધાર્મિક કર

(5) **ખુમ્સ** - આ યુદ્ધમાં લૂટેલા ધન/જમીનમાં ગાઢેલા ધન પર લેવામાં આવતો કર.
- સુલ્તાનને 1/5 ભાગ અને 4/5 ભાગ સૈનિકોને જેમણે ધન લૂટ્યું હોય.
- અલાઉદ્દીન ખલજી અને મુહમ્મદ-બિન-તઘલખના સમયમાં સુલ્તાનને 4/5 ભાગ અને 1/5 ભાગ સૈનિકો માટે.
- સુલ્તાન સિકન્દર લોદીએ જમીનમાં ગાઢેલાં ખજાનામાંથી કોઈ ભાગ લીધો ન હતો.

→ આ સલ્તનત કાળમાં લગાન નક્કી કરવાની મિશ્રિત પ્રણાલીને **''મુક્તઈ''** કહેવાય છે.

→ જમીનની માપણી કર્યા પછી ક્ષેત્રફળના આધારે લગાન નક્કી કરવાને **''મસાહત''** કહેવાય છે. આ પ્રણાલીની શરૂઆત **''અલાઉદ્દીન ખલજી''** એ કરી હતી.

→ અલાઉદ્દીન ખલજીએ દાનમાં આપેલી બધી જમીનોને **''ખાલસા જમીન''** (કેન્દ્રના નિયંત્રણવાળી જમીન)માં પરિવર્તિત કરી દીધી હતી.

★ **આર્થિક વિકાસ**

→ **સલ્તનત કાળના સિક્કા :**

ક્રમ	**શાસક**	**સિક્કો**
1.	મુહમ્મદ ઘોરી	- દેહલીવાલ સિક્કો (સોના, ચાંદી, મિશ્રિત ધાતુ)
2.	ઈલ્તુતમિશ	- ટંકા (ચાંદીનો સિક્કો) - જીતલ (તાંબાનો સિક્કો) - અદલ (તાંબા અને ચાંદીનો મિશ્રિત સિક્કો)
3.	બલબન	- માશા (ચાંદીનો સિક્કો)
4.	મુબારક શાહ ખલજી	- ટંકા - એ - અલાઈ (સોનાનો સિક્કો)
5.	મુહમ્મદ-બિન-તઘલખ	- રાસગની (ચાંદીનો સિક્કો) -અદલી (કાંસાનો સિક્કો)
6.	ફિરોજ શાહ તઘલખ	- દાગ અને દિરહમ (તાંબાનો સિક્કો)

★ **સલ્તનતકાળની વાસ્તુકળા :**

ક્રમ	વાસ્તુકળા/ઈમારતનું નામ	શાસક (બનાવનાર)
(A)	**ગુલામવંશકાલીન વાસ્તુકળા :**	
	1. કુવ્વત - ઉલ-ઈસ્લામ મસ્જિદ (દિલ્હીમાં) (ભારતમાં બનાવેલ પ્રથમ વાસ્તુકળાત્મક નમૂનો)	કુતુબુદ્દીન એબક
	2. કુતુબમીનાર (ખ્વાજા કુતુબુદ્દીન બખ્તયાર કાકીની યાદમાં બનાવેલ) (દિલ્હીમાં)	કુતુબુદ્દીન એબક (ઈલ્તુતમિશે પુરું કરાવ્યું હતું)
	3. ઢાઈ દિન કા ઝોંપડા (અજમેરમાં)	કુતુબુદ્દીન એબક
	4. સુતાનગઢીનો મકબરો (દિલ્હીમાં) (આ મકબરાનું નિર્માણ ઈલ્તુતમિશે પોતાના પુત્ર નાસિરૂદ્દીન મહમૂદની યાદમાં કરાવ્યું હતું.	ઈલ્તુતમિશ
	5. ઈલ્તુતમિશનો મકબરો (દિલ્હીમાં)	રઝિયા સુલ્તાના
	6. હૌજ - એ - શમ્સી (બદાયૂંમાં)	ઈલ્તુતમિશ
	7. મહમુદ્દીન ચિશ્તીની દરગાહ (અજમેર)	ઈલ્તુતમિશ
	8. લાલ મહેલ (દિલ્હીમાં)	બલબન
(B)	**ખલજીવંશ કાલીન વાસ્તુકળા :**	
	1. અલાઈ દરવાજા (દિલ્હીમાં) (અલાઈ દરવાજા કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદનો દક્ષિણી પ્રવેશદ્વાર છે)	અલાઉદ્દીન ખલજી
	2. જમાતખાના મસ્જિદ (દિલ્હીમા) (આ મસ્જિદનું નિર્માણ શેખ નિઝામુદ્દીન ઓલિયાની દરગાહની નજીક બનાવવામાં આવ્યો)	અલાઉદ્દીન ખલજી
	3. સિરીનો કિલ્લો (દિલ્હીમાં)	અલાઉદ્દીન ખલજી

	4. ઉખા મસ્જિદ (ભરતપુરમાં)	મુબારક શાહ ખલજી
	5. શેખ નિઝામુદ્દીન ઓલિયાની દરગાહ (દિલ્હીમાં)	ખ્રિજ ખૉ
	6. હૌજ-એ-અલાઈ (દિલ્હીમાં)	અલાઉદ્દીન ખલજી
	7. હૌજ-એ-ખાસ (દિલ્હીમાં)	અલાઉદ્દીન ખલજી
(C)	**<u>તઘલખવંશકાલીન વાસ્તુકળા :</u>**	
	1. તુગલકાબાદનો કિલ્લો (દિલ્હીમાં) (આમાં છપ્પન કોટનું નિર્માણ કરાવ્યું હતું)	ગ્યાસુદ્દીન તઘલખ
	2. ગ્યાસુદ્દીનનો મકરબો (દિલ્હીમાં)	મુહમ્મદ-બિન-તઘલખ
	3. આદિલાબાદનો કિલ્લો (દિલ્હીમાં)	મુહમ્મદ-બિન-તઘલખ
	4. બાર થાંભલાનો મહેલ (દિલ્હીમાં)	મુહમ્મદ-બિન-તઘલખ
	5. જહૉપનાહનગર (દિલ્હીમાં)	મુહમ્મદ-બિન-તઘલખ
	6. કુશક-એ-ફિરોજાબાદ	ફિરોજશાહ તઘલખ
	7. ફિરોજશાહ કોટલાનો કિલ્લો (દિલ્હીમાં)	ફિરોજશાહ તઘલખ
	8. ફિરોજશાહનો મકબરો (દિલ્હીમાં)	ફિરોજશાહ તઘલખ
	9. ખીડકી મસ્જિદ (દિલ્હીમાં)	ફિરોજશાહ તઘલખ
	10. બેગમપુરી મસ્જિદ (દિલ્હીમાં)	ફિરોજશાહ તઘલખ
	11. કાળી મસ્જિદ	જોનશાહ
	12. ખાન - એ - જહાં તેલગાણીનો મકબરો(દિલ્હીમાં)	જૂનાશાહ
(D)	**<u>સૈય્યદવંશ કાલીન વાસ્તુકળા:</u>**	
	1. ખ્રિજાબાદ	ખ્રિજ ખૉ
	2. મુબારકાબાદ	મુબારકશાહ
	3. મુબારક શાહ સૈયદનો મકબરો	અલાઉદ્દીન આલમ
(E)	**<u>લોદીવંશ કાલીન વાસ્તુકળા :</u>**	
	1. બહલોલ લોદીનો મકબરો	સિકન્દર લોદી
	2. મોઠની મસ્જિદ	મિયાં ભુઆં
	3. સિકન્દર લોદીનો મકબરો	ઈબ્રાહીમ લોદી
	4. મોતી મસ્જિદ	સિકન્દર લોદી

★ **<u>સલ્તનતકાલીન સંગીત કળા :-</u>**

	<u>સંગીત કળા</u>	**<u>શોધ કરનાર</u>**
1.	કવ્વાલી	અમીર ખુસરો
2.	ગઝલ	ખ્વાબ મુઈનુદ્દીન ચિરતી
3.	ખ્યાલ	જોનપુર શાસક હુસેનશાહ શર્કી

★ **<u>સલ્તનતકાલીન સાહિત્ય :</u>**

ક્રમ	**ગ્રંથ/સાહિત્ય**	**લેખક**	**વર્ણન/વિવરણ**
1.	ચચનામાં (અરબી ભાષામાં)	અલી અહેમદ	- આરબો દ્વારા સિન્ધ વિજયનું વર્ણન - નાસિરૂદ્દીન કુબાચાના સમયમાં આનો ફારસીઅનુવાદ અલી બિન વક કૂફીએ કર્યો હતો.
2.	કિતાબ-ઉલ-યામિની	ઉતબી	- આમાં સુબુકતગીન થી મહમૂદ ગઝનવીના શાસન ના ઈતિહાસનું વર્ણન
3.	જૈન-ઉલ-અખબાર	અબુ સઈદ	- મહમૂદ ગઝનવી અને ફારસના ઈતિહાસનું વર્ણન
4.	તારીખ-એ-સિન્ધ (તારીખ-એ-માસૂમી)	મીર મુહમ્મદ માસૂમી	- આરબોની વિજયથી લઈને અકબર સુધીનો ઈતિહાસ

5.	તારીખ-એ-મસૂદી	અબુલ ફઝલ	-મહમૂદ ગઝનવીનો ઈતિહાસ
6.	કિતાબ-ઉલ-હિન્દ (તારીખ-ઉલ-હિન્દ) (અરબી ભાષામાં)	અલબરૂની	-મહમૂદ ગઝનવીની સાથે આવેલ અલબરૂની મહમૂદ ગઝનવીનો ઈતિહાસ અને 11 મી સદીનો ભારતનો રાજનૈતિક અને સામાજિક ઈતિહાસનું વર્ણન
7.	તબકાત-એ-નાસિરી	મિનહાસ- ઉસ-સિરાજ	- ઈ.સ. 1260 સુધીનો ઈતિહાસ - નાસિરૂદ્દીન મહમૂદને આ પુસ્તક સમર્પિત છે.
8.	તાજુલ મુઆસિર	હસન નિઝામી	- મુહમ્મદ ઘોરીના ભારત આક્રમણની જાણકારી
9.	તારીખ-એ-ફિરોજશાહી	જિયાઉદ્દીન બરની	- બલબન થી ફિરોજશાહ તઘલખ સુધીનો ઈતિહાસ
10.	ફતવા-એ-જહાँદારી	જિયાઉદ્દીન બરની	- સલ્તનતકાલીન રાજનૈતિક ઈતિહાસ
11.	ફુતૂહ -ઉસ- સલાતીન	ખ્વાજા ઈસામી	- ગઝનવી વંશ થી લઈને મુહમ્મદ-બિન-તઘલખ સુધીનો ઈતિહાસ - આ પુસ્તક બહમની વંશના પ્રથમ શાસક અલાઉદ્દીનને સમર્પિત
12.	તારીખ-એ-ફિરોજશાહી	શમ્સ-એ-સિરાજ અફીક	- ફિરોજશાહ તઘલખનો ઈતિહાસ.
13.	ફતૂહાત-એ-ફિરોજશાહી	ફિરોજશાહ તઘલખ	- ફિરોજશાહની આત્મકથા
14.	તારીખ-એ-મુબારકશાહી	યાહયા બિન- - અહમદ સરહિન્દી	- તઘલખવંશ થી સૈય્યદ વંશ સુધી નો ઈતિહાસ - સૈય્યદ વંશનો ઈતિહાસ જાણવાનો એકમાત્ર સ્ત્રોત
15.	ફવાદ-ઉલ-ફવાદ	અમીર હસન સિજજી	- શેખ નિઝામુદ્દીન નો વાર્તાલાપ.
16.	ખૈર-ઉલ-મજલિસ	હામિદ રૂમી કલંદર	- અલાઉદ્દીન નું બજાર નિયંત્રણ
17.	રેહલાં	ઈબ્નબતૂતા	- તઘલખ " તુગલક વંશની જાણકારી

★★★★★★

પ્રકરણ-3 દખ્ખણના મુખ્ય રાજ્યો

(A) વિજયનગર સામ્રાજ્ય :-

→ વિજયનગર સામ્રાજ્ય ની સ્થાપના ઈ.સ. ૧૩૩૬ માં હરિહર અને બુક્કારાય નામના બે ભાઈઓ એ પોતાના ગુરૂ **"વિધારણ્ય"** ની મદદથી કરી હતી.

→વિજયનગર પર ચાર વંશોનું શાસન હતું જેમાં -

(1) સંગમ વંશ (ઈ.સ. 1336-1485)
(2) સાલુવ વંશ (ઈ.સ.1485-1502)
(3) તાલુવ વંશ (ઈ.સ. 1502-1569)
(4) અરવીડુ વંશ (ઈ.સ. 1569-1612)

1. સંગમ વંશ : (ઈ.સ. 1336-1485)

→હરિહર અને બુક્કાએ પોતાના પિતા સંગમ ના નામ પર સંગમ વંશની સ્થાપના કરી હતી.

→હરિહર અને બુક્કા પહેલાં વારંગલના કાકતીય શાસક **"પ્રતાપ રૂદ્રદેવ"** ના સામંત હતા.

→ હરિહર-પ્રથમ (ઈ.સ.1336-1356) વિજયનગર સામ્રાજ્ય નો પહેલો શાસક હતો.

→ વિજયનગર સામ્રાજ્ય ની રાજધાની (પાટનગર) **"હમ્પી"** હતી.

→ વિજયનગર સામ્રાજ્ય **"તુંગભદ્રા નદી"** પર આવેલો હતો.

→ હરિહર-પ્રથમ નો રાજ્યાભિષેક **"વિધારણ્ય"** અને વેદોના ભાષ્યકાર **"સાયણ"** ધ્વારા કરાવવામાં આવ્યો.

→ હરિહર- પ્રથમ નો ઉતરાધિકારી તેનો ભાઈ **"બુક્કા-પ્રથમ"** રાજગાદ્દી પર બેઠો.

→ બુક્કા-પ્રથમ ના સમયમાં બહમની શાસકોથી પ્રખ્યાત **"મુદ્દગલ ના કિલ્લાનું યુદ્ધ"** થયું હતું. જેમાં દક્ષિણી ભારતના ઈતિહાસમાં બન્ને પક્ષો એ તોપોનો સૌ પ્રથમ વખત પ્રયોગ કર્યો.

→ વિજયનગર સામ્રાજ્ય ની રાજભાષા **"તેલુગૂ"** હતી.

→ બુક્કા-પ્રથમ એ **"વેદમાર્ગ પ્રતિષ્ઠાપક"** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ દેવરાય-પ્રથમ આ વંશ નો પ્રમુખ શાસક હતો, જેણે **"તુંગભદ્રા"** નદી પર બંધ બનાવ્યો હતો.

→ બહમની શાસક ફિરોજશાહ થી યુદ્ધ માં પરાજિત થવાના કારણે પોતાની પુત્રી ના લગ્ન તેની સાથે કરવા પડ્યા.

→ દેવરાય-પ્રથમે તુંગભદ્રા નદી પર સિંચાઈ ની સુવિધા માટે નહેરો કાઠી હતી.

→ દેવરાય-પ્રથમ ના શાસનકાળ માં **"ઈટાલી"** નો યાત્રી **"નિકોલોકોન્ટી"** વિજયનગર ની યાત્રા પર આવ્યો હતો.

→ દેવરાય-પ્રથમ ના દરબાર માં તેલુગુ કવિ **"શ્રીનાથ"** વિરાજતા હતા જેમને **"હરવિલાસમ્"** નામ ના ગ્રંથની રચના કરી હતી.

→ દેવરાય પ્રથમ એ જ સૌ પ્રથમ વખત મુસલમાનો ને વિજયનગર ની સેનામાં ભરતી કર્યા હતા.

→ સંગમ વંશનો સૌથી પ્રતાપી રાજા **"દેવરાય-દ્વિતીય"** હતો, જેને **"ઈમ્માદિ દેવરાય"** કે **"પ્રૌઢ દેવરાય"** પણ કહેવાય છે.

→ ફારસી યાત્રી **"અબ્દુલ રજ્જાક"** દેવરાય-બીજા ના શાસનકાળ માં જ વિજયનગર આવ્યો હતો.

→ પ્રખ્યાત કવિ **"શ્રીનાથ"** થોડાક સમય સુધી દેવરાય-બીજા ના દરબાર માં પણ રહ્યા હતા.

→ ફરિશતા ના પ્રમાણે દેવરાય-બીજા એ પોતાની સેના માં બે હજાર મુસલમાનો ને ભરતી કર્યા હતા અને એમને જાગીર પણ આપી હતી.

→ એક અભિલેખમાં દેવરાય-બીજા ને **"ગજબેટકર"** (હાથિયો નો શિકારી) કહેવાયો છે.

→ દેવરાય-બીજા એ બે ગ્રંથોની સંસ્કૃત ભાષામાં રચના કરી (1) મહાનાટક સુધાનિધિ (2) બ્રહ્મસૂત્ર પર ટીકા

→ દેવરાય-બીજા એ **"દહેજ પ્રથા"** ને ગેરકાયદેસર જાહેર કરી હતી.

→ સંગમ-વંશનો છેલ્લો શાસક **"વિરૂપાક્ષ-બીજો"** હતો.

2. સાલુવ વંશ (ઈ.સ. 1485-1505)

→ ઈ.સ. 1485 માં નરસિંહ સાલુવ એ સાલુવ વંશ ની સ્થાપના કરી હતી.

→ તેના સેનાનાયક નરસા નાયક એ તેના ઉત્તરાધિકારીઓ ને સમાપ્ત કરી તાલુવ (તુલુવ) વંશ ની સ્થાપના કરી હતી.

3. તુલુવ (તાલુવ) વંશ (ઈ.સ. 1505-1565) :

→ તુલુવ વંશ નો સંસ્થાપક નરસા નાયક નો પુત્ર **"વીર નરસિંહ"** હતો.

→ તુલુવ વંશ નો સૌથી મહાન શાસક **"કૃષ્ણદેવરાય"** (ઈ.સ. 1509-1529) હતો. આને તુલુવ વંશ નો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે.

→ કૃષ્ણદેવ રાય એ પોર્ટુગીઝ ગવર્નર **"અલ્બુકર્ક"** ને ભટ્ટકલ માં દુર્ગ બનાવવાની પરવાનગી આપી હતી.

→ **"સાલુવ તિમ્મા"** કૃષ્ણદેવરાય નો યોગ્ય મંત્રી અને સેનાપતિ હતો.

→ બાબરે પોતાની આત્મકથા **"બાબરનામા"** માં કૃષ્ણદેવરાય ને ભારતનો સૌથી શક્તિશાળી શાસક બતાવ્યો છે.

→ કૃષ્ણદેવરાય ના શાસનકાળમાં પોર્ટુગીઝ યાત્રી **"ડોમિંગો પાયસ"** (Domingoes Paes) વિજયનગર માં આવ્યો હતો.

→ કૃષ્ણદેવરાય ના દરબાર માં તેલગૂ સાહિત્ય ના આઠ સર્વશ્રેષ્ઠ કવિ રહેતા હતા, જેમને **"અષ્ટ દિગ્ગજ"** કહેવાય છે.

→ કૃષ્ણદેવરાય ના શાસનકાળ ને તેલગૂ સાહિત્યનો **"ક્લાસિક યુગ"** કહેવાય છે.

→ કૃષ્ણદેવરાય એ સંસ્કૃતમાં **"જામ્બવતી કલ્યાણમ્"** અને તેલગૂમાં **"આમુક્તમાલ્યદ"** નામ ના ગ્રંથની રચના કરી હતી.

→ **"પાંડુરંગ મહાત્મયમ્"** નામ ના ગ્રંથની રચના **"તેનાલીરામ રામકૃષ્ણ"** એ કરી હતી. પાંડુરંગ મહાત્મયમ્ ની ગણતરી ૫ મહાકાવ્યો માં કરવામાં આવે છે.

→ કૃષ્ણદેવરાય એ **"આન્ધ્રભોજ"** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ કૃષ્ણદેવરાય ને યવનરાજ સ્થાપનાચાર્ય પણ કહે છે. કૃષ્ણદેવરાય એ **"વિઠ્ઠલસ્વામી મંદિર"**, **"હજારા મંદિર"** અને **"નાગલપુર"** નામ ના નવા નગર નું નિર્માણ કરાવ્યું હતું.

→ કૃષ્ણદેવરાય ના રાજકવિ **"અલ્લાસીન પેડુના"** હતા.

→ કૃષ્ણદેવરાય ની મૃત્યુ ઈ.સ. 1529 માં થઈ હતી.

→ કૃષ્ણદેવરાય પછી **"અચ્યુતદેવ રાય"** રાજગાદ્દી પર બેઠો.

→ અચ્યુતદેવ રાય એ **"તિરૂપતી" અને "કાલાહસ્તી"** નામના બે સ્થળો પર પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો.

→ પોર્ટુગીઝ યાત્રી **"નૂનિજ"** આના દરબારમાં રહ્યો હતો.

→ અચ્યુતદેવરાય પછી **"સદાશિવરાય"** શાસક બન્યો, પરન્તુ વાસ્તવિક સત્તા **"રામરાય"** ના પાસે હતી.

આના સમયમાં જ પ્રખ્યાત **"તાલીકોટા નું યુદ્ધ"** અથવા **"રાક્ષસી તાંગડી નું યુદ્ધ"** થયું હતું.

→ તાલીકોટાનું યુદ્ધ :

- 23 જાન્યુઆરી, 1565 માં વિજયનગર પર **"બીજાપુર"**, **"અહમદનગર"**, **"ગોલકુન્ડા" અને "બીદર"** ની સંયુક્ત સેના એ આક્રમણ કર્યું હતું.
- આ યુદ્ધ ને **"તાલીકોટાનું યુદ્ધ"**, **"રાક્ષસી તાંગડીનું યુદ્ધ"**, **અથવા "બનહટ્ટીનું યુદ્ધ"** કહેવાય છે.
- આ સંયુક્ત સેના નું નેતૃત્વ **"અલી આદિલશાહ"** અને વિજયનગર નું નેતૃત્વ **"રામરાય"** કરી રહ્યો હતો.
- આ યુદ્ધ ના કારણે જ વિજયનગર સામ્રાજ્ય નું પતન થયું.

4. <u>અરવિંડુ વંશ (ઈ.સ. 1569-1612) :</u>

→ અરવિંડુ વંશ ની સ્થાપના **"તિરૂમલ"** એ કરી હતી.

આની રાજધાની (પાટનગર) **"પેનુકોન્ડા"** હતી.

→ ઈ.સ. 1586 માં વેંકટ-બીજાએ વિજયનગર ની રાજધાની ચન્દ્રગિરિમાં સ્થાપિત કરી. તેણે સ્પેન ના રાજા ફિલિપ-ત્રીજા સાથે પત્રવ્યવહાર કર્યો હતો.

→ વેંકટ-બીજા ના શાસનકાળમાં જ **"વોડેયાર"** એ ઈ.સ. 1612 માં **"મેસૂર"** રાજ્યની સ્થાપના કરી હતી.

→ અરવિંડુવંશના શાસનકાળ માં જ **"સીજર ફેડરિક"** એ વિજયનગરની યાત્રા કરી હતી.

→ અરવિડુ વંશ નો છેલ્લો રાજા **"શ્રી રંગ-તૃતીય"** હતો.

વિજયનગર સામ્રાજ્યમાં આવનાર વિદેશી યાત્રીઓ :

ક્રમ	યાત્રી	દેશ	શાસક	સમય
1.	નિકોલોકોન્ટી	ઈટાલી	દેવરાય-પ્રથમ	ઈ.સ. 1420
2.	અબ્દુલ રજ્જાક	ફારસ	દેવરાય-બીજો	ઈ.સ. 1442
3.	ડોમિંગોસ પાયસ	પોર્ટુગલ	કૃષ્ણદેવરાય	ઈ.સ. 1515
4.	ડ્યૂરેટ બારબોસા	પોર્ટુગલ	કૃષ્ણદેવરાય	ઈ.સ. 1516
5.	ફરનાંડો નૂનિજ	પોર્ટુગલ	અચ્યુત દેવરાય	ઈ.સ. 1542

★ **<u>વિજયનગર સામ્રાજય નું વહીવટ :</u>**

મંડળમ્ (પ્રાંત)
↓
કોટ્ટમ કે વલનાડૂ (જીલ્લો)
↓
નાડૂ (તાલુકો)
↓
મેળાગ્રામ (50 ગ્રામ નો સમૂહ)
↓
ઉર (ગામ) (વહીવટનું સૌથી નાનું એકમ)

→ વિજયનગર ની મુદ્રા (ચલણ) **''પેગોડા''** હતી.

→ મંદિરોમાં રહેવાવાળી મહિલાઓ ને **''દેવદાસી''** કહેતા હતા. આમને જીવન-નિર્વાહ માટે જમીન અથવા દર મહિને પગાર આપવામાં આવતો હતો.

→ **''વેસ-વગ''** - માણસોની ખરીદ-વેચાણ.

→ વિજયનગરમાં દાસ પ્રથા પ્રચલિત હતી.

→ વિજયનગર સામ્રાજય ના સેનાનાયકો ને **''નાયક''** કહેતા હતા. આ નાયક મુખ્યત્વે ભૂસામંત (જમીંદાર) હતા, જેમને રાજા પગાર ના બદલે જમીન આપી દેતા હતા જે **''અમરમ્''** કહેવાય છે.

→ **<u>આયંગર વ્યવસ્થા :</u>**

- વહીવટ ને વ્યવસ્થિત રૂપ થી ચલાવવા માટે પ્રત્યેક ગામ ને એક સ્વતંત્ર એકમના રૂપે સંગઠિત કરવામાં આવ્યો હતો.
- આ સંગઠિત ગ્રામીણ એકમો પર શાસન કરવા માટે 12 વહીવટી અધિકારી ની નિમણૂક કરવામાં આવી હતી, જેમને સામૂહિક રૂપ થી **''આયંગર''** કહેતા હતા.
- આ આયંગરો નું પદ વંશાનુગત હતું. પરન્તુ આ પદ વેચી અથવા ગિરવે મૂકી શકાતું હતું.
- ગ્રામ સ્તરની કોઈપણ મિલ્કતનું વેચાણ કે દાન માં આપવા પહેલાં આમની પરવાનગી લેવી ફરજિયાત હતી.
- રાજા **''મહાનાયકાચાર્ય''** નામના વિશેષ અધિકારી ની મદદથી આમના ઉપર નિંયત્રણ રાખતો હતો.

→ **<u>નાયંકર વ્યવસ્થા :</u>**

- આ વિજયનગર ના વહીવટની વિશિષ્ટ વ્યવસ્થા હતી.
- આ વ્યવસ્થાની સ્થાપના વિજયનગર ના શાસકો ધ્વારા દરિયાઈ અને અશ્વ વેપાર ઉપર અસર કારક નિયંત્રણ સ્થાપિત કરવા માટે થઈ હતી.
- નાયંકર વ્યવસ્થાના મૂળમાં નાયક હતા જે કે મોટા સામંત હતા.
- આ નાયક કેન્દ્રીય શાસક ને સૈન્ય મદદ ઉપલબ્ધ કરાવતા હતી જેના બદલામાં જમીન આપવામાં આવતી હતી જેને **''અમરમ્''** કહેતા હતા.
- વિજયનર સામ્રાજય ની 75 ટકા જમીન આમની અન્તર્ગત હતી.
- રાજા **''મહામંડલેશ્વર''** નામના વિશેષ અધિકારી ની મદદ થી આમના ઉપર નિયંત્રણ રાખતો હતો.

→ **''વડવા''** (બડવા)- ઉતર ભારતથી દક્ષિણ ભારતમાં આવી ને વસવાટ કરનાર લોકો.

→ **''વીર પંજાલ''**- ચેટ્ટીઓની જેમ વેપારમાં નિપુણ દસ્તકાર વર્ગના લોકો.

→ **''ઝોરીખાના''** - ટકસાલ વિભાગ

→ **''કદાચાર''** - વિજયનગર નું સૈન્ય વિભાગ

→ **''કૂદિ''**- તે ખેત-મજૂર કે જમીન ના ખરીદ-વેચાણ ની સાથે જ ટ્રાન્સફર થઈ જતા હતા.

→ **''કુટ્ટગિ''**- બ્રાહ્મણ, મંદિર કે મોટા જમીદાર, જે પોતે ખેતી કરતા ન હતા. ખેડૂતો ને ભાડાપટ્ટા પર જમીન આપી દેતા હતા, આવી જમીન ને **''કુટ્ટગિ''** કહેતા હતા.

→ યુદ્ધ માં વીરતાનું પ્રદર્શન કરવા વાળા સૈનિકો જે વીરગતિ પ્રાપ્ત કરતા તેમના પરિવાર ને આપવામાં આવતી જમીન **''રક્ત કોડગે''** (રત્ત કોડગે) કહેવાય છે.

→ **''ઉંબલિ''** - ગામમાં વિશેષ સેવાઓ ના બદલે આપવામાં આવતી કરમુક્ત જમીન.

→ વર અને વધૂ બન્ને થી **''વિવાહ-કર''** લેવામાં આવતો હતો. વિધવાઓથી લગ્ન કરનાર ને આમાથી મુક્તિ હતી.

(B) <u>બહમની સામ્રાજય :</u>

→ મુહમ્મદ-બિન-તધલખ ના શાસનકાળમાં ઈ.સ.1347 માં **''હસનગંગૂ''** એ બહમની સામ્રાજય ની સ્થાપના કરી હતી.

→ હસનગંગૂ એ **''અલાઉદ્દીન હસન બહમનશાહ''** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ આને પોતાની રાજધાની (પાટનગર) **''ગુલબર્ગા''** ને બનાવી હતી.

→ બહમની રાજ્યની રાજભાષા **''મરાઠી''** હતી.

→ બહમનશાહ એ પોતાના સામ્રાજ્ય ને ચાર પ્રાન્તો માં ગુલબર્ગા, દોલતાબાદ, બરાર અને બીદર માં વહેંચી દીધો.

→ અલાઉદ્દીન બહમનશાહ ના પછી તેનો પુત્ર મુહમ્મદશાહ- પ્રથમ સુલ્તાન બન્યો. આના શાસનકાળ માં જ સૌથી પહેલાં **''બારૂદ''** નો પ્રયોગ (બુક્કા ની વિરૂધ્ધ) કર્યો.

→ તાજુદ્દીન ફિરોજશાહ એ અકબર ના ફતેહપુર સીકરી ની જેમ **''ભીમા''** નદી ના કાંઠે **''ફિરોજાબાદ''** નગરની સ્થાપના કરી હતી.

→ તાજુદ્દીન ફિરોજશાહે **''ખગોળશાસ્ત્ર''** ના અભ્યાસ માટે દૌલતાબાદ માં એક **''વૈધશાળા''** નું નિર્માણ કરાવ્યું હતું.

→ શિહાબુદ્દીન અહમદશાહ પ્રથમ એ પોતાની રાજધાની ગુલબર્ગા થી હટાવીને **''બીદર''** કરી દીધી હતી. આને બીદર નું નવું નામ **''મુહમ્મદાબાદ''** રાખ્યું હતું.

→ ખુરાસાન નો પ્રખ્યાત કવિ **''શેખ આજરી''** શિહાબુદ્દીન અહમદશાહ પ્રથમ ના દરબાર માં હતા.

→ અહમદશાહ નો શાસનકાળ ન્યાય અને ધર્મનિષ્ઠતા માટે પ્રખ્યાત હતો આના કારણે જ આને **''અહમદશાહવલી''** અથવા **''સંત અહમદ''** પણ કહેતા હતા.

→ હૂમાયૂંશાહ એ ઈરાની નિવાસી **''મહમૂદ ગવાઁ''** ને પોતાનો પ્રધાનમંત્રી નિયુક્ત કર્યો હતો.

→ હૂમાયૂંશાહ ને તેની નિષ્ઠુરતા ના કારણે **''ઝાલિમ''** પણ કહેવાય છે.

→ હૂમાયૂંશાહ ને **''દક્કન નો નીરો''** પણ કહે છે.

મહમૂદ ગવાઁ એ બીદર માં એક મહાવિદ્યાલયની સ્થાપના કરાવી હતી.

→ મહમૂદ ગવાઁ એ **''રૌજત-ઉલ-ઈન્શા'' અને ''દીવાન-એ-અશ્ર''** નામ ના બે પ્રખ્યાત ગ્રંથોની રચના કરી હતી.

→ ઈ.સ. 1417 માં રશિયન યાત્રી **''નિકિતન''** બહમની સામ્રાજ્ય ની યાત્રા પર આવ્યો હતો. આ સમયે બહમની રાજ્ય પર **''તાજુદ્દીન ફિરોજશાહ''** નું શાસન હતું.

→ બહમની વંશ નો છેલ્લો શાસક **''કલી મુલ્લાશાહ''** હતો. આની મૃત્યુ ના સમયે બહમની રાજ્ય પ સ્વતંત્ર રાજ્યોમાં વહેંચાઈ ગયો હતો જેમાં -

(1) બીજાપુર
(2) અહમદનગર
(3) બરાર
(4) ગોલકુન્ડા
(5) બીદર

1. બીજાપુર :

→ ઈ.સ. 1489 માં **''યુસુફ આદિલશાહ''** એ બીજાપુર માં સ્વતંત્ર **''આદિલશાહી વંશ''** ની સ્થાપના કરી હતી.

→ યુસુફ આદિલશાહ એ ફારસીની જગ્યાએ **''હિન્દવી''** (દખ્ખની ઉર્દૂ) ને રાજભાષા બનાવી હતી.

→ ઈબ્રાહિમ આદિલશાહ- દ્વિતીય ને **''જગતગુરૂ''** પણ કહેવાય છે. આને ગરીબો ની મદદ કરવાના કારણે **''અબલા બાબા''** પણ કહેવાય છે.

→ ઈબ્રાહિમ આદિલશાહ - દ્વિતીય એ હિન્દી ગીત સંગ્રહનું ગ્રંથ **''કિતાબ-એ-નોરસ''** ની રચના કરી હતી.

→ આના શાસનકાળ માં જ **''ફરિશતા'' એ ''તારીખ-એ-ફરિશતા''** નામના ઐતિહાસિક ગ્રંથ ની રચના કરી હતી.

→ ઈ.સ. 1686 માં ઔરંગઝેબ એ બીજાપુર ને મુગલ સામ્રાજ્ય માં મળાવી દીધો હતો.

2. અહમદનગર :

→ ઈ.સ. 1490 માં **''મલિક અહમદ''** એ અહમદનગર રાજ્યની સ્થાપના કરી હતી.

→ આને **''નિઝામશાહી વંશ''** ની સ્થાપના કરી હતી.

→ બુરહાન નિઝામશાહ ના શાસનકાળ માં **''બુરહાન - એ - મુઆસિર''** નામના એતિહાસિક ગ્રંથની રચના કરી હતી.

→ મૂર્તજા નિઝામશાહ - દ્વિતીયનો વજીર **''મલિક અંબર''** હતો. આને મરાઠાઓની મદદ થી મુગલો ને ખૂબજ હેરાન કર્યા હતા. મલિક અંબરે દક્ષિણ માં ટોડરમલ ની વ્યવસ્થા ના આધારે **''રૈય્યતવાડી વ્યવસ્થા''** અમલમાં મૂકી હતી.

→ ઈ.સ. 1636 માં અહમદનગર ને મુગલ સામ્રાજ્ય માં મળાવી દેવામાં આવ્યો.

3. બરાર :

→ ઈ.સ. 1484 માં **''ફતેહ ઉલ્લાહ ઈમાદશાહ''** એ બરાર માં સ્વતંત્ર **''ઈમાદશાહી વંશ''** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ. 1574 માં અહમદનગર ના સુલ્તાને બરાર ને પોતાના રાજ્યમાં મળાવી દીધો.

4. ગોલકુન્ડા :

→ ઈ.સ. 1512 માં **''કુલી કુતુબશાહ''** એ ગોલકુન્ડા માં **''કુતુબશાહી વંશ''** ની સ્થાપના કરી હતી.

→ મુહમ્મદ કુલી શાહ એ **''હૈદરાબાદ''** નગર ની સ્થાપના કરી અને **''દીવાન''** દક્કની ઉર્દૂમાં લેખિત કાવ્ય સંગ્રહ ની રચના કરી હતી.

→ મુહમ્મદ કુલીશાહ અકબરનો સમકાલીન હતો.

મુહમ્મદ કુલીશાહ ને **''દક્કની ઉર્દૂ કાવ્ય''** નો જન્મદાતા કહેવાય છે.

→ ગોલકુન્ડા **''હીરા''** માટે જગતપ્રખ્યાત હતો.

→ ઈ.સ. 1687 માં ઔરંગાઝેબ એ ગોલકુન્ડા મુગલ સામ્રાજ્ય માં મળાવી દીધો.

5. બીદર :

→ ઈ.સ. 1526 માં **''અમીર અલી બરીદ''** એ બીદરમાં **''બરીદશાહી વંશ''** ની સ્થાપના કરી હતી.

→ ઈ.સ.1618 માં આ રાજ્ય ને બીજાપુર માં મળાવી દેવામાં આવ્યો.

ક્રમ	રાજ્ય	વંશ	સંસ્થાપક	સ્થાપના વર્ષ
1.	બીજાપુર	આદિલશાહી વંશ	યુસુફ આદિલશાહ	ઈ.સ. 1489
2.	બરાર	ઈમાદશાહી વંશ	ફતેહઉલ્લાહ ઈમાદશાહ	ઈ.સ. 1484
3.	અહમદનગર	નિઝામશાહી વંશ	મલિક અહમદ	ઈ.સ. 1490
4.	ગોલકુન્ડા	કુતુબશાહી વંશ	કુલી કુતુબશાહ	ઈ.સ. 1512
5.	બીદર	બરીદશાહી વંશ	અમીરઅલી બરીદ	ઈ.સ. 1526

★★★★★★

પ્રકરણ-4 ધાર્મિક આંદોલનો

ધાર્મિક આંદોલનો ને બે ભાગમાં વહેંચી શકાય છે.

1. ભક્તિ આંદોલન
2. સૂફી આંદોલન

(A) ભક્તિ આંદોલન :

→ભક્તિ આંદોલન ની શરૂઆત દક્ષિણ ભારતથી થઈ હતી.

→ભક્તિ આંદોલન ના પ્રસાર નો શ્રેય 12**''અલવાર સંતો''** (વૈષ્ણવ) અને 63 **''નયનાર સંતો''** (શૈવ) ને જાય છે.

→શૈવ સંત **''અપ્પાર''** એ પલ્લવ રાજા મહેન્દ્રવર્મન ને શૈવધર્મ સ્વીકાર કરાવ્યો હતો.

→ભક્તિ આંદોલન ના પ્રથમ પ્રચારક **''આદિ શંકરાચાર્ય''** હતાં. જેમણે **''અદ્વૈતવાદ''** રજૂ કર્યો.

→ભક્તિ આંદોલન ને દક્ષિણિ ભારત થી ઉત્તર ભારતમાં લાવવાનો શ્રેય **''રામાનંદ''** (12 મી સદી) ને જાય છે.

→રામાનંદની શિક્ષાથી બે અલગ-અલગ વિચારધારાનો ઉદ્ભવ થયો.

1. નિર્ગુણ
2. સગુણ

→ નિર્ગુણ વિચારધારા વાળા સંતો ભગવાન ના નિરાકાર રૂપ ની પૂજા કરે છે અને વ્યક્તિગત સાધના તથા તપશ્ચર્યા પર ભાર આપે છે. નિર્ગુણ વિચારધારા વાળા પ્રખ્યાત સંતો માં **''કબીર'' અને ''ગુરૂનાનક''** નો સમાવેશ થાય છે.

→ સગુણ વિચારધારા વાળા સંતોએ રામ અથવા કૃષ્ણની પૂજા કરવા પર ભાર આપ્યો. તેમણે મૂર્તિપૂજા, અવતારવાદ, કીર્તન વગેરે નો પ્રચાર કર્યો. સગુણ વિચારધારા વાળા પ્રખ્યાત સંતોમાં **''વલ્લભાચાર્ય''**, **''તુલસીદાસ''**, **''સુરદાસ''**, **''ચૈતન્ય મહાપ્રભુ''**, **''મીરાબાઈ''** વગેરે નો સમાવેશ થાય છે.

★ **ભક્તિ આંદોલન ના પ્રમુખ સંતો :**

1. રામાનુજાચાર્ય :

→ આમનો જન્મ ઈ.સ. 1017 માં મદ્રાસ ની નજીક **''પેરૂમ્બર''** નામના સ્થળે થયો હતો.

→આમને **''વિશિષ્ટાદ્વૈતવાદ''** ના સિદ્ધાંત નું પ્રતિપાદન કર્યું.

→ આમનો સંપ્રદાય **''શ્રી સંપ્રદાય''** કહેવાય છે.

→ આમના આરાધ્યદેવ **''ભગવાન રામ''** હતા.

→ ભક્તિ આંદોલન ના પ્રથમ પ્રચારક રામાનુજાચાર્ય ને માનવા માં આવે છે.

→ પ્રખ્યાત વૈષ્ણવ સંત **''રામાનંદ''** તેમના શિષ્ય હતા.

2. નિમ્બાકાચાર્ય :

→ નિમ્બાકાચાર્ય રામાનુજાચાર્ય ના સમકાલીન હતા.

→ આમને **''દ્વૈતાદ્વૈતવાદ''** ના સિદ્ધાંત નું પ્રતિપાદન કર્યું.

→ આમનો સંપ્રદાય **''સનકાદિ સંપ્રદાય''** કહેવાય છે.

→ આમના આરાધ્ય દેવ **''ભગવાન શ્રી કૃષ્ણ''** હતા.

→ આમના મતે, **''પરમ આનંદની પ્રાપ્તિ માટે ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળોમાં આત્મસમર્પણ જ એકમાત્ર માર્ગ છે.''**

3. માધ્વાચાર્ય :

→ માધ્વાચાર્ય ને **''દ્વૈતવાદ''** ના સિદ્ધાંત નું પ્રતિપાદન કર્યું.

→ આમનો સંપ્રદાય **''બ્રહ્મ સંપ્રદાય''** કહેવાય છે.

→ આમના મતે, **''માનવજીવન નો પ્રમુખ ઉદ્દેશ હરિદર્શન કરવાનો છે, જેનાથી પરમાનંદ ની પ્રાપ્તિ થશે.''**

→આમના મતે, **''જ્ઞાનથી ભક્તિ મળે છે અને ભક્તિથી મોક્ષ''.**

(4) રામાનંદ :

→ રામાનંદ નો જન્મ **''પ્રયાગ''** (ઉત્તરપ્રદેશ) માં થયો હતો.

→ આમને એકેશ્વરવાદ પર ભાર આપ્યો હતો.

→ આમના આરાધ્યદેવ **''શ્રીરામ''** હતા.

→ આમના ધ્વારા જાતિ-પ્રથા નો વિરોધ કરવામાં આવ્યો હતો.

→ આમના શિષ્યો માં **''કબીર''**, **''રૈદાસ''**, **''સેના''**, **''ધન્ના''**, **''સધના''**, **''પીપા''** હતા જે નીચી જાતિના હતા.

→આમની મહિલા શિષ્યોમાં **''પદ્મવતી'' અને ''સુરસીર''** નો સમાવેશ થાય છે.

→ આમને એક ઉત્સાહી વિરક્તિ દળ નું નિર્માણ કર્યું હતું જે આજે પણ **''વૈરાગી''** નામથી પ્રખ્યાત છે.

→ આ પહેલાં સંત હતા જેમણે પોતાના ઉપદેશ **''હિન્દી''** માં આપ્યા હતા.

→ શીખો ના **''આદિગ્રંથ''** માં રામાનંદ એ લખેલા પદો નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

(5) કબીર (ઈ.સ. 1440-1510):

→ કબીર નો જન્મ વારાણસીમાં એક વિધવા બ્રાહ્મણીના ગર્ભથી થયો હતો.

→ તેમનું પાલન-પોષણ **"નીરૂ-નીમા"** નામના મુસ્લિમ દંપતિએ કર્યું હતું.

→ કબીર સુલ્તાન **"સિકન્દર લોદી"** ના સમકાલીન હતા.

→ કબીર ની વાણી નો સંગ્રહ **"બીજક"** નામથી પ્રખ્યાત છે. આ બીજક નું સંકલન કબીર ના શિષ્ય **"ધર્મદાસ"** ધ્વારા કરવામાં આવ્યું છે.

→ બીજકના ત્રણ ભાગ છે.

1. રમેની 2. સબદ 3. સાખી

→ કબીરના ઉપદેશ **"સબદ"** શીખો ના **"આદિગ્રંથ"** માં સંગ્રહિત છે.

→ બીજકની ભાષાને **"સધુક્કડી"** કહેવાય છે આમાં બ્રજભાષા, અવધી અને રાજસ્થાની ભાષા ના શબ્દ જોવા મળે છે.

→ કબીરે રામ, રહીમ, અલ્લાહ, હજરત વગેરે ને એક જ ઈશ્વરના અનેક રૂપ માન્યા હતા.

→ આમને જાતિપ્રથા, ધાર્મિક કર્મકાંડ, મૂર્તિપૂજા, જપ-તપ, અવતારવાદ વગેરેનો વિરોધ કર્યો અને એકેશ્વરવાદમાં આસ્થા રાખતાં નિરાકાર બ્રહ્મ ની ઉપાસના પર ભાર આપ્યો હતો.

→ નિર્ગુણ ભક્તિથી જોડાયેલ કબીર એવા પ્રથમ ભક્ત હતા, જેમણે સંત હોવા છતાં પૂર્ણરૂપથી ગૃહસ્થ જીવન પ્રસાર કર્યો.

→ કબીરના અનુયાયીઓ **"કબીરપંથી"** કહેવાયા.

→ કબીરની મૃત્યુ ઈ.સ. 1510 માં મગહર માં થઈ હતી.

(6) <u>વલ્લભાચાર્ય (ઈ.સ. 1479-1531):-</u>

→ વલ્લભાચાર્ય નો જન્મ ઈ.સ. 1479 માં **"ચમ્પારણ્ય"** (વારાણસી) માં થયો હતો.

→ આમની માતા - **"યલ્લમગરૂ"**, પિતા - લક્ષ્મણ ભટ્ટ, પત્ની -મહાલક્ષ્મી, પુત્ર- ગોપીનાથ અને વિઠ્ઠલનાથ.

→ આમને **"શુદ્ધાદ્વૈતવાદ"** ના સિદ્ધાંત નું પ્રતિપાદન કર્યું.

→ આમનો સંપ્રદાય **"રૂદ્ર સંપ્રદાય"** કહેવાય છે.

→ આમને વિજયનગર ના શાસક **"કૃષ્ણદેવરાય"** ના સમય માં **"વૈષ્ણવધર્મ"** નો પ્રચાર કરી કૃષ્ણની ભક્તિ કરવા પર ભાર આપ્યો.

→ આમના ભક્તિમાર્ગ ને **"પુષ્ટિમાર્ગ"** કહે છે.

→ આમના અનુયાયીઓ **"અષ્ટદાપ"** નામથી પ્રખ્યાત હતા.

→ આમને પૂર્વમીમાંસા ની ટીકા **"સુબોધિની"** અને **"સિદ્ધાંત રહસ્ય"** નામના ગ્રંથો ની રચના કરી હતી.

→ **"સૂરદાસ"** (ઈ.સ. 1483-1563) વલ્લભાચાર્ય ના શિષ્ય હતા.

→ આમના મતે, **"ગૃહસ્થ આશ્રમ નું પાલન કરતા પણ મોક્ષ ની પ્રાપ્તિ થઈ શકે છે."**

→ આમના મતે, **"આત્મા અને બ્રહ્મ માં કોઈ અંતર નથી અને ભક્તિ દ્વારા આત્મા પોતાના બંધનો થી છૂટી શકે છે."**

(7) <u>ચૈતન્ય મહાપ્રભુ (ઈ.સ. 1486-1534)</u>

→ ચૈતન્ય નો જન્મ ઈ.સ.1486માં બંગાળ ના નદિયા જીલ્લામાં થયો હતો.

→ આમના પિતા- જગન્નાથ મિશ્ર, માતા- શચી દેવી હતા.

→ આમનું નાનપણનું નામ - **"નિમાઈ પંડિત"** હતું.

→ આમને **"ગોસાઈ સંઘ"** ની સ્થાપના કરી હતી અને સાથે જ **"સંકીર્તન પ્રથા"** ને જન્મ આપ્યો.

→ આમને **"અચિંત્ય ભેદાભેદવાદ"**ના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું.

→ તેમને કૃષ્ણની પ્રેમમયી ભક્તિ અને રસ-કીર્તનનો ઉપદેશ આપ્યો.

→ ચૈતન્ય જ એકમાત્ર એવા ભક્તિ કવિ હતા જેમણે મૂર્તિપૂજાનો વિરોધ ન કર્યો હતો.

→ સન્યાસી થયા પછી બંગાળ છોડી ને **"પુરી"** (ઓરિસ્સા) ચાલ્યા ગયા, જયાં તેમણે બે દાયકા સુધી ભગવાન જગન્નાથ ની ઉપાસના કરી હતી.

→ ઈ.સ. 1533-34 માં તેમની મૃત્યુ થઈ ગઈ હતી.

(8) મીરાંબાઈ (ઈ.સ. 1498-1546)

→ મીરાંબાઈ નો જન્મ ઈ.સ. 1498 માં રાજસ્થાન ના મેડતા જીલ્લા ના **"ચોકારી"** ગામમાં થયો હતો.

→ આમના પિતાનું નામ **"રતનસિંહ રાઠૌર"** હતું.

→ઈ.સ 1516 માં આમના લગ્ન રાણાસાંગા ના મોટા પુત્ર **"ભોજરાજ"** સાથે થયા હતા.

→ આ કૃષ્ણભક્ત હતી અને તેમના ભક્તિગીત મુખ્યત્વે બ્રજભાષા અને રાજસ્થાની માં લખવામાં આવ્યા છે.

→ આમના મતે, **"ઈશ્વર પ્રાપ્તિ નો એકમાત્ર સાધન ભક્તિ છે."**

(9) <u>તુલસીદાસ :</u>

→ ગોસ્વામી તુલસીદાસ નો જન્મ રાજાપુર (ઉત્તરપ્રદેશ) ગામમાં ઈ.સ. 1532 માં થયો હતો.

→ તુલસીદાસજી મુઘલ સમ્રાટ **''અકબર''** અને મેવાડ રત્ન **''રાણા પ્રતાપ''** ના સમકાલીન હતા.

→તુલસીદાસજી એ **''અવધી''** ભાષામાં **''રામચરિતમાનસ''** ની રચના કરી હતી.

→ તેમના મતે, **''ઈશ્વર એક છે તેનું નામ રામ છે અને તેને ભક્તિ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.''**

→ તેમની અન્ય રચનાઓમાં **''ગીતાવલી''**, **''કવિતાવલી''**, **''વિનયપત્રિકા''** પ્રખ્યાત છે.

(10) <u>ગુરૂનાનક :</u>

→ ગુરૂનાનક નો જન્મ ઈ.સ. 1469 પંજાબ ના **''તલવન્ડી''** (હાલ માં નનકા ના સાહેબ) માં થયો હતો.

→ તેમના પિતા- કાલૂરામ અને માતા - તૃપ્તાદેવી, પત્ની- સુલક્ષણી હતા.

→ ગુરૂનાનકે **''શીખધર્મ''** ની સ્થાપના કરી હતી.

→ ગુરૂનાનક સૂફીસન્ત **''બાબા ફરીદ''** થી પ્રભાવિત હતા.

→ ગુરૂનાનક ની વાણી **''ગુરૂગ્રંથ સાહેબ''** માં સંકલિત છે.

→ તેમનો શિષ્ય **''મરદાના''** હતો જે **''રબાબ''** વગાડતો હતો.

→ તેમણે દેશ ની 5 વખત પરિક્રમા કરી, જેને **''ઉદાસીસ''** કહેવાય છે.

→ પોતાના જીવન ના અંત સમય માં તેમણે **''રાવી''** નદી ના કાંઠે કરતારપુર માં પોતાનો **''ડેહરા''** (મઠ) સ્થાપિત કર્યો હતો.

→ તેમની મૃત્યુ ઈ.સ.1539 માં કરતારપુર માં થઈ હતી.

(11) <u>સૂરદાસ :</u>

→ સૂરદાસ અકબર અને જહાઁગીર ના સમકાલીન હતા.

→ સૂરદાસના ગુરૂ **''વલ્લભાચાર્ય''** હતા.

→ સૂરદાસ **''અષ્ટછાપ''** ના કવિ હતા.

→ સૂરદાસની પુસ્તકોમાં **''સૂરસાગર''**, **''સાહિત્યલહેરી''**, **અને ''સુરસાવલી''** નો સમાવેશ થાય છે.

→ સૂરદાસના ગ્રંથમાં કૃષ્ણ ના બાલ્યકાળ નું વર્ણન છે.

→ આમાં શ્રીકૃષ્ણના પ્રતિ ભક્તિ અને પ્રેમ દર્શાવવામાં આવ્યો છે. આ ગ્રંથ **''બ્રજ ભાષા''** માં છે.

12. <u>દાદૂ દયાલ (ઈ.સ. 1554-1606)</u>

→ દાદૂ દયાલ નો જન્મ ઈ.સ. 1554 માં **''અમદાવાદ''** માં થયો હતો.

→ દાદૂ દયાલ ના ગુરૂ **''કબીર''** હતા.

→ તેમણે **''નિપખ સંપ્રદાય''** ની સ્થાપના કરી હતી.

→ મુઘલ સમ્રાટ **''અકબરે''** તેમને ધાર્મિક ચર્ચા માટે એક વખત **''ફતેહપુર સીકરી''** આમંત્રિત કર્યા હતા.

→ સાંભર માં આવી ને તેમણે **''પરબ્રહ્મ સંપ્રદાય''** ની સ્થાપના કરી હતી.

→ તે મૂર્તિપૂજા, અવતારવાદ, વગેરે ના વિરોધી હતા.

→ તેમના ઉપદેશ **''દાદૂરામ કી વાણી''** નામ ના પુસ્તક માં મળે છે.

(13) <u>રૈદાસ :</u>

→ રૈદાસ જાતિ થી ચમાર હતા અને બનારસ માં મોચી નું કામ કરતા હતા.

→ રૈદાસ **''રામાનંદ''** ના 12 શિષ્યો માંથી એક હતા.

→ તેમણે **''રૈદાસી સંપ્રદાય''** ની સ્થાપના કરી હતી.

→ રૈદાસ **''મીરાબાઈ''** ના ગુરૂ હતા.

(14) <u>વીરભાન :</u>

→ વીરભાન નો જન્મ હરિયાણા ના નારગોલમાં ઈ.સ. 1543 માં થયો હતો.

→ તેમણે **''સતનામી''** સંપ્રદાયની સ્થાપના કરી હતી.

→ સતનામિયોની ધર્મ પુસ્તક નું નામ **''પોથી''** છે.

(15) શંકરદેવ :

→ શંકરદેવ ચૈતન્ય મહાપ્રભુ ના સમકાલીન હતા.

→ આમને ભક્તિ આંદોલનનું પ્રચાર-પ્રસાર **''આસામ''** માં કર્યું હતું.

→ આ નામધોરા સંપ્રદાય ના સમર્થક હતા.

→ તેમના પ્રમાણે પ્રાર્થના ફૂલો થી કરવી જોઈએ, તે મૂર્તિપૂજા ના વિરોધી હતા.

→ આમને **''મહાપુરૂષીય સંપ્રદાય''** ની સ્થાપના કરી હતી.

<u>મહારાષ્ટ્ર ના પ્રમુખ સંતો :</u>

1. <u>જ્ઞાન દેવ (જ્ઞાનેશ્વર)</u>

→ મરાઠી ભાષા અને સાહિત્ય ના સંસ્થાપક

→ મહારાષ્ટ્ર માં ભક્તિ આંદોલન ના જનક

→જ્ઞાનેશ્વર એ **''ભગવદગીતા''** પર એક લાંબી ટીકા- **''ભાવાર્થ દીપિકા''** નામથી લખી હતી. જેને **''જ્ઞાનેશ્વરી''** ના નામે પણ ઓળખવામાં આવે છે.

→ આ પુસ્તક મહારાષ્ટ્રના ભક્તિવાદ નો સ્ત્રોત છે અને લાંબા ભજન ના રૂપે ધાર્મિક ઉપદેશ છે.

2. <u>નામદેવ :</u>

→ નામદેવના આરાધ્ય દેવ પંઢરપુરના વિઠોબા (વિષ્ણુ) હતા.

→ વિઠોબાની ઉપાસનાને **"વરકરી સંપ્રદાય"** ના નામે ઓળખવામાં આવે છે જેની સ્થાપના નામદેવ એ કરી હતી.

→ નામદેવ ના કેટલાંક ગીતાત્મક પદ્ય **"ગુરૂગ્રંથ સાહેબ"** (શીખો નો આદિગ્રંથ) માં સંકલિત છે.

→ નામદેવના મતે, **"જો એક પત્થર ની પૂજા થાય છે, તો બીજા ને પગ નીચે કેમ રગડવામાં આવે છે."**

3. <u>એકનાથ :</u>

→ એકનાથે **"રામાયણ" પર "ભાવાર્થ રામાયણ"** નામ થી ટીકા લખી હતી.

→ તેમની નૈતિકતા પર આધારિત ભજન આજે પણ મરાઠી માં હાજર છે.

→ એક વખત ઈશ્વરની પૂજા માટે લાવેલા ગોદાવરી નદીનું પવિત્ર જળ તેમણે એક તરસ્યા ગધેડા ને પાવી દીધું હતું.

4. <u>તુકારામ :</u>

→ આમને ભક્તિમય કવિતાઓ લખી જેને **"અભંગ"** કહેવાય છે.

→ તેમણે સામાજિક કુપ્રથાઓ નો વિરોધ કર્યો અને ઈશ્વર ના પ્રતિ તેમના વિચાર **"કબીર"** થી મળે છે.

→ તુકારામ શિવાજી ના સમકાલીન હતા. તેમણે શિવાજી ધ્વારા મોકલેલ ભેટ ને લેવાથી ઈનકાર કરી દીધો હતો.

→ તુકારામે **"બારકરી પંથ"** ની સ્થાપના કરી હતી.

5. <u>રામદાસ :</u>

→ રામદાસ શિવાજી ના આધ્યાત્મિક ગુરૂ હતા.

→ **"દાસબોધ"** નામ નો ગ્રંથ તેમના ઉપદેશો નું સંકલન છે.

★ **<u>પ્રમુખ સ્થાપક અને તેમના મત :</u>**

ક્રમ	**સ્થાપક**	**મત**
1	માધ્વાચાર્ય	દ્વૈતવાદ
2	વલ્લભાચાર્ય	શુદ્ધાદ્વૈતવાદ
3	નિમ્બાર્કાચાર્ય	દ્વૈતાદ્વૈતવાદ
4	રામાનુજાચાર્ય	વિશિષ્ટ્રાઅદ્વૈતવાદ
5	શંકરાચાર્ય	અદ્વૈતવાદ
6	ભાસ્કરાચાર્ય	ભેદાભેદવાદ
7	ચૈતન્ય મહાપ્રભુ	અચિત્ય ભેદાભેદવાદ
8	શ્રીકંઠ	શૈવવિશિષ્ટ અદ્વૈતવાદ
9	શ્રીપતિ	વીરશૈવ વિશિષ્ટ અદ્વૈતવાદ
10	વિજ્ઞાન ભિક્ષુ	અવિભાગ અદ્વૈતવાદ

★ **<u>પ્રમુખ સ્થાપક અને તેમના સંપ્રદાય :</u>**

ક્રમ	**સ્થાપક**	**સંપ્રદાય**
1	વલ્લભાચાર્ય	રૂદ્ર સંપ્રદાય
2	માધ્વાચાર્ય	બ્રહ્મ સંપ્રદાય
3	રામાનુજાચાર્ય	શ્રી સંપ્રદાય
4	દાદૂ દયાળ	નિપખ સંપ્રદાય
5	હિત હરવંશ	રાધાવલ્લભ સંપ્રદાય
6	શ્રીચંદ્ર (ગુરૂનાનક ના પુત્ર)	ઉદાસી સંપ્રદાય
7	નિત્યાનંદ ગોસ્વામી	ચૈતન્ય સંપ્રદાય
8	પુરંધરદાસ	દાસકૂટ સંપ્રદાય
9	ચંડીદાસ	બાઉલ સંપ્રદાય
10	શંકરાચાર્ય	સ્મૃતિ સંપ્રદાય
11	નિમ્બાકાચાર્ય	સનકાદિ સંપ્રદાય
12	ચૈતન્ય મહાપ્રભુ	મધ્યગૌડીય સંપ્રદાય

(B) સૂફી આંદોલન :

→ સૂફી મત ની ઉત્પતિ ઈસ્લામ ના **"વહદત-ઉલ-વજૂદ"** સિદ્ધાંત થી થઈ હતી. જેનો અર્થ છે - ઈશ્વર એક છે અને તે સંસારની સમસ્ત વસ્તુઓમાં હાજર છે.

→ વહદત-ઉલ-વજૂદ નો સિદ્ધાંત શેખ મુહાઉદ્દીન ઈબ્ન-ઉલ-અરબી એ આપ્યો હતો.

→ સૂફી મત ના આધ્યાત્મિક પ્રવર્તક ને **"પીર"** અને શિષ્ય ને **"મુરીદ"** કહેવાય છે.

→ સૂફી જે આશ્રમો માં નિવાસ કરે છે તેમને **"ખાનકાહ"** કહે છે.

→ પ્રત્યેક પીર પોતાનો એક અનુચર નામાંકિત કરતો હતો, જેને **"વલી"** કહેતા હતા.

→આઈન -એ-અકબરી માં અબુલ ફજલ એ 14 સૂફી સિલસિલાઓ નો ઉલ્લેખ મળે છે.

→ 15મી - 16મી સદી માં સૂફી મત 12 સિલસિલા માં વિભાજિત થઈ ગયો હતો.

→ આ બધા સિલસિલા બે ભાગોમાં વિભાજિત હતા.

(1) બા -શરા - ઈસ્લામી કાયદા નું અનુસરણ કરવાવાળા.

(2) બે-શરા - ઈસ્લામી કાયદા થી બંધેલા નહિ અને ધુમ્મકડ પ્રવૃત્તિ ના.

1. <u>ચિશ્તી સંપ્રદાય (ચિશ્તી સિલસિલા) :</u>

→ ઈ.સ. 1192 માં મુહમ્મદ ગોરી ની સાથે **''ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી''** ભારત આવ્યા હતા.

→ **''ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી''** એ ભારતમાં **''ચિશ્તી સિલસિલા''** (ચિશ્તી સંપ્રદાય) ની શરૂઆત કરી હતી.

→ ચિશ્તી સિલસિલા નો મુખ્ય કેન્દ્ર **''અજમેર''** હતો.

→ ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી ના કેટલાય શિષ્ય હતા- જેમાં **''શેખ કુતુબુદ્દીન બખ્તયાર કાકી'' અને ''શેખ હમીદુદ્દીન''** પ્રમુખ હતા.

→ ખ્વાજા કુતુબુદ્દીન બખ્તયાર કાકી ઈલ્તુતમિશ ના શાસનકાળ માં દિલ્હી આવ્યા હતા.

→ બખ્તયાર કાકી ના શિષ્ય બાબા ફરીદ હતા.

→ બાબા ફરીદ ની રચના ઓ (પદો) ને શીખોના **''આદિગ્રંથ''** માં સામેલ કરવામાં આવી છે.

→ બાબા ફરીદ ના બે મહત્વપૂર્ણ શિષ્ય હતા -

(1) નિઝામુદ્દીન ઓલિયા અને (2) અલાઉદ્દીન સાબિર

→ નિઝામુદ્દીન ઓલિયા ઈ.સ. 1258 માં દિલ્હી આવ્યા હતા.

→ હજરત નિઝામુદ્દીન ઓલિયા એ પોતાના જીવનકાળ માં દિલ્હી ના સાત સુલ્તાનો નું શાસન જોયું હતું.

→ ઉલેમા વર્ગ નિઝામુદ્દીન થી ઘૃણા કરતો હતો પરન્તુ સામાન્ય જનતા તેમની પ્રશંસા કરતી હતી.

→ નિઝામુદ્દીન ઓલિયા ને **''મહબૂબ ઈલાહી''** પણ કહેવાય છે.

→ નિઝામુદ્દીન ઓલિયા ના પ્રમુખ શિષ્ય હતા - (1) શેખ સલીમ ચિશ્તી, (2) અમીર-ખુસરો (3) અમીર હસન દેહલવી.

→ શેખ હમીદુદ્દીન નાગૌરી એ નાગૌર ને ચિશ્તી સિલસિલા નો એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવ્યો. તેમણે **''હિન્દવી''** ભાષા (દક્કની ઉર્દૂ) અપનાવી અને કેટલીક ફારસી પુસ્તકો નો હિન્દવી માં અનુવાદ કરાવ્યો હતો.

→ શેખ નાસિરૂદ્દીન ચિશ્તી એક અન્ય પ્રમુખ સંત હતા. જેમને **''ચિરાગ-એ-દેહલવી''** કહેવાય છે. તે નિઝામુદ્દીન ઓલિયા ના શિષ્ય હતા.

→ અમીર ખુસરો નિઝામુદ્દીન ઓલિયા ના સૌથી પ્રિય શિષ્ય હતા. ઓલિયા ની મૃત્યુ ના સમાચાર સાંભળ્યા ના બીજા દિવસે જ તેને પ્રાણ ત્યજી દીધાં.

→ સૈયદ મુહમ્મદ ગેસૂદરાજ અન્ય પ્રમુખ સંત હતા જેમનું કેન્દ્ર **''ગુલબર્ગા''** હતું. આમને દુઃખીઓ અને દરિદ્રો ના પ્રતિ પ્રેમ ના કારણે **''બંદાનવાજ''** કહેવાય છે.

→ **''શેખ બુરહાનુદ્દીન ગરીબ''** એ ઈ.સ. 1340 માં દક્ષિણ ભારતના ક્ષેત્રો માં ચિશ્તી સંપ્રદાયની શરૂઆત કરી અને **''દૌલતાબાદ''** ને પોતાનો મુખ્ય કેન્દ્ર બનાવ્યો.

→ શેખ સલીમ ચિશ્તીનું કેન્દ્ર ફતેહપુર સીકરી હતુ. જહાઁગીર નો જન્મ શેખ સલીમ ચિશ્તી ના આશીર્વાદ થી થયો હતો.

→નાસિરૂદ્દીન ચિરાગ-એ દેહલવી એક ચમત્કારી સંત હતા, જેમણે **''તોહિદ-એ-વજૂદી''** ની રચના કરી હતી.

→ બંગાલ ના શાસક હૂસેનશાહ એ ચિશ્તી સંપ્રદાય થી પ્રભાવિત થઈ ને પોતાનો પ્રખ્યાત **''સત્યપીર આંદોલન''** ચલાવ્યો હતો.

2. <u>સુહરાવર્દી સંપ્રદાય (સુહરાવર્દી સિલસિલા) :</u>

→ સુહરાવર્દી સિલસિલા ની સ્થાપના **''શેખ શહાબુદ્દીન સુહરાવર્દી''** (ઈ.સ. 1145-1234) એ કરી હતી.

→ આ સંપ્રદાય સિન્ધ, પંજાબ, અને મુલ્તાન સુધી સીમિત હતું.

→ શેખ બહાઉદ્દીન જકારિયા સુહરાવર્દી નો મુખ્યાલય મુલ્તાન હતું.

→ ભારતમાં આ સંપ્રદાય ના સંસ્થાપક **''શેખ બહાઉદ્દીન જકારિયા સુહરાવર્દી''** હતા.

→ સુહરાવર્દી સંપ્રદાય ના સંતોએ રાજકીય સંરક્ષણ ને સ્વીકાર કર્યું હતું અને પોતાનું જીવન ભૌતિક સુખ - સુવિધાઓની વચ્ચે પસાર કર્યું હતું.

→ સુહરાવર્દી સંપ્રદાય ના અન્ય પ્રમુખ સંત હતા - જલાલુદ્દીન તબરીઝ, સૈય્યદ સુર્ખ જોશ, બુરહાન વગેરે.

3. <u>કાદિરી સિલિસલા (કાદિરી સંપ્રદાય) :</u>

→ કાદિરી સિલસિલા નો સંસ્થાપક બગદાદ નો **''શેખ અબ્દુલ કાદિર જીલાની''** (ઈ.સ. 1077-1166) હતા.

→ આ સિલસિલા ભારતમાં 15 મી સદીમાં આવ્યો હતો. ભારત માં આ સંપ્રદાય ના પ્રવર્તક **''મુહમ્મદ ગોસ''** હતા.

→ શાહ નિયામતુલ્લાહ, મખદૂમ મુહમ્મદ જીલાની અને શેખ અબ્દુલ હક મુહદીદ પ્રમુખ સંત હતા.

→ શાહજહાઁ નો પુત્ર **''દારા શિકોહ''** કાદિરી સંપ્રદાય ના **''મુલ્લાશાહ''** નો શિષ્ય હતો.

→ આ સિલસિલા ના અનુયાયીઓ ગીત-સંગીત વગેરેના વિરોધી હતા. આ લોકો શિયા મત ના પણ વિરોધી હતા.

4. <u>ફિરદોસી સિલસિલા (ફિરદોસી સંપ્રદાય) :</u>

→ ફિરદોસી સંપ્રદાય સુહરાવર્દી સિલસિલા ની જ એક શાખા હતી.

→ ફિરદોસી સિલસિલાનું કાર્યક્ષેત્ર **''બિહાર''** હતું.

→ આ સિલસિલા ને **''શેખ શરીફુદ્દીન યાહ્યા''** એ પ્રખ્યાત બનાવ્યો હતો.

→ શેખ શરીફુદ્દીન યાહ્યા, ખ્વાજા નિઝામુદ્દીન ના શિષ્ય હતા.

→ આ સંપ્રદાય એ ઈસ્લામ ના સિદ્ધાંતો નું આધુનિકરણ કર્યું હતુ.

5. <u>નકશબંદી સંપ્રદાય (નકશબંદી સિલસિલા) :</u>

→ નકશબંદી સિલસિલા ની સ્થાપના **''ખ્વાજા ઉબેદુલ્લા''** એ કરી હતી.

→ ભારતમાં આ સિલસિલા ની સ્થાપના **''ખ્વાજા બકી બિલ્લાહ''** એ કરી હતી.

→ ભારત માં આના પ્રચાર-પ્રસાર નો શ્રેય ખ્વાજા બકી બિલ્લાહ ના શિષ્ય **''શેખ અહમદ સરહિન્દી''** (અકબરનો સમકાલીન) ને જાય છે.

→ ખ્વાજા મીર દર્દ આ સિલસિલા ના છેલ્લા પ્રખ્યાત સંત હતા.

→ આ સંપ્રદાય સૂફીઓમાં સૌથી વધુ કટ્ટરવાદી સિલસિલા (સંપ્રદાય) હતો.

★ **<u>સૂફી સંત અને તેમની ઉપાધિઓ :</u>**

ક્રમ	સૂફીસંત	ઉપાધિ
1.	શેખ નિઝામુદ્દીન ઓલિયા	મહબૂબ-એ-ઈલાહી
2.	શેખ નાસિરૂદ્દીન મહમૂદ	ચિરાગ-એ-દિલ્હી
3.	શેખ અહમદ સરહિન્દી	મુજાહિદ
4.	સૈયદ મુહમ્મદ ગેસૂદરાજ	બંદા નવાજ

★ **<u>પ્રમુખ સૂફી સંપ્રદાય અને તેના સંસ્થાપક :</u>**

ક્રમ	સૂફી સંપ્રદાય	સંસ્થાપક
1.	ચિશ્તી સંપ્રદાય	શેખ મુઈનુદ્દીન ચિશ્તી
2.	સુહરાવર્દી સંપ્રદાય	શિહાબુદ્દીન સુહરાવર્દી, બહાઉદ્દીન જકારિયા (ભારતમાં)
3.	નકશબંદી સંપ્રદાય	ખ્વાજા ઉબેદુલ્લા, ખ્વાજા બાકી બિલ્લાહ (ભારતમાં)
4.	કાદિરી સંપ્રદાય	શેખ અબ્દુર કાદિર જીલાની
5.	સત્તારી સંપ્રદાય	શાહ અબ્દુલ્લા સત્તારી
6.	ફિરદૌસી સંપ્રદાય	શેખ શરીફુદ્દીન યાહ્યા
7.	રોશનિયા સંપ્રદાય	મિયા બયાજિદ અન્સારી
8.	કલંદરી સંપ્રદાય	નજીમુદ્દીન કલંદર

★★★★★★

પ્રકરણ-5 મુઘલ સામ્રાજ્ય

(A) બાબર (ઈ.સ. 1526-1530)

→ મુઘલ વંશનો સંસ્થાપક **''બાબર''** હતો.

→ બાબર પિતૃપક્ષે તેમૂર નો પાંચમો વંશજ અને માતૃપક્ષે ચંગેજ ખાઁનો 14 મો વંશજ હતા. આમ તૂર્ક અને મોગલ નું સમિશ્રણ નો **''ચગતાઈ વંશ''** બાબરે સ્થાપ્યો.

→ બાબરનો જન્મ ઈ.સ. 1483 માં **''ફરગના''**માં થયો હતો.

તેના પિતા ઉમરશેખ મિર્ઝા ફરગના નામના નાના રાજ્યનો શાસક હતો.

→ બાબર 11 વર્ષની ઉંમરે (ઈ.સ. 1494) પિતાના મૃત્યુ પછી ફરગના ની ગાદી પર બેઠો.

→ બાબરે ઈ.સ. 1507 માં **''બાદશાહ''** ના ઉપાધિ ધારણ કરી હતી, જેને હજુ સુધી કોઈ તૈમૂર શાસકે ધારણ કરી ન હતી.

→ બાબર ના ચાર પુત્ર હતા (1)હૂમાયૂઁ (2) કામરાન (3)અસ્કરી (4) હિન્દાલ

→ બાબરને ભારત આવવાનું નિમંત્રણ પંજાબ ના સૂબેદાર **''દૌલત ખાઁ લોદી'' અને ''આલમ ખાઁ લોદી''** એ આપ્યું હતું.

→ બાબરે ભેડા ના કિલ્લા ને જીતવા ઈ.સ. 1519 માં સૌ પ્રથમ બારૂદ અને તોપ નો ઉપયોગ કર્યો છે.

★ **બાબર દ્વારા લડેલા પ્રમુખ યુદ્ધો :**

1. પાણીપત નું પ્રથમ યુધ્ધ :

- પાણીપત નું પ્રથમ યુદ્ધ બાબર અને ઈબ્રાહિમ લોદી વચ્ચે ઈ.સ. 1526 માં થયું હતું.
- આ યુદ્ધ માં બાબરે તોપ નો ઉપયોગ કર્યો હતો.
- બાબર ના મુખ્ય તોપચી - **''ઉસ્તાદ અલી'' અને ''મુસ્તફા ખાઁ''** હતા.
- આ યુદ્ધ માં બાબરે **''તુગલમા યુદ્ધનીતિ'' અને ''ઉસ્માની વિધિ''** (રૂમી વિધિ) નો પ્રથમ વખત ઉપયોગ કર્યો.
- આ યુદ્ધ ઈબ્રાહિમ લોદી હારી ગયો. અને ભારતમાં મુઘલવંશની સ્થાપના થઈ.
- ઈબ્રાહિમ લોદી દિલ્હી સલ્તનત નો પ્રથમ શાસક હતો જે યુદ્ધ સ્થળે મૃત્યુ પામ્યો આની સાથે તેનો મિત્ર ગ્વાલિયર નો રાજા **''વિક્રમજીત''** પણ યુદ્ધસ્થળે મૃત્યુ પામ્યો.
- હૂમાયૂઁ એ **''કોહિનૂર નો હીરો''** ગ્વાલિયર ના રાજા વિક્રમજીત ના પરિવાર પાસે થી જ આ યુદ્ધમાં છીનવી લીધો હતો.
- ભારત વિજય ના ઉપલક્ષ્ય માં બાબરે પ્રત્યેક કાબૂલ નિવાસી ને એક-એક ચાંદીનો સિક્કો ભેટ સ્વરૂપે આપ્યો. તેની આ ઉદારતાા ના કારણે તેને **''કલન્દર''** ની ઉપાધિ આપવામાં આવી.

(2) ખાનવા નું યુદ્ધ :

- ખાનવાનું યુદ્ધ બાબર અને મેવાડ ના શાસક **''રાણાસાંગા''** વચ્ચે ઈ.સ. 1527 માં થયું હતુ.
- બાબરે રાણા સાંગા ની વિરૂદ્ધ **''જેહાદ''** ની ઘોષણા કરી હતી.
- આ યુદ્ધ માં રાણા સાંગા ઈજાગ્રસ્ત થઈ ગયો અને બાબર વિજયી રહ્યો.
- આ યુદ્ધ માં વિજય પછી બાબરે **''ગાઝી''** ની ઉપાધિ ધારણ કરી હતી.
- રાણા સાંગા ઈજાગ્રસ્ત હાલતમાં યુદ્ધ સ્થળ થી બચી નિકાળ્યો પરંતુ તેના કોઈ સામંતે તેને ઝેર આપી દેતાં તેની મૃત્યુ ઈ.સ. 1528 માં થઈ ગઈ.

(3) ચંદેરી નું યુદ્ધ :

- ચંદેરી નું યુદ્ધ બાબર અને ચંદેરી ના શાસક **''મેદિનીરાય''** વચ્ચે ઈ.સ. 1528 માં થયું હતું.
- ખાનવા ના યુદ્ધ પછી રાજપૂતોની શક્તિ સમ્પૂર્ણપણે નાશ પામી ન હતી. રાજપૂતોની બચેલી સેનાનું નેતૃત્વ મેદિનીરાય એ કર્યું હતું.
- આ યુદ્ધમાં મેદિનીરાય મૃત્યુ પામ્યો અને બાબર વિજયી થયો.
- આ યુદ્ધ પછી બાબરની શક્તિને લલકારવાવાળું કોઈ રાજપૂત બચ્યો ન હતો.

(4) ઘાઘરા નું યુદ્ધ :

- ઘાઘરાનું યુદ્ધ બાબર અને ઈબ્રાહિમ લોદી ના ભાઈ **''મહમૂદ લોદી''** વચ્ચે ઈ.સ. 1529 માં થયું હતું.
- આમાં મહમૂદ-લોદી ને પરાજિત કરી બાબરે આ યુદ્ધ જીતી લીધું. અને અફગાનો ની શક્તિ ને દબાવી દીધી.

★ **અન્ય ફેક્ટ્સ :**

→ બાબર પ્રખ્યાત નકશબંદી સૂફી **''ખ્વાજા ઉબેદુલ્લા અહરાર''** નો અનુયાયી હતો.

→ બાબર ને **''મુબઈયાન''** નામ ની પદ્યશૈલી નો જનક માનવામાં આવે છે.

→ ઈ.સ. 1530 માં **''આગરા''** માં બાબર ની મૃત્યુ થઈ હતી.

→ આગરા માં બાબરે **''નૂર-અફગાન''** (આરામબાગ) બનાવ્યો. શરૂઆતમાં બાબરના શવને આરામબાગમાં દફનાવવા માં આવ્યો. પરન્તુ પછી થી તેને **''કાબૂલ''** (તેના પસંદગી ના સ્થળે) માં દફનાવવામાં આવ્યો. (અકબર દ્વારા)

→ બાબરે પોતાની આત્મકથા **''બાબરનામા''** ની રચના **''તુર્કી''** ભાષામાં કરી હતી.

→ બાબર ની આત્મકથા **''બાબરનામા''** (તુજુક-એ-બાબરી) નો ફારસીમાં અનુવાદ **''અબ્દુલ રહીમ ખાનખાના''** એ કર્યો જ્યારે તેનો અંગ્રેજી માં અનુવાદ **''શ્રીમતી વેબરિજ''** એ કર્યો.

→ પાણીપત વિજય થી પહેલાં બાબર ભારત પર 4 વખત આક્રમણ કરી ચૂક્યો હતો.

→ બાબરે મુસલમાનો પર લગાડવામાં આવતો **''તમગા''** નામનો કર સમાપ્ત કરી દીધો હતો.

→ બાબરે તુર્કી ભાષા માં ના કાવ્યસંગ્રહ **''દીવાન''**નું સંકલન કરાવ્યું હતું.

→ બાબરે **''ખત-એ-બાબરી''** (રિસાલ-એ-ઉજસ) ની રચના કરી હતી.

(B) <u>હૂમાયૂઁ (ઈ.સ. 1530-1556) :</u>

→ હૂમાયૂઁ નું મૂળ નામ - નાસિરૂદ્દીન મુહમ્મદ હતું.

→ હૂમાયૂઁ નો જન્મ ઈ.સ.1508 માં કાબુલમાં થયો હતો.

→નાસિરૂદ્દીન હૂમાયૂઁ 23 વર્ષની ઉંમરે (ઈ.સ.1530) આગરા ની રાજગાદ્દી પર બેઠો.

→ આગરાની રાજગાદ્દી પર બેસતા પહેલાં તે **''બદખ્શાઁ''** નો સૂબેદાર હતો.

→ બાબરના નિર્દેશાનુસાર હૂમાયૂઁએ પોતાના રાજયની વહેંચણી પોતાના ભાઈઓમાં કરી દીધી હતી જેમાં -

1. કામરાન - કાબૂલ અને કાંધાર
2. અસ્કરી - સંભળ
3. હિન્દાલ - અલવર અને મેવાડ
4. સુલેમાન મિર્જા (કાકાનો છોકરો) - બદખ્શાઁ

→ ઈ.સ.1533માં હૂમાયૂઁએ **''દીનપનાહ''** (દિલ્હી ની નજીક) નામના નવા નગરની સ્થાપના કરી હતી.

→ હૂમાયૂઁ નો પ્રમુખ શત્રુ **''શેરશાહ શૂરી''** હતો.

→ **''ચોસાનું યુદ્ધ''** (ઈ.સ.1539) શેરશાહ સૂરી અને હૂમાયૂઁ ની વચ્ચે થયું હતું. આ યુદ્ધમાં હૂમાયૂઁ પરાજિત થયો હતો. આ યુદ્ધ પછી જ **''શેરખાઁ''** એ શેરશાહની પદવી ધારણ કરી હતી.

→ **''બિલગ્રામ (કન્નોજ) નું યુદ્ધ''** (ઈ.સ.1540) શેરશાહ સૂરી અને હૂમાયૂઁ ની વચ્ચે થયું હતું. આ યુદ્ધમાં પણ હૂમાયૂઁ પરાજિત થયો હતો. આ યુદ્ધ પછી શેરશાહ એ આગરા અને દિલ્હી પર કબજો કરી લીધો હતો.

→ આ આધારે હૂમાયૂઁ ના શાસનકાળ બે ભાગોમાં વહેંચી શકાય

(1) પ્રથમ ચરણ - ઈ.સ. 1530-1540

(2) બીજું ચરણ - ઈ.સ. 1555-1556

→ બિલગ્રામ ના યુદ્ધમાં પરાજિત થયા પછી હૂમાયૂઁ શરૂઆત માં અમરકોટના **''રાણા વીરસાલ''** ના મહેલમાં રહ્યો અને ત્યાર પછી તે ઈરાન (ફારસ) ચાલ્યો ગયો.

→ ઈ.સ. 1555 માં ઈરાનના શાહ અને બેરમ ખાઁ ની મદદથી તેણે ફરી દિલ્હીની સત્તા પ્રાપ્ત કરી.

★ **<u>હૂમાયૂઁ દ્વારા લડેલા યુદ્ધો :</u>**

1. દોરાહા નું યુદ્ધ - ઈ.સ. 1531-32
2. ચોસાનું યુદ્ધ - ઈ.સ. 1539
3. બિલગ્રામ નું યુદ્ધ - ઈ.સ. 1540
4. સરહિન્દ નું યુદ્ધ - ઈ.સ. 1555

→ હૂમાયૂઁ ની સોતેલી બેન **''ગુલબદન બેગમ''** એ **''હૂમાયૂનામા ''** ની રચના કરી હતી.

→ હાજી બેગમ એ દિલ્હીમાં હૂમાયૂઁનો મકબરો બનાવ્યો હતો.

→ હૂમાયૂઁ જ્યોતિષમાં વિશ્વાસ કરતો હતો, આ માટે તેણે સપ્તાહ ના સાતો દિવસ માટે સાત રંગના કપડા પહેરાવાનો નિયમ બનાવ્યો હતો.

→ હૂમાયૂઁ એકમાત્ર મૂઘલ રાજા હતો જેણે સામ્રાજ્ય ની વહેચણી ભાઈઓને કરી દીધી હતી. રાજનૈતિક દૃષ્ટિએ હૂમાયૂઁની આ સૌથી મોટી ભૂલ હતી.

→ હૂમાયૂંએ 1535-36 માં ગુજરાતના સુલ્તાન બહાદુરશાહ ને હરાવી માંડૂ અને ચાંપાનેર જીત્યું હતું. (આ સમયે જ રાણી કર્ણાવતીએ હૂમાયૂં ને રાખડી મોકલી હતી.

→ ઈ.સ. 1556 માં દીનપનાહ ભવનમાં સ્થિત ગ્રંથાલય (Library) - શેરમંડળ ની સીઢીઓથી નીચે પડવાના કારણે હૂમાયૂંની મૃત્યુ થઈ હતી.

→ **''અબુલ ફઝલે''** હૂમાયૂં ને **''ઈન્સાન-એ-કામિલ''** કહ્યો છે.

→ ઈતિહાસકાર લેનપૂલ પ્રમાણે, **''હૂમાયૂં જીવન ભર લડખડાતો રહ્યો અને લડખડાતા જ પોતાની જાન ગુમાવી દીધી.''**

(C) <u>સૂરવંશ (ઈ.સ. 1540-1555)</u>

→ સૂર સામ્રાજ્ય નો સંસ્થાપક **''શેરશાહ સૂરી''** હતો.

→ શેરશાહનું અસલી નામ **''ફરીદ ખૉ''** હતું.

→ શેરશાહનો જન્મ ઈ.સ.1472માં હોશિયારપુર (પંજાબ) માં થયો હતો.

→ આના પિતા હસન ખૉ **''જોનપુર''** રાજ્યની અંતર્ગત સાસારામના જમીંદાર હતા.

→ ફરીદ એ એક વખત શેરને તલવારના એક જ પ્રહારથી મારી દીધો હતો. તેની આવી બહાદુરીથી પ્રસન્ન થઈને બિહારના અફઘાન શાસક **''મુહમ્મદ બહાર ખૉ લોહાની''** એ તેને **''શેરખૉ''** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

→ શેરશાહ સૂરીએ મુઘલ સમ્રાટ હૂમાયૂં ને **''બિલગ્રામના યુદ્ધ''** (1540) માં હરાવીને દિલ્હીની રાજગાદ્દી પર બેઠો.

→ શેરખૉ એ ઈ.સ. 1539 ના **''ચોસાના યુદ્ધ''** માં હૂમાયૂં ને હરાવીને **''શેરશાહ''** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ ઈ.સ. 1544 માં શેરશાહ એ જોધપુર ના શાસક **''માલદેવ''** પર આક્રમણ કર્યું. આ યુદ્ધમાં રાજપૂત સરદાર ''જયતા'' અને ''કુપ્પા'' એ ખૂબજ વીરતા નું પ્રદર્શન કર્યું હતું. આ યુદ્ધ શેરશાહ ખૂબજ મુશ્કેલી થી જીતી શક્યો હતો.

→ આ યુદ્ધ પછી શેરશાહ સૂરી એ કહ્યું હતું કે, **''હું એક મુઠ્ઠી ભર બાજરા માટે હિન્દુસ્તાન નું સામ્રાજ્ય લગભગ ગુમાવી બેઠો હોત''**

→ શેરશાહ સૂરી નું છેલ્લું યુદ્ધ **''કાલિંજર નું યુદ્ધ''** (બુંદેલખંડ-ઈ.સ. 1545) હતું. કાલિંજર નો રાજા **''કીરતસિંહ''** હતો. આ યુદ્ધમાં એક **''ઉક્કા''** નામનું તોપ ચલાવતાં ગોળાના વિસ્ફોટ થી શેરશાહની મૃત્યુ થઈ ગઈ.

→ શેરશાહ સૂરી નો મકબરો **''સાસારામ''** (બિહાર) માં આવેલો છે.

→ **''રોહતાસગઢ નો કિલ્લો''**, **''કિલા-એ-કુહના''** (દિલ્હી) નામની મસ્જિદ નું નિર્માણ શેરશાહ સૂરી ના ધ્વારા કરાવવામાં આવ્યું હતું.

→ શેરશાહ સૂરી એ **''ગ્રાંડ ટ્રક રોડ''** નું નિર્માણ કરાવ્યું હતું.

→ શેરશાહ સૂરી ના શાસનકાળમાં **''મલિક મુહમ્મદ ઝાયસી'' એ ''પદમાવત''** ની રચના કરી હતી.

→ **''ડાક-પ્રથા''** નું પ્રચલન શેરશાહ સૂરી દ્વારા કરવામાં આવ્યું હતું.

→ ઈ.સ.1541માં શેરશાહ સૂરીએ પાટલીપુત્ર ને **''પટણા''** ના નામથી પુનઃ સ્થાપિત કર્યો.

→ શેરશાહ સૂરીએ જમીન ના માપ માટે 32 અંકવાળો **''સિકન્દરી-ગજ''** અને **''સન ની ડંડી''** નો ઉપયોગ કર્યો હતો.

→ કનિંધમે શેરશાહ ના મકબરા ને તાજમહલથી પણ સુંદર કહ્યો છે.

→ શેરશાહના **''રૂપિયા''** ના વિશે સ્મિથે લખ્યું છે કે, **''આ રૂપિયો વર્તમાન બ્રિટિશ મુદ્રા-પ્રણાલીનો આધાર છે.''**

→ શેરશાહ સૂરી એ (178 ગ્રેન નો ચાંદીનો **''રૂપિયો''** અને 380 ગ્રેનનો તાંબાનો **''દામ''** પ્રચલનમાં મૂક્યો હતો.

→ શેરશાહ સૂરીએ રોહતાસગઢ નો કિલ્લો અને કન્નોજ ની જગ્યાએ **''શેરસૂર''** નામનો નગર વસાવ્યો હતો.

→ શેરશાહ સૂરી પાકનો 1/3 ભાગ લગાનના સ્વરૂપે વસૂલતો હતો.

→ **''પટ્ટા પ્રથા''** અને **''કબૂલિયત''** ની શરૂઆત શેરશાહ સૂરી એ કરી હતી.

→ **''અબ્બાસ ખાન શેરવાની''** શેરશાહ સૂરીનો ઈતિહાસકાર હતો, તેણે **''તારીખ-એ-શેરશાહી''** ની રચના કરી હતી.

→ **<u>શેરશાહનું વહીવટ :</u>**

1. દીવાન - એ- વજારત - પ્રધાન મંત્રી તથા નાણામંત્રી
2. દીવાન-એ-આરીજ - સૈન્ય વિભાગ
3. દીવાન-એ-રસાલત - વિદેશ મંત્રાલય
4. દીવાન-એ-ઈંશા - શાહીઘોષણાપત્ર, પત્રવ્યવહાર (સંદેશાવ્યવહાર) વિભાગ
5. દીવાન-એ-કાજી- સુલ્તાન પછી મુખ્ય ન્યાયાધીશ

6. દીવાન-એ-બરીદ - ડાક વ્યવસ્થા અને ગુપ્તચર વિભાગ

→ શેરશાહ સૂરીએ સૈનિકો ની ઓળખ માટે **''હુલિયા પદ્ધતિ''** અને ઘોડાઓની ઓળખ માટે **''દાગ પદ્ધતિ''** ને ફરી પ્રચલિત કરી.

→ શેરશાહ સૂરી પછી તેનો પુત્ર **''ઈસ્લામશાહ''** (ઈ.સ. 1545-1553) રાજગાદ્દી પર બેઠો.

→ ઈસ્લામશાહની મૃત્યુ પછી તેનો પુત્ર ફિરોજ રાજગાદ્દી પર બેઠો પરંતુ **''મોહમ્મદ આદિલ''** (ઈ.સ. 1553-1556) એ તેની હત્યા કરી રાજગાદ્દી સંભાળી.

→ આ મોહમ્મદ આદિલ નો પ્રધાનમંત્રી **''હેમૂ''** હતો જેને **''વિક્રમાદિત્ય''** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ હેમૂ વિક્રમાદિત્ય ની ઉપાધિ ધારણ કરનાર ભારતનો 14 મો અને છેલ્લો શાસક હતો.

(D) <u>અકબર (ઈ.સ. 1556-1605)</u>

→ હૂમાયૂં ના નિર્વાસનકાળ દરમ્યાન અકબરનો જન્મ ઈ.સ. 1542 માં અમરકોટ ના **''રાણા વીરસાલ''** ના મહેલમાં થયો હતો.

→ અકબરની માતાનું નામ **''હમીદાબાનો બેગમ''** હતું.

→ અકબરનું રાજ્યાભિષેક બેરમ ખૉ ની દેખરેખમાં **''કલનોર''** (ગુરદાસપુર-પંજાબ) નામના સ્થળે ઈ.સ. 1556 માં થયું હતું.

→ અકબરના શિક્ષક ઈરાની વિદ્વાન **''અબ્દુલ લતીફ''** હતા.

→ તેણે **''જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહી ગાઝી''** ની ઉપાધિ ધારણ કરી રાજગાદ્દી પર બેઠો.

→ અકબરના વજીર - **''બૈરમ ખૉ''** હતા.

→ અકબર ઈ.સ. 1556 સુધી બૈરમ ખૉ ના સંરક્ષણમાં હતો.

→ પાણીપતનું બીજું યુદ્ધ :

- પાણીપતનું બીજું યુદ્ધ અકબર અને હેમૂ વિક્રમાદિત્ય વચ્ચે ઈ.સ. 1556 માં થયું હતું.
- બૈરમ ખૉ ની મદદથી અકબરે હેમૂને આ યુદ્ધમાં હરાવ્યો હતો.
- હેમૂ મુહમ્મદ આદિલશાહ સૂર નો પ્રધાનમંત્રી હતો.

→ બૈરમ ખૉ સાથે અકબરના મતભેદ અને મનભેદ થતાં બૈરમ ખૉ જ્યારે મક્કા જવા માટે ગુજરાત આવ્યા ત્યારે તેની હત્યા **''મુબારક ખૉ''** પાસેથી કરાવી દીધી હતી.

→ બૈરમ ખૉ અને અકબરની વચ્ચે **''તિલવાડા''** નામના સ્થળે યુદ્ધ થયું હતું જેમાં બૈરમ ખૉ પરાજિત થયો હતો.

→ બૈરમ ખૉ ની વિધવા **''સલીમા બેગમ''** સાથે અકબરે લગ્ન કરી અને તેના પુત્ર **''અબ્દુલ રહીમ''** નું પાલન-પોષણ કરી તેને **''ખાન-એ-ખાના''** ની ઉપાધિ આપી હતી.

→ <u>પેટીકોટ શાસન :</u>

બૈરમ ખૉની મૃત્યુ પછી ઈ.સ. 1560 થી 1562 સુધી અકબરના શાસનકાળમાં તેમની ધાયી મૉ **''માહમ અનગા''** નું પ્રભુત્વ હતું. આને જ ઈતિહાસકારો એ **''પેટિકોટ શાસન''** નામ આપ્યું છે.

→ **<u>અકબર દ્વારા જીતેલા પ્રદેશો :</u>**

ક્રમ	**પ્રદેશ/રાજ્ય**	**શાસક**	**વર્ષ**	**ખાસિયત**
1.	દિલ્હી	મુહમ્મદ આદિલશાહ સૂર (હેમૂ વિક્રમાદિત્ય	1556	-પાણીપતનું બીજું યુદ્ધ -અકબર અને બૈરમ ખૉ ના નેતૃત્વ માં
2.	માળવા	બાજબહાદુર	1561	-પીર મુહમ્મદા અને આધમ ખાને મુઘલોનું નેતૃત્વ કર્યું.
3.	ચુનાર	અફગાનો નું શાસન	1562	-મુગલો નું નેતૃત્વ અબ્દુલ્લા ખૉ
4.	ગોંડવાના	વીરનારાયણ અને દુર્ગાવતી	1564	-દુર્ગાવતીએ મુગલોને હરાવ્યા
5.	આમેર	ભારમળ	1562	-રાજપૂત રાજા ભારમળે સ્વેચ્છા થી અકબર નું શરણ સ્વીકાર્યું અને પુત્રી **''હરખાબાઈ''** ના લગ્ન અકબર સાથે કર્યા.
6.	મેડતા	જયમળ	1562	-મુગલોનું નેતૃત્વ સરફુદ્દીન
7.	મેવાડ (હલ્દીઘાટીનુ	ઉદયસિંહ	1568 1576	-અકબરે નેતૃત્વ કર્યું. -માનસિંહે નેતૃત્વ કર્યું.

	યુદ્ધ)	રાણા પ્રતાપ		
8.	રણથંભોર	સૂરજન રાયહાડા	1569	-ભગવાનદાસ અને અકબરે નેતૃત્વ કર્યું.
9.	કાલિંજર	રામચન્દ્ર	1569	-મુગલોનું નેતૃત્વ મજનૂખૉ કાકાશાહે
10.	મારવાડ	ચન્દ્રસેન	1570	સ્વેચ્છા થી અધીનતા સ્વીકારી
11.	જેસલમેર	રાવળ હરિરાય	1570	સ્વેચ્છા થી અધીનતા સ્વીકારી
12.	બીકાનેર	કલ્યાણમળ	1570	સ્વેચ્છાથી અધીનતા સ્વીકારી
13.	ગુજરાત	મુજફ્ફર ખૉ-તૃતીય	1571	મુગલોનું નેતૃત્વ મિર્ઝા અઝીઝ કોકા અને અકબર
14.	બિહાર-બંગાળ	દાઉદ ખૉ	1574	મુગલોનું નેતૃત્વ મુનીમ ખૉ
15.	કાબુલ	હકીમ મિર્ઝા	1581	માનસિંહ અને અકબર
16.	કાશ્મીર	યુસુફ ખૉ	1586	રાજા ભગવાનદાસ અન કાસિમ ખૉ
17.	ઓરિસ્સા	નિસાર ખૉ	1590	માનસિંહ
18.	સિન્ધ	જાનીબેગ	1593	અબ્દુલ રહીમ ખાન ખાના
19.	બલૂચીસ્તાન	પન્ની અફગાન	1595	મીર માસૂમ
20.	કન્ધાર	મુજફ્ફર હુસેન	1595	મુગલ સુબેદાર શાહબેગ

→ **<u>દક્ષિણ ભારતની વિજય :</u>**

1.	ખાનદેશ	અલી ખૉ	1591	સ્વેચ્છાથી અધિનતા સ્વીકારી
2.	દૌલતાબાદ	ચૉદ બીબી	1599	અકબર, મુરાદ, અબ્દુલ રહીમ ખાન ખાના, અબ્દુલ ફઝલ
3.	અહમદનગર	બહાદુરશાહ	1600	રાજકુમાર દાનિયાળ અને અબ્દુલ રહીમ ખાન ખાના
4.	અસીરગઢ	મીરન બહાદુર	1601	અકબર (આ અકબર નો છેલ્લો અભિયાન હતો.

અકબરનાં કેટલાંક મહત્વપૂર્ણ કાર્યો :-

ક્રમ	**કાર્ય**	**વર્ષ**
1.	હરમદળ થી મુક્તિ	ઈ.સ. 1562
2.	દાસપ્રથાનો અંત	ઈ.સ. 1562
3.	તીર્થયાત્રા કર સમાપ્ત	ઈ.સ. 1563
4.	જજિયા કર સમાપ્ત	ઈ.સ. 1564
5.	ફતેહપુર સીકરી ની સ્થાપના (રાજધાની બનાવી)	ઈ.સ. 1571
6.	જાગીરદારી પ્રથાનો અંત	ઈ.સ. 1575
7.	ઈબાદતખાના ની સ્થાપના	ઈ.સ. 1575
8.	ઈબાદતખાનામાં બધા ધર્મના લોકો નો પ્રવેશ	ઈ.સ. 1578
9.	મજહરની ઘોષણા	ઈ.સ. 1579
10.	દીન-એ-ઈલાહી ની સ્થાપના	ઈ.સ. 1582
11.	ઈલાહી સંવત ની શરૂઆત	ઈ.સ. 1583
12.	રાજધાની લાહોર સ્થાનાંતરિત	ઈ.સ. 1585

→ **<u>અકબરના દરબારના નવરત્ન :</u>**

(1) <u>અબ્દુલ રહીમ ખાન-ખાના :</u>

→ બૈરમ ખૉ નો પુત્ર

→ અકબરે ખાન-એ-ખાના ઉપાધિ આપી હતી.

→ સલીમ નો ગુરૂ

→ હિન્દી અને ફારસી નો પ્રખ્યાત વિદ્વાન

→ **''તુજક-એ-બાબરી''** નુ ફારસીમાં અનુવાદ કર્યું.

(2) <u>બીરબલ :</u>

- મૂળ નામ - મહેશ દાસ
- જન્મ- કાલ્પી (ઈ.સ. 1528)
- પોતાના બુદ્ધિ ચાતુર્ય માટે પ્રખ્યાત
- દીન-એ-ઈલાહી ધર્મ સ્વીકારવા વાળો પ્રથમ અને છેલ્લો હિન્દૂ શાસક બીરબલ હતો.

- અકબરે બીરબલ ને **''કવિપ્રિય''** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

- ઈ.સ. 1586 માં યુસુફઝાઈઓના વિદ્રોહને દબાવવામાં બીરબલની મૃત્યુ થઈ હતી.

(3) <u>ટોડરમલ :</u>

- અકબરના દીવાન

- ઈ.સ. 1580 માં ભૂરાજસ્વ વ્યવસ્થા માં **''જપ્તી પ્રણાલી''** (દહસાલ બંદોબસ્ત) અમલમાં મૂકનાર.

(4) <u>તાનસેન :</u>

- અકબર ના દરબારના પ્રખ્યાત સંગીતકાર, ગાયક

- જન્મ - ઈ.સ. 1506 માં ગ્વાલિયર માં એક બ્રાહ્મણ પરિવારમાં

- મૂળ નામ - રામતનું પાંડેય

- પ્રમુખ કૃતિઓ - **''મિયાઁ કી ટોડી'', ''મિયાઁ કા મલ્હાર'', ''મિયાઁ કા સારંગ'', ''દરબારી કાન્હરા''**

- અકબરે તાનસેન ને **''કંઠાભરણ વાણીવિલ્લાસ''** ની ઉપાધિ આપી હતી.

- તાનસેન, અકબરના દરબારમાં આવ્યા પહેલાં રીવાઁ ના રાજા **''રામચન્દ્ર''** ના દરબાર માં હતા.

- તાનસેન **''ધ્રુપદ''** ના મહાન ગાયક હતા.

- તાનસેન ના ગુરૂ - હરિદાસ

- ગ્વાલિયર ના સૂફી સંત **''મુહમ્મદ ગોસ''** ની પ્રેરણા થી તાનસેન એ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો.

(5) <u>મુલ્લા દો વ્યાજા :</u>

- આરબ નિવાસી

- પોતાની બુદ્ધિ ચાતુર્ય અને વાકપટુતા માટે પ્રખ્યાત

- ખોરાકમાં રોજ બે ડુંગળી લેવાના કારણે દો વ્યાજાની ઉપાધિ આપી.

(6) <u>હકીમ હુમામ :</u>

- અકબર ના ધનિષ્ઠ મિત્ર અને શાહી પાઠશાળા ના પ્રમુખ

(7) <u>અબુલ ફઝલ :</u>

- અબુલ ફઝલે **''અકબરનામા''** ગ્રંથની રચના કરી હતી.

- તે દીન-એ-ઈલાહી ધર્મનો મુખ્ય પુરોહિત હતો.

- **''અનવર-એ-સાદાત''**- **''પંચતંત્ર''** નું ફારસી ભાષામાં અનુવાદ અબુલ ફઝલે કર્યું.

- અબુલ ફઝલે **''આઈન-એ-અકબરી''** ગ્રંથ ની રચના કરી.

- ઈ.સ. 1602 માં **''સલીમ''** (જહાઁગીર) ના નિર્દેશ પર દક્ષિણથી આગરા તરફ આવી રહેલ અબુલ ફઝલ ને માર્ગમાં જ **''વીરસિંહ બુન્દેલા''** નામ ના વ્યક્તિએ હત્યા કરી દીધી.

(8) <u>રાજા માનસિંહ :</u>

- પ્રખ્યાત રાજપૂત સેનાનાયક

- હલ્દીઘાટી ના યુદ્ધ નું નેતૃત્વ કરનાર.

(9) <u>ફૈજી :</u>

- અબુલ ફઝલનો મોટો ભાઈ

- અકબર ના દરબાર નો **''રાજકવિ''**

- ગણિત ની પ્રખ્યાત પુસ્તક **''લીલાવતી''** નો ફારસીમાં અનુવાદ.

- સૂરદાસ દ્વારા રચિત **''નલ દમયન્તી કથા''** નું ફારસીમાં અનુવાદ કર્યું જેનું નામ **''સહેલી''** રાખ્યું.

- ઉચ્ચ કોટિ નો કવિ અને સાહિત્યકાર.

<u>અન્ય ફેક્ટસ :-</u>

→ અકબર ''નક્કારા'' (નગાડા) નામનું વાદ્યયંત્ર વગાડતો હતો.

→ મુગલોની રાજકીય ભાષા ''ફારસી'' હતી.

→ **<u>હલ્દીઘાટીનું યુદ્ધ :</u>**

- અકબર અને મહારાણા પ્રતાપ વચ્ચે

- 18 જૂન, 1576 ના રોજ

- મુગલોનું નેતૃત્વ - માનસિંહ અને આસફ ખાઁ

- આ યુદ્ધમાં અકબરનો વિજય.

- મહારાણા પ્રતાપ ની મૃત્યુ - ઈ.સ. 1597 માં.

→ ઈ.સ. 1572 માં અકબરે ગુજરાત જીત્યું તેની યાદમાં તેની રાજધાની ફતેહપુર સિકરી માં **''બુલંદ દરવાજો''** બંધાવ્યો.

→ ગુજરાત વિજય દરમિયાન અકબર સૌ પ્રથમ પોર્ટુગીઝો થી મળ્યો અને અહીંયા જ તેને સૌ પ્રથમ વખત **''દરિયા''** ને જોયો.

→ **''ગુજરાત અભિયાન''** ને ઈતિહાસકાર **''સ્મિથે''** સંસાર ના ઈતિહાસ નો સૌથી ઝડપી આક્રમણ કહ્યું છે.

→ **<u>અકબરના શાસનકાળ માં ધાર્મિક વિકાસ :</u>**

- અકબર ના સમકાલીન પ્રખ્યાત સૂફી સંત **''શેખ સલીમ ચિશ્તી''** હતા.

- શેખ સલીમ ચિશ્તીની યાદમાં જ તેના પુત્ર નું નામ **''સલીમ''** રાખ્યું હતું.

- ઈબાદતખાના માં ભાગ લેનાર વિદ્વાન :

<u>ક્રમ</u>	<u>વિદ્વાનનું નામ</u>	<u>ધર્મ</u>

1	પુરૂષોત્તમ અને દેવી	હિન્દૂ ધર્મ
2	હરિવિજય સૂરી, જિનચન્દ્ર સૂરી	જૈન ધર્મ
3	દસ્તૂરજી મેહરજી રાણા	પારસી ધર્મ
4	રૂકાબીબા અને માંસેરૉટ	ઈસાઈ ધર્મ
5	મુલ્લા અબ્દુલ નબી	મુસ્લિમ ધર્મ

- અકબરે જૈન ધર્મ ના જૈનાચાર્ય હરિવિજય સૂરી ને **''જગતગુરૂ''** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

- અકબરે **''સુલહકુલ''** એટલે બધાની સાથે શાંતિપૂર્ણ વ્યવહાર ની નીતિ અપનાવી હતી.

- અકબરે ફતેહપુર સિકરીમાં ઈ.સ. 1575 માં **''ઈબાદતખાનાં''** (પ્રાર્થના ભવન) શરૂ કર્યું. જેમાં બધાં ધર્મોની **''ધર્મસંસદ''** બેસતી હતી.

- ઈ.સ. 1582 માં અકબરે **''દીન-એ-ઈલાહી''** (તૌહીદ-એ-ઈલાહી) નામ નો ધર્મ સ્થાપ્યો.

- અકબરે વલ્લભાચાર્યના પુત્ર **''વિઠ્ઠલનાથ''** ને ગોકુલ અને જૈતપુરા ગામની જાગીર દાન માં આપી.

- અકબરે પારસી ધર્મ ગુરુ **''દસ્તૂર મેહરજી રાણા''** ને 200 વીઘા જમીન દાનમાં આપી.

- અકબરે **''ઝરોખા દર્શન'', ''તુલાદાન'' અને ''પેબોસ''** નામની પારસી પરંપરા શરૂ કરી.

- અકબરે ત્રીજા શીખ ગુરૂ **''અમરદાસ''** ને 500 વીઘા જમીન આપી જ્યાં અમૃતસર નગર અને સુવર્ણમંદિર બંધાવ્યું.

→અકબરે **''અબ્દુસ્સમદ''** ને **''શીરીકલમ''** અને **''મુહમ્મદ હુસૈન કશ્મીરી''** ને **''જડી કલમ''** ની ઉપાધિ આપી હતી.

→ **''ચાર બાગ''** બનાવવાની પરંપરા અકબરે શરૂ કરી હતી.

→ અકબરના શાસનકાળ ને **''હિન્દી સાહિત્ય''** નો **''સ્વર્ણકાળા''** (સુવર્ણયુગ) કહેવાય છે.

→ અકબરે **''અનુવાદવિભાગ''** ની સ્થાપના કરી હતી.

→નકીબ ખૉ, અબ્દુલ કાદિર બદાયૂંની અને શેખ સુલ્તાન એ **''રામાયણ''** અને **''મહાભારત''** નો ફારસી માં અનુવાદ કર્યો હતો.

→ **''રજમનામા''** - મહાભારત નો ફારસી અનુવાદ

→મોલાના હુસૈન ફૈજ એ **''પંચતંત્ર''** નું ફારસી ભાષામાં અનુવાદ **''યાર-એ-દાનિશ''** નામથી કર્યું.

→ **''અર્થવવેદ''**નું ફારસી ભાષામાં અનુવાદ હાજી ઈબ્રાહીમ સરહદી એ અને **''રાજતરંગિણી''** નું મુલ્લાશાહ મોહમ્મદ એ કર્યું હતું.

→ અકબરે આમેરના રાજા ભારમલના પુત્ર **''ભગવાનદાસ''**ને **''આમીર-ઉલ-ઉમરા''** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

→ અકબર ના શાસનકાળમાં **''સ્વામી હરિદાસ''** એક મહાન સંગીતકાર હતા. તે વૃંદાવન માં રહીને ભગવાનની ઉપાસના કરતા હતા. લોકવાયકા પ્રમાણે અકબર પોતે તેની ઝોપડી માં **''ગીત-સંગીત''** સાંભળવા ગયો હતો કારણકે તેમણે દરબારમાં આવવાની ના પાડી દીધી હતી.

<u>અકબર દ્વારા નિમિત સ્થાપત્યકળાના નમૂના :</u>

1	હૂમાયૂં નો મકબરો	દિલ્હી માં
2	લાલકિલ્લો	આગરા માં
3	અલ્હાબાદ નો કિલ્લો	અલ્હાબાદ માં
4	લાહોર નો કિલ્લો	લાહોર માં
5	શાહી મહેલ	ફતેહપુર સીકરી
6	દીવાન-એ-ખાસ	ફતેહપુર સીકરી
7	પંચમહલ	ફતેહપુર સીકરી
8	બુલંદ દરવાજો	ફતેહપુર સીકરી
9	જોધબાઈ નું મહેલ	ફતેહપુર સીકરી
10	ઈબાદતખાના	ફતેહપુર સીકરી

→ અકબરના દરબારના પ્રખ્યાત ચિત્રકાર **''અબ્દુલ સમદ''** હતો.

→ **''દસવંત''** અને **''બસાવન''** અકબર ના દરબાર ના ચિત્રકાર હતા.

→ અકબર ના શાસનકાળ ના પ્રમુખ ગાયક તાનસેન, બાજ બહાદુર, બાબા રામદાસ અને બૈજૂ બાવરા હતા.

→ અકબર ની શાસન- પ્રણાલી પ્રમુખ ખાસિયત **''મનસબદારી પ્રથા''** હતી.

→અકબરના સમયમાં ઉજબેગો, મિર્ઝાઓ અને યુસુફઝાઈઓ નો વિદ્રોહ થયો હતો.

→ **"જપ્તી પ્રણાલી"** (દહશાળા વ્યવસ્થા) ને અમલ માં લાવવા માટે **"કરોડી"** (જીલ્લા અધિકારી) ની નિમણૂક કરવામાં આવી હતી.

→ ઈ.સ. 1605 માં અકબર નું અવસાન થયું. **"સિકન્દરા"** નામના સ્થળે અકબરનો મકબરો છે જે જહાઁગીરે બંધાવ્યો છે.

→ **"ખાનદેશ"** ને **"દક્ષિણનો પ્રવેશ દ્વાર"** ગણવામાં આવતું હતું.

(E) <u>જહાઁગીર (ઈ.સ. 1605-1627)</u>

→ ઈ.સ. 1569 માં શેખ સલીમ ચિશ્તીના કુટિર, ફતેહપુર સિકરી માં જહાઁગીર નો જન્મ થયો હતો.

→ જહાઁગીર ની માતાનું નામ **"મારિયમ ઉજ્જમાની"** (હરખા બાઈ) હતું જે રાજા ભારમલની પુત્રી હતી.

→ અકબરે પોતાના પુત્રનું નામ સૂફી સંત શેખ સલીમ ચિશ્તીના નામ પરથી **"સલીમ"** રાખ્યું હતું.

→ અકબરનો ઉત્તરાધિકારી સલીમ હતો, જે ઈ.સ. 1605 માં **"નુરૂદ્દીન મુહમ્મદ જહાઁગીર બાદશાહી ગાઝી"** ના ઉપાધિ ધારણ કરી રાજગાદ્દી પર બેઠો.

→ સલીમ ના ગુરૂ **"અબ્દુલ રહીમ ખાનખાના"** હતા.

→ જહાઁગીર ના પ્રથમ લગ્ન આમેર ના રાજા **"ભગવાનદાસ"** ની પુત્રી **"માનબાઈ"** ની સાથે થયાં જેને **"શાહબેગમ"** નું પદ આપ્યું.

→ જહાઁગીર ને **"ન્યાય ની સાંકળ"** માટે યાદ કરવામાં આવે છે. આ સાંકળ સોનાની હતી, જે આગરાના કિલ્લામાં લગાડવામાં આવી હતી. સમ્રાટને પોતાની ફરિયાદ સંભાળવા માટે આ સાંકળનો ઉપયોગ કરવામાં આવતો હતો.

→ જહાઁગીરના સૌથી મોટા પુત્ર **"શહજાદા ખુસરો"** એ ઈ.સ. 1606 માં પોતાના પિતા ની વિરૂદ્ધ વિદ્રોહ કરી દીધો હતો. ખુસરો અને જહાઁગીર ની સેનાની વચ્ચે યુદ્ધ જાલંધર ની નજીક **"ભૈરોવાળ"** નામના મેદાનમાં થયું હતું. ખુસરાને પકડી ને કારાવાસમાં નાખી દીધો હતો.

→ ખુસરો ની મદદ કરવાના કારણે જહાઁગીર એ શીખો ના પાંચમાં ગુરૂ **"અર્જુનદેવ"** ને ફાસી આપી દીધી.

→ **<u>નૂરજહાઁ :</u>**

- મૂળ નામ - મેહરૂનિસ્સા
- તેહરાન ના નિવાસી મિર્ઝા ગ્યાસબેગની પુત્રી
- ફારસના અલીકુલીબેગ ની પત્ની
- જહાઁગીર એ ઈ.સ. 1611માં **"શેર-એ-અફઘાન"** (અલીકુલીબેગ) ની વિધવા **"મેહરૂનિસ્સા"** થી લગ્ન કરી લીધા, જે પછી થી **"નૂરજહાઁ"** નામે ખ્યાતિ પામી.
- નૂરજહાઁ ની માતા **"અસ્મત બેગમ"** એ ગુલાબથી **"ઈત્ર"** (અત્તર) નિકાળવાની પદ્ધતિ શોધી હતી.
- નૂરજહાઁના સમ્માન માં જહાઁગીરે **"ચાંદી"** ના સિક્કા બહાર પાડ્યા હતા.
- શેર-એ-અફગાન અને મેહરૂનિસ્સાના પુત્રી **"લાડલી બેગમ"** હતી, જેના લગ્ન જહાઁગીર ના પુત્ર **"શહરયાર"** સાથે થયા હતા.

→જહાઁગીર શહજદા ખુર્રમને મહારાણા પ્રતાપના પુત્ર **"અમરસિંહ"** ની વિરૂદ્ધ સૈન્ય અભિયાનની કમાન સોંપી, જેમાં સફળતા પ્રાપ્ત કરી અમરસિંહને સંધિ કરવા માટે મજબૂર કરી દીધો.

→ જહાઁગીરે રાણા અમરસિંહ અને તેના પુત્ર કરણસિંહ ની સંગેમરમરની બે મૂર્તિઓ બનાવીને પોતાના રાજમહેલના બાગમાં સ્થાપી.

→ અહમદનગરના વજીર **"મલિક અંબર"** ની વિરૂદ્ધ સફળતાથી પ્રસન્ન થઈને જહાઁગીરે **"ખુર્રમ"** ને **"શાહજહાઁ"** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

→ **<u>કન્ધાર નો મામલો :</u>**

- કન્ધાર ને અકબરે મુઘલ સામ્રાજ્ય નો અંગ (ભાગ) બનાવ્યો હતો.
- ઈ.સ. 1621 માં શાહ અબ્બાસે (ફારસ નો શાસક) વિશાળ સેના સાથે કન્ધાર પર હુમલો કરી દીધો.
- જહાઁગીરે ખુર્રમ (શાહજહાઁ) ને સેનાનું નેતૃત્વ કરવાનું કહ્યું પરન્તુ શાસન માં નૂરજહાઁ ના પ્રભાવ ના કારણે શાહજહાઁ એ નેતૃત્વ કરવાની ના પાડી દીધી.
- આમ, શાહ અબ્બાસે ઈ.સ. 1622 માં કન્ધાર પર અધિકાર કરી લીધો અને કન્ધાર મુઘલો ના હાથમાંથી નીકળી ગયું.

→ જહાઁગીરે મિર્ઝા ગ્યાસ બેગ ને શાહી દીવાન બનાવ્યો અને **"ઈત્માદ-ઉદ-દોલા"** ની ઉપાધિ પ્રદાન કરી હતી. જહાઁગીર ના શાસનકાળ માં ઈરાનીઓ ને ઉચ્ચ પદ પ્રાપ્ત થયા હતા.

→જહાઁગીરના પાંચ પુત્રો હતા - (1)ખુસરો (2) પરવેજ (3) ખુર્રમ (4) શહરયાર (5) જહાઁદાર

→મહાવત ખૉ એ ઝેલમ નદીના કિનારે ઈ.સ. 1626 માં જહાઁગીર, નૂરજહાઁ અને તેના ભાઈ આસફ ખૉ ને બંદી બનાવી દીધા હતા.

→ઈ.સ. 1627 માં **''ભીમવાર''** નામ ના સ્થળે જહાઁગીર નું અવસાન થયું હતું. તેને **''શાહદરા''** (લાહોર) માં **''રાવી નદી''** નાં કાંઠે દફનાવવામાં આવ્યો હતો.

→ જહાઁગીર ના મકબરાનું નિર્માણ **''નૂરજહાઁ''** એ કરાવ્યું હતું.

→ જહાઁગીર ના શાસનકાળ માં પ્રથમ અંગ્રેજ મિશન **''કેપ્ટન હૉકિન્સ''** ના નેતૃત્વમાં મુઘલ દરબારમાં આવ્યો હતો, (ઈ.સ. 1608-1611) જે વેપારી પરવાનગી પ્રાપ્ત કરી શક્યો નહિ. જહાઁગીરે હૉકિન્સ ને 400 મનસબ ની જાગીર આપી હતી.

→ **''સર ટૉમસ રો''** ના નેતૃત્વ માં બીજું મિશન ભારત આવ્યું હતું. (ઈ.સ. 1615-1618), જે વેપારી પરવાનગી પ્રાપ્ત કરી શક્યું હતું.

→ જહાઁગીર ના શાસનકાળમાં ઈ.સ. 1613 માં અંગ્રેજોએ **''સૂરત''** માં પ્રથમ વેપારી કોઠીની સ્થાપના કરી હતી.

→ **''વિલિયમ ફિંચ''** અને **''એડવર્ડ ટેરી''** જેવા યુરોપીય યાત્રીઓ પણ જહાઁગીર ના દરબારમાં આવ્યા હતા.

→ અશોકના કૌસામ્બી સ્તંભ (વર્તમાન માં પ્રયાગ) ઉપર સમુદ્રગુપ્તની પ્રયાગ પ્રશસ્તિ અને જહાઁગીર નો લેખ કોતરેલો છે.

→ **''એતમાદ-ઉદ-દૌલા''** (નૂરજહાઁ ના પિતા) નો મકબરો નૂરજહાઁ એ ઈ.સ. 1626 માં બનાવ્યો હતો. મુઘલકાળની વાસ્તુકળા ની અન્તર્ગત નિમિતિ આ પ્રથમ એવી ઈમારત છે, જે પૂર્ણરૂપ ની સફેદ સંગેમરમર થી બનેલી છે. સૌ પ્રથમ આ મકબરા માં જ **''પિતરા દુરા''** (પિટ્રા ડૂરા) નામની કારીગરી નો ઉપયોગ થયો હતો.

→ જહાઁગીર ના સમય ને **''ચિત્રકળા નો સુવર્ણયુગ''** કહેવાય છે.

→ જહાઁગીરે **''આગા રજા''** ના નેતૃત્વ માં આગરા માં એક **''ચિત્રશાળા''** ની સ્થાપના કરી હતી.

→ જહાઁગીર ના દરબાર ના પ્રમુખ ચિત્રકાર હતા - (1) આગા રજા (2) ઉસ્તાદ મંસૂર (3) અબુલ હસન (4) મુહમ્મદ મુરાદ (5) મુહમ્મદ નાસિર (6) વિશનદાસ (7) ફારૂખ બેગ (8) મનોહર અને ગોવર્ધન.

→ ઉસ્તાદ મંસૂર ને **''નાદિર-અલ-ઉસ''** અને અબુલ હસનને **''નાદિર-ઉજ્જમા''** ની ઉપાધિ જહાઁગીરે આપી હતી.

→ **''હમજાનામા''** નો વિષય **''ચિત્રકળા''** છે.

→ જહાઁગીરે પોતાની આત્મકથા માં લખ્યું છે કે, તે ચિત્રકળાનો એવો જાણકાર હતો કે કોઈ પણ ચિત્ર કોણે બનાવ્યું છે તે તરત જ બતાવી દેતો હતો. કોઈ ચિત્રમાં એક વસ્તુ એક વ્યક્તિએ અને બીજી વસ્તુ બીજી વ્યક્તિ બનાવી હોય તો પણ જહાઁગીર કઈ વસ્તુ કોણે બનાવી છે તે બતાવી દેતો હતો.

→ જહાઁગીર એ ફારસી ભાષામાં પોતાની આત્મકથા **''તુજુક-એ-જહાઁગીરી''** ની રચના કરી હતી. જેને પૂરી કરવાનો શ્રેય **''મોતબિંદ ખૉ''** ને જાય છે.

→ જહાઁગીર નું બીજુ લગ્ન મારવાડ ના શાસક ઉદયસિંહ ની પુત્રી **''જગત ગોસાઈ''** (જોધાબાઈ) થી થયું હતું, જેનાથી ખુર્રમ (શાહજહાઁ) પેદા થયો હતો.

→ જહાઁગીરે **''સૂરદાસ''** ને સંરક્ષણ આપ્યું હતુ તેના કાળ માં જ **''સૂરસાગર''** નામ ના ગ્રંથની રચના કરી હતી.

→ અફગાન સૌ પ્રથમ જહાઁગીર ના શાસન કાળ માં જ મુગલો ના મિત્ર બન્યા હતા તેમણે પણ મનસબદાર બનાવવામાં આવ્યા. આ કાળમાં જ ભારતીય મુસલમાન જેમણે **''શેખજાદા''** કહેતા હતા, ને પણ મનસબદાર બનાવવામાં આવ્યા.

→ જહાઁગીરે ઈ.સ. 1612 માં **''રક્ષાબંધન''** તહેવારની શરૂઆત કરી અને દિવાળીના દિવસે જુગાર રમવાની પરવાનગી આપી.

(F) <u>શાહજહાઁ (ઈ.સ. 1627-1658)</u>

→ શાહજહાઁ જોધપુરના શાસક ઉદયસિંહની પુત્રી **''જગતગોસાઈ''** (જોધાબાઈ) નો પુત્ર હતો.

→ શાહજહાઁ ના બાળપણનું નામ **''ખુર્રમ''** હતું.

→ અહમદનગર ના વજીર **''મલિક અંબર''** ની વિરૂદ્ધ સફળતા થી પ્રસન્ન થઈ ને **''જહાઁગીરે''** ખુર્રમ ને **''શાહજહાઁ''** ની ઉપાધિ આપી હતી.

→ શાહજહાઁ ના લગ્ન નૂરજહાઁના ભાઈ આસફ ખાઁ ની પુત્રી **''અંજુમન બાનો બેગમ''** સાથે થયા હતા જેને **''મુમતાજ મહલ''** પણ કહેવામાં આવે છે.

→ જહાઁગીરના સૌથી નાના પુત્ર **''શહરયાર''** ના લગ્ન નૂરજહાઁ અને અલી કુલીબેગની પુત્રી **''લાડલી બેગમ''** થી થયાં હતા.

→ શાહજહાઁ એ આસફ ખાઁ ની મદદ થી રાજગાદ્દી પ્રાપ્ત કરી હતી.

→ શાહજહાઁ એ આસફ ખાઁ ને **''વજીર''** નું પદ અને મહાવત ખાઁ ને **''ખાનખાના''** ની ઉપાધિ પ્રદાન કરી હતી.

→ શાહજહાઁ એ નૂરજહાઁ ને 2 લાખ રૂપિયા પ્રતિવર્ષ પેન્શન આપીને લાહોર માં વસવાટ કરાવી દીધું, જ્યાં ઈ.સ. 1645 માં તેની મૃત્યુ થઈ હતી.

→ શાહજહાઁ એ ઈ.સ. 1632 માં અહમદનગર ને મુઘલ સામ્રાજ્ય માં મળાવી દીધો.

<u>શાહજહાઁ ના શાસનકાળમાં સ્થાપત્યકળા :</u>

→ શાહજહાઁના શાસનકાળને **''સ્થાપત્યકળા નો સુવર્ણયુગ''** કહેવાય છે.

→ **<u>તાજમહેલ :</u>**

- શાહજહાઁ એ પોતાનો અને પોતાની બેગમ મુમતાઝ મહલ નો મકબરો **''આગરા''** માં બનાવ્યો, જે **''તાજમહલ''** ના નામ થી પ્રખ્યાત છે.

- **''ઉસ્તાદ ઈશાખાઁ''** એ તાજમહલની રૂપરેખા તૈયાર કરી હતી.

- તાજમહાલન નું નિર્માણ કરવાવાળો મુખ્ય સ્થાપત્ય કલાકાર **''ઉસ્તાદ અહમદ લાહોરી''** હતો.

- તાજમહલ ના નિર્માણમાં વપરાયેલ સંગેમરમર **''મકરાના''** (રાજસ્થાન) થી લાવવામાં આવ્યો હતો.

- તાજમહલના નિર્માણમાં 20 વર્ષનો સમય લાગ્યો હતો. આનું નિર્માણ કાર્ય ઈ.સ. 1632 માં શરૂ થયું હતું.

- હૂમાયૂઁના મકબરાને તાજમહલ નો પૂર્વવર્તી માનવામાં આવે છે.

→ શાહજહાઁ એ દિલ્હીની નજીક **''શાહજહાઁનાબાદ''** નગર (ઈ.સ. 1638) ની સ્થાપના કરી હતી અને તેને પોતાની રાજધાની બનાવી હતી. વર્તમાન માં આને જ **''જૂની દિલ્હી''** ના નામે ઓળખવામાં આવે છે.

→ આમાં જ તેણે સલામતી દુર્ગ નું નિર્માણ કરાવ્યું હતું, જેને **''લાલ કિલ્લો''** (કિલ્લા-એ-મુબારક) ના નામે ઓળખવામાં આવે છે.

→ તેણે આ જ કિલ્લામાં **''દીવાન-એ-આમ'' અને ''દીવાન-એ-ખાસ''** નું નિર્માણ કરાવ્યું હતું.

<u>અન્ય સ્થાપત્ય :</u>

1.	દીવાન-એ-આમ	આગરા
2.	દીવાન-એ-ખાસ	આગરા
3.	નગીના મસ્જિદ	આગરા
4.	મોતી મસ્જિદ	આગરા
5.	જામા મસ્જિદ (શાહજહાઁની પુત્રી **''જહાઁઆરા''** એ નિર્માણ કરાવ્યું)	આગરા
6.	શીશ મહેલ	આગરા
7.	મચ્છી ભવન	આગરા
8.	શાહબુર્જ	આગરા
9.	દીવાન-એ-આમ	આગરા
10.	શાહબુર્જ	લાહોર
11.	શીશ મહેલ	લાહોર
12.	નૌલખાં મહેલ	લાહોર
13.	ખ્વાબ મહેલ	લાહોર
14.	જામા મસ્જિદ	દિલ્હી
15.	મોતી મહેલ	દિલ્હી
16.	હીરા મહેલ	દિલ્હી
17.	રંગ મહેલ	દિલ્હી
18.	નહર -એ-બહિરત	દિલ્હી

→ **''મયૂર સિંહાસન''** નું નિર્માણ શાહજહાઁ એ કરાવ્યું હતું. આનો મુખ્ય સ્થાપત્ય કળાકાર **''બે બાદલ ખાઁ''** હતો. બાદશાહ ના સિંહાસન (રાજગાદી) ની પાછળ **''પિતરા-દુરા''** (પિટ્રા-ડૂરા) ની નક્કાશી બનાવવામાં આવી હતી જેમાં પૌરાણિક યૂનાની દેવતા **''આફ્રિયસ''** ને વીણા બગાડતા ચિત્રિત કરવામાં આવ્યો છે.

→ **''મોહમ્મદ સૈયદ''** (મીર જુમલા) નામ ના એક ફારસી વેપારી જે ગોલકુન્ડા નો વજીર હતો તેમણે શાહજહાઁ ને **''કોહિનૂર હીરા''** ની ભેટ આપી.

→ આ કોહિનૂર હીરો શાહજહાઁ એ **''મયૂર સિંહાસન''** પર લગાવડાવ્યો.

★ **અન્ય ફેક્ટસ :**

→ શાહજહાઁ ના દરબાર ના પ્રમુખ ચિત્રકાર **"મૂહમ્મદ ફકીર"** અને **"મીર હાસિમ"** હતા.

→ શાહજહાઁના દરબારમાં **"બંસીધર મિશ્ર"** અને **"હરિનારાયણ મિશ્ર"** નામના બે સંસ્કૃતના કવિ હતા.

→ શાહજહાઁ એ સંગીતજ્ઞ **"લાલ ખાઁ"** ને **"ગુણ સમન્દર"** ની ઉપાધિ આપી હતી.

→ શાહજહાઁ ના દરબારમાં **"કવીન્દ્રાચાર્ય"** અને **"જગન્નાથ પંડિત"** સંસ્કૃતના પ્રખ્યાત વિદ્વાન હતા.

→ કવિ જગન્નાથ પંડિત એ **"રસગંગાધર"** અને **"ગંગાલહેરી"** નામ ના ગ્રંથની રચના કરી હતી.

→ શાહજહાઁ ના ચાર પુત્ર હતા

(1)દારા શિકોહ (2) શુજા (3) ઔરંગાઝેબ અને (4) મુરાદ

→ શાહજહાઁનો પુત્ર **"દારા શિકોહ"** પ્રખ્યાત વિદ્વાન હતો, આને ભગવદ્ગીતા, યોગવશિષ્ઠ, ઉપનિષદ અને રામાયણનો ફારસી ભાષા માં અનુવાદ કરાવ્યો હતો.

→ દારાશિકોહ એ ઉપનિષદ નું ફારસી અનુવાદ **"સિર્ર-એ-અકબર"** નામે કર્યું.

→ દારાશિકોહ કાદિરી સિલસિલાના **"મુલ્લા શાહ બદખ્શી"** નો શિષ્ય હતો.

→ **"શાહ બુલંદ ઈકબાલ"** (King of Lofty Fortune) ના રૂપે **"દારાશિકોહ"** ઓળખાય છે.

→ શાહજહાઁ ના શાસનકાળ માં ફાંસીસી બર્નિયર - **"ચિકિત્સક"** અને ફાંસીસી ટવર્નિયર - **"ઝવેરાત અને મોતી નો જાણકાર"** ભારતમાં આવ્યા હતા.

→ શાહજહાઁના સમયમાં **"ખાનેજહાઁ લોદીનો વિદ્રોહ"** (ઈ.સ. 1628) થયો અને **"કન્ધાર"** (ઈ.સ. 1648) મુઘલોના હાથમાંથી હંમેશા માટે નીકળી ગયો.

→ શાહજહાઁ બીમાર થતાં તેમના પુત્રોમાં રાજગાદ્દી માટે યુદ્ધ શરૂ થઈ ગયું.

→ 25 એપ્રિલ, 1658 ના રોજ દારાશિકોહ અને ઔરંગઝેબની સેના વચ્ચે **"ધરમતનું યુદ્ધ"** (ઉજ્જૈન) થયું હતું. આ યુદ્ધમાં દારાશિકોહ પરાજિત થયો હતો. આ વિજયના ઉપલક્ષ્યમાં ઔરંગઝેબ એ **"ફતેહાબાદ"** નામનો નગર વસાવ્યો હતો.

→ 8 જૂન, 1658 ના રોજ દારાશિકોહ અને ઔરંગઝેબ ની સેના વચ્ચે **"સામૂગઢ નું યુદ્ધ"** થયું હતું. આ યુદ્ધ માં પણ દારાશિકોહ પરાજિત થયો હતો.

→ એપ્રિલ, 1659 માં દારાશિકોહ અને ઔરંગઝેબની સેના વચ્ચે ઉત્તરાધિકાર નું છેલ્લું યુદ્ધ **"દેવરાઈ ની ઘાટી નું યુદ્ધ"** (અજમેર) થયું હતું. આ યુદ્ધમાં દારાશિકોહને ઔરંગઝેબે મોતના ઘાટ ઉતારી દીધો.

→ ઔરંગઝેબે શાહજહાઁને કેદ કરી લીધો. 8 વર્ષ સુધી કેદમાં રાખ્યો અને જેલમાં તેનું મૃત્યુ થઈ ગયું.

→ શાહજહાઁ એ **"ઈલાહી સંવત"** ની જગ્યાએ **"હિજરી સંવત"** ચલાવ્યો હતો.

→ શાહજહાઁ એ હિન્દુઓ પર થોડા સમય માટે **"તીર્થયાત્રા કર"** લગાવ્યો હતો.

→ અકબર અને જહાઁગીરના ગૌહત્યા નિષેધના આદેશને સમાપ્ત કરી દીધો.

→ શાહજહાઁ એ હિન્દુઓને મુસલમાન બનાવવા માટે એક અલગ વિભાગ ખોલ્યું હતું.

(G) ઔરંગઝેબ (ઈ.સ. 1618-1707) :

→ ઔરંગઝેબ નો જન્મ 3 નવેમ્બર, 1618 ના રોજ ગુજરાત ના **"દાહોદ"** માં મુમતાઝ મહેલ ની ખૂકે થી થયો હતો.

→ ઔરંગઝેબ ના લગ્ન **"દિલરાસ બાનો બેગમ"** (રઝિયા બીબી) સાથે થયા હતા.

→ ઔરંગઝેબ ના ગુરૂ **"મીર મુહમ્મદ હકીમ"** હતા.

→ ઈ.સ. 1658 માં આગરામાં ઔરંગઝેબનો પ્રથમ રાજ્યાભિષેક થયો હતો. દેવરાઈના યુદ્ધ માં સફળ થયાં પછી ઔરંગઝેબે દિલ્હી માં ફરીથી રાજ્યાભિષેક કરાવ્યો હતો.

→ ઔરંગઝેબ **"સુન્ની"** ધર્મને માનતો હતો, તેને **"જિંદાપીર"** તરીકે ઓળખવામાં આવે છે.

→ ઔરંગઝેબે **"કુરાન"** ને પોતાના શાસન નો આધાર બનાવ્યો હતો. તેણે **"નવરોજ ઉત્સવ", "ઝરોખા દર્શન", "તુલાદાન પ્રથા"** કે જે અકબરે શરૂ કરી હતી, તેણે બંધ કરાવી દીધી હતી.

→ ઔરંગઝેબે ઈ.સ. 1679 માં **"જજિયા વેરો"** ફરી શરૂ કર્યો.

→ ઔરંગઝેબ ઈ.સ. 1679 માં ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) માં તાજમહેલ જેવું જ **"બીબી કા મકબરા"** બંધાવ્યું જેને **"બીજું તાજમહેલ"** કહેવાય છે.

→ ફાંસીસી યાત્રી **"ફાંકોઈસ બર્નિયર"** ઔરંગઝેબ ના ચિકિત્સક હતા.

→ ઔરંગઝેબના સમયમાં હિન્દુ મનસબદારોની સંખ્યા લગભગ 337 હતી, જે અન્ય મુઘલ સમ્રાટોની સરખામણીમાં ખૂબજ વધુ હતી.

→ ઔરંગઝેબ સૌથી વધુ હિન્દૂ અધિકારીઓની નિમણૂક કરવા વાળો મુઘલ સમ્રાટ હતો.

→ ઔરંગઝેબના શાસનકાળમાં મુઘલ સેનામાં સૌથી વધુ હિન્દૂ સેનાપતિ હતા.

→ ઔરંગઝેબ **"દારૂલ હર્બ"** (કાફિરાનો દેશ) ને **"દારૂલ ઈસ્લામ"** (ઈસ્લામ નો દેશ) માં પરિવર્તિત કરવાને પોતાનો મહત્વનો લક્ષ્યાંક માનતો હતો.

→ ઔરંગઝેબ એ ઈ.સ. 1665 માં હિન્દૂ મંદિરોને તોડવાનો આદેશ આપ્યો હતો. આના શાસનકાળમાં સોમનાથનું મંદિર, બનારસનું વિશ્વનાથ મંદિર, કેશવરાય મંદિર (જહાઁગીર કાળમાં મથુરામાં વીરસિંહ દેવ ધ્વારા બનાવેલ) વગેરેને તોડવામાં આવ્યા હતા.

→ ઔરંગઝેબના દરબાર માં સંગીત પર પ્રતિબંધ લગાડી દેવામાં આવ્યો અને સરકારી સંગીતકારો ને રિટાયરમેન્ટ આપી દેવામાં આવી.

→ ફકીરૂલ્લાહ એ **"માન કૌતૂહલ"** નું **"રાગદર્પણ"** ના નામ થી અનુવાદ કરી ઔરંગઝેબ ને અર્પિત કરી હતી.

→ ભારતીય શાસ્ત્રીય સંગીત પર ફારસી ભાષામાં સૌથી વધુ પુસ્તકો ઔરંગઝેબના શાસનકાળમાં જ લખવામાં આવી હતી.

→ ઔરંગઝેબ વીણા વગાડવામાં નિષ્ણાત હતો.

→ ઔરંગઝેબ ના પુત્ર **"અકબરે"** દુર્ગાદાસના કહેવામાં આવીને પોતાના પિતાની વિરૂદ્ધ વિદ્રોહ કરી દીધો.

→ **<u>જાટ વિદ્રોહ (1667-1685)</u>**

- ઔરંગઝેબ ના સમય માં થયેલ જાટ વિદ્રોહ નું નેતૃત્વ **"ગોકુળા"** અને **"રાજારામ"** એ કર્યું હતું.

- ઈ.સ. 1670 માં **"તિલપત ના યુદ્ધ"** માં જાટ પરાજીત થયા હતા અને ગોકુળા ને મારી નાખવામાં આવ્યો.

- ઈ.સ. 1685 માં જાટો એ રાજારામ ના નેતૃત્વમાં ફરી વિદ્રોહ કર્યો હતો.

- આ જાટો એ સિકન્દરા માં આવેલ અકબરના મકબરા ને પણ લૂંટયું.

- ભરતપુર રાજવંશ નો પાયો ઔરંગઝેબ ના શાસનકાળ માં જાટ નેતા અને રાજારામ ના ભત્રીજા **"ચૂડામણે"** નાખ્યો હતો.

→ ઈ.સ. 1685માં બીજાપુર અને ઈ.સ. 1687 માં ગોલકુન્ડાને ઔરંગઝેબ એ મુઘલ સામ્રાજય માં મળાવી લીધા હતા.

→ **"મદન્ના"** અને **"અકન્ના"** નામ ના બ્રાહ્મણો નો સંબંધ ગોલકુન્ડા ના શાસક અબુલ હસન થી હતો.

→ શિવાજી અને જયસિંહ ની વચ્ચે **"પુરન્દર ની સંધિ"** 22 જૂન, 1665 ના રોજ થઈ હતી.

→ શિવાજી ઔરંગઝેબ ની સામે મે, 1666 માં આગરાના કિલ્લા ના દિવાન-એ-આમ માં હાજર થયાં હતા. શિવાજી ને કૈદ કરી **"જયપુર ભવન"** માં રાખવામાં આવ્યા હતા.

→ શીખો ના 9 માં ગુરૂ **"તેગબહાદુર"** ની હત્યા ઔરંગઝેબ એ ઈ.સ. 1675 માં દિલ્હી માં ઈસ્લામ ધર્મ સ્વીકાર ન કરવાના કારણે કરાવી દીધી હતી.

→ ઔરંગઝેબે જનતા ની આર્થિક તકલીફો ના નિકાલ માટે **"રાહદારી"** અને **"પાનદારી"** કર નાબૂદ કર્યા હતા.

→ ઔરંગઝેબે **"હિન્દૂ તહેવારો"** જાહેર માં ઉજવવા પર પ્રતિબંબ લગાવી દીધો હતો.

→ ઔરંગઝેબ નું રાજયવિસ્તાર (સામ્રાજય) મુઘલોમાં સૌથી વધુ હતું.

→ ઔરંગઝેબને **"શાહી દરવેશ"** તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ ઔરંગઝેબે ઈ.સ. 1663 માં **"સતીપ્રથા"** પર પ્રતિબંધ લગાવી દીધો.

→ જનતા પવિત્ર કાયદો (શરિયત) ના પ્રમાણે આચરણ કરી રહી છે કે નહિ, તેની દેખરેખ માટે ઔરંગઝેબ એ **"મુહતસિંબ"** નામ ના અધિકારી ની નિમણૂક કરી હતી.

→ ઈ.સ. 1704 માં શીખો ના ગુરુ ગોવિંદ સિંહે ઔરંગઝેબ ને એક પત્ર લખ્યો હોત, જેને **"જફરનામા"** કહેવાય છે.

→ ઔરંગઝેબની મૃત્યુ ઈ.સ. 1707 માં થઈ હતી. તેને **"દૌલતાબાદ"** માં **"ફકીર બુરહાનુદ્દીન"** ની કબર ના અહાત માં દફનાવવામાં આવ્યો.

મુઘલ શાસકો ના મકબરા :

ક્રમ	શાસક	મકબરો
1.	બાબર	કાબુલ
2.	હૂમાયૂઁ	દિલ્હી (હાજી બેગમ ધ્વારા નિમિત)
3.	અકબર	સિકન્દરા (આગરા) (જહાઁગીરે બનાવેલ)
4.	જહાઁગીર	શાહદરા (લાહોર) (નૂરજહાઁ એ બનાવેલ)
5.	શાહજહાઁ	આગરા
6.	ઔરંગઝેબ	દૌલતાબાદ (ઔરંગાબાદ)

મુઘલકાળ ના સ્થાપત્યો :

ક્રમ	સ્થાપત્ય	સ્થળ	શાસક (બનાવનાર)
1.	કાબુલીબાગમાં આવેલી મસ્જિદ	પાણીપત	બાબર
2.	જામા મસ્જિદ	સંભળ(રૂહેલખંડ)	બાબર
3.	બાબરી મસ્જિદ	અયોધ્યા	મીરબકી (બાબરનો સેનાપતિ)
4.	દીનપનાહ નગર	દિલ્હી	હૂમાયૂઁ
5.	ધર્મ શરણસ્થળ (પુરાના કિલ્લા)	દિલ્હી	હૂમાયૂઁ
6.	કિલ્લા-એ-કુહના	દિલ્હી	શેરશાહ
7.	શેરશાહનો મકબરો	સાસારામ (બિહાર)	શેરશાહ
8.	આગરા નો કિલ્લો	આગરા	અકબર
9.	જહાઁગીર મહલ	ફતેહપુર સિકરી	અકબર
10.	પંચમહાલ (હવા મહલ)	ફતેહપુર સિકરી	અકબર
11.	મરિયમ મહલ	ફતેહપુર સીકરી	અકબર
12.	શેખ સલીમ ચિશ્તી નો મકબરો	ફતેહપુર સીકરી	અકબર
13.	ઈસ્લામશાહ નો મકબરો (શેખ સલીમ ચિશ્તીના પૌત્ર)	ફતેહપુર સીકરી	અકબર
14.	અલ્હાબાદ નો 40 થાંભલા વાળો કિલ્લો	અલ્હાબાદ	અકબર
15.	ઐતમાદ-ઉલ-દૌલા નો મકબરો	આગરા	નૂરજહાઁ
16.	બીરબલ મહેલ	ફતેહપુર સીકરી	અકબર
17.	જોધાબાઈનું મહેલ	ફતેહપુર સીકરી	અકબર
18.	બાદશાહી મસ્જિદ	લાહોર	ઔરંગઝેબ
19.	બીબા કા મકબરા	ઔરંગાબાદ	ઔરંગઝેબ
20.	મોતી મસ્જિદ	દિલ્હી ના લાલ કિલ્લામાં	ઔરંગઝેબ

મુઘલકાળના બાગ :

ક્રમ	બાગ	સ્થળ	નિર્માણકર્તા
1.	રામબાગ(હશ્ત બહિસ્ત)	આગરા	બાબર
2.	નિશાંત બાગ	શ્રીનગર	જહાઁગીર
3.	શાલીમાર બાગ	શ્રીનગર	જહાઁગીર
4.	શાલીમાર બાગ	લાહોર	શાહજહાઁ
5.	હયાત બખ્શ	લાલ કિલ્લો (દિલ્હી)	શાહજહાઁ
6.	શાલીમાર બાગ	દિલ્હી	શાહજહાઁ
7.	વજીર બાગ	કાશ્મીર	દારાશિકોહ
8.	ચહારબુર્જ બાગ	લાહોર	જેબુન્નિસા

મુઘલકાલીન સાહિત્ય :

ક્રમ	સાહિત્ય (ગ્રંથ)	લેખક	વિષય
1.	બાબરનામા (તુજુક-એ-બાબરી)	બાબર	ઈ.સ. 1504-1529 સુધી ની રાજનૈતિક ઈતિહાસનું વર્ણન મળે છે.
2.	તારીખ-એ-રસીદી	મિર્ઝા હૈદર દોગલત	-હૂમાયૂં નો ઈતિહાસ
3.	હૂમાયૂંનામા	ગુલબદન બેગમ	-બાબર અને હૂમાયૂં નો ઈતિહાસ
4.	તોહફા-એ-અકબરશાહી	અબ્બાસ ખાઁ શેરવાની	-અકબર અને શેરશાહ નો ઈતિહાસ
5.	તારીખ-એ-અલફી	મુલ્લા દાઉદ	-ઈસ્લામ ધર્મ ના 1000 વર્ષ પૂરા થવા પર અકબર ના આદેશ પર લખવામાં આવી.
6.	અકબરનામા (આઈન-એ-અકબરી)	અબુલ ફઝલ	-અકબરના જીવનકાળની સંપૂર્ણ કથા
7.	તબકાત-એ-અકબરી	નિઝામુદ્દીન અહમદ	-મુઘલો અને વિવિધ પ્રાન્તો ના વિશે જાણકારી મળે છે.
8.	મુન્તખબ-ઉલ-તવારીખ	અબ્દુલ-કાદિર બદાયૂંની	આ પુસ્તકને હિન્દુસ્તાન નો ઈતિહાસ માનવામાં આવે છે.
9.	તુજુક-એ-જહાઁગીરી	જહાઁગીર, મૌતમ્બિદ ખાઁ	-આ જહાઁગીરની આત્મકથા છે જેને જહાઁગીરે શરૂ કરી પરન્તુ મોતમિદ ખાઁ એ પૂરી કરી.
10.	ઈકબાલનામા-એ- જહાઁગીરી	મૌતમ્બિદ ખાઁ	-જહાઁગીરના શાસનકાળ માં ફારસી ભાષામાં લખેલ ઐતિહાસિક પુસ્તક છે.
11.	પાદશાહનામા	અબ્દુલ હમીદ લાહોરી અને મોહમ્મદ અમીન કજવીની	શાહજહાઁ નો ઈતિહાસ
12.	શાહજહાઁનામા	ઈનાયત ખાઁ	-શાહજહાઁ ના શાસનકાળમાં ફારસી ભાષામાં લખેલ એક મહત્વપૂર્ણ પુસ્તક છે.
13.	આલમગીરનામા	કાજીમ શિરાજી	-ઔરંગઝેબ ના શાસનકાળમાં ફારસી ભાષામાં લખેલ એક ઐતિહાસિક પુસ્તક છે.
14.	ફતૂહાત-એ-આલમગીરી	ઈશ્વરદાસ નાગર	-આને ભારતમાં રચિત **"મુસ્લિમ કાયદાનો સૌથી મોટો ડાઈજસ્ટ"** માનવામાં આવે છે.
15.	મુઆસિર-એ-આલમગીરી	સાફી મુસ્તેદ ખાઁ	-ઔરંગઝેબના કાળમાં લખેલ આ પુસ્તકને ડૉ. જદુનાથ સરકારે **"મુગલ રાજ્યનું ગજેટિયર"** કહ્યું છે.
16.	મુન્તખબ-ઉલ-લુબાબ	ખફી ખાઁ	-આની રચના ખફી ખાઁ ધ્વારા ગુપ્ત રીતે કરવામાં આવી હતી. આમાં ઔરંગઝેબના શાસનકાળનું આલોચનાત્મક વર્ણન કરવામાં આવ્યું છે.
17.	ખુલાસત-ઉલ-તવારીખ	સુરજનરાય ભંડારી	-આ ઔરંગઝેબ ના કાળમાં ફારસી ભાષા માં લખેલ એક ઐતિહાસિક પુસ્તક છે.
18.	સિર્-એ-અકબર	દારાશિકોહ	-દારાશિકોહ એ કાશીના પંડિતોની મદદથી **"બાવન ઉપનિષદો"** નું **"સિર્ -એ-અકબર"** નામથી ફારસી ભાષામાં અનુવાદ કર્યું.
19.	નુસ્ખા-એ-દિલકુશા	ભીમસેન કાયસ્થ	

મુઘલકાલીન કર વ્યવસ્થા :

મનસબદારી વ્યવસ્થા :

→ અરબી ભાષાના **''મનસબ''** નો અર્થ **''પદ''** થાય છે.

→ મનસબ શબ્દ તેના ધારક (મનસબદાર) ની પ્રતિષ્ઠા નો સૂચક હતો.

→ અકબરની મનસબદારી વ્યવસ્થા મંગોળ નેતા **''ચંગેજ ખૉ''** ની **''દશમલવ પ્રણાલી''** (દશાંશ પ્રણાલી) પર આધારિત હતી.

→ અકબરના શાસનકાળના 11 માં વર્ષમાં **''મનસબદારી પ્રથા''** શરૂ કરી હતી.

→ અકબરે પોતાના સમ્પૂર્ણ મનસબ ને **''અલ્લાહ''** શબ્દ નો ઉપયોગ એટલે કે 1 +30+ 30+ 5= 66 શ્રેણીઓમાં વિભાજન કર્યું હતું પરંતુ અબુલ ફઝલે માત્ર 33 શ્રેણીઓનો ઉલ્લેખ કર્યો છે.

→ આ પ્રથાની પ્રેરણા **''ખલીફા અબ્બાસ ઈદ''** પરથી લીધી હતી.

→ મુઘલકાલીન સૈન્ય વ્યવસ્થા પૂર્ણરૂપથી મનસબદારી પ્રથા પર આધારિત હતી.

→ મનસબ ત્રણ પ્રકારના હતા -

1. 10 થી 500 સુધી મનસબ પ્રાપ્ત કરવાવાળા **''મનસબદાર''** કહેવાતા હતા.

2. 500 થી 2500 સુધી મનસબ પ્રાપ્ત કરવાવાળા **''અમીર''** (આમીર) કહેવાતા હતા.

3. 2500 થી ઉપર મનસબ પ્રાપ્ત કરવાવાળા **''ઉમરા''**, અથવા **''અમીર-એ-અજામ''** અથવા **''અમીર-એ-ઉમદા''** કહેવાતા હતા.

→ **''જાત''** પદથી વ્યક્તિનું વેતન અને પ્રતિષ્ઠા નું જ્ઞાન થતું હતું અને **''સવાર''** પદથી ઘુડસવાર દળની સંખ્યાનું જ્ઞાન થતું હતું.

→ 5000 થી વધુ મનસબ માત્ર શાહજાદાઓ ને મળતું હતું પરંતુ અકબરે **''મિર્ઝા અઝીઝ કોક''** અને **''માનસિંહ''** ને પણ આપ્યું.

→ જહાઁગીર અને શાહજહાઁ ના સમયે સરદારો ને 8000 નું મનસબ અને શાહજાદાઓને 40,000 નું મનસબ આપવામાં આવતું.

→ મનસબદારોને રોકડ તથા જાગીર રૂપે વેતન મળતું હતું.

''જપ્તી'' મનસબદારી પ્રથાની એક પ્રમુખ ખાસિયત હતી તેના પ્રમાણે જ્યારે કોઈ મનસબદાર નું અવસાન થઈ જતું તો તેની બધી મિલકત સમ્રાટ દ્વારા જપ્ત કરી લેવામાં આવતી હતી.

→ જહાઁગીર ના શાસનકાળમાં આ પ્રથામાં કેટલાંક પરિવર્તન કર્યા હતા જેમાં મનસબથી **''દો-અસ્પા''** અને **''સિંહ-અસ્પા''** ને જોડી દેવામાં આવ્યું.

→ આ વ્યવસ્થા માં કોઈ મનસબદાર ને **''દો-અસ્પા''** પદ પ્રાપ્ત થવા પર નક્કી કરેલ સંખ્યાથી બે ગણા ઘોડાઓ રાખવા પડતા હતા. અને **''સિંહ-અસ્પા''** પદ પ્રાપ્ત મનસબદારને નક્કી કરેલ સંખ્યા થી ત્રણ ગણા ઘોડાઓ રાખવા પડતા હતા.

★ **જાગીરદારી પ્રથા :**

→ જે મનસબદારને રોકડ રકમને બદલે કહેતા જમીન કે જાગીર આપવામાં આવતી તેને **''જાગીરદાર''** કહેતા હતા.

→ **''જાગીરદારી પ્રથા''** પણ **''અકબરે''** શરૂ કરી હતી.

→ જાગીરોમાં કર વસૂલી અધિકારી તરીકે **''ચૌધરી''** અને **''કાનૂનગો''** હતા.

→ જાગીર એક મનસબદાર પાસે વધુમાં વધુ 4 વર્ષ રહેતી ત્યારબાદ તે બીજાને આપવામાં આવતી હતી.

★ **જમીનદારી પ્રથા :**

→ મુઘલકાળમાં જમીનદારોને કેટલાંક વિસ્તારમાં કર વસૂલવાનો અધિકાર આપવામાં આવતો હતો.

→ તેઓ તે જમીન ના માલિક નહોતાં પરંતુ તેઓ માલિકી જેવા હક્ક ભોગવતાં હતાં.

→ જમીદારને મુઘલકાળમાં **''દેશમખ''**, **''પાટીલ''**, **''નાયક''** વગેરે નામ થી પણ ઓળખવામાં આવતાં હતાં.

→ શાહજહાઁ એ **''ઠેકેદારી પ્રથા''** અમલમાં મૂકી હતી.

★ **મુઘલકાળના અધિકારીઓ :**

→ મુઘલકાળમાં મંત્રીપરિષદ ને **''વિજારત''** કહેતા હતા.

→ બાબર ના શાસન માં **''વજીર''** પદ ખૂબ જ મહત્વપૂર્ણ હતો.

ક્રમ	અધિકારી	કાર્ય
1.	વજીર (વકીલ)	-પ્રધાનમંત્રી

		-અકબરના સમયમાં પ્રધાનમંત્રીને વકીલ અને નાણામંત્રીને વજીર કહેતા હતા.
2.	દીવાન	-નાણા અને રાજસ્વ વિભાગનો સર્વોચ્ચ અધિકારી
3.	મીરબખ્શી	-સૈન્ય વિભાગનો પ્રમુખ
4.	મીર-એ-સૌમા	-સમ્રાટ ના ઘરેલું વિભાગનો પ્રમુખ
5.	સદ્ર-ઉસ-સુદૂર	-સમ્રાટ અને ધાર્મિક વિષયો પર સલાહ આપવાનું -પ્રજા અને સમ્રાટ માં સંપર્ક બનાવી રાખવા વાળી સાંકળ
6.	મુહતસિંબ	-મુહમ્મદ પૈગમ્બર સાહેબની આજ્ઞાઓ (શરિયત) ને અમલમાં લાવવી અને ઈસ્લામના અનુકૂળ ન હોય તેવા વિધિ-વિધાનોનું દમન કરવું.
7.	કાજી-ઉલ-કુજાત	-સમ્રાટ ના પદી ન્યાયિક મામલાઓનો સર્વોચ્ચ અધિકારી (ઈસ્લામિક કાયદા પ્રમાણે)
8.	દીવાન-એ-બચૂતાત	-શાહી કારખાનાઓ નો અધીક્ષક
9.	દરોગા-એ-ડાકચૌકી	-ગુપ્તચર અને ડાક વિભાગનો અધિકારી
10.	દીવાન-એ-આલા	-રાજ્યકોષ અને રાજસ્વ નો અધિકારી
11.	દરોગા	-ટકસાલ નો અધિકારી
12.	મીર બાહરી	-જળ સેનાનો પ્રમુખ
13.	મીર બર્ર	-વનસચિવ
14.	મુશરિફ	-લેખાધિકારી
15.	મુસ્તૌફી	-લેખા પરિક્ષક
16.	આમિલ	-લગાન વસૂલ કરનાર અધિકારી
17.	શિકદાર	પરગનાનો પ્રમુખ અધિકારી
18.	કોતવાલ	-નગર પ્રમુખ

★ **<u>અન્ય ફેક્ટસ :</u>**

→ **<u>વહીવટી માળખું :</u>**

સામ્રાજ્ય
↓
સૂબો
↓
સરકાર
↓
પરગના (મહાલ)
↓
દસ્તૂર (જીલ્લો)
↓
ગામ (માવદા, દીહ)

→ શાહજહાઁના શાસનકાળમાં સરકાર અને પરગનાની વચ્ચે **''ચકલા''** નામનું એક નવું એકમ સ્થાપિત કરવામાં આવ્યું હતું.

→ ભૂમિકર (જમીનવેરો) ના વિભાજન ના આધારે મુઘલ સામ્રાજ્ય ની સમસ્ત જમીનને 3 વર્ગો માં વિભાજિત કરવામાં આવતી હતી.

1. ખાલસા જમીન - સમ્રાટ ના નિયંત્રણ હેઠળ ની જમીન
2. જાગીર જમીન - પગારના બદલે આપવામાં આવતી જમીન
3. મદદ-એ-માશ (સયૂરગળ)- દાનમાં આપેલ કરમુક્ત જમીન, આને **''મિલ્ક''** પણ કહેવામાં આવે છે.

→ શેરશાહઁ ધ્વારા ભૂ-રાજસ્વ માટે અપનાવેલ પદ્ધતિ ''રાઈ'' નો ઉપયોગ અકબરે પણ કર્યો હતો.

→ ઈ.સ. 1573 માં અકબરના ધ્વારા **''કરોડી''** નામના અધિકારીની નિમણૂંક કરવામાં આવી હતી. આ અધિકારીએ પોતાના વિસ્તારથી એક કરોડ દામ વસૂલ કરવાના હતા.

→ અકબરે ઈ.સ. 1580 માં **''દહસાળા પદ્ધતિ''** નામની નવી કર પ્રણાલી શરૂ કરી હતી. આ વ્યવસ્થા ને **''ટોડરમલ બંદોબસ્ત''** પણ કહેવાય છે.

→ આ વ્યવસ્થાની અંદર જમીનને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવી હતી.

1. **''પોલજ''**- આ જમીનમાં નિયમિતપણે ખેતી થતી હતી.
2. **''પરતી''**- આ જમીન માં બે વર્ષના અંતરમાં ખેતી થતી હતી.
3. **''ચાચર''**- આ જમીન માં ચાર વર્ષના અંતરમાં ખેતી થતી હતી.
4. **''બંજર''**- બિન ખેતી યોગ્ય જમીન.

→ મુઘલકાળમાં ખેડૂત ત્રણ ભાગમાં વિભાજિત હતા -

1. **''ખુદકાશ્ત''**- આ ખેડૂત તે ગામની જમીન પર ખેતી કરતા હતા, જયાઁ ના તે રહેવાસી હતા.
2. **''પાહીકાશ્ત''**- આ ખેડૂત બીજા ગામમાં જઈને ખેતી કરતા હતા.
3. **''મુજારિયન''**- ખુદકાશ્ત ખેડૂતો થી જમીન ભાડાપટ્ટા પર લઈને ખેતી કરતા હતા.

→ **''માહમ અનગા''** મુઘલકાળની પ્રથમ અને છેલ્લી મહિલા હતી, જેને પ્રધાનમંત્રી ના પદ પર નિમણૂક કરવામાં આવી હતી.

→ શાહજહાઁ એ ઉલેમાઓ ને પ્રસન્ન કરવા માટે સિજદા અને પાબોસ ની જગ્યા **''ચહાર-તસ્લીમ પ્રથા''** ને શરૂ કરી.

★★★★★★

પ્રકરણ-6 મરાઠા સામ્રાાજય

(A) છત્રપતિ શિવાજી (ઈ.સ. 1627-1680)

→ મરાઠા સામ્રાજય ના સંસ્થાપક - છત્રપતિ શિવાજી

→ પિતાનું નામ - શાહજી ભોંસલે

→ માતાનું નામ - જીજાબાઈ

→ જન્મ - 6 એપ્રિલ, 1627 માં પૂના નજીક શિવનેરના કિલ્લામાં

→ શિવાજીના ગુરુ - દાદાજી કોંડદેવ

→ શિવાજીના આધ્યાત્મિક ગુરુ - સમર્થ રામદાસ

→ પત્ની નું નામ - સાલબાઈ નિમ્બાલકર (ઈ.સ. 1640)

→ શિવાજીએ **''હિન્દુ પદ પાદશાહી''** અંગીકાર કરી ને ગાય, મહિલા અને બ્રાહ્મણો ની રક્ષણનું વ્રત લીધું તેથી તેને **''હિન્દુ ધર્મોદ્ધારક''** પણ કહેવાય છે.

→ ઈ.સ. 1643 માં શિવાજી એ બીજાપુર ના સિંહગઢનો કિલ્લો જીત્યો.

→ ઈ.સ. 1644 માં બીજાપુર નો તોરણ નો કિલ્લો જીત્યો.

→ ઈ.સ. 1656 માં શિવાજીએ ચાકન, પુરન્દર, બારામતી સૂયા, તિકોના, લોહગઢના કિલ્લાઓ જીત્યા.

→ ઈ.સ. 1656 માં ચન્દ્રરાવ મોરે પાસેથી જવલી નો કિલ્લો પણ કબજે કર્યો ત્યાર પછી રાયગઢ પણ જીત્યું.

→ ઈ.સ. 1656 માં શિવાજીએ **''રાયગઢ''** ને પોતાની રાજધાની બનાવી.

→ શિવાજીએ **''સૂરત''** ને ઈ.સ. 1664 અને ઈ.સ. 1670 માં લૂંટ્યું હતું.

→ બીજાપુર ના સુલ્તાને પોતાના યોગ્ય સેનાપતિ **''અફજલ ખાઁ''** ને સપ્ટેમ્બર, 1665 માં શિવાજી ને પરાજિત કરવા માટે મોકલ્યો. શિવાજીએ અફજલ ખાઁ ને યુદ્ધમાં પરાજિત કરી મારી નાંખ્યો.

→ઔરંગઝેબ એ શિવાજીની વિસ્તારવાદી નીતિ ને રોકવા માટે સાઈસ્તા ખાઁ (ઈ.સ. 1660) ને મોકલ્યો.

→ઈ.સ. 1665 માં **''પુરન્દરની સંધિ''** શિવાજી અને રાજા જયસિંહ વચ્ચે થઈ હતી.

→ ઈ.સ. 1666 માં જયસિંહના કહેવાથી ઔરંગઝેબને મળવા આગરા ગયા ત્યારે તેને કેદ કરીને **''જયપુર ભવન''** (આગરા) માં રાખ્યાં પરંતુ ચતુરાઈથી શિવાજી કેદમાંથી ભાગી ગયાં.

→ જૂન, 1674 શિવાજીએ રાયગઢ ના કિલ્લામાં વારાણસી ના પ્રખ્યાત વિદ્વાન **"શ્રી ગંગાભટ્ટ"** ધ્વારા પોતાનો રાજ્યાભિષેક કર્યું અને **"છત્રપતિ"** ની ઉપાધિ ધારણ કરી હતી.

→ શિવાજીના દરબારમાં **"મરાઠી"** ભાષા નો ઉપયોગ કરવામાં આવતો હતો.

→ શિવાજીની કર વ્યવસ્થા **"મલિક અંબર"** ની કર વ્યવસ્થા પર આધારિત હતી.

→ 12 એપ્રિલ, 1680 ના રોજ શિવાજીનું અવસાન થયું.

શિવાજીના વહીવટ ની મુખ્ય ખાસિયત **"અષ્ટ પ્રધાન"** એટલે કે તેમના 8 પ્રમુખ મંત્રી હતા.

ક્રમ	**પદ**	**કાર્ય**
1.	પેશવા	-પ્રધાનમંત્રી -રાજ્ય ના વહીવટ અને અર્થવ્યવસ્થાની દેખરેખ
2.	અમાત્ય (મજૂમદાર)	-નાણા મંત્રી -આવક-જાવકનું હિસાબ રાખવું.
3.	વાક્યાનવીસ	- સૂચના, ગુપ્તચર વિભાગનો પ્રમુખ (અધ્યક્ષ)
4.	સુમન્ત (દબીર)	વિદેશી મંત્રી
5.	સર-એ-નૌબત	-સૈન્ય પ્રમુખ
6.	ચિટનિસ (સુરનવીસ)	-રાજકીય પત્ર વ્યવહારનો અધિકારી
7.	પંડિત રાવ	-ધર્મ અને દાન ના મામલાનો પ્રમુખ
8.	ન્યાયાધીશ	- ન્યાય વિભાગનો પ્રમુખ

→ શિવાજીની કરપ્રણાલી માં મુખ્ય **"ચોથ"** અને **"સરદેશમુખી"** હતાં.

→ **"ચૌથ"**- કોઈ ક્ષેત્ર ને બરબાદ ન કરવાના બદલે આપવામાં આવતી રકમ ને **"ચોથ"** કહે છે. ચૌથ 1/4 (25 ટકા) હતી, જે સામાન્ય રૂપે મુગલક્ષેત્રો ની જમીન અને પાડોશી રાજ્યો થી વસૂલવામાં આવતી હતી.

→ **"સરદેશમુખી"** - રાજ્યો ની આવકના 1/10 (10 ટકા) હતી. અને આ દેશમુખોના પ્રમુખ હોવાના કરાણે શિવાજી ધ્વારા વસૂલ કરવામાં આવતી હતી.

(B) <u>શંભાજી (ઈ.સ. 1680-1689)</u>

→ શિવાજીના અવસાન પછી તેના બે પુત્રો શંભાજી અને રાજારામ વચ્ચે ગાદ્દી માટે યુદ્ધ થયું હતું.

→ શંભાજીએ રાજગાદ્દી સંભાળી.

→ શંભાજીએ ઉજ્જૈન ના હિન્દી અને સંસ્કૃત ના પ્રંકાન્ડ પંડિત **"કવિ-કળશ"** ને પોતાનો સલાહકાર નિયુક્ત કર્યો.

→ ઈ.સ. 1681 માં શંભાજી એ ઔરંગઝેબ ના વિદ્રોહી પુત્ર **"અકબર"** ને આશરો આપ્યો તેથી ઔરંગઝેબે રાયગઢ પર આક્રમણ કરી ને તેમના પુત્ર **"શાહૂ"** અને પત્ની **"યેશુબાઈ"** ને કેદ કર્યા.

→ ઈ.સ. 1689 માં મુગલ સેનાપતિ મખર્રબ ખૉ એ સંગમેશ્વર માં છુપાયેલા શંભાજી અને કવિ કળશ ની ધરપકડ કરી તેમની હત્યા કરી દીધી.

(C) <u>રાજારામ (ઈ.સ. 1689-1700) :</u>

→ રાજારામ શંભાજી ના મૃત્યુ પછી ઈ.સ. 1689 માં રાયગઢ માં ગાદીએ બેઠો.

→ તેને છત્રપતિની ઉપાધિ ધારણ કરી હતી.

→ રાજારામ એ પોતાની બીજી રાજધાની **"સતારા"** ને બનાવી.

→ **"સંતાજી ધોરપડે"** અને **"ધનાજી જાદવ"** જેવા સેનાપતિઓ તેમની સાથે હતા.

→ રાજારામના વહીવટી પરિવર્તન માં **"પ્રતિનિધિ"** નામ નું એક નવું પદ બનાવ્યું હતું. જેનાથી મંત્રીઓ સંખ્યા 8 વધીને 9 થઈ ગઈ હતી.

→ રાજારામ મુઘલોથી સંઘર્ષ કરતાં ઈ.સ. 1700 માં મૃત્યુ પામ્યા.

→ રાજારામની મૃત્યુ પછી તેની વિધવા પત્ની **"તારાબાઈ"** પોતાના ચાર વર્ષના પુત્ર **"શિવાજી-દ્વિતીય"** ને રાજગાદ્દી પર બેસાડી ને શાસન કરવા લાગી.

→ તારાબાઈ એ મુઘલોથી રાયગઢ, સતારા અને સિંહગઢ ના કિલ્લાઓને જીતી લીધા.

(D) <u>શાહૂ (ઈ.સ. 1707-1748) :</u>

→ ઔરંગઝેબ એ ઈ.સ. 1689 માં શંભાજી ની સાથે શાહૂ ને પણ બંદી બનાવી લીધો હતો.

→ 18 વર્ષો પછી ઈ.સ. 1707 માં ઔરંગઝેબ ની મૃત્યુ પછી **"બહાદુરશાહ-પ્રથમે"** શાહૂ ને મુક્ત કરી દીધો.

→ તે પહેલાં સતારાની ગાદી પર શિવાજી- બીજા ને બેસાડી તારાબાઈ રાજ કરતી હતી.

→ ઈ.સ. 1707 માં તારાબાઈ અને શાહૂ ની વચ્ચે **''ખેડા નું યુદ્ધ''** થયું હતું. જેમાં બાલાજી વિશ્વનાથ ની મદદથી શાહૂ જીત્યાં હતાં.

→ ઈ.સ. 1708 માં શાહૂએ સતારામાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો હતો.

→ ઈ.સ. 1713 માં શાહૂએ પોતાની શક્તિમાં વૃદ્ધિ માટે **''બાલાજી વિશ્વનાથ''** ને મરાઠા રાજ્યનો પેશવા નિયુક્ત કર્યો.

→ તારાબાઈ ખેડા ના યુદ્ધમાં પરાજિત થઈ પરંતુ મરાઠા રાજ્ય નો ઉત્તરી ભાગ, જેની રાજધાની **''કોલ્હાપુર''** હતી, રાજારામ ના વંશજો - **''શિવાજી-બીજો''** અને **''શંભાજી-બીજા''** ના અધીન રહી હતી.

→ શાહૂ અને રાજારામ ના વંશજો વચ્ચે શત્રુતા ઈ.સ. 1731 માં **''વાર્ના ની સંધિ''** ધ્વારા સમાપ્ત થઈ હતી.

★ **<u>મરાઠા પેશવાઓ</u>**

1. <u>બાલાજી વિશ્વનાથ (ઈ.સ. 1713-1720)</u>

→ ઈ.સ. 1713 માં શાહૂ એ **''બાલાજી વિશ્વનાથ''** ને પેશવા નિયુક્ત કર્યો હતો.

→ બાલાજી વિશ્વનાથનો જન્મ કોંકણ ના એક બ્રાહ્મણ કુળમાં થયો હતો.

→ શાહૂને ખેડાના યુદ્ધમાં વિજયી થવામાં બાલાજી વિશ્વનાથે મદદ કરી હતી.

→શાહૂ એ બાલાજી વિશ્વનાથને **''સેનાકર્તે''** પદ પર નિયુક્ત કર્યો હતો.

→ઈ.સ. 1720 માં બાલાજી વિશ્વનાથ ની મૃત્યુ થઈ ગઈ.

2. <u>બાજીરાવ - પ્રથમ (ઈ.સ. 1720-1740) :</u>

→ બાલાજી વિશ્વનાથ પછી બાજીરાવ-પ્રથમ ને ઈ.સ. 1720 માં શાહૂએ પેશવા નિયુક્ત કર્યો હતો.

→1725-26 માં દક્કન ના નિઝામ-ઉલ-મુલ્કે શાહૂ ને પોતાની અધીનતા સ્વીકાર કરવા માટે લગભગ વિવશ કરી દીધો હતો.

→ ત્યારે બાજીરાવ -પ્રથમે 7 માર્ચ 1728 ના રોજ **''પાલખેડા ના યુદ્ધ''** માં નિઝામ-ઉલ-મુલ્ક ને પરાજિત કરી દીધો હતો. અને નિઝામ ને **''મુંશી શિવગાંવ''** ની સંધિ કરવા માટે વિવશ કરી દીધો.

→ ઈ.સ. 1731 માં થયેલ **''વાર્નાની સંધિ''** ધ્વારા શંભાજી બીજાએ શાહૂની અધીનતા સ્વીકાર કરી લીધી હતી તેનું મુખ્ય કારણ બાજીરાવ-પ્રથમ જ હતા.

→ દિલ્હી પર આક્રમણ કરનાર પ્રથમ પેશવા **''બાજીરાવ-પ્રથમ''** હતો. જેણે માર્ચ, 1737 માં દિલ્હી પર આક્રમણ કરી દીધું હતું. તે સમયનો મુઘલ બાદશાહ **''મુહમ્મદશાહ''** દિલ્હી છોડી ને ભાગવા માટે તૈયાર થઈ ગયો હતો.

→ બાજીરાવ-પ્રથમ **''મસ્તાની''** નામની મહિલા થી પ્રેમ-સંબંધ હોવાના કારણે ચર્ચા માં રહ્યો હતો.

→ બાજીરાવ-પ્રથમ ની નીતિઓ અને યુદ્ધો ધ્વારા મરાઠા શક્તિનું વિસ્તાર થયું હતું.

→ પેશવા બાજીરાવ પ્રથમે મુઘલ સામ્રાજ્ય ની નબળી થઈ રહેલ શક્તિ નો ફાયદો ઉઠાવવા શાહૂ ને પ્રોત્સાહિત કર્યો અને કહ્યું કે આવો, આપણે આ જૂના વૃક્ષ પર પ્રહાર કરીએ તેની ડાળીઓ તો પોતાના મતે પડી જશે, આપણા પ્રયાસોથી મરાઠા ધ્વજ કૃષ્ણા નદી થી અટક સુધી ફરકવવા લાગશે. ત્યારે શાહૂ એ કહ્યું, તમે નક્કી મરાઠા ધ્વજ ને હિમાલય ની પાર લઈ જશો, કારણ કે તમે યોગ્ય પિતા ના યોગ્ય પુત્ર છો.

3. <u>બાલાજી બાજીરાવ (ઈ.સ. 1740-1761)</u>

→ બાજીરાવ- પ્રથમ ની મૃત્યુ પછી **''બાલાજી બાજીરાવ''** ઈ.સ. 1740 માં પેશવા બન્યા.

→ બાલાજી બાજીરાવ ને **''નાના સાહેબ''** ના નામે પણ ઓળખવામાં આવે છે.

→ ઈ.સ. 1750 માં **''સંગોળાની સંધિ''** પછી પેશવા ના હાથમાં બધા અધિકારો આવી ગયા.

→ **''ભલકી ની સંધિ''** (ઝલકીની સંધિ) ઈ.સ. 1752 માં હૈદરાબાદના નિઝામ અને બાલાજી બાજીરાવ ની વચ્ચે થઈ હતી.

→ બાલાજી બાજીરાવ ના સમયમાં જ 14 જાન્યુઆરી, 1761 ના રોજ **''પાણીપત નું ત્રીજુ યુદ્ધ''** થયું હતું.

★ **<u>પાણીપતનું ત્રીજું યુદ્ધ :</u>**

→ પાણીપતનું ત્રીજું યુદ્ધ અહમદશાહ અબ્દાલી અને મરાઠાઓ વચ્ચે 14 જાન્યુઆરી, 1761 માં થયું હતું.

→ ઉત્તર ભારતમાં મરાઠા પ્રભુત્વ ની સ્થાપના માટે પેશવા બાલાજી બાજીરાવ એ **''સદાશિવ રાવ ભાઉ''** ને દિલ્હી મોકલ્યો, જેણે 22 ઓગષ્ટ, 1760 ના રોજ દિલ્હી પર અધિકાર કરી લીધો.

→ ઈ.સ. 1757 માં અહમદશાહ અબ્દાલી એ પંજાબ પર અધિકાર કરી લીધો હતો.

→ ઈ.સ. 1758 માં મરાઠાઓ એ લાહોર થી અબ્દાલી ના પ્રતિનિધિ ને નિકાળી ને સંપૂર્ણ પંજાબ પર અધિકાર કરી લીધો.

→ અહમદશાહ અબ્દાલી એ મરાઠાઓના આ કાર્ય માટે તેમને દંડ આપવાનો વિચાર કરી ઈ.સ. 1759 માં અટક પાર કરીને દિલ્હી તરફ કૂચ કરી.

→ થાનેશ્વરની નજીક **"દત્તાજી"** એ અહમદશાહ ને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તે અસફળ રહ્યા અને મૃત્યુ પામ્યા.

→ બાલાજી બાજીરાવે સદાશિવ રાવ ભાઉ ને આ યુદ્ધમાં મોકલ્યા પરંતુ અહમદશાહ અબ્દાલીએ આ યુદ્ધ માં મરાઠાઓ ને પરાજિત કરી તેમની શક્તિને નષ્ટ કરી નાંખી.

★ **<u>મરાઠાઓની પરાજયનાં કારણો :</u>**

→ અહમદશાહ અબ્દાલી પાસે સદાશિવ રાવ ભાઉ કરતાં બમણી સેના હતી.

→ મરાઠા શિવિર માં સેના માટે ખોરાક અને ઘોડાઓ માટે ઘાસ ખૂટી ગઈ હતી.

→ મરાઠા સરદાર સદાશિવરાવ ભાઉ અને મલ્હાર રાવ હોલ્કર એકબીજા સાથે શત્રુતાપૂર્ણ વ્યવહાર કરતા હતા.

→ ઉત્તર ભારતની સમસ્ત મુસ્લિમ શક્તિઓ અહમદશાહ અબ્દાલી થી મળી ગઈ હતી.

→ મરાઠાઓના વિવેકહીન લૂટમારના કારણે જાટ, રાજપૂત જેવા હિન્દુઓ પણ મરાઠાઓની વિરુદ્ધ હતાં.

→ અહમદશાહે યુદ્ધ માં આધુનિક અસ્ત્ર-શસ્ત્રો (બંદૂક) વગેરેનો પ્રયોગ કર્યો જ્યારે મરાઠાઓ હજુ પણ તલવારો અને ભાલાઓ થી લડી રહ્યા હતા.

→ પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓની હાર બાલાજી બાજીરાવ સહન ન કરી શક્યા અને 23 જૂન, 1761 ના રોજ તેમની મૃત્યુ થઈ ગઈ.

4. <u>માધવરાવ (ઈ.સ. 1761-1772)</u>

→ પેશવા બાલાજી બાજીરાવ નો પુત્ર માધવરાવ ઈ.સ. 1761 માં પેશવા બન્યો.

→ માધવરાવે મરાઠાની ગુમાવેલી પ્રતિષ્ઠા ને ફરી સ્થાપિત કરી હતી.

→ માધવરાવે ઈસ્ટ ઈન્ડિયા કંપની ની પેન્શન પર રહેલાં મુઘલ બાદશાહ **"શાહઆલમ-બીજો"** ને ફરી દિલ્હી ની રાજગાદ્દી પર બેસાડ્યો. મુઘલ બાદશાહ હવે મરાઠાઓ નો પેન્શનભોગી બની ગયો.

→ ઈ.સ. 1772 માં માધવરાવનું અવસાન થઈ ગયું. માધવરાવ પછી તેનો ભાઈ **"નારાયણરાવ"** (ઈ.સ. 1772-73) પેશવા બન્યો પરંતુ તેના કાકા રઘુનાથ રાવે તેની હત્યા કરી દીધી.

→ ત્યારબાદ માધવરાવ નારાયણ-બીજો પેશવા બન્યો.

→ આ પેશવા અલ્પાયુ (નાની ઉંમર) હોવાના કારણે મરાઠા રાજ્યની દેખરેખ **"બારભાઈ સભા"** નામ ની 12 સભ્યો ની એક પરિષદ કરતી હતી.

→ આ પરિષદ ના બે મહત્વપૂર્ણ સભ્ય હતા.

(1) મહાદજી સિંધિયા

(2) નાના ફડનવીસ

→ નાના ફડનવીસ નું મૂળ નામ - **"બાલાજી જનાર્દન ભાનું"** હતું.

→ અંગ્રેજ જેમ્સ ગ્રાન્ટ ડફે નાના ફડનવીસ ને **"મરાઠા નો મેકિયાવેલી"** કહ્યો હતો.

→ છેલ્લો પેશવા **"બાજીરાવ-બીજો"** હતો, જે અંગ્રેજો ની મદદથી પેશવા બન્યો હતો. આ સહાયક સંધિ સ્વીકાર કરવા વાળો પ્રથમ મરાઠા સરદાર હતો.

→ પેશવા બાજીરાવ-બીજા એ અંગ્રેજો ની સામે યુદ્ધ માં ઈ.સ. 1818 માં આત્મસમર્પણ કરી દીધું.

→ અંગ્રેજોએ **"પેશવા"** નું પદ સમાપ્ત કરી બાજીરાવ-બીજા ને પૂણે થી હટાવી કાનપુર ની નજીક **"બિદૂર"** માં પેંશનભોગી બનાવી દીધો હતો, જ્યાં ઈ.સ. 1853 માં તેની મૃત્યુ થઈ ગઈ હતી.

★ **<u>કેટલીક મહત્વપૂર્ણ મરાઠાઓની સંધિઓ :</u>**

ક્રમ	સંધિ	વર્ષ	સંધિ કરનાર
1.	પુરન્દરની સંધિ	1665	-મુઘલ તરફથી જયસિંહ અને શિવાજી વચ્ચે
2.	સંગોલાની સંધિ	1750	-બાલાજી બાજીરાવ અને રાજારામ-બીજો
3.	ઝલકી (ભલકી) ની સંધિ	1752	-બાલાીજ બાજીરાવ અને હૈદરાબાદ ના નિઝામ
4.	સૂરતની સંધિ	1775	-રઘુનાથરાવ અને ઈસ્ટઈન્ડિયા કંપની
5.	પુરન્દરની સંધિ	1776	-પેશવા માધવરાવ નારાયણબીજો અને અંગ્રેજ
6.	બડગાંવ ની સંધિ	1779	-પેશવા માધવરાવ નારાયણ બીજો અને અંગ્રેજ
7.	સાલબાઈ ની સંધિ	1782	-પેશવા માધવરાવ નારાયણ બીજો અને અંગ્રંજ
8.	બેસીન ની સંધિ	1802	-બાજીરાવ-બીજો અને અંગ્રેજ
9.	દેવગાંવ ની સંધિ	1803	-ભોંસલે અને અંગ્રેજ
10.	સુર્જી-અર્જુનગાંવ ની સંધિ	1803	-સિન્ધિયા અને અંગ્રેજ
111.	રાજપુર ઘાટ ની સંધિ	1804	- હોલ્કર અને અંગ્રેજ
12.	પૂણે ની સંધિ	જૂન, 1817	- બાજીરાવ-બીજો અને અંગ્રેજ
13.	ગ્વાલિયર ની સંધિ	નવેમ્બર, 1817	-દૌલતરાવ સિંધિયા અને અંગ્રેજ
14.	મંદસૌર ની સંધિ	જાન્યુઆરી, 1818	-હોલ્ડર અને અંગ્રેજ

★★★★★★

પ્રકરણ-7 શીખ શક્તિનો ઉદય

★ **શીખ ગુરૂ**

1. ગુરૂ નાનક (ઈ.સ. 1469-1538) :

→ શીખ સંપ્રદાય ના સંસ્થાપક ગુરૂ નાનક હતા.

→ ગુરૂનાનક બાબર અને હૂમાયૂં ના સમકાલીન હતા.

→ જન્મ - ઈ.સ. 1469 પંજાબના તલવંડી (આધુનિક નનકાના સાહેબ) માં.

→ પિતા - કાલૂ મહેતા, માતા - તૃપ્તા દેવી

→ પત્ની - સુલક્ષણિની દેવી

→ ઈ.સ. 1496 માં કારતક પૂર્ણિમા ના રોજ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

→ **''ગુરૂ ના લંગર''** નામનું મફત ભોજનની પ્રથા શરૂ કરી.

→ ગુરૂનાનકે અનેક સ્થળો પર **''સંગત''** (ધર્મશાળા) અને **''પંગત''** (લંગર) સ્થાપિત કર્યા હતા.

→ ઈ.સ. 1538 માં **''કરતારપુર''** માં તેમનું અવસાન થયું.

2. ગુરૂ અંગદ (ઈ.સ. 1538-1552) :

→ ગુરુ અંગદ શીખો ના બીજા ગુરૂ હતા.

→ આમનું મૂળ નામ - **''લહના''** હતું.

→ આમને નાનક ધ્વારા શરૂ કરેલ **''લંગર વ્યવસ્થા''** ને સ્થાયી બનાવી દીધી હતી.

→ **''ગુરૂમુખી લિપિ''** ની શરૂઆત ગુરૂ અંગદ એ કરી હતી. (ગુરૂમુખી લિપિના જનક)

→ હૂમાયૂં ગુરૂ અંગદ નો સમકાલીન હતો.

3. ગુરૂ અમરદાસ (ઈ.સ. 1552-1574) :

→ શીખોના ત્રીજા ગુરૂ અમરદાસ હતા.

→ ગુરૂ અમરદાસ એ **''ગોવિન્દવાલ''** માં એક બાવલી ખોદાવી, જે પછી થી શીખો નો મુખ્ય તીર્થ બની ગઈ.

→ ગુરૂ અમરદાસે હિન્દુઓથી અલગ થવાવાળા કેટલાંય કાર્યો કર્યા. તેમણે હિન્દુઓથી અલગ લગ્ન પદ્ધતિ **''લવન''** ને પ્રચલિત કરી.

→ અકબરે ગુરૂ અમરદાસ થી ગોવિન્દવાલ માં જઈને મળ્યા અને તેમની પુત્રી **''બીબી ભાની''** ને કેટલાંક ગામ દાનમાં આપ્યા હતા.

→ અમરદાસે ધર્મ પ્રસાર માટે 22 ગાદ્દીઓની સ્થાપના કરી અને દરેક પર એક મહંત ની નિમણૂંક કરી હતી.

→ અમરદાસે **''સતીપ્રથા''** ને નિષેધ કરી અને પોતાના અનુયાયીઓ ને દારૂ પીવા ની ના પાડી દીધી.

4. ગુરૂ રામદાસ (ઈ.સ. 1575-1581) :

→ ગુરૂ અમરદાસ ના જમાઈ (બીબી ભાની નો પતિ) રામદાસ શીખો ના ચોથા ગુરૂ હતા.

→ અકબરે બીબી ભાની નો જે 500 વીઘા જમીન આપી હતી તેના પર રામદાસે અમૃતસર સરોવર અને અમૃતસર નગર ની સ્થાપના કરી હતી.

→ રામદાસ ના કાળ માં જ ગુરૂ નું પદ ''પૈતૃક'' (વંશાનુગત) થઈ ગયું.

5. ગુરૂ અર્જુનદેવ (ઈ.સ. 1581-1606) :

→ ગુરૂ અર્જુનદેવ શીખો ના પાંચમાં ગુરૂ હતા.

આમને શીખો ના ધાર્મિક ગ્રંથ **''આદિ ગ્રંથ''** (ગુરૂ ગ્રંથ સાહેબ) ની રચના કરી હતી.

→ આદિ ગ્રંથમાં ગુરૂનાનકની પ્રેરણાપદ પ્રાર્થનાઓ અને ગીત સંકલિત છે.

→ આદિ ગ્રંથ (ગુરૂ ગ્રંથ સાહેબ) માં શીખો ના 5 ગુરૂઓ, 18 ભક્તો, કબીર, ફરીદ, નામદેવ અને રૈદાસ વગેરેના ઉપદેશો નો સંગ્રહ કરવામાં આવ્યું છે.

→ ગુરૂ અર્જુનદેવે અમૃતસર તળાવના વચ્ચે **''હરમન્દર સાહેબ''** (સ્વર્ણ મંદિર) નું નિર્માણ કરાવ્યું.

→ અર્જુનદેવે પ્રખ્યાત સૂફી સંત **''મિયાઁ મીર''** ના હાથે અમૃતસરમાં હરમન્દર સાહેબ (સુવર્ણ મંદિર) નો પાયો મૂકાવ્યો હતો.

→ ગુરૂ અર્જુનદેવે **''તરણતારણ''** અને **''કરતારપુર''** નામના નગરની સ્થાપના કરી હતી.

→ ગુરૂ અર્જુનદેવે **''મસનદ પ્રથા''** ની શરૂઆત કરી હતી.
આ મસનદ પ્રથા પ્રમાણે શીખો એ પોતાની આવકનો દસમો ભાગ ગુરૂઓને આપવો પડતો હતો.

→ ગુરૂ અર્જુનદેવ અકબર અને જહાઁગીર ના સમકાલીન હતા.

→ રાજકુમાર ખુસરો ની મદદ કરવાના કારણે જહાઁગીરે ઈ.સ. 1606 માં ગુરૂ અર્જુનદેવ ની હત્યા કરાવી દીધી.

6. ગુરૂ હરગોવિન્દ (ઈ.સ. 1606-1645) :

→ શીખોના છઠ્ઠા ગુરૂ હરગોવિન્દ હતા.

→ હરગોવિન્દ ગુરૂ અર્જુનદેવ ના પુત્ર હતા.

→ હરગોવિન્દ શરૂઆત થી જ મુઘલો ના કટ્ટર શત્રુ હતા. તેમણે શીખોને સૈન્ય સંગઠન નું રૂપ આપ્યું હતું.

→ તેમણે **''સચ્ચા બાદશાહ''** ની ઉપાધિ ધારણ કરી હતી.

તે તલવાર રાખતા હતા એક ધાર્મિક સત્તા માટે અને બીજી રાજસત્તા માટે.

→ તેમણે **''અકાલ તખ્ત''** (ઈશ્વરનું સિંહાસન) નું નિર્માણ કરાવ્યું હતું.

7. <u>ગુરૂ હરરાય (ઈ.સ. 1645-1661) :</u>

→ શીખોના સાતમા ગુરૂ હરરાય હતા.

→ હરરાય ગુરૂ હરગોવિન્દના પૌત્ર હતા.

→ ગુરૂ હરરાયે દારાશિકોહ ધ્વારા મળવા આવવા પર આશીર્વાદ આપ્યા હતા.

8. <u>ગુરૂ હરકિશન (ઈ.સ. 1661-1664) :</u>

→ શીખોના આઠમાં ગુરૂ હરકિશન હતા.

→ હરકિશને ઔરંગઝેબ ને દિલ્હી જઈને ગુરૂપદ વિશે સમજાવ્યું હતું.

→ ચેચક ની બિમારી ના કારણે તેમની મૃત્યુ થઈ હતી.

9. <u>ગુરૂ તેગબહાદુર (ઈ.સ. 1664-1675) :</u>

→ શીખો ના નવમા ગુરૂ તેગબહાદુર હતા.

→ ગુરૂ હરકિશન આમને **''બાકલા દે બાબા''** કહેતા હતા.

→ ઈસ્લામ ધર્મ સ્વીકાર ન કરવાના કારણે ઔરંગઝેબે આમને મૃત્યુ ના ઘાટે ઉતારી દીધા.

10. <u>ગુરૂ ગોવિન્દ સિંહ (ઈ.સ. 1675-1708) :</u>

→ ગુરૂ ગોવિન્દ સિંહ શીખો ના દસમા અને છેલ્લા ગુરૂ હતા.

→ ગુરૂ ગોવિન્દ સિંહ નો જન્મ ઈ.સ. 1666 માં **''પટણા''** (બિહાર) માં થયો હતો.

→ ગુરૂ ગોવિન્દ સિંહ એ પોતાને **''સચ્ચા પાદશાહ''** કહ્યા હતા.

→ આમને શીખો માટે **''પાંચ ક્કાર''** ફરજિયાત કર્યા હતા. એટલે કે પ્રત્યેક શીખ ને 1.કેશ 2. કાંકસો 3. કૃપાણ 4. કચ્છો અને 5. કડો રાખવા ફરજિયાત હતા અને બધા શીખોએ પોતાના નામના અંતમાં **''સિંહ''** શબ્દ જોડવાનું કહ્યું.

→ ગુરૂ ગોવિન્દ સિંહ નું નિવાસ સ્થળ **''આનંદપુર સાહેબ''** હતું. અને કાર્યસ્થળ **''પાઓતા''** હતું.

→ ગોવિન્દ સિંહ ના બે પુત્ર **''જોરાવર સિહં''** અને **''ફતેહ સિંહ''** ને સરહિન્દ ના મુઘલ ફૌજદાર વજીર ખાને દીવાર માં જીવતા દફનાવી દીધા.

→ ઈ.સ. 1699 માં વૈશાખી ના દિવસે ગુરૂ ગોવિન્દ સિંહે **''ખાલસા પંથ''** ની સ્થાપના કરી હતી.

→ ગુરૂ ગોવિન્દ સિંહે **''પાહુલ પ્રથા''** ની શરૂઆત કરી હતી. ગુરૂ ગોવિન્દ સિંહ એ શીખો ના ધાર્મિક ગ્રંથ **''આદિ ગ્રંથ''** ને વર્તમાન રૂપ આપ્યો અને કહ્યું કે હવે **''ગુરૂવાણી''** શીખ સંપ્રદાય ના ગુરૂ નું કામ કરશે.

→ ગુરૂ ગોવિન્દ સિંહ ની હત્યા ઈ.સ. 1708 માં **''નાંદેડ''** નામના સ્થળે **''ગુલખાઁ''** નામના પઠાણે કરી દીધી હતી.

→ ગુરૂ ગોવિન્દ સિંહ નો ઔરંગઝેબ ના નામે લખવામાં આવેલ છેલ્લો પત્ર **''જાફરનામા''** ના નામે પ્રખ્યાત છે.

→ **''વિચિતર નાટક''** તેમની આત્મકથા છે.

11. <u>બંદાબહાદુર (ઈ.સ. 1670-1716):</u>

→ બંદાબહાદુર નો જન્મ ઈ.સ. 1670 માં પૂંછ જીલ્લા ના રજોલી ગામ માં થયો હતો.

→ તેનું નાનપણનું નામ **''લક્ષ્મણદાસ''** હતું.

→ આમના પિતા **''રામદેવ ભારદ્વાજ''** રાજપૂત હતા.

→ ઈ.સ. 1708 માં બંદાબહાદુર ની મુલાકાત ગુરૂ ગોવિન્દ સિંહ થી થઈ હતી. ગુરૂએ તેમને પોતાનો **''બંદો''** (સેવક) બનાવી દીધો અને તેને ઉત્તર ભારત માં જઈને ખાલસા ના શત્રુઓથી બદલો લેવાનો આદેશ આપ્યો.

→ ગુરૂ ગોવિન્દ સિંહે પંજાબ ના શીખો ને બંદાબહાદુર ના નેતૃત્વ માં સંગઠિત થવાનું આદેશ પણ આપ્યું.

→ બંદાબહાદુર નો ઉદેશ પંજાબ માં એક શીખ રાજય સ્થાપિત કરવાનો હતો. આના માટે તેમણે **''લોહગઢ''** ને રાજધાની બનાવી હતી.

→ બંદાબહાદુરે **''ગુરૂ નાનક''** અને **''ગુરૂગોવિન્દ સિંહ''** ના નામના સિક્કા બહાર પાડ્યા હતા.

→ બંદાબહાદુરે સરહિન્દ ના મુઘલ ફોજદાર **''વજીર ખાઁ''** ની હત્યા કરી દીધી.

→ મુઘલ બાદશાહ **''ફરૂખશિયર''** ના આદેશ પર ઈ.સ. 1716 માં બંદાબહાદુર ને **''નાંગલ''** નામના સ્થળે (ગુરદાસપુરમાં) પકડી ને મોતના ઘાટે ઉતારી દીધા.

→ શહાદરા **''કત્લગઢી''** ના નામે પ્રખ્યાત છે ત્યાં બંદા બહાદુરે હજારો મુઘલ સૈનિકો ને મારી નાખ્યા હતા.

<u>શીખ મિસલ :</u>

→ મિસલ શબ્દ એક અરબી ભાષા નો શબ્દ છે જેનો અર્થ થાય છે - બરાબર (સમાન)

→ બંદાબહાદુર ની મૃત્યુ પછી શીખો નાના-નાના ટુકડાઓ માં વિભાજિત થઈ ગયા હતા.

→ ઈ.સ. 1748 માં **"નવાબ કર્પૂરસિંહ"** ની આગેવાની માં, બધી શીખ ટુકડીઓ નો **"દલ ખાલસા"** માં વિલય થયો.

→ દલ ખાલસા ને **"જસ્સા સિંહ અહલૂવાલિયા"** ના નેતૃત્વ માં રાખવામાં આવ્યું, જેને પછી થી 12 દળો માં વિભાજિત કરવામાં આવ્યું, આને જ **"મિસલ"** કહેવાય છે.

★ **<u>શીખોના બાર મિસલો :</u>**

ક્રમ	**મિસલ નું નામ**	**નેતા સંસ્થાપક**
1.	નકી મિસલ	સરદાર હીરાસિંહ
2.	શહીદી મિસલ	બાબા દીપસિંહ
3.	કરોડખિધિયા મિસલ	ભગેલસિંહ
4.	નિશાન વાલિયા મિસલ	સરદાર સંગતસિંહ
5.	બુલેવાલિયા મિસલ	ગુલાબસિંહ
6.	ફુલકિયા મિસલ	સંઘૂજાટ ચૌધરી
7.	સુકરચકિયા મિસલ	ચરતસિંહ
8.	કન્હૈયા મિસલ	જયસિંહ
9.	રામગઢિયા મિસલ	જસ્સાસિંહ રામગઢિયા
10.	ભંગી મિસલ	છજ્જાસિંહ
11.	અહલુવાલિયા મિસલ	જસ્સાસિંહ અહલુવાલિયા
12.	સિંહપુરિયા મિસલ	નવાબ કર્પૂર સિંહ

★★★★★★